# વૈશ્વિક કટોકટી
# અને
# શાંતિનો માર્ગ

**હઝરત મિરઝા મસરૂર અહેમદ**
વિશ્વવ્યાપી અહેમદિયા મુસ્લિમ જમાઅતના પ્રમુખ તથા ઈમામ અને
હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામના પંજુમ ખલીફાના
**ભાષણો અને પત્રોનું સંકલન**

અનુવાદક: હારૂનખાન, ગુજરાત.

# વૈશ્વિક કટોકટી
# અને
# શાંતિનો માર્ગ

VAISHVIK KATOKATI ANE SHANTI NO MARG

**(WORLD CRISIS AND PATHWAY TO PEACE)**

**A Compilation of Speeches and Letters**
**of**

**Hadhrat Mirza Masroor Ahmad** atba

**Imam and the Head of the Worldwide Ahmadiyya Muslim Jama'at**

**Fifth Successor to the Promised Messiah May Allah the almighty be his help**as,

**Translated into Gujrati by :**

**Haroon Khan**
**First Gujrati Edition : 2017**

**Number of Copies : 5000**
**Published by :**

**Department Noor-ul-Islam, Qadian-143516,**
**Gurdaspur, Punjab, India**

**Printed at : Fazl e Umar Printing Press, Qadian,**
**Gurdaspur, Punjab, India**

# અનુક્રમાણિકા

લેખક પરિચય........................................................ VII
આમુખ................................................................... XI

## ભાષણો

વૈશ્વિક કટોકટી અંગે ઈસ્લામનો અભિગમ.......................... 1
પોતાના રાષ્ટ્ર પ્રત્યેની વફાદારી અને પ્રેમ અંગે ઈસ્લામનો ઉપદેશ. 25
એક પરમાણું યુદ્ધના ભયાનક પરિણામો તથા પૂર્ણ ન્યાયની તાતી જરૂરીયાત................................................................ 43
શાંતિનો માર્ગ : રાષ્ટ્રો વચ્ચે ન્યાયપૂર્ણ સંબંધો....................... 71
શાંતિની ચાવી : વૈશ્વિક એકતા ....................................... 109
શું મુસ્લિમો, પશ્ચિમી સમાજનો અંગ બની શકે છે ? ................ 135
ઈસ્લામ : શાંતિ અને કરૂણાનો ધર્મ .................................. 157
વિશ્વ શાંતિ : સમયની જટિલ આવશ્યકતા ........................... 179
વૈશ્વિક શાંતિ અને સુરક્ષા વર્તમાન યુગની ભયંકર સમસ્યાઓ ...... 197
વૈશ્વિક અશાંતિમાં શાંતિની ચાવી ..................................... 215

# વિશ્વના નેતાઓના નામે પત્રો

આદરણીય પોપ બેનિડિકટ XVI ના નામે પત્ર.................. 235
ઈઝરાયેલના પ્રધાનમંત્રીના નામે પત્ર................................ 243
ઈસ્લામીક રિપબ્લીક ઈરાનના રાષ્ટ્રપતિના નામે પત્ર.............. 251
સંયુકત રાજ્ય અમેરિકાના રાષ્ટ્રપતિના નામે પત્ર.................. 257
કેનેડાના પ્રધાનમંત્રીના નામે પત્ર.................................... 263
બે પવિત્ર સ્થળોના સંરક્ષક સઉદી અરબ રાજ્યના સમ્રાટને પત્ર... 269
ચીનના પ્રધાનમંત્રીના નામે પત્ર....................................... 275
યુ.કે.ના પ્રધાનમંત્રીના નામે પત્ર.................................... 281
જર્મનીના ચાન્સેલરના નામે પત્ર...................................... 289
ફ્રાન્સ ગણરાજ્યના રાષ્ટ્રપતિના નામે પત્ર.......................... 297
યુ.કે. તથા રાષ્ટ્ર મંડળ દેશોની મહારાણીના નામે પત્ર............ 305
ઈસ્લામી ગણરાજ્ય ઈરાનના સર્વપ્રમુખ નેતાના નામે પત્ર......... 313
રૂસના રાષ્ટ્રપતિના નામે પત્ર.......................................... 319



Ḥaḍrat Mirza Masroor Ahmad
Khalīfatul-Masīḥ V[aba]

# લેખક પરિચય

હઝરત મિરઝા મસરૂર અહેમદ સાહેબ ખલીફતુલ મસીહ પંજુમ ઐયદહુલ્લાહ તઆલા વિશ્વવ્યાપી અહેમદિયા મુસ્લિમ જમાઅતના સર્વોચ્ચ પ્રમુખ છે. તેઓ હઝરત મિરઝા ગુલામ અહેમદ કાદિયાની મસીહ મૌઉદ વ મહદી અલૈહિસ્સલામના પાંચમાં ઉત્તરાધિકારી છે.

તેમનો જન્મ ૧૫ સપ્ટેમ્બર ૧૯૫૦ના રોજ રબ્વાહ પાકિસ્તાનમાં સ્વર્ગીય મિરઝા મન્સૂર અહેમદ સાહેબ વ સ્વર્ગીય નાસિરા બેગમ સાહેબાના પરિવારમાં થયો. કૃષિ વિશ્વવિદ્યાલય ફૈસલાબાદ, પાકિસ્તાનથી ઈ.સ.૧૯૭૭માં કૃષિ અર્થશાસ્ત્રમાં સ્નાતકોત્તરની ઉપાધિ પ્રાપ્ત કર્યા બાદ તેમણે ઔપચારિક રૂપથી પોતાનું જીવન ઈસ્લામની સેવા માટે સમર્પિત કરી દીધું. ત્યાર પછી તેઓને ઈ.સ.૧૯૭૭માં ઘાના આફ્રિકા મોકલ્યા જ્યાં તેઓએ ઘણાં વર્ષો સુધી વિભિન્ન અહેમદિયા મુસ્લિમ શાળાઓમાં આચાર્ય તરીકે કામ કર્યુ તથા અહેમદિયા સેકન્ડરી સ્કૂલ શ્લાઘાની સ્થાપનામાં પણ યોગદાન આપ્યું અને ત્યાં પ્રથમ બે વર્ષ સુધી આચાર્ય તરીકે પણ ફરજ બજાવી.

ત્યાંથી પાકિસ્તાન પરત આવ્યા પછી તેઓ રબ્વાહમાં અહેમદિયા જમાઅતના મુખ્યાલયમાં વિભિન્ન પદોં પર આસીન રહીને સેવા કરતા રહ્યા. ઈ.સ. ૧૯૯૯માં તેઓને એક ચિન્હ પટથી પવિત્ર કુરઆનના શબ્દ મિટાવવાના ખોટા આરોપમાં ટુંક સમય માટે કેદ પણ કાપવી પડી.

૨૨ એપ્રિલ ૨૦૦૩ના રોજ અહેમદિયા મુસ્લિમ જમાઅતના આજીવન પદ ''ખલીફા'' તરીકે ચૂટાયા તેના પરિણામે આપ એક આંતરરાષ્ટ્રીય ધાર્મિક સંસ્થા જેના ૨૦૦થી અધિક દેશોમાં લાખો અનુયાયી છે વિશ્વવ્યાપી ધાર્મિક તથા પ્રશાસનિક પ્રમુખ પણ છે.

ખલીફા પદે ચૂટાયા ત્યારથી અત્યાર સુધી હુઝુરે પ્રચાર પ્રસારના તમામ માધ્યમો દ્વારા ઈસ્લામનો શાંતિપૂર્ણ ઉપદેશ ફેલાવવાનો એક વિશ્વવ્યાપી અભિયાનનું નેતૃત્વ હાથ ધર્યુ છે. આપના નેતૃત્વમાં અહેમદિયા મુસ્લિમ જમાઅતની રાષ્ટ્રીય શાખાઓ દ્વારા ઈસ્લામના વાસ્તવિક અને શાંતિપૂર્ણ શિક્ષણનો પ્રસાર કરવાના કાર્યક્રમો શરૂ કર્યા છે. સમગ્ર વિશ્વમાં અહેમદી મુસ્લિમ લાખોની સંખ્યામાં મુસ્લિમો અને બિન મુસ્લિમોને શાંતિની પત્રિકાઓ, સર્વધર્મ સંમેલનો તથા શાંતિ સમારોહનું આયોજન કરવા અને પવિત્ર કુરઆનના વાસ્તવિક તથા ઉત્તમ ઉપદેશોના પ્રચાર હેતુ કાર્યમાં વ્યસ્ત છે. આ ચળવળને વિશ્વભરમાં મીડિયા કવરેજ પણ મળ્યું છે જેના દ્વારા સ્પષ્ટ થાય છે કે ઈસ્લામ શાંતિ અને પોતાના દેશ સાથે વફાદારી તથા માનવજાતિની સેવાને જ પુષ્ટિ આપે છે.

હુઝુરે ઈ.સ. ૨૦૦૪માં વાર્ષિક રાષ્ટ્રીય શાંતિ સમારોહનું ઉદઘાટન કર્યુ જેમાં સમાજના વિભિન્ન વર્ગોના લોકો એકત્ર થઈને શાંતિ તથા એકતા વિશે વિચારોની આપ લે કરે છે. પ્રતિ વર્ષ આ પરિસંવાદમાં ઘણા બધા મંત્રી, સાંસદો, રાજકારણીઓ, ધાર્મિક નેતાઓ તથા અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહે છે. હુઝુરે માનવતાની સેવાને પ્રોત્સાહન આપવા તથા આ ઉદ્દેશને સાકાર કરવા માટે વિશ્વભરનો પ્રવાસ કર્યો છે. હુઝુરના નેતૃત્વમાં અહેમદિયા મુસ્લિમ જમાઅતએ વિશ્વના અનેક ભાગોમાં ઉત્તમ શિક્ષણ તથા આરોગ્ય સુવિધાઓ પુરી પાડવા હેતુ મોટી સંખ્યામાં શાળાઓ અને હોસ્પિટલોનું નિર્માણ કર્યુ છે.

હુઝુર સમાજના દરેક સ્તરે શાંતિ સ્થાપના માટે પ્રયત્ન કરે છે અને અહેમદિયા મુસ્લિમ જમાઅતના સભ્યોને હંમેશા ઉપદેશ આપે છે કે તેઓ વ્યકિતગત રીતે સુધાર પૈદા કરવા માટે પોતાનાથી જેહાદ (સંઘર્ષ) કરે જો કે સર્વશ્રેષ્ઠ જેહાદ છે. આ રીતે પ્રત્યેક અહેમદી મુસલમાન વ્યકિતગત સ્તર પર શાંતિ સ્થાપિત કરવામાં સફળ થઈને અન્ય લોકોને પણ શાંતિ ઉપલબ્ધ કરાવવામાં સહાયક સિદ્ધ થઈ શકશે.

હુઝુર અન્ય લોકોને પણ આ જ સંદેશ આપે છે. મેલબોર્નમાં એક વિશેષ સ્વાગત સમારોહમાં શાંતિ સ્થાપના હેતુ એક બિન મુસ્લિમના પ્રશ્નના જવાબમાં હુઝુરે કહ્યું

‘‘જો આપણી અંદર શાંતિ છે તો તેનો અર્થ છે કે આપ શાંતિનો પ્રયાસ કરી રહ્યા છો. જો આપણામાંથી પ્રત્યેકની અંદર

શાંતિ હોય તો તેનો અર્થ છે કે આપણે બીજા લોકો સુધી શાંતિનો પ્રયાસ કરી રહ્યા છીએ.''

હુઝુર વ્યકિતગત તથા સામૂહિક સ્તર પર અને સ્થાનિક, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય મંચ પર ઈસ્લામના વાસ્તવિક શિક્ષણ અનુસાર શાંતિ સ્થાપના માટેના ઉપાયો વિશે અન્ય તમામ લોકોનું માર્ગદર્શન કરી રહ્યા છે.

હઝરત મિરઝા મસરૂર અહેમદ સાહેબ ઐયદહુલ્લાહ હાલમાં ઈંગ્લેન્ડના લંડન ખાતે રહે છે. વિશ્વના તમામ અહેમદી મુસ્લિમોના આધ્યાત્મિક નેતા તરીકે આપ શાંતિ અને દયાના પ્રેરણાદાયક સંદેશ દ્વારા ઉત્સાહપૂર્ણ ઢંગથી ઈસ્લામનો પ્રચાર કરી રહ્યા છે.

# આમુખ

દુનિયા અત્યંત અશાંતિપૂર્ણ પરિસ્થિતિઓથી પસાર થઈ રહી છે. વૈશ્વિક  આર્થિક કટોકટી પ્રતિ સપ્તાહે નવી અને ગંભીર મુશ્કેલીઓ ઉત્પન કરી રહી છે. આથી દ્વિતીય વિશ્વ યુદ્ધ પૂર્વ જેવી પરિસ્થિતિઓ ઊભી થઈ રહી છે અને એવું લાગે છે કે વર્તમાન ઘટનાઓ વિશ્વને એક અત્યંત તીવ્ર ગતિથી એક ભયંકર ત્રીજા વિશ્વ યુદ્ધ તરફ લઈ જઈ રહી છે. આ સાથે તેવી પણ ભાવના પ્રસરી રહી છે કે પરિસ્થિતિ કાબુ બહાર જઈ રહી છે અને લોકો એક એવા વ્યકિતની શોધમાં છે જે વિશ્વ મંચ પર પ્રકટ થઈને એક એવો મજબૂત સમાધાન પ્રસ્તુત કરે જેના પર તેઓ પૂર્ણ વિશ્વાસ અને ભરોસો કરી શકે અને તેમની અંદર આ આશા જાગૃત કરે કે શાંતિ તરફ અગ્રેસર કરનાર માર્ગ પણ મોજૂદ છે. પરમાણું યુદ્ધના પરિણામ એટલા ભીષણ છે કે કોઈ તેની કલ્પના કરવાનો પણ સાહસ નથી કરતો.

આ પુસ્તકમાં અમોએ હઝરત મિરઝા મસરૂર અહેમદ સાહેબ, વિશ્વવ્યાપી અહેમદિયા મુસ્લિમ જમાઅતના પ્રમુખ દ્વારા પ્રસ્તુત સમાધાન અને માર્ગદર્શન ને એકત્રિત કર્યા છે. છેલ્લા કેટલાક વર્ષોથી જે ઘટનાઓ બની રહી છે તે પરથી તેઓએ નિર્ભયતા પૂર્વક આ વાતની ઘોષણા કરી કે વિશ્વ કઈ તરફ જઈ રહ્યું

છે. તેઓ લોકોને ભયભીત કરવા માટે નથી જણાવતા બલ્કે વિશ્વને આ તરફ વિચારવા માટે તૈયાર કરી રહ્યા છે કે વિશ્વ આ પરિસ્થિતિએ કઈ રીતે પહોચ્યું અને આ વિનાશને કઈ રીતે રોકવો તથા કઈ રીતે વિશ્વ ગ્રામમાં નિવાસ કરનાર તમામ લોકો માટે શાંતિ તથા સુરક્ષાના માર્ગનું નિર્માણ કરી શકીએ છીએ. આપે સ્પષ્ટ શબ્દોમાં આ ઘોષણા કરી કે શાંતિ સ્થાપના માટે માત્ર એક ઉપાય છે કે દુનિયા વિનમ્રતા અને ન્યાયનો માર્ગ ધારણ કરી લે અને અત્યંત નમ્ર તથા વિનીત સ્વભાવથી અલ્લાહની શરણમાં આવી જાય, મનુષ્ય માનવતાની ભાવનાનું પ્રદર્શન કરે, શકિતશાળી લોકો નિર્બળ લોકો સાથે આદર, સમ્માન તથા ન્યાયપૂર્ણ વ્યવહાર કરે અને નિર્બળ અને  નિર્ધન લોકો કૃતજ્ઞતાનું પ્રદર્શન કરે અને સત્ય તથા પુણ્યના માર્ગ પર ચાલે તથા તમામ લોકો પૂર્ણ વિનમ્રતા તથા નિષ્કપટતાથી પોતાના સર્જનહારની શરણમાં આવી જાય.

આપે વારંવાર સૌનો આ તરફ ધ્યાન આકર્ષિત કર્યુ કે વિનાશથી બચવા માટેનો હવે ફકત એક જ ઉપાય છે કે પ્રત્યેક દેશ પરસ્પર એક બીજા સાથે ન્યાયને અનિવાર્ય બનાવી લે. જો તેમનામાં શત્રુતા હોય તો પણ તેમણે ન્યાયનું પાલન કરવું જોઈએ કેમ કે ઈતિહાસથી આપણને આ જ શિક્ષણ મળે છે કે ભવિષ્યમાં ઉત્પન્ન થનાર શત્રુતાઓને જડમૂળથી ઉખેડવાનો ફકત આ જ એક ઉપાય છે. આથી આ રીતે કાયમી શાંતિની સ્થાપના કરવી જોઈએ.

આપે વ્યકિતગત તરીકે વિશ્વના મહાન દેશોના નેતાઓ તથા અધિકારીઓને સંબોધન કરવા હેતુ દુર દુર સુધી ભ્રમણ કર્યુ છે જેમાં કેપિટલ હિલ વૉશિંગટન ડી.સી. લંડનમાં પાર્લામેન્ટના બંને સદન,

સૈન્ય મુખ્યાલય જર્મની, બ્રસ્સલ્ઝમાં યૂરોપીયન પાર્લામેન્ટ અને ન્યુઝીલેન્ડની રાષ્ટ્રીય સદનમાં આપેલ ઐતિહાસિક ભાષણો સામેલ છે. આ આયોજનોમાં પ્રમુખ, કોંગ્રેસ સભ્ય, રાજદૂત, બિન સરકારી સંસ્થાઓના નેતા, ધાર્મિક નેતાઓ, પ્રાધ્યાપક, નીતિ સલાહકારો અને પત્રકારો સામેલ થતા રહ્યા. આપે સ્પષ્ટ રીતે આ કહ્યું કે ન્યાયની જરૂરીયાત ત્યારે જ પૂર્ણ થઈ શકે છે જ્યારે તમામ જુથો અને લોકો સાથે સમાનતાનો વ્યવહાર કરવામાં આવે અને આપે આ ચેતવણી પણ આપી કે અન્યાયપૂર્ણ તથા અમાનવીય આર્થિક તથા રાજનૈતિક નીતિઓના કારણે વિશ્વની વિભિન્ન જાતિઓ વચ્ચે તનાવમાં જે નિરંતર વૃદ્ધિ થઈ રહી છે તેના પરિણામે વિશ્વ કટોકટી થાય છે.

વિશ્વના નેતાઓના નામે પોતાના પત્રોમાં આપે પવિત્ર કુરઆનના નીચે  દર્શાવેલ ઉપદેશો પર વિશેષ ભાર મુકયો.

**જે લોકોએ તમને પવિત્ર મસ્જિદ એ હરામમાં આવવાથી અટકાવ્યા હતા તેમના ઉપર અતિરેક કરવા માટે ઉશ્કેરાશો નહી અને ભલાઈ તથા પરહેઝગારીમાં એક બીજાની મદદ કરો, પણ પાપ અને જુલ્મમાં એક બીજાને સાથ ન આપો. અલ્લાહ ખાતર સંયમ રાખો. નિ:સંદેહ અલ્લાહ સજા આપવામાં બહુ જ સખત છે.**

(સુરહ અલ માઈદહ આયત ૩)

પ્રમુખ ઓબામાને આપે લખ્યું:

જેવું કે આપણે સૌ જાણીએ છીએ કે રાષ્ટ્ર સંઘની નિષ્ફળતા અને ઈ.સ. ૧૯૩૨ની આર્થિક કટોકટી દ્વિતીય વિશ્વ યુદ્ધના મુખ્ય કારણ બન્યા હતા. આજે અગ્રીમ અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે

૧૯૩૨ની આર્થિક કટોકટી અને વર્તમાન કટોકટી વચ્ચે ઘણી બધી સમાનતાઓ છે. આપણે જોઈએ છીએ કે રાજનૈતિક અને આર્થિક સમસ્યાઓ ફરી એક વખત નાના દેશોમાં યુદ્ધનું કારણ બન્યા છે અને તે દેશોમાં આના કારણે આંતરિક અશાંતિ તથા અસંતોષનું વાતાવરણ વધી રહ્યું છે. આ સ્થિતિમાં અંતે એવી શકિતઓ અનુચિત લાભ ઉઠાવીને સંસારની લગામ સંભાળી લેશે જે વિશ્વ યુદ્ધનું કારણ બની જશે. જો નાના દેશોના પરસ્પર વિવાદોનું રાજકારણ અને રાજદ્વારી રીતે ન ઉકેલ્યા તો આ કારણથી વિશ્વમાં નવા જુથો કે સંગઠનો ઉભા થશે અને આ સ્થિતિ તૃતીય વિશ્વ યુદ્ધનો પુરાગામી પ્રસ્તુત કરશે. આથી મારો વિશ્વાસ છે કે અત્રે વિશ્વના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે સૌથી વધુ મહત્વ અને જરૂરી બાબત તો વિશ્વને આ વિનાશથી બચાવવાની છે. આ વાતની પણ અત્યંત આવશ્યકતા છે કે માનવ જાતિ પોતાના પાલનહારને ઓળખે જો કે એક છે અને આપણો સર્જનહાર છે કેમ કે માત્ર તે જ માનવતાના જીવનને સુરક્ષિત રાખી શકે છે, નહીતર આ વિશ્વ સતત આત્મ વિનાશ તરફ તીવ્રતાથી અગ્રેસર થતો રહેશે.

રાષ્ટ્રપતિ પુતિનને આપે લખ્યું :

સીરિયાની વર્તમાન ચિંતાજનક પરિસ્થિતિએ મને આ વાત માટે પ્રેરિત કર્યો કે હું આપને પત્ર લખું અને આપને યુદ્ધ ક્ષેત્રના બદલે વાર્તાલાપ દ્વારા સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે વિશ્વના વિભિન્ન દેશોમાં સહમતિ બનાવવાનો જે પ્રયાસ કર્યો છે તેના માટે આપનો ધન્યવાદ અને પ્રશંસા કરૂં. કોઈ પણ પ્રકારના આક્રમણથી ન માત્ર આ ક્ષેત્રમાં યુદ્ધ થશે બલ્કે તે વિશ્વ યુદ્ધમાં ફેરવાય જવાની

સંભાવના છે. એક સમાચાર પત્રમાં આપનો એક લેખ વાંચીને મને ખુબ પ્રસન્નતા થઈ જેમાં આપે આ વાતને મુખ્ય રૂપથી પ્રસ્તુત કરી કે આક્રમણ કરવું ખુબ જ વિનાશકારી થશે અને તેના પરિણામે વિશ્વ યુદ્ધની સંભાવના થઈ શકે છે. આપના આ સંકલ્પના કારણે મહા શકિતઓએ આક્રમણનો માર્ગ ત્યાગ કરીને સહમતિ તથા સંધિનો માર્ગ અપનાવ્યો અને આ સમસ્યાનો રાજનૈતિક ઉકેલ કાઢવા માટે સહમતિ વ્યકત કરી. મારો વિશ્વાસ છે કે આ સહમતિએ વિશ્વને એક મહાવિનાશકારી તથા વિધ્વંસક સ્થિતિથી બચાવી લીધો છે. વિશેષ રૂપથી આપના આ વિચારથી સહમત છું કે જો વિશ્વના દેશો પોત પોતાના સ્તર પર અને એક પક્ષીય નિર્ણય લેશે તો સંયુકત રાષ્ટ્રનો પણ તે જ અંત આવશે જો કે લીગ ઑફ નેશન્સનો થયો હતો.

સીરિયા અને ઈરાનનો સંકટ ઈ.સ. ૨૦૧૩ના અંતિમ છ: મહીનામાં કઈક સીમા સુધી શાંત થઈ ગયો છે. બ્રિટેનની સરકારએ સીરિયામાં સૈન્ય હસ્તક્ષેપના વિરોધમાં મતદાન કર્યો હતો, રૂસ અને સંયુકત રાજ્ય અમેરિકામાં સીરિયાના રાસાયણીક શસ્ત્રોના ફૈસલા સંબંધિ એક યોજના પર સહમતિ બની ગઈ હતી, સંયુકત રાજ્ય અમેરિકાએ સીરિયા પર આક્રમણ કરવાનો વિચાર ત્યાગ કરી દીધો અને તેવી જ રીતે વિશ્વની મહાન શકિતઓએ ઈરાન સાથે એક એવો પરમાણું સમજોતા પર સહમતિ પ્રકટ કરી જે બધા માટે સ્વીકાર્ય હતી. તમામ વર્ગ તે દિશામાં પ્રગતિનો સ્વાગત કરે છે જે તરફ હુઝુર વિશ્વને જવાનો આગ્રહ કરતા આવ્યા હતા પરંતુ હજુ આપણે

સુરક્ષિત સ્થિતિથી ખુબ દુર છીએ અને આપણે વિશ્વ શાંતિનો કાયમી સમાધાન શોધવા માટે ખુબ પ્રયાસ કરવો પડશે.

આ અમારી સાચી પ્રાર્થના છે કે કટોકટીની વર્તમાન પરિસ્થિતિઓમાં આ પુસ્તકમાં સંકલિત સુજાવ તથા ઉકેલ માનવતા માટે માર્ગદર્શનનો સ્ત્રોત સિદ્ધ થાય જેથી ન્યાય અને વિનમ્રતાના સિદ્ધાંતોનું પાલન કરતાં અલ્લાહ તઆલાની શરણમાં જઈને મનુષ્યને કાયમી શાંતિ પ્રાપ્ત થાય. આમીન

**પ્રકાશક**

# ભાષણો



# વૈશ્વિક કટોકટી અંગે ઈસ્લામનો અભિગમ

બ્રિટીશ પાર્લામેન્ટ, દ હાઉસ ઓફ કૉમન્સ

લંડન, યૂ.કે. ૨૦૦૮







Ḥaḍrat Mirza Masroor Ahmad, Khalīfatul-Masīḥ V[aba] delivering the keynote address at the House of Commons





Official tour of the House of Commons, courtesy of Justine Greening MP




Seated: Lord Avebury (Liberal Democrats Spokesman for Foreign Affairs), Rt. Hon. Hazel Blears MP (Secretary of State for Communities and Local Government); Ḥaḍrat Mirza Masroor Ahmad, Khalīfatul-Masīḥ V[aba]; Justine Greening MP (Shadow Treasury Minister); Gillian Merron MP (Foreign Office Minister); Councillor Louise Hyams (the Lord Mayor of Westminster). Standing: Jeremy Hunt MP (Shadow Culture Minister); Rafiq Hayat (National Amir AMA UK); Virendra Sharma MP, Rt. Hon. Malcolm Wicks MP (Former Minister at Department for Business, Enterprise and Regulatory Reform); Rob Marris MP, Simon Hughes MP (President of the Liberal Democrats Party); Martin Linton MP; Alan Keen MP.

# પ્રસ્તાવના

૨૨ ઓકટોબર ૨૦૦૮ના રોજ હાઉસ ઓફ કોમન્સ બ્રિટીશ પાર્લામેન્ટમાં હઝરત મિરઝા મસરૂર અહેમદ સાહેબ ખલીફતુલ મસીહ પંજુમ, વિશ્વવ્યાપી જમાઅત અહેમદિયાના પ્રમુખનો ઐતિહાસિક ભાષણ.

આ સ્વાગત સમારોહ ખિલાફત એ અહેમદિયાના ૧૦૦ વર્ષ પૂર્ણ થવાના શુભ અવસર પર અહેમદિયા મુસ્લિમ જમાઅતના મુખ્ય કાર્યાલય મસ્જિદ ફઝલના સંસદીય ક્ષેત્ર Putney ના સાંસદ માનનીય Justine Greening દ્વારા આયોજન કર્યુ હતું.

આ સમારોહમાં માનનીય Gillian Merron MP, Rt Hon Hazel Blears MP, Alan keen MP, Dominic Grieve MP, Simon Hughel MP, Lord Eric Avebury સિવાય અનેક પ્રતિષ્ઠિત પત્રકાર, રાજનૈતિક તથા વિભિન્ન વ્યવસાયીક ક્ષેત્રોના વિશેષજ્ઞ ઉપસ્થિત થયા.

# વૈશ્વિક કટોકટી અંગે ઈસ્લામનો અભિગમ

بسم اللہ الرحمٰن الرحیم

સૌથી પહેલા હું તમામ આદરણીય અતિથિઓ, સાંસદોનું ધન્યવાદ કરૂ છું જેમણે એક ધાર્મિક સંગઠનના નેતાને થોડાક શબ્દો કહેવાનો અવસર આપ્યો. હું અમારા વિસ્તારના આદરણીય સાંસદ સભ્ય જસ્ટિન ગ્રીનિંગનો ખુબ આભારી છું કે જેમણે પોતાના વિસ્તારમાં રહેનાર નાની જમાઅત માટે ખિલાફતની સદીના પ્રસંગે આ કાર્યક્રમ યોજવા માટે ખુબ યોગદાન આપ્યું છે. તેમની આ મહેનત, તેમના વિસ્તારના તમામ લોકો અને સમુદાયોની ભાવનાઓ પ્રત્યે તેમની રૂચિ  દર્શાવે છે તથા તેમની મહાનતા અને ઉત્સુકતા દર્શાવે છે.

અહેમદિયા મુસ્લિમ જમાઅત એક નાનકડો સમાજ હોવા છતાં તે ઈસ્લામના સાચા શિક્ષણનું પ્રતિનિધિત્વ કરનાર જમાઅત છે. હું આ અવશ્ય કહેવા ચાહું છું કે પ્રત્યેક તે અહેમદી જે બ્રિટેનમાં રહે છે તે આ દેશનો અત્યંત વફાદાર નાગરિક છે અને તેને ચાહે છે અને આ અમારા નબી હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમના શિક્ષણનો જ પરિણામ છે જેમણે અમોને આ શિક્ષણ આપ્યું છે કે પોતાના દેશથી પ્રેમ કરવું ઈમાનનો એક જરૂરી અંગ છે.

જમાઅત અહેમદિયાના સંસ્થાપક જેમને અમો મસીહ મૌઉદ અને યુગના અવતાર તથા સુધારક ગણીએ છીએ તેમણે ઈસ્લામી શિક્ષણની  વ્યાખ્યા કરતાં ઉચિત પરિપ્રેક્ષ્યમાં વિશ્વ સમક્ષ સવિસ્તાર પ્રસ્તુત કર્યો છે.

આપે પોતાના દાવાની ઘોષણા કરતા ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ મને બે દાયિત્વ અનિવાર્ય કર્યા છે એક અલ્લાહનો અધિકાર અને બીજો તેની સૃષ્ટિનો અધિકાર છે.

આપે આ વિશે વધુંમાં જણાવતા કહ્યું કે આ બંને અધિકારોમાંથી સૃષ્ટિના અધિકારો પૂર્ણ કરવા ખુબ મુશ્કેલ અને નાજુક પડકાર છે.

ખિલાફતના સંદર્ભમાં આપને આ ભય હશે કે કદાચ એવો સમય પણ આવી શકે છે કે જ્યારે ઈતિહાસનું પુનરાવર્તન થશે તો આ પ્રકારના નેતૃત્વના કારણે યુદ્ધ આરંભ થઈ જશે. આ ઈસ્લામ પર એક આરોપ લગાવવામાં આવ્યો છે પરંતુ હું આપને વિશ્વાસ અપાવું છું કે જો ખુદાએ ઈચ્છયું તો ખિલાફત એ અહેમદિયા હંમેશા શાંતિ અને સમન્વયના ધ્વજ વાહક તરીકે જ ખ્યાતનામ રહેશે. તેવી જ રીતે આ પ્રત્યેક તે દેશના વફાદાર રહેશે જેમાં તેના અનુયાયી રહે છે. ખિલાફત એ અહેમદિયા આ સંદર્ભે મસીહ વ મહદીના મિશનને હંમેશા આગળ ધપાવવાનો પ્રયાસ કરતી રહેશે. આથી ખિલાફતથી ભયભીત થવાની કોઈ જરૂર નથી. આ ખિલાફત જમાઅતને તે બે કર્તવ્યોને પૂર્ણ કરવા તરફ આકૃષ્ટ કરે છે જેને પૂર્ણ કરવા માટે હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામનું આગમન થયું. આ જ કારણ છે કે આ જમાઅત સંપૂર્ણ વિશ્વમાં શાંતિ અને સમન્વય સ્થાપવા માટે પ્રયાસ કરે છે.

સમય સંકોચને લીધે હું મૂળ વિષય પર આવું છું જો આપણે છેલ્લી કેટલીક સદીઓનું નિષ્પક્ષ વિશ્લેષણ કરીશું તો આપણને જાણ થશે કે તે સમય દરમ્યાન થયેલા યુદ્ધો ખરા અર્થમાં ધાર્મિક યુદ્ધો ન હતા બલ્કે વિશ્વ રાજનીતિ પ્રકારના યુદ્ધ હતા. અહીયા સુધી કે વર્તમાન લડાઈ ઝઘડા તથા જાતિઓ વચ્ચે શત્રુતાઓથી આ જાણવા મળે છે કે આ બધા રાજકીય પ્રાદેશિક અને આર્થિક હિતો જ હોય છે.

મને આશંકા છે કે વિશ્વના દેશોની રાજનૈતિક, આર્થિક ગતિવિધિઓ અને તમામ પ્રેરક વિશ્વ યુદ્ધ તરફ લઈ જઈ શકે છે. ફકત વિશ્વના ગરીબ દેશ જ નહી બલ્કે અમીર દેશ પણ આનાથી પ્રભાવિત થઈ રહ્યા છે. આથી આ વિશ્વ શકિતઓનું કર્તવ્ય છે કે તે બેસીને વિચાર કરે તથા વિનાશની કગાર પર ઊભી માનવતાને બચાવે.

બ્રિટેન પણ તે દેશોમાંથી એક દેશ છે જે વિકસિત અને વિકાસશીલ દેશો પર પોતાનો દબાવ અથવા પ્રભાવ નાખી શકે છે જો આપ ઈચ્છો તો ન્યાય અને સમાનતાની માંગોને પૂર્ણ કરતા વિશ્વને માર્ગદર્શન આપી શકો છો. જો આપણે નજીકના ભૂતકાળ તરફ નજર નાખીએ તો જાણ થાય છે કે બ્રિટેને ઘણાં દેશો ઉપર રાજ્ય કર્યુ છે અને વિશેષ રૂપમાં ઉપમહાદ્વીપ ભારત તથા પાકિસ્તાન પર તો પોતાની પાછળ ન્યાય અને ધાર્મિક સ્વતંત્રતાનો એક ઉચ્ચ આદર્શ છોડયો. જમાઅતે અહેમદિયા તેની સાક્ષી છે અને જમાઅત અહેમદિયાના સંસ્થાપક હઝરત મિરઝા ગુલામ અહેમદ સાહેબે બ્રિટેન સરકારની ન્યાય અને ધાર્મિક સ્વતંત્રતા આપવાની

નીતીની ભારોભાર પ્રશંસા પણ કરી છે. જ્યારે જમાઅત અહેમદિયાના સંસ્થાપકે આદરણીય મહારાણી વિકટોરીયાને તેમની હીરક જયંતી પર અભિનંદન પાઠવ્યો તથા તેમને ઈસ્લામનો સંદેશ પહોચાડયો તો આપે વિશેષ રૂપમાં બ્રિટીશ રાજ્યના ન્યાય અને સમાનતાની માંગોને પુરી કરવાને દ્રષ્ટિગત રાખતાં આ દુઆ કરી કે અલ્લાહ તઆલા તે સરકારને તેમની આ ભલી લાગણીનો ઉત્તમ બદલો આપે.

આમ, અમારો ઈતિહાસ બતાવે છે કે જ્યારે પણ બ્રિટેને આ પ્રકારનો ન્યાય દર્શાવ્યો અમોએ તેમની પ્રસંશા કરી. અમોને આશા છે કે ભવિષ્યમાં પણ ન કેવળ ધાર્મિક મામલાઓમાં બલ્કે પ્રત્યેક ક્ષેત્રથી ન્યાય જ બ્રિટેનની એક સ્પષ્ટ વિશેષતા રહેશે અને એ કે તમે ભૂતકાળના પોતાના સારા ગુણોને કદાપી ભૂલશો નહી.

આજે વિશ્વમાં અશાંતિ અને બેચૈની પ્રસરી રહી છે આપણે જોઈ રહ્યા છીએ કે નાના નાના યુદ્ધો શરૂ થઈ ગયા છે જ્યારે કે કેટલાક સ્થળોએ મહાસત્તાઓ, શાંતિ સ્થાપવાના પ્રયત્નો કરવાનો દાવો કરી રહી છે. જો ન્યાયની માંગો પૂર્ણ કરવામાં ન આવી તો આ પ્રાદેશિક યુદ્ધોની જ્વાળા ભડકી શકે છે અને સમગ્ર વિશ્વને યુદ્ધની લપેટમાં લઈ શકે છે. આથી મારી તમોને નમ્ર વિનંતી છે કે વિશ્વને વિનાશથી બચાવો.

હવે હું સંક્ષિપ્ત રૂપમાં વર્ણન કરીશ કે વિશ્વમાં શાંતિ સ્થાપવા માટે ઈસ્લામ શું શિક્ષણ પ્રસ્તુત કરે છે અથવા એ કે તે શિક્ષણ અનુસાર વિશ્વમાં કઈ રીતે શાંતિની સ્થાપના થઈ શકે છે. મારી આ દુઆ છે કે વિશ્વમાં શાંતિ સ્થાપવા માટે પોતાના પ્રાથમિક સંબોધ્ય

અર્થાત મુસ્લિમ આના પર અમલ કરનાર હોય તથા વિશ્વના તમામ દેશો તથા મહાસત્તાઓ અને સરકારોનું પણ આ કર્તવ્ય છે કે તે પણ આનું પાલન કરે.

વર્તમાન યુગમાં સંપૂર્ણ વિશ્વ એક આંતરરાષ્ટ્રીય ગ્રામના રૂપમાં આ રીતે બની ચુકયો છે કે આનાથી પૂર્વ તેની કલ્પના પણ ન કરી શકાતી હતી. આપણે માનવ હોવાના નાતે પોતાના કર્તવ્યોને સમજવું જોઈએ તથા માનવ અધિકાર સંબંધી તે સમસ્યાઓના સમાધાન તરફ ધ્યાન આપવું જોઈએ જેનાથી વિશ્વ શાંતિ તથા અમન સ્થાપિત થઈ શકે. સ્પષ્ટ છે કે આ પ્રયત્ન ન્યાયસંગત થાય તથા ન્યાયની માંગ પુરી કરનાર બને.

વર્તમાન સમસ્યાઓમાંથી એક વધું સમસ્યા જોકે તે સીધી રીતે નહી બલ્કે આડકતરી રીતે ઉપસ્થિત થઈ છે જે ધર્મના નામે થઈ છે. તેમાં કેટલાક મુસ્લિમ સંગઠનો અસંવૈધાનિક તૌર પર ન કેવળ બિન મુસ્લિમ સૈનિકો તથા નિર્દોષ નાગરિકોની હત્યા કરવા માટે તથા હાનિ પહોચાડવા માટે માનવ બોમ્બ તથા વિસ્ફોટકોનો પ્રયોગ કરે છે બલ્કે સાથે જ નિર્દોષ મુસ્લિમો તથા બાળકોની ક્રૂર હત્યા પણ કરે છે. આ અત્યાચારપૂર્ણ કાર્ય કરવાની ઈસ્લામ કદાપી અનુમતિ નથી આપતો.

મુસ્લિમોના આ ક્રૂર આચરણના કારણે બિન મુસ્લિમ દેશોમાં એક ખોટી ભાવનાએ જન્મ લઈ લીધો છે. પરિણામે તે સમાજનો એક ભાગ ખુલ્લે આમ ઈસ્લામ વિરૂધ્ધ દુષ્પ્રચાર કરે છે જ્યારે કે બીજો કદાચ સાર્વજનિક રૂપમાં વાતો નથી કરતો પરંતુ ઈસ્લામ વિશે તે પણ દિલોમાં એક સારી ભાવના નથી રાખતો. આ વાતએ

પશ્ચિમી દેશોની જનતાના દિલોમાં તથા બિન મુસ્લિમ દેશોમાં મુસલમાનો વિશે અવિશ્વાસની ભાવના પૈદા કરી દીધી છે. મુશ્કેલી એ છે કે અમુક મુસ્લિમોની આ વર્તણુંકને લીધે પરિસ્થિતિમાં સુધાર થવાને બદલે બિન મુસ્લિમોની પ્રતિક્રિયા દિવસે દિવસે ખરાબ થતી જઈ રહી છે.

આ ખોટી પ્રતિક્રિયાનો પ્રથમ સ્પષ્ટ ઉદાહરણ ઈસ્લામના પૈગમ્બર સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમના જીવન ચરિત્ર અને પવિત્ર કુરઆન જોકે મુસલમાનોનું પવિત્ર પુસ્તક છે, પર હુમલો છે. આ સંદર્ભે બ્રિટીશ રાજકારણીઓ ચાહે તેમનો સંબંધ કોઈ પણ પક્ષ સાથે હોય તથા બ્રિટેનના બુદ્ધિજીવીઓની વિચારધારા કેટલાક અન્ય દેશોના રાજકારણીઓથી અલગ રહી છે જેના માટે હું આપનો આભારી છું. આ રીતે ભાવનાઓને ઠેસ પહોચાડવાથી નફરત, ધૃણા અને પરસ્પર નીચું દેખાડવાની ભાવનાને વધારો આપવા સિવાય બીજુ શું લાભ થઈ શકે છે. આ ધૃણા કેટલાક વિશેષ ચરમપંથી મુસ્લિમોને બિન ઈસ્લામીક કાર્ય કરવામાં વધું પ્રેરે છે જોકે બદલામાં કેટલાક બિન મુસ્લિમોને વિરોધ પ્રગટ કરવાનો અવસર આપે છે.

બીજી તરફ જે ચરમપંથી નથી અને જે ઈસ્લામના પૈગમ્બરથી ખુબ પ્રેમ કરે છે તેમને આ આક્રમણોથી ખુબ દુ:ખ થાય છે તથા આ સંદર્ભે જમાઅત અહેમદિયા અગ્રેસર છે આ તબકકે આપણી સમક્ષ સૌથી મહત્વનો પડકાર તે છે કે હઝરત મુહમ્મદ પૈગમ્બર સાહેબનું પવિત્ર જીવન ચરિત્ર અને ઈસ્લામનો સુંદર અને ઉત્તમ શિક્ષણ વિશ્વ સામે રજુ કરવો છે. અમો વિશ્વના તમામ અવતારોનું સમ્માન

કરીએ છીએ અને આ વિશ્વાસ રાખીએ છીએ કે તે બધા અલ્લાહ તઆલા તરફથી હતા તેમાંથી કોઈના વિશે પણ અપમાન જનક વાતો નથી કહેતા પરંતુ જ્યારે અમે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ વિશે પાયા વિહોણા અને ખોટા આરોપો સાંભળીએ છીએ તો અમોને ખુબ જ દુ:ખ થાય છે.

વર્તમાન યુગમાં જ્યારે કે વિશ્વ બે બ્લોકમાં વહેંચાઈ રહ્યું છે, આંતકવાદમાં તીવ્રતા આવી રહી છે અને આર્થિક પરિસ્થિતિઓ ખુબ ખરાબ થઈ રહી છે ત્યારે દરેક પ્રકારની ધૃણા દૂર કરવાની જરૂર છે અને શાંતિની સ્થાપના કરવી જોઈએ.આ ત્યારે જ સંભવ થઈ શકે છે જ્યારે પરસ્પર એક બીજાની ભાવનાઓનું આદર કરવામાં આવે. જો આ કાર્ય ઉચિત રૂપ અને પૂર્ણ ઈમાનદારી અને સદભાવના પૂર્વક કરવામાં ન આવ્યો તો આ પરિસ્થિતિઓ તે સીમા સુધી ભયાનક થઈ જશે જેના પર નિયંત્રણ મેળવવું અસંભવ થઈ જશે. હું આ વાતનો ખુબ આદર કરૂં છું કે આર્થિક દ્રષ્ટિથી સુદૃઢ પશ્વિમી દેશોએ ગરીબ અને અવિકસિત દેશોના લોકોને, જેમાં મુસ્લિમ પણ સામેલ છે ઉદારતાથી પોતાના દેશોમાં વસવાટ કરવાની અનુમતિ આપી.

વાસ્તવિક ન્યાય આ વાતની માંગ કરે છે કે તે લોકોની ભાવનાઓ અને ધાર્મિક રીતિ રિવાજોનું પણ આદર કરવામાં આવે. આ જ તે ઉપાય છે જેનાથી લોકોની માનસિક શાંતિને યથાવત રાખી શકાય. આપણે આ યાદ રાખવું જોઈએ કે જ્યારે કોઈ વ્યકિતની માનસિક શાંતિને ભંગ કરવામાં આવે છે તો તે સમાજની માનસિક શાંતિને પણ અસર થાય છે.

જેવું કે હું પહેલા વર્ણન કરી ચુકયો છું કે હું બ્રિટેનના રાજકારણીઓ તથા વિધાયકોનો આભારી છું કેમકે તેઓએ ન્યાયની જરૂરિયાતો પરિપૂર્ણ કરી છે અને તેમાં દખલ કરતા નથી.

વાસ્તવમાં આ જ ઈસ્લામી શિક્ષણ છે જે પવિત્ર કુરઆન આપણને આપે છે. પવિત્ર કુરઆન આ ઘોષણા કરે છે કે:

"ધર્મ અંગે કોઈ દબાણ નથી"

(સૂરહ બકરા આયત ૨૫૭)

આ આદેશ ન માત્ર તે આરોપનું ખંડન કરે છે કે ઈસ્લામને તલવારના બળ પર ફેલાવ્યો છે બલ્કે આ શિક્ષણ મુસ્લિમોને આ પણ જણાવે છે કે કોઈ ધર્મને સ્વીકાર કરવું મનુષ્ય અને તેનાં ખુદા વચ્ચેની બાબત છે અને તમારે કોઈ પણ પરિસ્થિતિમાં તેમાં હસ્તક્ષેપ ન કરવો જોઈએ. પ્રત્યેકને આ અનુમતિ છે કે તે પોતાની આસ્થા અનુસાર જીવન વ્યતીત કરે તથા પોતાના ધાર્મિક રીતિ રિવાજોનું પાલન કરે પરંતુ ધર્મના નામે જો કોઈ એવી પરંપરાઓ હોય જે બીજાને હાનિ પહોચાડે તથા રાષ્ટ્રીય કાનૂન વિરૂધ્ધ હોય તો તેવી સ્થિતિમાં તે દેશમાં કાનૂન સ્થાપિત કરનાર પગલાં ભરી શકે છે કેમકે જો કોઈ ધર્મમાં કોઈ અપ્રિય પરંપરા પ્રચલિત છે તો આ અલ્લાહના કોઈ નબીની તાલીમ નથી હોઈ શકતી.

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ સ્થાપવા માટે આ જ મૂળભૂત સિદ્ધાંત છે.

આ ઉપરાંત ઈસ્લામ આપણને આ પણ શિક્ષણ આપે છે કે જો તમારા ધર્મ પરિવર્તનના કારણે કોઈ સમાજ અથવા કોઈ જુથ કે

સરકાર તમારી ધાર્મિક પરંપરાઓને અનુસરવામાં દખલ કરે અને પછી પરિસ્થિતિઓ તમારા તરફ વળે ત્યારે પણ હંમેશા આ યાદ રાખવું જોઈએ કે તમારે કોઈ વૈરભાવ કે દુષ્ટભાવ પણ રાખવો ન જોઈએ. તમારે વેર વાળવાનો વિચાર પણ ન કરવો જોઈએ બલ્કે ન્યાય અને સમાનતા સ્થાપવી જોઈએ.

પવિત્ર કુરઆન જણાવે છે કે :

**"હે તે લોકો જે ઈમાન લાવ્યા છો! અલ્લાહ માટે મજબૂતીથી નિગરાની કરતા ન્યાયના સમર્થનમાં સાક્ષી બની જાઓ અને કોઈ જાતિની શત્રુતા તમને કદાપી આ વાત તરફ પ્રેરિત ન કરે કે તમે ન્યાય ન કરો. ન્યાય કરો, આ તકવાને સૌથી અધિક નિકટ છે અને અલ્લાહથી ડરો. જે તમે કરો છો નિઃસંદેહ અલ્લાહ તેનાથી સદા અવગત રહે છે."**

(સૂરહ અલ માઈદાહ આયત ૯)

સમાજમાં શાંતિ સ્થાપિત રાખવા માટે આ જ શિક્ષણ છે કે પોતાના શત્રુથી પણ ન્યાયથી કામ લેવું છે અને ન્યાયને હાથથી ન જવા દેવું જોઈએ. ઈસ્લામનો પ્રારંભિક ઈતિહાસ આપણને આ જણાવે છે કે આ શિક્ષણનુ પાલન કરતાં ન્યાયની તમામ માંગોને પૂર્ણ કરવામાં આવી. હું અહીયા તેના અનેક ઉદાહરણો તો નથી આપી શકતો પરંતુ આ વાસ્તવિકતા પર ઈતિહાસ સાક્ષી છે કે મકકાના વિજય પછી હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમએ તે લોકોથી કોઈ બદલો નથી લીધો જેમણે આપ સ.અ.વ.ને અત્યંત યાતનાઓ અને કષ્ટો આપ્યા બલ્કે તેમને ક્ષમા

કરી દીધા તથા તેમને પોતાની આસ્થા પર રહેવા દીધા. વર્તમાન યુગમાં શત્રુ પ્રત્યે ન્યાયની સંપૂર્ણ અનિવાર્યતાઓને પૂર્ણ કરવા પર જ સ્થાયી રૂપથી શાંતિ સ્થાપિત થઈ શકે છે. ન કેવળ કટ્ટરવાદીઓ વિરૂધ્ધ યુદ્ધોમાં બલ્કે અન્ય તમામ યુદ્ધોમાં. એવી જ શાંતિ વાસ્તવમાં લાંબા સમય સુધી ટકી શકે છે.

ગઈ સદીમાં બે વિશ્વ યુદ્ધ થયા. તેના કારણો જે પણ હતા, પરંતુ જો આપણે ઉંડાણ પૂર્વક વિચાર કરીએ તો કેવળ એક જ કારણ તરી આવે છે અને તે એ છે કે પ્રથમ: ન્યાય યોગ્ય રીતે સ્થપાયો ન હતો તથા પ્રતિક્રિયા સ્વરૂપ જેને એક ઓલવાયેલ અગ્નિ વિચાર કર્યો તે ગરમ રાખમાં પરિવર્તિત થઈ ગઈ જે ધીરે ધીરે સળગતી રહી અને અંતમાં ફરીથી અચાનક જ ભડકો થયો અને તેણે સમગ્ર વિશ્વને લપેટી લીધા.

આજે અશાંતિ વધી રહી છે તથા યુદ્ધ અને શાંતિને યથાવત રાખવા માટે કાર્યવાહીઓ એક અન્ય વિશ્વ યુદ્ધ માટે પુરોગામી બનતી જાય છે. આ પ્રકારે વર્તમાન આર્થિક અને સામાજીક મુશ્કેલીઓ પણ આ પરિસ્થિતિઓને વધારો આપવાનું એક કારણ થશે.

પવિત્ર કુરઆનએ વિશ્વ શાંતિની સ્થાપના માટે કેટલાક સુવર્ણ સિદ્ધાંતો પ્રસ્તુત કર્યા છે. આ એક સ્પષ્ટ વાસ્તવિકતા છે કે લાલચ શત્રુતાને જન્મ આપે છે. કેટલીક વખત આ સીમાઓ પર અતિક્રમણ કરવાના રૂપમાં દેખાય છે અથવા પ્રાકૃતિક સાધનો પર અધિકાર કરવાના રૂપમાં અથવા બીજા પર પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરવા માટે. અને પછી આ શત્રુતા અન્યાય અને અત્યાચાર તરફ

લઈ જાય છે. ચાહે આ અત્યાચાર ક્રૂર નિરંકુશ શાસકો તરફથી હોય જે પ્રજાના અધિકારોનું હનન કરે છે તથા પોતાના વ્યકિતગત હિતો માટે પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરે છે અથવા પછી આ અત્યાચાર આક્રમણકારી સેના દ્વારા હોય. ઘણીવાર ક્રૂરતાનો ભોગ બનેલ લોકોની ચીસો અને ક્રોધ બાહ્ય દેશોને સંભળાય છે.

પરંતુ આપણને ઈસ્લામના પૈગમ્બર સાહેબે નીચે દર્શાવેલ સુવર્ણ સિદ્ધાંતો શિખવાડયા છે કે અત્યાચારી અને પીડિત બંનેની સહાયતા કરો.

હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમના એક સહાબીએ પછયું કે અત્યાચારથી પીડિતની સહાયતા કરવું તો સમજાય છે પરંતુ એક અત્યાચારીની સહાયતા તે કેવી રીતે કરી શકીએ છીએ? આપ સ.અ.વ.એ જવાબ આપ્યો કે તેના હાથને અત્યાચારથી રોકીને. કેમકે તેનું અત્યાચારમાં વધી જવું તેને અલ્લાહના અઝાબને પાત્ર બનાવશે.

(સહી બુખારી, હદીસ નં. ૬૯૫૨)

માટે તેના પર દયા કરતા તેને બચાવવાનો પ્રયત્ન કરવો છે. આ સિદ્ધાંત સમાજના સૌથી નાના સ્તરથી લઈને આંતરરાષ્ટ્રીય સ્તર પર પણ લાગુ પડે છે. આ સંબંધે પવિત્ર કુરઆનની આયત છે :

“જો મોમિનોના બે પક્ષો પરસ્પર લડતા હોય તો તે બંનેમાં સુલેહ કરાવી દો પછી જો સૂલેહ થઈ ગયા બાદ તે બંનેમાંથી કોઈ એક બીજા પર ચઢાઈ કરે તો બધા મળીને તે ચઢાઈ કરનાર વિરૂધ્ધ યુદ્ધ કરો અહીં સુધી કે તે અલ્લાહના આદેશ તરફ આવી જાય પછી

જો તે અલ્લાહના આદેશ તરફ આવી જાય તો ન્યાય સાથે તે બંને લડનારમાં સુલેહ કરાવી દો તથા ન્યાયને સામે રાખો. અલ્લાહ ન્યાય કરનારને ખુબ પસંદ કરે છે.” (હુજરાત આયત ૧૦)

આ શિક્ષણ મુસલમાનો માટે હોવા છતા પણ આ સિદ્ધાંતને અનુસરીને આંતરરાષ્ટ્રીય સ્તર પર શાંતિનો પાયો સ્થાપી શકાય છે. શાંતિ કાયમ રાખવા માટે જેવું કે આરંભથી આ વર્ણન કરવામાં આવ્યું છે કે શાંતિની પ્રાથમિક માંગ ન્યાય છે અને ન્યાયના સિદ્ધાંતને અપનાવવા છતાં પણ જો શાંતિ સ્થાપનાના પ્રયાસ નિષ્ફળ થઈ જાય છે તો સંયુકત રૂપમાં તે જૂથ વિરૂધ્ધ યુદ્ધ કરો જેણે અન્યાય કર્યો છે અને તે સમય સુધી યુદ્ધ કરો જ્યાં સુધી કે તે અન્યાય કરનાર જૂથ શાંતિ સ્થાપવા માટે તૈયાર ન થઈ જાય, પ્રતિબંધ ન લગાવો, દરેક પ્રકારે અન્યાય કરનાર પર નજર રાખો પરંતુ સાથે જ તેની સ્થિતિ સુધારવા અને ઉત્તમ બનાવવાનો પ્રયત્ન કરો.

આ બેચૈનીને સમાપ્ત કરવા માટે જો કે આજ કાલ વિશ્વના કેટલાક દેશોમાં જોવા મળે છે અને ખાસ કરીને દુર્ભાગ્યથી કેટલાક મુસ્લિમ દેશોમાં. તે દેશ જે Vetoનો અધિકાર રાખે છે તેમને આ સ્પષ્ટ કરવું જોઈએ કે ન્યાય યોગ્ય રીતે કર્યો કે નહી. જ્યારે પણ સહાયતાની જરૂર પડી તો શકિતશાળી દેશો તરફ હાથ લંબાવ્યા.

જેવું કે મેં પહેલા વર્ણન કર્યુ છે કે અમે આ વાસ્તવિકતાના સાક્ષી છીએ કે બ્રિટેન સરકારનો ઈતિહાસ રહ્યો છે કે હંમેશા ન્યાયને કાયમ રાખ્યો અને આ વાતએ મને પ્રોત્સાહન આપ્યુ છે કે હું આપનું ધ્યાન તેમાંથી કેટલાક મામલાઓ તરફ આકૃષ્ટ કરૂં.

વિશ્વમાં શાંતિ સ્થાપવા માટે એક બીજો સિદ્ધાંત જેનું આપણને ઉપદેશ આપ્યો છે તે એ છે કે લાલચ ગ્રસ્ત થઈને બીજાની ધન સંપત્તિ પર નજર ન નાખશો.

પવિત્ર કુરઆન ફરમાવે છે :

“અને અમે તેમનામાંથી અમુક લોકોને મોજ ઉડાવવાની જે વસ્તુંઓ આપી છે તેની તરફ તું જોઈશ નહી તે તો આ દુનિયાનો ઠાઠમાઠ છે જેનાથી અમે તેમની પરીક્ષા લઈ રહ્યા છીએ.”

(તાહા આયત ૧૩૨)

બીજાની ધન સંપત્તિ પ્રત્યે ઈર્ષા અને લોભ પણ સંસારમાં વધી રહેલ અશાંતિનું એક કારણ છે. વ્યકિતગત રૂપમાં જેવું કે કહેવત છે કે ‘પાડોશીઓથી પ્રતિસ્પર્ધા કરવાની ઈચ્છાએ કદાપી ન સમાપ્ત થવાની લાલચને જન્મ આપ્યો છે.’ આ વસ્તુંનો પરિણામ સમાપ્ત ન થવાની લાલચ છે જેણે સામાજીક શાંતિને નષ્ટ કરી દીધી છે. રાષ્ટ્રીય સ્તરે લાલચ પર આધારિત પ્રતિસ્પર્ધા આરંભ થઈ જો કે વિશ્વને વિનાશ તરફ લઈ ગઈ છે ઈતિહાસથી આ સિદ્ધ છે. પ્રત્યેક બુદ્ધિમાન વ્યકિત અનુમાન લગાવી શકે છે કે બીજાની ધન સંપત્તિની ઈચ્છા દ્વેષ, લાલચ તથા હાનિનું કારણ બની.

માટે અલ્લાહનું કથન છે કે પ્રત્યેકએ પોતાના જ સાધનો પર નિર્ભર રહેવું જોઈએ તથા તેનાથી જ લાભ ઉઠાવવો જોઈએ. પ્રાદેશિક અથવા બીજાના અધિકાર વાળા ક્ષેત્રથી લાભ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવો તે કોઈના પ્રદેશ અથવા તેના અધિકૃત ક્ષેત્રના કુદરતી સંસાધનોથી લાભ પ્રાપ્તિનો પ્રયાસ થાય છે.

દેશોના ગઠબંધન તથા બ્લોક બનાવવાનો ઉદ્દેશ પણ કેટલાક દેશોના પ્રાકૃતિક સંસોધનો પર અધિકાર કરવું હોય છે. આ સંદર્ભે ઘણા બધા લેખકો જે તેનાથી પૂર્વ કેટલાક સરકારોના સલાહકાર રહી ચુકયા હતા, તેમણે એવી પુસ્તકો લખી છે જેમાં આ વાતનો વિવરણ મોજૂદ છે કે અમુક દેશ કઈ રીતે બીજા દેશોના સાધનો ઉપર કબજો જમાવવા માંગે છે. આ લેખકો કેટલા અંશે સાચા છે આ તો તેમને જ જાણ હશે અને અલ્લાહ સૌથી અધિક જાણે છે, પરંતુ આ અહેવાલો વાંચવાથી જે સ્થિતિ સામે આવે છે તે તે લોકોના હૃદયમાં અત્યંત ક્રોધનું કારણ બને છે જે પોતાના નિર્ધન દેશો પ્રત્યે વફાદાર છે. આ વાત પણ ઉગ્રવાદનું પોષણ કરવા તથા વિનાશકારી શસ્ત્ર બનાવવાની પ્રતિસ્પર્ધાનું એક મોટું કારણ છે.

આજનું જગત પોતાને ભૂતકાળની તુલનામાં અધિક ગંભીર, બુદ્ધિમાન અને શિક્ષિત સમજે છે, અહીયા સુધી કે ગરીબ દેશોમાં પણ એવા બુદ્ધિમાન લોકો છે જે પોતાના કાર્ય ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત છે. ખુબ જ ઉચ્ચ યોગ્યતા રાખનાર વિવેકશીલ લોકો વિશ્વની પ્રખ્યાત શોધ કેન્દ્રોમાં (Research Centres) સાથે કામ કરે છે. આ પરિદ્રશ્યમાં આ કલ્પના કરવામાં આવતી કે કાશ આ લોકો એકત્ર થાત અને સંયુકત રૂપમાં વિચારના ખોટા ઢંગો તથા મૂર્ખાઈને સમાપ્ત કરવાનો પ્રયાસ કરતા, જે શત્રુતાઓ અને ભયાનક યુદ્ધોનું કારણ બની. વાસ્તવમાં અલ્લાહે આપેલ બૌધિક અને વૈજ્ઞાનિક પ્રગતિનો ઉપયોગ માનવ જાતિના કલ્યાણ તથા બીજાના પ્રાકૃતિક સંસાધનોથી વૈધ અને ઉચિત ઢંગોથી ફાયદો મળે તેવી ગતિ વિધિ કરવી જોઈએ.

અલ્લાહે દરેક દેશને કુદરતી સંપત્તિ આપી છે જેને વિશ્વમાં શાંતિનો ગઢ બનાવવા માટે પ્રયોગ કરવો જોઈએ. અલ્લાહે ઘણા બધા દેશોને વિભિન્ન અનાજ લગાવવા માટે સારૂ જલવાયુ અને વાતાવરણ આપ્યું છે જો આધુનિક ટેકનોલોજીને ઉચિત રૂપમાં યોજનાબદ્ધ રૂપથી ખેતી માટે ઉપયોગ કરવામાં આવતું તો આર્થિક સ્થિતિ મજબૂત હોત તથા દુનિયામાંથી ભૂખની સમસ્યા દુર થઈ શકતી.

તે દેશ જેને ખનીજ સંપત્તિથી સંમાનિત કર્યા છે તેમને પ્રગતિ કરવા અને ઉચિત મૂલ્યો પર સ્વતંત્ર રૂપમાં વ્યાપાર કરવા દેવા જોઈએ તથા એક દેશે બીજા દેશના ખનીજ પદાર્થોથી લાભ મેળવવું જોઈએ. આમ આ જ ઉચિત માર્ગ છે જેને અલ્લાહે પસંદ કર્યો છે.

અલ્લાહ તઆલા પોતાના પૈગમ્બરોને લોકો પાસે એટલા માટે મોકલે છે જેથી તે તેમને એવા માર્ગ બતાવે જે તેમને અલ્લાહની નજીક લઈ જાય. તેની સાથે જ અલ્લાહ કહે છે કે ધર્મ બાબતે પૂર્ણ સ્વતંત્રતા છે. અમારી આ માન્યતા છે કે વાસ્તવિક પ્રતિફળ અથવા સજા મૃત્યું પછી મળશે પરંતુ અલ્લાહ દ્વારા સ્થાપેલ વ્યવસ્થા અનુસાર જ્યારે તેની પ્રજા પર અત્યાચાર કરવામાં આવે છે તથા ન્યાય અને સદભાવનાની અવહેલના કરવામાં આવે છે તો પ્રકૃતિના નિયમ અનુસાર આ સંસારમાં પણ તેના પરિણામ અને પ્રભાવ જોવા મળે છે. એવા અન્યાયો પર ખુબ કઠોર પ્રતિક્રિયા હોય છે તથા આ વાતને કોઈ નથી જોતો કે તે પ્રતિક્રિયા ઉચિત છે કે અનુચિત.

દુનિયામાં વિજય પ્રાપ્ત કરવા માટેનો ઉચિત માર્ગ એ છે કે ગરીબ દેશોને તેમનું યોગ્ય સ્થાન આપવા માટે પૂર્ણ રૂપથી પ્રયાસ કરવો જોઈએ.

વર્તમાન યુગની એક મોટી સમસ્યા આર્થિક કટોકટી છે જેને પારિભાષિક રૂપમાં (Credit Crunch) કહેવાય છે. આમ તો આ વિચિત્ર લાગશે પણ સાક્ષ્ય એક વાસ્તવિકતા તરફ સંકેત કરે છે. પવિત્ર કુરઆન આ કહેતા આપણું માર્ગદર્શન કરે છે કે વ્યાજ છોડી દો કેમકે વ્યાજ એક એવો અભિશાપ છે કે જે પરિવારની, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય શાંતિ માટે એક ખતરો છે આપણને ચેતવણી આપવામાં આવી છે કે જે વ્યકિત વ્યાજ લે છે તે એક દિવસ જરૂર તે વ્યકિત જેવો થઈ જશે જેને શૈતાને પાગલપનમાં ગ્રસ્ત કરી દીધો હોય. આમ મુસ્લિમોને ચેતવણી આપી છે કે એવી પરિસ્થિતિથી બચવા માટે વ્યાજનો વ્યવસાય બંધ કરી દો કેમકે વ્યાજની જે રકમ લેવામાં આવે છે તે તમારા ધનને વધારતી નથી બલ્કે જોવામાં તો લાગે છે કે તે વધે છે પરંતુ એક એવો સમય જરૂર આવે છે કે તેના વાસ્તવિક પ્રભાવ પ્રગટ થાય છે આ સાથે આપણને સાવધાન કર્યા છે કે આપણને વ્યાજના વ્યવસાયમાં સામેલ થવાની અનુમતિ નથી આ ચેતવણી સાથે કે જો આપણે એવું કરીએ છીએ તો આ અલ્લાહની વિરૂદ્ધ યુદ્ધ કરવાને સમાન છે. આ વાત આજ કાલના Credit Crunch થી બિલકુલ સ્પષ્ટ છે. પહેલા એવા લોકો હતા જે સંપત્તિ ખરીદવા માટે ધન ઋણ લેતા હતા પરંતુ તેના પહેલા કે તે આ સંપત્તિના માલીક બની શકે તે ઋણના બોઝ તળે દબાઈને મરી જતા હતા. પરંતુ હવે તો એવી સરકારો છે જે સ્વયં ઋણગ્રસ્ત છે

જેવી કે તેમના પર પાગલપનની માર પડી છે. મોટી મોટી કંપનીઓનું દેવાળું નિકળી ગયું છે. કેટલીક બેંકો અને નાણાંકીય સંસ્થાઓ બંધ કરી દેવાઈ છે અથવા તેમને આર્થિક કટોકટીથી બચાવ્યા છે. આ પરિસ્થિતિઓ પ્રત્યેક દેશમાં જારી છે ચાહે તે અમીર હોય કે ગરીબ. આપ આ સંકટના સંબંધમાં મારાથી અધિક જાણો છો. ધન જમા કરાવનારના ધન બરબાદ થઈ ગયા. હવે આ વાત સરકાર પર નિર્ભર છે કે તે તેમને કેવી રીતે અને કઈ સીમા સુધી બચાવે છે પરંતુ અત્રે વિશ્વના અધિકતર દેશોમાં પરિવારો, વ્યાપારીઓ તથા શાસકોની માનસિક શાંતિ નષ્ટ થઈ ગઈ છે.

શું આ સ્થિતિ આપણને આ વિચારવા માટે પ્રેરિત નથી કરતી કે વિશ્વ આ તર્કસંગત પરિણામ પર પહેંચી ગયું છે જેના વિશે આપણને ખુબ પહેલા ચેતવ્યા હતા ? અલ્લાહ જ અધિક જાણે છે કે આ પરિસ્થિતિઓનું હવે પરિણામ શું આવશે. અલ્લાહ તઆલાએ કહ્યું કે શાંતિ તરફ આવો જેનું આશ્વાસન કેવળ આ અવસ્થામાં આપવામાં આવે જ્યારે એક શુદ્ધ અને સામાન્ય વ્યાપાર હોય તથા પ્રાકૃતિક સાધનો અને સંપત્તિઓનું યોગ્ય પ્રયોગ હોય.

હવે હું ઈસ્લામી શિક્ષણના આ સંક્ષિપ્ત વર્ણનને આ સ્મરણ કરાવતા સમાપ્ત કરૂ છું કે વિશ્વની વાસ્તવિક શાંતિ કેવળ અલ્લાહ તઆલા તરફ ધ્યાન લગાવવામાં છે. અલ્લાહ તઆલા વિશ્વને આ રહસ્ય સમજવાની શકિત આપે. ત્યારે જ તે બીજાના અધિકારોનું નિર્વાહન કરવાને યોગ્ય થશે.

અંતમાં આપ તમામ અહીયા આવ્યા અને મને શાંતિથી સાંભળ્યો તે બદલ, હું તમારો ખુબ આભારી છું, ધન્યવાદ.




# પોતાના રાષ્ટ્ર પ્રત્યેની વફાદારી અને પ્રેમ અંગેઈસ્લામનો ઉપદેશ

---

સેના મુખ્યાલય

કોબ્લેન્ઝ, જર્મની, ૨૦૧૨





Brigadier General Alois Bach of
the German Federal Army
with Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba]




Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba] addressing
the German Federal Army




1.


2.


3.


4.

1. Colonel Ulrich, 2. Brigadier General Bach, 3. Colonel Trautvetter, and 4. Colonel I.G. Janke, meeting Ḥaḍrat Mirza Masroor Ahmad, Khalīfatul-Masīḥ V[aba]



# પોતાના રાષ્ટ્ર પ્રત્યેની વફાદારી અને પ્રેમ અંગે ઈસ્લામનો ઉપદેશ

بسم اللہ الرحمن الرحیم

અસ્સલામો અલૈકુમ વ રહેમતુલ્લાહે વ બરકાતોહૂ

સૌથી પહેલા મને આપના તરફથી પોતાના હેડ ક્વાટર પર આમંત્રણ આપવા અને થોડા શબ્દો કહેવાની તક આપી તે બદલ આપનો આભાર માનું છું. અહેમદિયા મુસ્લિમ જમાઅતના પ્રમુખ તરીકે હું આપની સમક્ષ ઈસ્લામના કેટલાક ઉપદેશો વિશે તમોને કહેવા માંગું છું જો કે આ એટલો વિશાળ મુદ્દો છે કે તે એક જ સભા અથવા અલ્પ સમયમાં આના પર પૂર્ણ રૂપથી પ્રકાશ નાખવો અસંભવ છે. માટે આ જરૂરી છે કે હું ઈસ્લામી તાલીમના એક પાસા સુધી પોતાને મર્યાદિત રાખું.

આ વાત પર વિચાર કરવાની વચ્ચે કે મારે ઈસ્લામના કયા પક્ષને આપની સમક્ષ રાખવો જોઈએ તો મને જમાઅત અહેમદિયા

જર્મનીના નેશનલ અમીર આદરણીય અબ્દુલ્લાહ વાગસહાઉઝરનું આ નિવેદન મળ્યું જેમાં તેમણે મને કહ્યું કે "પોતાના રાષ્ટ્ર પ્રત્યેની વફાદારી અને પ્રેમ અંગે ઈસ્લામનો ઉપદેશ" પર પ્રકાશ નાખવો જોઈએ. આ વાતએ મને નિર્ણય લેવામાં સહાયતા કરી. માટે હવે હું સંક્ષિપ્ત રૂપમાં આ સંદર્ભમાં આપની સમક્ષ ઈસ્લામી ઉપદેશો પર થોડોક પ્રકાશ નાખીશ.

પોતાના રાષ્ટ્ર પ્રત્યેની વફાદારી અથવા પ્રેમના શબ્દો બોલવા કે સાંભળવા ખુબ સરળ છે પરંતુ વાસ્તવમાં આ શબ્દોમાં એવા અર્થ આવરી લેવા જેવા છે જે ખુબ જ ઉંડાણ પણ ધરાવે છે પછી આ શબ્દોનો અર્થ શો છે અને તેની જરૂરીયાત શી છે તે સમજવું ખુબ જ મુશ્કેલ છે. આમ છતાં, જે પણ સમય મને મળ્યો છે તેમાં હું પોતાના રાષ્ટ્ર પ્રત્યેની વફાદારી અને પ્રેમ અંગે ઈસ્લામનો અભિગમ સમજાવાનો પ્રયત્ન કરીશ.

ઈસ્લામનો સર્વપ્રથમ અને મૂળભૂત સિદ્ધાંત એ છે કે એક વ્યકિતના શબ્દો અને કાર્યો કદીએ કોઈ પ્રકારના બેવડા ધોરણો કે દંભી હોવા ન જોઈએ. સાચી વફાદારી તો સહૃદયતા અને પ્રતિબદ્ધતા આધારિત સંબંધો ઉપર જ રચાઈ શકે. તે આ વાતની માંગ કરે છે કે એક વ્યકિત જે જાહેર કરે છે તે જ તેના અંતઃકરણમાં પણ હોય. રાષ્ટ્ર સંબંધે તો આ સિદ્ધાંતો સોથી મહત્ત્વના છે. આથી કોઈ પણ દેશના નાગરીક માટે આ ખુબ જરૂરી છે કે તે પોતાના દેશ સાથે સાચી વફાદારી અને પ્રતિબધ્ધતા સ્થાપિત કરે. અહી તે જન્મજાત નાગરીક છે કે તેણે પછીથી તે દેશનું નાગરિત્વ પ્રાપ્ત કર્યું

હોય અથવા પ્રવાસ કરીને નાગરિકત્વ પ્રાપ્ત કર્યુ હોય અથવા કોઈ અન્ય રીતે તે મહત્ત્વનું નથી.

વફાદારી તે મહાન સદગુણ છે અને તે લોકો જેઓએ આ સદગુણ સર્વોચ્ચ કક્ષા સુધી લઈ ગયા છે તે અલ્લાહના પૈગમ્બર છે. તેઓનું અલ્લાહ સાથે પ્રેમ અને બંધન એટલું પ્રબળ હતું કે તેમણે પ્રત્યેક બાબતમાં તેમના આદેશોને ચાહે તે કોઈ પણ પ્રકારના હોય તેની આજ્ઞાઓને લક્ષ્યમાં રાખી તેનો પુરેપુરો અમલ કરવાનો પ્રયત્ન કર્યો. આ વાત તેમની અલ્લાહ સાથે કરેલ પ્રતિજ્ઞા તથા વફાદારીના શ્રેષ્ઠ ધોરણો પણ જાહેર કરે છે. આથી આ વફાદારીના ધોરણો આપણે એક આદર્શ તરીકે અપનાવવા જોઈએ. આગળ વધતાં પહેલા આ સમજવું જરૂરી છે કે વફાદારીનો વાસ્તવિક અર્થ શું છે ?

ઈસ્લામના શિક્ષણ અનુસાર વફાદારીનો ખરો અર્થ છે શપથની અસંદિગ્ધ પરિપૂર્ણતા અને દરેક પગલે કરાર પ્રમાણે રહેવું, પછી ભલેને ગમે તેવા સંજોગો હોય કે ગમે તેટલી મુશ્કેલીઓ હોય, ઈસ્લામ તેના અનુયાયીઓ પાસેથી આ જ વાસ્તવિક વફાદારીની અપેક્ષા રાખે છે. પવિત્ર કુરઆનમાં વિભિન્ન સ્થળોએ મુસલમાનોને આ આદેશ આપ્યો છે કે તેઓએ પ્રતિજ્ઞાઓ પ્રમાણેના શપથને જરૂર પરિપૂર્ણ કરવા છે, કેમકે તેઓએ પોતાની તમામ પ્રતિજ્ઞાઓ પ્રત્યે જે તેમણે કરી છે અલ્લાહ સમક્ષ ઉત્તરદાયી થશે. મુસ્લિમોને આ નિર્દેશ આપવામાં આવ્યો છે કે તેઓ અલ્લાહ અને તેની સૃષ્ટિ સાથે કરેલ તમામ પ્રતિજ્ઞાઓને તેના મહત્ત્વ અને પ્રાથમિકતાઓ અનુસાર પરિપૂર્ણ કરે.

આ સંદર્ભમાં એક પ્રશ્ન જે લોકોના મનમાં ઉપસ્થિત થઈ શકે છે તે એ છે કે કેમકે મુસ્લિમો આ દાવો કરે છે કે અલ્લાહ અને તેમનો ધર્મ તેઓ માટે સર્વોચ્ચ મહત્ત્વ રાખે છે જેનાથી આ જાહેર થાય છે કે અલ્લાહ પ્રત્યેની વફાદારી તેમની પ્રથમ પ્રાથમિકતા છે અને અલ્લાહથી તેમની પ્રતિજ્ઞા સર્વાધિક મહત્ત્વ રાખે છે. તેઓ આ પ્રતિજ્ઞાને પૂર્ણ કરવાનો પ્રયત્ન કરે છે. આથી આ માન્યતા પણ સામે આવી શકે છે કે એક મુસ્લિમની પોતાના દેશ પ્રત્યેની વદાફારી તથા પોતાના દેશના કાનૂનનું પાલન કરવાની પ્રતિજ્ઞા તેમની નજીક દ્વિતીય ક્રમાંકનું મહત્ત્વ છે. માટે આ રીતે તે વિશેષ અવસરો પર પોતાના દેશ માટેના વચનોનું પણ બલીદાન આપવા તૈયાર થઈ જશે.

આ પ્રશ્નના જવાબમાં હું આપને કહેવા માંગુ છું કે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમએ આ તાલીમ આપી છે કે પોતાના દેશ માટેનો પ્રેમ તે ઈસ્લામ ધર્મનો એક જરૂરી અંગ છે આમ શુદ્ધ દેશ પ્રેમ ઈસ્લામની માંગ છે. અલ્લાહ અને ઈસ્લામથી સાચો પ્રેમ પોતાના દેશ પ્રત્યે પ્રેમની માંગ કરે છે. આથી તે બહુજ સ્પષ્ટ છે કે આ સ્થિતિમાં એક વ્યકિતના અલ્લાહ પ્રત્યેના પ્રેમ અને તેના દેશ પ્રત્યેના પ્રેમ વચ્ચે તેના હિતોનો કોઈ ટકરાવ હોઈ જ ન શકે કારણ કે પોતાના દેશ પ્રત્યેનો પ્રેમ ઈમાનનો જ એક ભાગ છે. આથી તે સ્પષ્ટ છે કે એક મુસ્લિમ પોતાના દેશ પ્રત્યે વફાદારીનું શ્રેષ્ઠ ધોરણ દર્શાવવાનો પ્રયત્ન કરશે કેમકે અલ્લાહ સુધી પહોંચવાનો અને તેની નિકટતા પ્રાપ્ત કરવાનો આ પણ એક માધ્યમ છે. આથી આ અસંભવ છે કે અલ્લાહનો તે પ્રેમ જે એક

મુસલમાન પોતાની અંદર રાખે છે તે તેના માટે પોતાના દેશ પ્રત્યેના પ્રેમ અને વફાદારીને જાહેર કરવામાં અવરોધરૂપ કે બોજરૂપ બની શકે. કમનસીબે આપણને જોવા મળે છે કે કેટલાક દેશોમાં ધાર્મિક અધિકારોમાં કાપ મુકાયો છે અથવા પૂર્ણ રૂપથી નકારવામાં આવ્યો છે. આથી એક પ્રશ્ન પણ સહજ રીતે ઉપસ્થિત થાય છે કે શું તે લોકો જેમને સ્વયં તેમની સરકાર સતાવે છે અથવા અત્યાચાર કરે છે તેઓ આવી સ્થિતિમાં પણ પોતાના દેશ પ્રત્યે વફાદારી અને પ્રેમનો સંબંધ યથાવત રાખી શકે છે? આ સંબંધે હું ખુબ જ ખેદ સાથે કહું છું કે આવી પરિસ્થિતિ પાકિસ્તાનમાં પ્રવર્તી રહી છે જ્યાં સરકારે વાસ્તવમાં અમારી જમાઅત વિરૂદ્ધ કાયદા બનાવ્યા છે જેમાં અહેમદિયત વિરોધી કાયદા લાગું કરવામાં આવે છે. આ રીતે પાકિસ્તાનમાં તમામ અહેમદી મુસલમાન નિયમિત કાનૂન દ્વારા બિન મુસ્લિમ જાહેર કરાયા છે. આ રીતે તેઓને મુસ્લિમ કહેવા પર પ્રતિબંધ મુકી દીધો છે તેટલું જ નહી બલ્કે તેઓને પાકિસ્તાનમાં મુસ્લિમોની જેમ નમાઝ પઢવા અને ઈસ્લામી પરંપરા અનુસાર પાલન કરવા પર પણ પ્રતિબંધ મુકાયો છે. આ રીતે પાકિસ્તાની સરકારે જમાઅતના લોકોને ઉપાસના કરવાના મૂળભૂત માનવ અધિકારથી વંચિત કરી દીધા છે.

આ પરિસ્થિતિને નજરમાં રાખતાં આ વાતથી આશ્ચર્ય થશે કે આ પરિસ્થિતિઓમાં અહેમદી મુસલમાન કેવી રીતે દેશના કાનૂનોનું પાલન કરે? તેઓ દેશ પ્રત્યેની વફાદારીને કેવી રીતે જાહેર કરી શકે? અહીયા હું આ વાતને સ્પષ્ટ કરવા માંગુ છું કે જ્યાં એવી વિકટ પરિસ્થિતિઓ હોય તો પછી કાનૂન અને દેશ પ્રત્યે

વફાદારીના બે અલગ અલગ મામલા બની જાય છે. અમો અર્થાત અહેમદિયા મુસ્લિમોનું માનવું છે કે ધર્મ પ્રત્યેક વ્યકિતનો એક વ્યકિતગત મામલો છે કે તે પોતાના માટે જે પણ નિર્ણય કરે ધર્મ અંગે કોઈ પણ દબાણ ન હોવો જોઈએ. આથી જ્યાં કાનૂન આ અધિકારમાં હસ્તક્ષેપ કરે છે તેમાં કોઈ સંદેહ નથી કે આ ખુબ અત્યાચાર અને અન્યાયનું કાર્ય છે. નિ:સંદેહ સરકારના નેતૃત્વ અને સમર્થનથી થનાર આ પ્રકારના અત્યાચાર અને અન્યાય જે દરેક યુગમાં થાય છે બહુમતિ તેમને વખોડી કાઢતા આવેલ છે.

જો આપણે યુરોપના ઈતિહાસ ઉપર નજર નાખીએ તો જાણવા મળે છે કે આ ખંડમાં પણ લોકો ધાર્મિક ત્રાસથી પીડાતા હતા જેથી હજારો લોકોને એક દેશથી બીજા દેશમાં પ્રવાસ કરવો પડયો. દરેક નિષ્પક્ષ ઈતિહાસકારો, સરકારો અને લોકોએ તેને યાતનાઓ પહોંચાડવી તથા ઘોર અત્યાચાર અને ક્રૂરતાની સંજ્ઞા આપી છે આવા સંજોગોમાં ઈસ્લામ ધર્મ કહે છે કે જ્યારે ત્રાસ અસંખ્ય બની જાય અને મર્યાદાનું ઉલ્લંઘન થાય તો એવા સમયમાં તેણે જ્યાં શાંતિ અને સ્વતંત્રતાપૂર્વક પોતાના ધર્મને અનસરી શકે ત્યાં પ્રવાસ કરી લેવું જોઈએ. આમ આ માર્ગદર્શનની સાથે સાથે ઈસ્લામ આ પણ ઉપદેશ આપે છે કે કોઈ પણ સંજોગોમાં કોઈ વ્યકિતએ કાનૂન હાથમાં ન લેવો જોઈએ તેમજ પોતાના દેશ વિરૂદ્ધ કોઈ પણ યોજના કે કાવતરામાં ભાગ ન લેવો જોઈએ. આ ઈસ્લામનો એક બહુ જ સ્પષ્ટ અને નિ:સંદેહ આદેશ છે.

એટલો ત્રાસ અને અત્યાચારનો સામનો કરવા છતાં લાખો અહેમદીઓ પાકિસ્તાનમાં વસવાટ કરે છે. જીવનના દરેક ક્ષેત્રમાં

તેઓની ઉપર સતત અત્યાચાર સહન કરવા છતાં તેઓએ તે દેશ પ્રત્યે સંપૂર્ણ વફાદારી અને આજ્ઞાપાલનના સંબંધ જાળવી રાખ્યા છે. તેઓ જે ક્ષેત્રમાં પણ કામ કરે છે અથવા તેઓ જ્યાં પણ રહે છે નિરંતર તે દેશની પ્રગતિ અને સફળતા માટે પ્રયાસોમાં વ્યસ્ત રહે છે. ઘણાં વર્ષોથી અહેમદિયતના વિરોધીઓએ આ આરોપ લગાવવાનો પ્રયાસ કર્યો છે કે અહેમદી પાકિસ્તાનના વફાદાર નથી પરંતુ તેઓ આ આરોપને કદાપી સાબિત કરી શકયા નથી. આથી વિપરીત વાસ્તવિકતા આ છે કે જ્યારે પણ પાકિસ્તાન માટે અથવા પોતાના દેશ માટે કોઈ બલિદાન આપવાની જરૂર પડી છે તો અહેમદી મુસલમાન હંમેશા પ્રથમ પંકિતમાં ઊભા થયા છે તથા દરેક સમયે તે દેશ માટે પ્રત્યેક બલિદાન આપવા માટે તૈયાર છે.

આ કાનૂનના શિકાર હોવા છતાં આ અહેમદી મુસલમાન જ છે જે અન્ય લોકોથી અધિક કાનૂનનું પાલન કરે છે અને તેનું ધ્યાન રાખે છે. વફાદારીના સંદર્ભમાં પવિત્ર કુરઆનમાં વધુંમાં કહેવામાં આવ્યું છે કે અને તે આ છે કે લોકોએ તે તમામ વાતોથી દુર રહેવું જોઈએ જે અશિષ્ટ, અપ્રિય અને કોઈ પણ પ્રકારની વિદ્રોહની તાલીમ આપે છે. આ ઈસ્લામની તે સુંદર અને વિશેષ તાલીમ છે જે ન માત્ર અંતિમ પરિણામ તરફ આપણું ધ્યાન કેન્દ્રિત કરે છે જ્યાં આ પરિણામ ખુબ ભયાનક હોય છે બલ્કે તે આપણને આ નાના નાના મામલાઓથી પણ અવગત કરાવે છે જે મનુષ્યને ખતરાઓથી ભરેલ માર્ગ પર અગ્રેસર કરવા માટે પગથિયાનું કામ કરે છે. આથી જો ઈસ્લામનું માર્ગદર્શન યોગ્ય રીતે અપનાવવામાં આવે તો કોઈ પણ

પ્રશ્નોનું નિરાકરણ પહેલેથી જ થઈ જાય તે પણ પરિસ્થિતિ નિયંત્રણ બહાર જાય તે પહેલાં.

ઉદાહરણ તરીકે એક મામલો જે એક દેશને ખુબ નુકશાનકારક બને છે તે માનવીનો ધન સંપત્તિનો લોભ છે. અધિકતર લોકો આ ભૌતિક ઈચ્છાઓમાં ફસાઈ જાય છે જે નિયંત્રણ બહાર થઈ જાય છે અને એવી ઈચ્છાઓ અંતે લોકોને બેવફાઈ તરફ ખેંચી જાય છે. આ પ્રકારની ઈચ્છાઓ અંતે પોતાના જ દેશ વિરૂદ્ધ દેશદ્રોહનું કારણ બને છે. હું તેનું સ્પષ્ટીકરણ કરૂ છું. અરબી ભાષામાં એક શબ્દ ‘બગા’ તે લોકો અથવા તે કાર્યોને વર્ણન કરવા માટે પ્રયોગ થાય છે જે પોતાના દેશને હાનિ પહોંચાડે છે, જે ખોટા કાર્યોમાં ભાગ લે છે અથવા બીજાને હાનિ પહોંચાડે છે. તેમાં તે લોકો પણ સામેલ છે જે દગો કરે છે અને આ રીતે વિભિન્ન વસ્તુંઓને અવૈધ રૂપથી પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. આ લોકો દરેક મર્યાદા ઓળંગી જાય છે અને નુકશાન પહોંચાડે છે. ઈસ્લામ આ શિક્ષણ આપે છે કે જે લોકો આ પ્રકારના કાર્યો કરે છે તેમનાથી વફાદારીની આશા ન રાખી શકાય, કેમકે વફાદારી ઉચ્ચ નૈતિક મૂલ્યોથી સંકળાયેલ હોય છે અને ઉચ્ચ નૈતિક મૂલ્યો સિવાય વફાદારીનું અસ્તિત્વ ટકી જ નથી શકતું. આ પણ વાસ્તવિકતા છે કે વિભિન્ન લોકોમાં ઉચ્ચ નૈતિક મૂલ્યો વિશે જુદી જુદી વિચારધારા હોય છે તો પણ ઈસ્લામ ચારે બાજુથી અલ્લાહની પ્રસન્નતા મેળવવા માટે પ્રેરિત કરે છે અને મુસલમાનોને આ નિર્દેશ આપવામાં આવ્યો છે કે તે એવું કાર્ય કરે કે જેનાથી અલ્લાહ પ્રસન્ન થાય. ટુંકમાં એ કે ઈસ્લામી શિક્ષણ અનુસાર અલ્લાહે તમામ પ્રકારના વિદ્રોહ

અથવા દગાખોરીને પ્રતિબંધિત દર્શાવી છે ચાહે તે પોતાના દેશ અથવા સરકારની વિરૂદ્ધ હોય. કેમકે વિદ્રોહ અથવા સરકાર વિરૂદ્ધ કાર્ય, દેશની સુરક્ષા અને શાંતિ માટે ખતરો છે. આ વાસ્તવિકતા છે કે જ્યાં આંતરિક વિદ્રોહ અથવા શત્રુતા જાહેર થાય છે તો આ બાહ્ય વિરોધની જ્વાળાને પણ હવા આપે છે તથા દુનિયાને પ્રોત્સાહન મળે છે કે તેઓ આંતરિક વિદ્રોહથી લાભ મેળવે. આ રીતે પોતાના દેશથી બેવફાઈના પરિણામો અતિગંભીર આવી શકે છે. આથી જે પણ વાત કોઈ દેશને નુકશાન પહોંચાડે તે 'બગા' ની પરિભાષામાં સામેલ છે જેનું મેં વર્ણન કર્યુ છે. આ તમામ વાતો ધ્યાનમાં રાખતાં પોતાના દેશ પ્રત્યે વફાદારી, એક વ્યકિતથી આ માંગ કરે છે કે તે ધૈર્યનું પ્રદર્શન કરે અને નૈતિકતા જાળવતાં રાષ્ટ્રીય કાનૂનોનું સમ્માન કરે.

સામાન્યતઃ આ યુગમાં મોટાભાગની સરકારો લોકશાહી પદ્ધતિ મુજબ ચાલે છે. માટે કોઈ વ્યકિત અથવા જુથ સરકાર બદલવા માંગે તો તે ઉચિત લોકશાહી પદ્ધતિને અપનાવતા એવું કરી શકે છે. મત પેટી દ્વારા પોતાની વાત રજુ કરવી જોઈએ. વ્યકિતગત પ્રાથમિકતાઓ અથવા વ્યકિતગત હિતોના આધારે મત ન નાખવો જોઈએ, વાસ્તવમાં ઈસ્લામ આ શિક્ષણ આપે છે કે કોઈ પણ વ્યકિતના મતનો પ્રયોગ પોતાના દેશથી વફાદારી અને પ્રેમની સમજ સાથે થવો જોઈએ તથા કોઈ પણ વ્યકિતના મતનો પ્રયોગ દેશની ભલાઈને ધ્યાનમાં રાખતાં થવો જોઈએ. આમ કોઈ પણ વ્યકિતએ પોતાની વ્યકિતગત પ્રાથમિકતાને ન જોવી જોઈએ અને આ પણ ન જોવું જોઈએ કે કયા ઉમેદવાર અથવા પાર્ટીથી તે વ્યકિતગત લાભ

મેળવી શકે છે બલ્કે વ્યકિતએ સંતુલિત રીતે આ નિર્ણય કરવો જોઈએ અને તેનો તે અનુમાન પણ લગાવી શકે છે કે કયો ઉમેદવાર અથવા પાર્ટી સમગ્ર દેશની ઉન્નતિમાં સહાયતા આપશે. સરકારની ચાવીઓ એક અમાનત તરીકે હોય છે જેને તે પાર્ટીને સોંપવામાં આવે જેના વિશે મતદાર ઈમાનદારીથી આ વિશ્વાસ કરે કે તે સૌથી ઉચિત અને સૌથી અધિક યોગ્ય છે. આ સાચો ઈસ્લામ છે અને આ જ સાચી વફાદારી છે.

વાસ્તવમાં પવિત્ર કુરઆન પ્રકરણ ૪ અને આયત નં.૫૯માં અલ્લાહે આ આદેશ આપ્યો છે કે અમાનત ફકત એવા વ્યકિતને સોંપવામાં આવે જે તેને યોગ્ય હોય અને લોકો વચ્ચે નિર્ણય કરતા સમયે તેણે ન્યાય અને ઈમાનદારીથી નિર્ણય કરવા જોઈએ. આથી પોતાના દેશ પ્રત્યે વફાદારી આ માંગ કરે છે કે સરકારની શકિત તેમને આપવામાં આવે જે વાસ્તવમાં તેને યોગ્ય હોય જેથી તેનો દેશ પ્રગતિ કરી શકે અને વિશ્વના અન્ય દેશોની તુલનામાં સૌથી આગળ હોય.

વિશ્વના ઘણાં બધાં દેશોમાં આપણે જોઈએ છીએ કે પ્રજા સરકારની નીતિઓ વિરૂદ્ધ હડતાલો અને પ્રદર્શનોમાં ભાગ લે છે. એનાથી પણ વધીને ત્રીજી દુનિયાના દેશોમાં પ્રદર્શનકારી તોડફોડ કરે છે અથવા તે સંપત્તિઓ અને મિલકતોને નુકશાન કરે છે જે સરકારી અથવા ખાનગી હોય છે અને તેઓ દાવો કરે છે કે તેમની આ પ્રતિક્રિયા દેશ પ્રેમથી પ્રેરિત છે, પરંતુ વાસ્તવિકતા આ છે કે એવા કાર્યોનું વફાદારી અથવા દેશ પ્રેમ સાથે કોઈ નિસ્બત નથી હોતી. આ યાદ રાખવું જોઈએ કે જ્યાં પ્રદર્શન અને હડતાલો

શાંતિપૂર્ણ રૂપમાં પણ કરવામાં આવે છે અથવા અપરાધ, હાનિ તથા સખ્તાઈ વગર કરવામાં આવે છે તો પણ તેનો એક નકારાત્મક પ્રભાવ પડી શકે છે. તેનું કારણ એ છે કે શાંતિપૂર્ણ પ્રદર્શન પણ દેશની આર્થિક સ્થિતિને કરોડોનું નુકશાન કરે છે. આવા કૃત્યો કોઈ પણ પ્રકારે દેશ પ્રત્યેની વફાદારીનું ઉદાહરણ ગણી જ ન શકાય. એક સુવર્ણ સિદ્ધાંત જેની જમાઅત અહેમદિયાના પ્રર્વતકે તાલીમ આપી હતી તે આ હતી કે આપણે તમામ પરિસ્થિતિઓમાં અલ્લાહ, તેના અવતારો તથા પોતાના દેશના શાસકો પ્રત્યે વફાદાર રહેવું જોઈએ. આ જ શિક્ષણ પવિત્ર કુરઆનમાં અપાયો છે. આથી જે દેશમાં હડતાલો અને વિરોધ પ્રદર્શનોની છુટ અપાયેલ છે ત્યાં તેનું સંચાલન તે સીમા સુધી થવું જોઈએ જેથી દેશ અથવા દેશની આર્થિક સ્થિતિને કોઈ નુકશાન ન પહોંચે.

એક અન્ય પ્રશ્ન આ ઉઠાવવામાં આવે છે કે શું મુસલમાન પશ્ચિમી દેશોની લશ્કરી દળોમાં જોડાઈ શકે છે? જો તેમને આ અનુમતિ છે તો શું તે મુસ્લિમ દેશો વિરૂદ્ધ આક્રમણોમાં ભાગ લઈ શકે છે? ઈસ્લામનો મૂળભૂત સિદ્ધાંત એ છે કે કોઈ પણ વ્યકિતને અત્યાચારપૂર્ણ કાર્યોમાં સહાયતા ન કરવી જોઈએ. આ મૂળભૂત આદેશ મુસ્લિમોના મસ્તિસ્કમાં હંમેશા રહેવું જોઈએ. જો કોઈ મુસ્લિમ દેશ પર એટલા માટે આક્રમણ કરવામાં આવે છે કેમકે તેણે સ્વયં અનુચિત અને અન્યાયપૂર્ણ ઢંગથી આક્રમણ કરવામાં પહેલ કરી, તો આ સ્થિતિમાં પવિત્ર કુરઆનનો મુસ્લિમ સરકારોને આ આદેશ છે કે તેઓ અત્યાચારીને અત્યાચાર કરવાથી રોકે. તેનો અર્થ આ થયો કે તેઓ અત્યાચારનો અંત કરી શાંતિ સ્થાપનાનો પ્રયત્ન

કરે, આમ એવી પરિસ્થિતિઓમાં અત્યાચારનો અંત કરવા માટે લશ્કરી કાર્યવાહી કરવાની અનુમતિ અપાઈ છે પરંતુ જો તે દેશ જેણે મર્યાદાઓનું ઉલ્લંઘન કર્યુ અને સ્વયં સુધરી જાય છે તો એવી પરિસ્થિતિઓમાં બનાવટી કારણો ઊભા કરી તે દેશ કે ત્યાંની પ્રજાનો અનુચિત લાભ ન ઉઠાવવો જોઈએ બલ્કે તેમને સામાન્યતઃ સ્વતંત્રતા આપી દેવી જોઈએ. સારાંશ આ કે લશ્કરી કાર્યવાહીનો મુખ્ય ઉદ્દેશ શાંતિ સ્થાપના હોવો જોઈએ ન કે નિહિત સ્વાર્થોની સિદ્ધિ.

તેવી જ રીતે ઈસ્લામ, તમામ દેશોને ભલેને તે મુસ્લિમ હોય કે બિન મુસ્લિમ, અત્યાચાર અને નિર્દયતા રોકવાનો અધિકાર આપે છે. જો જરૂર પડે તો બિન મુસ્લિમ દેશ વૈધ ઉદ્દેશોની પૂર્તિ માટે મુસ્લિમ દેશો પર આક્રમણ કરી શકે છે. એવા બિન મુસ્લિમ દેશના મુસ્લિમ નાગરિક ત્યાંના લશ્કરમાં જોડાઈ અન્ય દેશને અત્યાચાર કરવાથી રોકી શકે છે. વાસ્તવમાં જ્યાં એવી પરિસ્થિતિઓ ઉપસ્થિત થાય તો મુસ્લિમ સૈનિકોએ ચાહે તે કોઈ પણ પશ્ચિમી દેશની સેના સાથે સંબંધ રાખતાં હોય, તેમનું કર્તવ્ય છે કે તેઓ શાંતિ સ્થાપના હેતુ આદેશોનું પાલન કરતાં યુદ્ધ કરે. પરંતુ જો કોઈ દેશની સેના અન્યાયપૂર્ણ ઢંગથી કોઈ અન્ય દેશ પર આક્રમણ કરવાનો નિર્ણય લે છે તો એક મુસ્લિમને આ વિકલ્પ પ્રાપ્ત છે કે તે સેનાને છોડી દે નહીતર તે અત્યાચારીનો સહાયક બની જશે. આ નિર્ણયનો આ અર્થ નથી કે તે પોતાના દેશ પ્રત્યે બેવફાઈ કરી રહ્યો છે.

વાસ્તવમાં એવી પરિસ્થિતિમાં દેશભકિતની ભાવના આ માંગ કરે છે કે તે એવો કદમ ઉઠાવે અને પોતાની સરકારને સલાહ

આપે કે તે અન્યાયપૂર્ણ ઢંગથી વ્યવહાર કરનાર દેશ અને સરકારોનું અનુસરણ કરીને સ્વયંને એટલો નિચો ન કરે. અને કદાચ તો પણ સેનામાં જોડાવવું ફરજીયાત છે અને છોડવાનો કોઈ વિકલ્પ નથી અને તેની અંતરઆત્મા સંતુષ્ટ નથી તો પછી મુસલમાને તે દેશ છોડી ચાલ્યો જાય, પરંતુ તેને દેશના કાનૂન વિરૂદ્ધ અવાજ ઉઠાવવાની અનુમતિ નથી. એવી સ્થિતિમાં એક મુસલમાને દેશ છોડી દેવું જોઈએ કેમકે તે દેશના નાગરિકના રૂપમાં રહેવાની અનુમતિ નથી અને સાથે જ તેને દેશ વિરૂદ્ધ કાર્ય કરવા અથવા શત્રુનો સમર્થન કરવાની પણ અનુમતિ નથી.

આમ, આ કેટલાક ઈસ્લામી શિક્ષણના દ્રષ્ટિકોણ છે જે દેશ પ્રત્યે પ્રેમ અને દેશભક્તિની વાસ્તવિક માંગોના સંબંધમાં મુસ્લિમોનું માર્ગદર્શન કરે છે. ઉપલબ્ધ સમયમાં હું ફકત સંક્ષિપ્ત રૂપથી જ તેનું વર્ણન કરી શકયો છું.

અંતમાં હું કહેવા માંગું છું કે આજે સમગ્ર વિશ્વ એક વૈશ્વિક ગ્રામ બની ચુકયો છે માનવજાત પરસ્પર સંકળાઈ ગઈ છે અને દરેક દેશમાં પ્રત્યેક જાતિ ધર્મ અને સભ્યતાના લોકો જોવા મળે છે. આ સ્થિતિ માંગ કરે છે કે પ્રત્યેક દેશના નેતાઓ તેમની ભાવનાઓ અને લાગણીઓને દ્રષ્ટિગત રાખે અને તેમનું આદર કરે. શાસકો અને તેમની સરકારોએ એવા કાનૂન બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ જે સત્યની ભાવના તથા ન્યાયના વાતાવરણને સ્થાપિત કરે. એવા કાનૂન ન બનાવે જે લોકોમાં હતાશા અને અશાંતિ ફેલાવાનું કારણ બને. અન્યાય અને અત્યાચાર સમાપ્ત કરી આપણે વાસ્તવિક ન્યાય માટે પ્રયાસ કરવો જોઈએ. તેનો શ્રેષ્ઠ ઉપાય એ છે કે વિશ્વે તેના

સર્જકને ઓળખવો જોઈએ પ્રત્યેક પ્રકારની વફાદારીનો સંબંધ અલ્લાહ સાથે વફાદારી હોવી જોઈએ જો આમ થશે તો આપણે આપણી આંખોથી જોઈ શકીશું કે તમામ દેશોના લોકોમાં એક સર્વોચ્ચ કક્ષા વાળી વફાદારી જન્મ લેશે અને સમગ્ર વિશ્વમાં નવા માર્ગો ખુલશે જે આપણને શાંતિ અને સલામતી તરફ લઈ જશે.

મારૂં ભાષણ સમાપ્ત કરતાં પહેલાં હું એક વાર ફરી મને આંમત્રિત કરનાર તથા મારી વાતો સાંભળવા બદલ આભાર વ્યકત કરૂ છું અલ્લાહ આપ સૌને પ્રસન્ન રાખે અને જર્મનીને પણ આર્શિવાદ આપે.

આપનો ખુબ ખુબ આભાર.



# એક પરમાણું યુદ્ધના ભયાનક પરિણામો તથા પૂર્ણ ન્યાયની તાતી જરૂરીયાત

---

વર્ષ ૨૦૧૨માં લંડન યૂ.કે.ખાતે યોજાયેલ
વાર્ષિક શાંતિ પરિસંવાદ






Ḥaḍrat Mirza Masroor Ahmad, Khalīfatul-Masīḥ V[aba] addressing the 9th Annual Peace Symposium




Mayor of London Boris Johnson presenting His Holiness with a London bus souvenir



Dame Mary Richardson DBE, UK President of SOS Children's Villages, accepting the 'Ahmadiyya Muslim Prize for the Advancement of Peace' from His Holiness






Ḥaḍrat Mirza Masroor Ahmad, Khalīfatul-Masīḥ V[aba]
talking to the overseas Pakistani press regarding world affairs



# પ્રસ્તાવના

૨૪ માર્ચ ૨૦૧૨ના રોજ માર્ડન સ્થિત યૂરોપની સૌથી વિશાળ મસ્જિદ “બૈતુલ ફુતુહ”માં વાર્ષિક શાંતિ પરિસંવાદ યોજાયો આ કાર્યક્રમ અહેમદિયા મુસ્લિમ જમાઅત યૂ.કે. દ્વારા યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં એક હઝારથી અધિક લોકો સામેલ થયા જેમાં સરકારના મંત્રીઓ, વિભિન્ન દેશોના રાજદૂતો, હાઉસ ઓફ લોર્ડસ અને હાઉસ ઓફ કોમન્સના સભ્યો, લંડનના મેયર અને અન્ય મહાનુભાવો તથા દરેક ક્ષેત્રના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ષના પરિસંવાદનો વિષય “વૈશ્વિક શાંતિ” હતો. શાંતિની પ્રગતિ માટે તૃતીય અહેમદિયા મુસ્લિમ પુરસ્કાર “Ahmadiyya Muslim Prize for Advancement of Peace” હઝરત મિરઝા મસરૂર અહેમદ સાહેબ ઈમામ જમાઅતે અહેમદિયાએ “SOS Children’s Village U.K.” વિભાગને જે હંમેશા વિશ્વના અનાથ અને નિરાશ્રય બાળકોના દુ:ખ ઓછા કરવા અને તેના તમામ બાળકો માટે એક પ્રેમપૂર્ણ ઘર પ્રાપ્ત થવાનો સ્વપ્ન પૂર્ણ થાય અને સહાનુભૂતિપૂર્ણ વાતાવરણ પૈદા કરવાની કદર કરતાં એનાયત કરવામાં આવ્યું.

ઉપસ્થિત રહેલાં મહાનુભાવો નિચે પ્રમાણે છે.

- Rt Hon Justine Greening – MP, Secretary of State for Transport
- Jane Ellison – MP (Battersea)
- Seema Malhotra - MP (Feltham and Heston)
- Tom Brake–MP (Carlshalton and Wallington)
- Virendra Sharma-MP (Ealing and Southall)
- Lord Tariq Ahmad - of Wimbledon
- HE Wesley Momo Johnson- the Ambessador of Liberia
- HE Abdullah Al Radhi- the Ambassador of Yemen
- HE Miguel Solano, Lopez- the Ambassador of Paraguay
- Commodor Martin Atherton- Naval Regional Commander
- Councillor Jane Cooper- the Worshipful Mayor of Wandsworth
- Councillor Milton McKenzie MBE- the Worshipful Mayor of Barking and Dagenham
- Councillor Amrit Mann- the Worshipful Mayor of Hounslow
- Siobhan Benita- independent Mayoral candidate for London
- Diplomats from several other countries including India, Canada, Indonesia And Guinea

# એક પરમાણું યુદ્ધના ભયાનક પરિણામો તથા પૂર્ણ ન્યાયની તાતી જરૂરીયાત

તશહુદ, તઅવ્વુઝ અને અલ્લાહના નામ સાથે અહેમદિયા જમાઅતના વર્તમાન અને પાંચમાં ખલીફાએ તમામ આદરણીય મહેમાનોને અસ્સલામો અલૈકુમનો ઉપહાર પ્રસ્તુત કરતાં ફરમાવ્યું :

આજે એક વર્ષ પછી મને મારા તમામ અતિથિઓ, સજ્જનોનું આ આયોજનમાં અભિનંદન કરવાનો અવસર મળ્યો છે. હું આપ સૌનો ખુબ જ આભારી છું કારણ કે આપ સૌએ આ આયોજનમાં સામેલ થવા માટે પોતાનો સમય આપ્યો છે.

નિ:સંદેહ શાંતિ પરિસંવાદ તરીકે ઓળખાતા આ કાર્યક્રમથી આપ સૌ સારી રીતે પરિચિત છો. જમાઅત એમદિયા દર વર્ષે આ કાર્યક્રમનું આયોજન કરે છે અને વૈશ્વિક શાંતિ સ્થાપના માટે અમારા પ્રયાસોમાંથી પણ આ એક પ્રયાસ છે.

આજના કાર્યક્રમમાં કેટલાક નવા મિત્રો પણ ઉપસ્થિત છે જે આ કાર્યક્રમમાં પહેલી વાર ભાગ લઈ રહ્યા છે જ્યારે કે અન્ય અમારા તે મિત્રો છે જે ઘણાં વર્ષોથી અમારા પ્રયાસોની કદર કરતા આવ્યા છે. નવા જુના મિત્રો એ વાત એક તરફ મુકીએ જ્યારે કે આપ સૌ શિક્ષિત લોકો છો અને વૈશ્વિક શાંતિની સ્થાપના હેતુ અમારી અભિલાષાના ભાગીદાર છે અને આ ઈચ્છાને લીધે જ આપ સૌ આ કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છો.

આપ સૌ આજે અહીયા આ હાર્દિક ઈચ્છા સાથે ઉપસ્થિત છો કે સમગ્ર વિશ્વમાં પ્રેમ,સહાનુભૂતિ, મિત્રતા અને મમતાથી પરિપૂર્ણ થઈ જાય અને વિશ્વની અધિકતર જનતા આ જ વિચારધારા અને આ જ મૂલ્યોની ઈચ્છુંક છે અને તેને આની જ જરૂર છે. માટે આપ સૌ જે વિભિન્ન વિભાગો, જાતિઓ, દેશો અને ધર્મો થી છો આજે મારી સમક્ષ બેઠા છો અને જેવું કે મેં કહ્યું કે અમે દર વર્ષે આ કોન્ફ્રેંસ આયોજિત કરીએ છીએ અને દરેક પ્રસંગે આપણે બધાં આ જ ભાવના અને આશા દર્શાવીએ છીએ જે એ છે કે વિશ્વમાં શાંતિ આપણી સામે જ સ્થાપિત થઈ જાય અને એટલા માટે જ હું તમોને પ્રતિવર્ષ આ નિવેદન કરૂં છું કે તમોને જ્યારે જ્યારે પણ અવસર મળે અને જેઓના સંપર્કમાં પણ છો તેઓને શાંતિ વિશેના વિચારો આગળ ધપાવવા સક્રિય રહો. આ ઉપરાંત રાજકીય પક્ષો અથવા સરકાર સાથે જોડાયેલા સૌએ પણ શાંતિના આ સંદેશને ફેલાવવો જોઈએ. પ્રત્યેકને આનાથી અવગત કરાવવાની જરૂર છે કે વૈશ્વિક શાંતિ સ્થાપના માટે પહેલાથી વધારે ઉચ્ચ સિદ્ધાંતો પર આધારિત નૈતિક મૂલ્યોની ખુબ જરૂરીયાત છે.

જ્યાં સુધી જમાઅતે અહેમદિયાનો સવાલ છે તો જ્યારે પણ એવો અવસર મળે છે અમે અમારી વિચારધાર ખુલ્લી રીતે જણાવીએ છીએ કે વિશ્વને આ વિનાશ અને બરબાદીથી જે તરફ તે અગ્રેસર છે બચાવવાનો હવે માત્ર એક જ માર્ગ છે અને તે એ છે કે આપણે બધાં પ્રેમ અને સહાનુભૂતિ અને એકતાની ભાવનાને પ્રસારિત કરીએ તથા સર્વાધિક જરૂરી એ છે કે વિશ્વ પોતાના સર્જનહારને ઓળખે કે એક જ પરમેશ્વર છે. આ એટલા માટે કે સર્જનહારની ઓળખ જ આપણાને તેની સૃષ્ટિથી પ્રેમ અને સહાનુભૂતિ તરફ લઈ જાય છે. આ ભાવના જ્યારે આપણા જીવનનો ભાગ બની જાય છે તો તે સમયે આપણે પરમેશ્વરથી પ્રેમ પ્રાપ્ત કરનાર બની જઈએ છીએ.

અમે વિશ્વને નિરંતર શાંતિ તરફ આંમત્રિત કરીએ છીએ અને અમે આ દુ:ખ દર્દ જે આપણા હૃદયોમાં મહેસૂસ કરીએ છીએ તે જ અમોને માનવતાના દુ:ખ દર્દ ઓછું કરવા અને વિશ્વ બચાવ માટે એક ઉત્તમ સ્થળ બનાવવાના પ્રયત્ન કરવા તરફ પ્રેરિત કરે છે. આમ અમારા આ ધ્યેયને સિદ્ધ કરવાના પ્રયત્નોના ભાગરૂપે જ આ કાર્યક્રમનું આયોજન કરાયું છે.

જેવું કે મેં પહેલાં પણ કહ્યું કે આપ સૌની આ જ શુભ કામનાઓ છે. તે સિવાય મેં રાજનેતાઓ તથા ધાર્મિક નેતાઓને વૈશ્વિક શાંતિના ઉદ્દેશથી આંમત્રિત કર્યા છે તો પણ આપણે જોઈએ છીએ કે આ પ્રકારના પ્રયાસો હોવા છતાં સમગ્ર વિશ્વમાં અશાંતિ ફેલાય રહી છે અને વધી રહી છે.

આજ કાલ વિશ્વમાં આપણે અત્યાધિક લડાઈ ઝઘડા, અશાંતિ અને અસંતોષ જોઈએ છીએ. અમુક દેશોમાં જનતાના

પ્રતિનિધિ પરસ્પર લડી રહ્યા છે અને એક બીજા પર પ્રહાર કરી રહ્યા છે. અમુક દેશોમાં જનતા સરકાર વિરૂદ્ધ લડી રહી છે અથવા એથી ઉલટ શાસક પોતાની પ્રજા પર જુલ્મ કરી રહી છે. ત્રાસવાદી જૂથો પોતાના વ્યકિતગત હિતોના કારણે અશાંતિ અને અસંતોષની જ્વાળાને અધિક હવા આપી રહી છે આ રીતે તે નિર્દોષ બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધોનું અંધાધૂની હત્યા કરી રહ્યા છે. અમુક દેશોમાં રાજકીય પક્ષો પોતાના હિતોની પૂર્તિ માટે પરસ્પર લડી રહ્યા છે. તે લોકોની ભલાઈ માટે એક મત થવાને બદલે આપણે જોઈએ છીએ કે અમુક સરકારો અને દેશ સતત બીજા દેશોના પ્રાકૃતિક સંસાધનો તરફ દ્વેષ અને લાલચભરી નજર કરી બેઠા છે વિશ્વની મોટી સત્તાઓ પણ પોતાની શ્રેષ્ઠતાને કાયમ રાખવા માટે પ્રયાસરત છે અને આ ધ્યેયની પ્રાપ્તિ માટે તેમણે કંઈ બાકી નથી રાખ્યું.

આ બધી વાતો ધ્યાનમાં રાખતાં આપણે જોઈએ છીએ કે ન અહેમદિયા સમુદાય અને ન તમારામાંથી અધિકતર જે જન પ્રતિનિધિ છે આ સત્તા કે અધિકાર રાખે છે કે સકારાત્મક પરિવર્તન લાવવા માટે એવી નીતિઓ બનાવે. તેનું કારણ એ છે કે આપણી પાસે કોઈ સત્તા કે વિભાગ નથી. વાસ્તવમાં હું તો અહી સુધી કહું છું કે તે રાજનેતા જેમની સાથે આપણી મિત્રતા છે અને જે આપણા આયોજનોમાં હંમેશા આપણી સાથે સહમત હોય છે તે પણ બોલી નથી શકતા અને જો તેઓ બોલે તો પણ તેમનો અવાજ દબાવી દેવાય છે અને તેમને પોતાની વિચારધારા રજુ કરવાથી રોકી દેવાય છે. આ અથવા એટલા માટે થાય છે કે તેમને પોતાની પાર્ટીની કૂટનીતિઓ અપનાવવા માટે વિવશ કરવામાં આવે છે અથવા અન્ય

વિશ્વ સત્તાઓ અથવા રાજકીય ગઠબંધનો દ્વારા દબાણના કારણે આવું થાય છે. જેઓનું વજન પણ ઓછું હોય છે.

તે છતાં અમે દર વર્ષે આ શાંતિ પરિસંવાદમાં ભાગ લઈએ છીએ અને નિ:સંદેહ આપણે પોતાની વિચારધારા અને ભાવનાઓ જાહેર કરીએ છીએ. તમામ ધર્મ, તમામ દેશ, તમામ કોંમો અને તમામ લોકો વચ્ચે પ્રેમ, સહાનુભૂતિ અને ભાઈચારો સ્થાપિત થવો જોઈએ. દુર્ભાગ્યવશ આપણે વાસ્તવમાં આ વિચારધારાને વ્યવહારિક રૂપ આપવામાં વિવશ છીએ. આ પરિણામની પ્રાપ્તિ માટે જેના આપણે અભિલાષી છીએ આપણી પાસે કોઈ સાધન કે અધિકાર નથી.

મને યાદ છે કે લગભગ બે વર્ષ પહેલાં આ હોલમાં અમારી શાંતિ પરિસંવાદમાં મેં વૈશ્વિક શાંતિ સ્થાપના માટે વિભિન્ન ઉપાયો અને સાધનો વિશે ભાષણ આપ્યું હતું અને મેં આ પણ દર્શાવ્યું હતું કે સંયુકત રાષ્ટ્ર સંઘ (U.N.O) એ કેવી રીતે કાર્યવાહી કરવી જોઈએ. ત્યાર બાદ અમારા ખુબ જ પ્રિય અને આદરણીય મિત્ર લાર્ડ એરિક એવબરી (Lord Eric Avebury) એ આ સમીક્ષા કરી કે આ ભાષણ વાસ્તવમાં સંયુકત રાષ્ટ્ર સંઘમાં થવું જોઈએ જો કે આ તો તેમના ઉચ્ચ સ્વભાવનું પ્રતિબિંબ હતું કે તેઓ પોતાની સમીક્ષામાં એટલા હમદર્દ અને ઉદાર હતા. ખૈર હું આ કહેવા માંગું છું કે ફકત પ્રવચન આપવાથી કે સાંભળવાથી કોઈ શાંતિની સ્થાપના ન થઈ જશે બલ્કે આ મૂળ ઉદ્દેશને પૂર્ણ કરવા માટે સંપૂર્ણ ન્યાય અને દરેક બાબતમાં ઈમાનદારીની ખુબ જરૂર છે. પવિત્ર કુરઆનના પ્રકરણ ૪ આયત ૧૩૬ માં આપણને એક સુવર્ણ સિદ્ધાંત અને

શિક્ષણ આપ્યું છે જે આપણને આ સંદર્ભે માર્ગદર્શન કરે છે તેમાં કહેવામાં આવ્યું છે કે ન્યાયની જરૂરીયાત પૂર્ણ કરવા માટે જો તમારા માતા પિતા,નજીકના સગા સંબંધીઓ કે મિત્રો વિરૂદ્ધ પણ સાક્ષી આપવી પડે તો તમારે અવશ્ય આપવી જોઈએ એ જ વાસ્તવિક ન્યાય છે. જ્યાં પ્રત્યેક વ્યકિતગત હિતોને જનહિત માટે એક તરફ મુકી દેવામાં આવ્યા છે.

જો આપણે સામૂહિક રીતે આ સિદ્ધાંત વિશે વિચાર કરીએ તો આપણને આ ખાતરી થશે કે અવૈધ હથકંડા જેનો આધાર ધન તથા પ્રભાવ અને પ્રતિષ્ઠા પર છે, તેનો ત્યાગ કરી દેવો જોઈએ. ખરેખર તો આ જન પ્રતિનિધિ અને રાજદૂતોએ શુદ્ધ નીયત, ન્યાય તથા સમાનતાના સિદ્ધાંતોના સમર્થનની ઈચ્છા સાથે સામે આવવું જોઈએ. આપણે પ્રત્યેક પ્રકારના પક્ષપાત કે ભેદભાવ સમાપ્ત કરી દેવા જોઈએ કેમકે આ જ તે માધ્યમ છે જે શાંતિ લાવે છે. જો આપણે સંયુકત રાષ્ટ્ર સંઘની જનરલ એસેમ્બલી અથવા વિશ્વ સુરક્ષા પરિષદ તરફ નજર કરીએ તો આપણને દેખાય છે કે ત્યાં જે પ્રવચનો અથવા બયાનો આપવામાં આવે છે તેમની ખુબ પ્રશંસા અને પ્રસિદ્ધિ થતી હોય છે પરંતુ એવી પ્રશંસા નિરર્થક છે કેમકે વાસ્તવિક નિર્ણય પહેલા જ કરી ચુકેલા હોય છે.

આથી જ્યાં નિર્ણયો મોટી સત્તાઓના દબાવમાં કરવામાં આવે જે સાચી અને ન્યાયસંગત પ્રજાતંત્રીય પ્રણાલી વિરૂદ્ધ હોય તો એવા પ્રવચનો ખોખલા અને નિરર્થક વિચારોને પ્રદર્શિત કરે છે તથા બાહ્ય સંસારને છેતરવા માટે કેવળ એક બહાનાનું કામ કરે છે આથી તેનો આ અર્થ નથી કે આપણે નિરાશ થઈ જઈએ અને પોતાના

તમામ પ્રયાસો ત્યાગી દઈએ બલ્કે આપણો ધ્યેય આ હોવો જોઈએ કે વિશેષ રીતે રાષ્ટ્રીય કાનૂનોની મર્યાદામાં રહેતાં સરકારને સતત સમયની જરૂરીયાત યાદ અપાવીએ અને તે પક્ષોને પણ ઉચિત રૂપમાં નસીહત કરવી જોઈએ જેના વ્યકિતગત હિત છે જેથી વૈશ્વિક સ્તરે ન્યાય કાયમ થઈ શકે. ફકત આ પ્રમાણે જ વિશ્વ શાંતિ અને એકતાનો ગઢ બની શકે છે જેની આપણે બધા ઈચ્છા રાખીએ છીએ.

માટે આપણે આપણા પ્રયાસો કદાપી ન ત્યાગીશું. જો આપણે અન્યાય અને અત્યાચાર વિરૂદ્ધ અવાજ ઉઠાવવાનું બંધ કરી દઈશું તો આપણે પણ તે લોકોમાં સામેલ ગણાશું જેમની પાસે કોઈ પણ નૈતિક મૂલ્ય અથવા માનક નથી. આ પ્રશ્ન વ્યર્થ છે કે ચાહે અમારો અવાજ સાંભળે કે તેમનો કોઈ પ્રભાવ પડે. શાંતિ માટે આપણે સતત બીજાને સલાહ આપતા રહેવું જોઈએ. હું ખુબ જ પ્રસન્ન થાઉ છું જ્યારે હું જોઉ છું કે ધર્મ અને જાતિના મતભેદો હોવા છતાં માનવ મૂલ્યોને જીવિત રાખવા માટે અસંખ્ય લોકો આ કાર્યક્રમને સાંભળવા, શીખવા અને વિશ્વમાં શાંતિ અને પ્રેમ સ્થાપવાના ઉપાયો વિશે પોતાના વિચારો જાહેર કરવા માટે આવે છે. આથી હું આપ સૌને નિવેદન કરૂં છું કે પોતાની ઉત્તમ યોગ્યતાઓ અનુસાર શાંતિ સ્થાપનાનો પ્રયાસ કરો જેથી અમો આશાઓના આ દીપકને પ્રકાશિત રાખી શકીએ કે એક સમય જરૂર આવશે કે જ્યારે વાસ્તવિક શાંતિ અને ન્યાય વિશ્વના તમામ દેશોમાં સ્થાપિત થઈ જશે.

આપણે આ યાદ રાખવું જોઈએ કે જ્યારે માનવ પ્રયાસ નિષ્ફળ થઈ જાય છે તો સર્વશકિતમાન અલ્લાહ માનવજાતિના

ભાગ્ય નિશ્ચિત કરવા માટે પોતાના નિર્ણયને જારી કરે છે. તે પહેલાં કે અલ્લાહનો નિર્ણય જારી થાય અને તે લોકોને તેના તરફ જવા તથા માનવજાતિના અધિકારો અદા કરવા પર વિવશ કરે આ ઉચિત રહેશે કે વિશ્વના લોકો સ્વયં આ મહત્ત્વપૂર્ણ મામલાઓ તરફ ધ્યાન આપે, કેમકે અલ્લાહને કાર્યવાહી કરવા પર વિવશ કરવામાં આવે છે ત્યારે તેનો ક્રોધ વાસ્તવમાં મનુષ્યને એક કઠોર અને ભયાનક ઢંગથી પકડે છે.

વર્તમાન જગતમાં અલ્લાહનો નિર્ણય એક ભયાનક ત્રીજા વિશ્વ યુદ્ધના રૂપમાં હોઈ શકે છે. તેમાં જરાય સંદેહ નથી એવા યુદ્ધનો પ્રભાવ તથા તેના દ્વારા વિનાશ ફકત તે યુદ્ધ સુધી અથવા ફકત વર્તમાન પેઢી સુધી જ મર્યાદિત ન રહેશે બલ્કે તેના ભયાનક પરિણામો આવનાર અનેક પેઢીઓ સુધી ભોગવવાની રહેશે. એવા યુદ્ધના ભયાનક પરિણામમાંથી એક આ પણ છે કે તેનો અસર નવજાત શિશુઓ પર તથા ભવિષ્યમાં જન્મ લેનાર બાળકો પર પણ પડશે. આધુનિક શસ્ત્રો એટલા વિનાશકારી છે કે ભવિષ્યમાં જન્મ લેનાર કેટલીય પેઢીઓ પર તેના ભયાનક આનુવાંશિક અને શારીરિક પ્રભાવ પડશે.

જાપાન એક એવો દેશ છે જેણે અણુયુદ્ધના અત્યંત ભયાનક પરિણામ જોયા છે. દ્વિતીય વિશ્વ યુદ્ધ દરમ્યાન તેના પર પરમાણું બોમ્બ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આજે જો તમે જાપાન જાઓ અને ત્યાંના લોકોથી મળો તો આપ તે યુદ્ધનો એક પૂર્ણ ભય અને તેની ધૃણા તેમની આખોમાં જોશો અને જે કઈ તેઓ કહે છે તેનાથી પણ જાહેર થાય છે. તે સમયે જે અણુ બોમ્બ જાપાન ઉપર

ફેંકવામાં આવ્યો હતો તથા જેના દ્વારા ખુબ વિનાશ થયો હતો તે આજના પરમાણુ શસ્ત્રોની અપેક્ષાએ જે આજે નાના નાના દેશો પાસે પણ છે, ખુબ ઓછી શકિત વાળા હતા.

કહેવામાં આવે છે કે જાપાનમાં જ્યારે સાત દશક ગુજરી ચુકયા છે પરંતુ અણુબોમ્બનો અસર નવજાત શિશુઓ પર હજુ પણ છે. જો કોઈ વ્યકિતને ગોળી વાગી હોય તો તબીબી સારવાર દ્વારા તેનો બચવું સંભવ છે પરંતુ જો અણુયુદ્ધ ફાટી નીકળે તો જે પણ તેની લપેટમાં આવે તેનો એવું ભાગ્ય ન હશે. આપણે જોઈશું કે લોકો અચાનક મૃત્યું પામશે અને મૂર્તિઓની જેમ થઈ જશે તથા તેમની ચામડી પણ ઓગળી જશે, પીવાનું પાણી, ભોજન અને શાકભાજી પ્રદૂષિત થઈ જશે અને વિકિરણથી પ્રભાવિત હશે. આપણે તો ફકત આ વાતની કલ્પના જ કરી શકીએ છીએ કે આવા પ્રદૂષણ કેવા પ્રકારના રોગો ફેલાવી શકે. તે સ્થળ જ્યાં સીધા આક્રમણ ન થાય અને જ્યાં આ વિકિરણના પ્રભાવ થોડી મંદ હશે ત્યાં પણ રોગોનો ખતરો ખુબ અધિક હશે અને ભાવી પેઢીને તેની અસરથી પસાર થવું પડશે.

આથી જેવું કે મેં કહ્યું કે એવા યુદ્ધના વિનાશકારી અને ભયાનક પ્રભાવ કેવળ યુદ્ધ અથવા તેના પછી સુધી જ મર્યાદિત ન રહેશે બલ્કે ભવિષ્યની અનેક પેઢીઓ સુધી તેનો માર સહન કરવો પડશે. અણુયુદ્ધના આ પરિણામો છે. તે છતાં આજે સ્વાર્થી અને મૂર્ખ લોકો વિધમાન છે જેઓને આ આવિષ્કારો પર ખુબ ગૌરવ છે અને તેમણે વિશ્વ વિનાશ માટે જે કઈ વસાવ્યું છે તેને તેઓ ઉપહારના રૂપમાં વર્ણન કરે છે. વાસ્તવિકતા એ છે કે રાસાયણિક શકિત અને

ટેકનોલોજીનું નામ માત્ર લાભ પ્રદ પક્ષ પણ અસાવધાની અથવા દુર્ઘટનાઓના કારણે ખુબ ભયાનક થઈ શકે છે તથા મહાવિનાશ તરફ લઈ જઈ શકે છે. આપણે ઈ.સ. ૧૯૮૬માં ચેરનોબિલ અર્થાત યૂક્રેનમાં એક ઘટના થઈ તે અકસ્માત જોઈ ચુકયા છીએ અને ગત વર્ષે જાપાનમાં ભૂકંપ અને સુનામી પછી ઘટના થઈ તે પણ ખુબ ભયાનક હતી તેણે સમગ્ર દેશને ભયભીત કરી દીધા. જ્યારે આવી ઘટનાઓ જાહેર થાય છે તો પછી ઘટનાગ્રસ્ત ક્ષેત્રોનું પુન:નિર્માણ તથા પુર્નવાસ પણ ખુબ મુશ્કેલ કાર્ય હોય છે. આ અસાધારણ અને ભયાનક અનુભવોથી જાપાનીઓ ઘણા જ સાવધ થઈ ગયા છે અને નિ: સંદેહ તેમના ભયનો અહેસાસ પણ સમજી શકાય છે.

આ એક સ્પષ્ટ વાત છે કે લોકો યુદ્ધમાં મૃત્યું પામે છે અને જાપાન પણ દ્વિતીય વિશ્વ યુદ્ધમાં સામેલ થયો તો તેની સરકાર અને તેના લોકો આ વાતથી ખુબ સારી રીતે પરિચિત હતા કે અનેક લોકો મૃત્યું પામશે. કહેવામાં આવે છે કે જાપાનમાં લગભગ ૩૦ લાખ લોકો મૃત્યુ પામ્યા. આ દેશની કુલ જનસંખ્યાનો ૪ ટકા જેટલો બને છે. મૃત્યું માપવાની કુલ સંખ્યામાં અન્ય દેશોમાં પણ મોટી સંખ્યામાં લોકો મૃત્યું પામ્યા પણ યુદ્ધ બાબતે જે નફરત અને ધૃણા જાપાની લોકોમાં જે જોવા મળે છે તે અન્યની અપેક્ષાએ ખુબ વધારે છે કારણે કે તે બે પરમાણુ બોમ્બ છે જે દ્વિતીય વિશ્વ યુદ્ધ દરમ્યાન જાપાન પર ફેંકવામાં આવ્યા હતા તેના પરિણામો તેઓ આજે પણ જુએ છે અને અત્યાર સુધી પણ તેઓ આ પરિણામોને સહન કરી રહ્યા છે. જાપાને ખુબ જ જલ્દી પોતાના શહેરોની પુર્નસ્થાપના કરી પોતાની શ્રેષ્ઠતા અને શોખથી ઉભરવાની ભાવના અને શકિત સિદ્ધ કરી

દીધી છે પરંતુ આ સ્પષ્ટ રહે કે જો આજે પુનઃ પરમાણુ શસ્ત્ર પ્રયોગ થાય તો સંભવ છે કે કેટલાક વિશેષ દેશોના ભાગ પૂર્ણ રૂપથી વિશ્વના નકશાથી સમાપ્ત થઈ જશે અને તેમનું અસ્તિત્વ પણ બાકી ન રહેશે.

દ્વિતીય વિશ્વ યુદ્ધમાં મૃત્યુ પામનારની સંખ્યા એક અનુમાન અનુસાર લગભગ ૬૨ મિલિયન છે અને આ દર્શાવવામાં આવે કે મૃત્યુ પામનારમાં ૪૦ મિલિયન લોકો સામાન્ય નાગરિક હતા. આ પ્રમાણે સૈનિક કરતાં સામાન્ય નાગરિક બમણી હતી. આ વિનાશ આ વાસ્તવિકતા છતાં થયો કે જાપાન સિવાય આ યુદ્ધ અન્ય દેશોમાં પારંપરિક શસ્ત્રો સાથે થયો હતો.

યૂ.કે.ને આશરે લગભગ પાંચ લાખ લોકોની હાનિ કબૂલ કરવી પડી. જો કે તે સમયે ઉપનિવેશવાદી સત્તા હતી અને તેના ઉપનિવેશોએ પણ તેના સમર્થનમાં યુદ્ધ કર્યુ. જો આપણે આ સંખ્યા પણ ઉમેરીયે તો મૃત્યુની સંખ્યા લાખોમાં પહોંચે તેમ છે. તે સમયે અખંડ ભારતમાં પણ ૧૬ લાખ લોકોનું મૃત્યું થયું હતું

આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે અને તે દેશ જે બ્રિટેનના નવા ઉપનિવેશ હતા જે બ્રિટેન સામ્રાજ્ય માટે લડયા. આથી જો આજે યુદ્ધ થાય છે તો તે બર્તાનિયા વિરૂદ્ધ પણ લડી શકે છે અને પછી જેવું કે મેં પહેલાં વર્ણન કર્યુ છે કે કેટલાક નાના દેશોએ પણ પરમાણુ શસ્ત્રો પ્રાપ્ત કરી લીધા છે જે વાત ખુબ ભયનું કારણ છે આ તે માહિતી છે કે આ પ્રકારના પરમાણુ હથિયારો એવા લોકોના હાથોમાં આવી શકે છે જેમની પાસે અથવા તો યોગ્યતા નથી અથવા પોતાના કાર્યોના પરિણામો વિશે કલ્પના જ નથી કરી શકતા.

વાસ્તવમાં એવા લોકો પરિણામ વિશે વિચાર કરવાની ચિંતા જ નથી કરતાં અથવા તો નાની નાની બાબતોમાં બંદૂકો જ ઉઠાવી લે છે.

આથી જો મોટી સત્તાઓ ન્યાયથી કામ ન લેશે અને નાના દેશોની નિરાશા દૂર ન કરશે અને ઉચિત તથા નીતિ પ્રમાણે કાર્યવાહીઓ ન કરે તો પરિસ્થિતિ આપણા અધિકારથી બહાર થઈ જશે તે પછી જે વિનાશ આવશે તે આપણી કલ્પનાથી પણ દૂર હશે, અને તે પણ એટલી હદ સુધી કે જે દેશો શાંતિ ઈચ્છે છે તેઓ પણ આ વિનાશની લપેટમાં આવી જશે.

આથી મારી હાર્દિક અભિલાષા અને આશા છે કે વિશ્વના તમામ મોટા દેશોના નેતાઓ આ ભયાનક વાસ્તવિકતાને સમજે અને આક્રમણ નીતિઓ તથા બળનો પ્રયોગ કરવાને બદલે એવી નીતિઓ બનાવે જે ન્યાયને પ્રોત્સાહન આપે અને તેમની રક્ષા કરનાર હોય.

તાજેતરમાં જ રશિયાના એક વરિષ્ઠ સૈનિક કમાંડરે સંભવિત પરમાણું યુદ્ધ અંગે અતિગંભીર ચેતવણી ઉચ્ચારી હતી. તેઓનું કહેવું હતું કે એવો યુદ્ધ એશિયા કે અન્ય કોઈ સ્થળે નહી થાય બલ્કે યૂરોપની સરહદ પર થશે અને તેની ચિંગારી પૂર્વી યૂરોપ દેશોમાંથી દાગવામાં આવશે. આ અંગે કેટલાક લોકો તેમ પણ કહે છે કે આ તો તેમનું અંગત મંતવ્ય છે પરંતુ હું પોતે તેમના આ મંતવ્યને અસંભવ નથી માનતો બલ્કે તેમાં મારે ઉમેરવું છે કે જો આ યુદ્ધ ફાટી નીકળે તો આ વાતની ખુબ સંભાવના છે કે એશિયાઈ દેશો પણ તેમાં જોડાઈ જશે.

એક અન્ય સુચના, તાજેતરમાં જ ઈઝરાયેલની જાસુસી સંસ્થા મોશાદના નિવૃત વડાએ આપેલા મંતવ્યોને મીડિયામાં ખુબ જ કવરેજ મળ્યું છે. તેમણે અમેરિકાની પ્રસિદ્ધ ટેલિવિઝન ચેનલ સી.બી.એસ. ને આપેલ મુલાકાતમાં કહ્યું કે હવે દેખાઈ રહ્યું છે કે ઈઝરાયેલની સરકાર ઈરાન સાથે યુદ્ધ ઠોકી બેસાડવા માંગે છે. તેમણે જણાવ્યું કે જો આવો હુમલો થશે તો આ જાણવું અસંભવ થઈ જશે કે એવું યુદ્ધ કયાં અને કયારે અંત પામશે. તેમણે આ યુદ્ધની વિરૂદ્ધ ખુબ શકિતશાળી ઢંગથી નસીહત કરી.

આ દ્રષ્ટિથી મારા વિચારમાં એવો યુદ્ધ પરમાણું વિનાશથી જ સમાપ્ત થશે.

થોડા દિવસો પહેલાં જ મારી નજરથી એક લેખ ગુજર્યો છે જેમાં લેખકે આ વર્ણન કર્યુ છે કે આજે વિશ્વની આર્થિક અને રાજકીય દ્રષ્ટિથી ઈ.સ. ૧૯૩૨ જેવી જ સ્થિતિ છે. તેણે લખ્યું છે કે કેટલાક વિશેષ દેશોમાં જનતાને રાજકારણીઓ તથા કહેવાતી લોકાશાહીમાં કોઈ વિશ્વાસ નથી રહ્યો. તેણે તેમ પણ કહ્યું કે ઘણી બધી સમાનતાઓ છે જે મળીને આજે પણ તે જ ચિત્ર દર્શાવે છે જે દ્વિતીય વિશ્વ યુદ્ધ પૂર્વેની હતી.

કેટલાક લોકો આ વિશ્લેષણથી સહમત નહી થાય, પરંતુ હું આ વિશ્લેષણથી સહમત છું અને તેનું કારણ એ છે કે મારો આ વિશ્વાસ છે કે વિશ્વની સરકારોએ વર્તમાન પરિસ્થિતિઓ અંગે અત્યંત ચિંતિત હોવું જોઈએ. તેવી જ રીતે કેટલાક મુસ્લિમ દેશોના અન્યાયી શાસકો કે જેમનો એક માત્ર હેતુ કે કોઈ પણ ભોગે પોતાની સત્તાને કાયમ રાખવી છે, તેઓ પણ આ વાસ્તવિકતાને

સમજે નહીતર તેમના કાર્યો અને તેમની મૂર્ખાઈ તેમના પતનનું કારણ બનશે તથા તેઓ સ્વયં પોતાના દેશોને પણ ભયંકર આપત્તિઓમાં મુકી દેશે.

અમો જે અહેમદિયા સમુદાયના સભ્યો છીએ વિશ્વ અને માનવતાને વિનાશથી બચાવવા માટે અમારાથી બની શકે તેટલા પ્રયત્નો કરીએ છીએ આ એટલા માટે કે અમોએ વર્તમાન યુગના ઈમામને સ્વીકાર કર્યા જેમને અલ્લાહે મસીહ મૌઉદ બનાવી મોકલ્યા છે અને હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના સેવક, દાસ તરીકે માનવજાત પર ઉપકાર કરવા માટે મોકલ્યા હતા.

કારણ કે અમે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમના આદેશોનું પાલન કરીએ છીએ, માટે અમે વિશ્વની સ્થિતિ પર પોતાના હૃદયોમાં અત્યંત દુ:ખ અનુભવીએ છીએ. આ તે દુ:ખ છે જે અમોને માનવજાતિને વિનાશ અને સંકટથી સુરક્ષિત રાખવા બાબતે પ્રયાસ કરવા તરફ અગ્રેસર કરે છે. આથી હું અને અન્ય તમામ અહેમદી મુસલમાન વૈશ્વિક શાંતિના ઉદ્દેશને પ્રાપ્ત કરવા માટે પોતાની ફરજો પુરી કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

એક ઉપાય જેના દ્વારા મેં વૈશ્વિક શાંતિને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન કર્યો છે તે પત્રોનો સિલસિલો છે જે મેં વિશ્વના કેટલાક શાસકો અને રાજકીય નેતાઓને લખ્યા છે. થોડા મહીના પહેલાં પોપ બેનીડિકટને એક પત્ર મોકલ્યો તે પત્ર મારા એક અહેમદી પ્રતિનિધિએ સ્વયં તેમના સુધી પહોંચાડયો. તે પત્રમાં મેં તેમને લખ્યું કે કેમકે તેઓ વિશ્વની સૌથી મોટી ધાર્મિક સંસ્થાના

વડા છે માટે તેમણે વૈશ્વિક શાંતિ સ્થાપના માટે અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ.

તેવી જ રીતે અત્રે ઈરાન અને ઈઝરાયેલની આપસી શત્રુતાઓને જોતા જે એક ખુબ જ ભયાનક સ્તર પર ભડકી રહી છે. મેં ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નિતિનયાહૂ અને ઈરાનના રાષ્ટ્રપતિ મહમૂદ અહમદીનિજાદ ને એક પત્ર મોકલ્યો જેમાં મેં તેમને માનવજાતિનું ધ્યાન રાખવા અને નિર્ણય કરતાં સમયે ઉતાવળ અને અસાવધાની ત્યાગવાનો આગ્રહ કર્યો.

મેં તેવા જ સમયમાં અમેરીકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામા તથા કેનેડાના વડાપ્રધાન સ્ટીફન હાર્પરને પત્રો મોકલ્યા. જેમાં બંનેને વૈશ્વિક શાંતિ અને એકતા સ્થાપવા માટે પોતાની ભૂમિકા નિભાવવા અને પોતાની જવાબદારી પુરી કરવાનો આગ્રહ કર્યો.

આ ઉપરાંત અન્ય દેશોના શાસકોને પણ ભવિષ્યમાં પત્રો લખવાનો મારો વિચાર છે.

હું નથી જાણતો કે મેં જે શાસકોને પત્રો લખ્યા છે તેઓ મારા પત્રોને કોઈ મહત્વ આપશે કે નહી. તેમની પ્રતિક્રિયા જે પણ હોય, મેં વિશ્વભરમાં રહેતા લાખ્ખો અહેમદીઓના આધ્યાત્મિક વડા તરીકે વિશ્વની ભયાનક તથા નાજુક સ્થિતિ અંગે તેમની ભાવનાઓ અને લાગણીઓ તેમની સમક્ષ રજુ કરવાનો એક પ્રયાસ કર્યો છે.

આ તબકકે સ્પષ્ટ રીતે જણાવવાનું કે મેં આ ભાવનાઓ કોઈ વ્યકિતગત ભયના કારણે નથી દર્શાવી બલ્કે માનવજાતિ પ્રત્યે પ્રેમના લીધે જ દર્શાવી છે.

હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ જેવું કે હું પહેલાં પણ વર્ણન કરી ચુકયો છું કે તેઓને તમામ માનવજાતિમાં કરૂણા અને દયા ફેલાવવા માટે મોકલ્યા છે. આપ સ.અવ.ની તાલીમના કારણે તમામ સાચા મુસ્લિમોના દિલોમાં માનવજાતિ પ્રત્યે પ્રેમને અંકિત કરી દીધો છે અને તેને ઉન્નતિ આપી છે.

સંભવ છે કે તમોને આ સાંભળી આશ્ચર્ય થશે કે અમારો માનવજાતિ પ્રત્યેનો આ પ્રેમ હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમના ઉપદેશોમાંથી આવ્યો છે. આથી આ પ્રશ્ન પણ ઉત્પન થઈ શકે છે કે તો પછી અહીયા એવા ત્રાસવાદી જૂથો કેમ મોજૂદ છે જેઓ નિર્દોષ લોકોની હત્યા કરે છે ? અથવા તો પછી એવી મુસ્લિમ સરકારો મોજૂદ છે જેઓ પોતાના શાસનની સત્તા ટકાવી રાખવા માટે પોતાની જ પ્રજાની હત્યા કરવાનો આદેશ આપે છે ?

તો આ તબકકે સ્પષ્ટ કરી દઉં કે વાસ્તવમાં આવા દુષ્ટ કૃત્યો ઈસ્લામના મૂળભૂત સિદ્ધાંતોથી બિલ્કુલ અલગ છે. પવિત્ર કુરઆન કોઈ પણ સંજોગોમાં કટ્ટરવાદ કે ત્રાસવાદની પરવાનગી આપતું નથી.

અમારી માન્યતા અનુસાર આ યુગમાં અલ્લાહે અહેમદિયા મુસ્લિમ જમાઅતના પ્રવર્તક હઝરત મિરઝા ગુલામ અહેમદ કાદિયાની અલૈહિસ્સલામને હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમની ગુલામીમાં મસીહ મૌઉદ અને ઈમામ મહદી બનાવી મોકલ્યા છે. તેઓને કુરઆન શરીફના વાસ્તવિક શિક્ષણને લોકોમાં પ્રસારવા માટે મોકલવામાં આવ્યા હતા. તેઓને મનુષ્ય

અને અલ્લાહ વચ્ચેના સંબંધ સ્થાપિત કરવા માટે મોકલ્યા હતા. તેઓને એટલા માટે મોકલ્યા હતા કે મનુષ્ય એક બીજાના પ્રત્યે પોતાના કર્તવ્યો સમજે. તમામ પ્રકારના ધાર્મિક યુદ્ધોનો અંત લાવવા માટે આપને મોકલ્યા હતા. તેઓને ઉચ્ચ નૈતિક મૂલ્યોની પ્રાપ્તિ તરફ દુનિયાનું ધ્યાન દોરવા અને સમગ્ર વિશ્વમાં શાંતિ, પ્રેમ, સહાનુભૂતિ તથા ભાઈચારો કાયમ કરવા માટે મોકલવામાં આવ્યા હતા.

જો તમે વિશ્વના કોઈ પણ ભાગમાં જશો તો આપ જોશો કે આ તમામ સદગુણો દરેક સાચા અહેમદી લોકોમાં મોજૂદ છે. અમારા માટે ત્રાસવાદીઓ કે કટ્ટરવાદીઓ ઉદાહરણરૂપ નથી અને ન અત્યાચારી મુસ્લિમ શાસકો અને પશ્ચિમી સત્તાઓ પણ ઉદાહરણરૂપ નથી. અમે તે આદર્શનું અનુસરણ કરીએ છીએ જે ઈસ્લામ ધર્મના પ્રવર્તક હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમનો આદર્શ છે અને અમારા માટે માર્ગદર્શક સિદ્ધાંત પવિત્ર કુરઆનમાં છે.

આથી હું આ શાંતિ પરિસંવાદ દ્વારા સમગ્ર વિશ્વને આ સંદેશ પાઠવું છું કે ઈસ્લામનો સાચો ઉપદેશ તો પ્રેમ,સહાનુભૂતિ, અમન તથા શાંતિ પર આધારિત છે.

દુર્ભાગ્યથી આપણે જોઈએ છીએ કે મુસ્લિમોનો એક અલ્પસંખ્યક વર્ગ ઈસ્લામની એક તદ્દન વિકૃત છબી રજુ કરે છે અને ગેરમાર્ગે દોરતાં મંતવ્યોને અનુસરે છે. હું આપ સૌને કહું છું કે તેને સાચો ઈસ્લામ ન સમજશો અને તે અન્યાય પૂર્ણ કાર્યોને શાંતિ ઈચ્છતા બહુમતી મુસ્લિમોની ભાવનાઓને ઠેસ પહોંચાડવા અને

તેમને અત્યાચારનો લક્ષ્ય બનાવવા માટે લાઈસેન્સના રૂપમાં પ્રયોગ ન કરશો.

પવિત્ર કુરઆન દરેક મુસ્લિમનું સૌથી અધિક પવિત્ર ગ્રંથ છે, જેથી તેના વિશે અયોગ્ય શબ્દો ઉચ્ચારવા કે તેને સળગાવથી મુસલમાનોની ભાવનાઓને જરૂર આઘાત લાગશે અને આપણે જોઈએ છીએ કે જ્યારે પણ એવી ઘટના બને છે ત્યારે કટ્ટરપંથી મુસલમાનોને તદ્દન ખોટી અને અનુચિત પ્રતિક્રિયા તરફ લઈ જાય છે.

તાજેતરમાં જ આપણે અફઘાનિસ્તાનમાં બનેલી બે ઘટનાઓ વિશે સાંભળ્યું જ્યાં અમેરીકાના સૈનિકોએ પવિત્ર કુરઆનનું અપમાન કર્યુ અને નિર્દોષ મહિલાઓ તથા બાળકોને તેમના જ ઘરમાં મારી નાખ્યા પછી એક અત્યાચારી વ્યકિતએ દક્ષિણ ફ્રાન્સમાં કેટલાક ફ્રાન્સીસ સિપાહીઓને વગર કારણે ગોળીઓથી મારી નાખ્યા અને પછી થોડા જ દિવસો બાદ તેમણે એક શાળામાં પ્રવેશ કરી ત્રણ નિર્દોષ યહૂદી બાળકો અને તેમના એક શિક્ષકની હત્યા કરી નાખી.

આ પ્રકારની વર્તણુંક તદ્દન ખોટી છે જે કદાપી શાંતિ ન લાવી શકે. આપણે જોઈએ છીએ કે એવા અત્યાચાર પાકિસ્તાનમાં વારંવાર થતાં રહે છે અને અન્ય સ્થળે પણ જોવા મળે છે. આ રીતે આ તમામ પ્રકારની ગતિવિધિઓ ઈસ્લામના વિરોધીઓ ઈસ્લામ પ્રત્યે ધિક્કારની લાગણી ખુલ્લે આમ પ્રસારવા પ્રેરે છે અને તે બહાને પોતાના હેતુઓને ઉચ્ચ ધોરણોની પ્રાપ્તિ માટે આગળ ધપાવે છે. એક નાના પાયે આવી અત્યાચારી કાર્યવાહીઓ કોઈ વ્યકિતગત

શત્રુતા કે દ્વેષના કારણે આચરવામાં નથી આવતી બલ્કે વાસ્તવમાં આ તે અન્યાયપૂર્ણ નીતિઓનું પરિણામ છે જેમને કેટલીક વિશેષ સરકારો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિઓને લીધે બને છે.

આથી વૈશ્વિક શાંતિ સ્થાપવા માટે આ જરૂરી છે કે ન્યાયના ઉચ્ચ ધોરણો વિશ્વના પ્રત્યેક તબકકે અને પ્રત્યેક દેશમાં સ્થાપિત કરવા જોઈએ. પવિત્ર કુરઆનમાં કહેવામાં આવ્યું છે કે કોઈ નિર્દોષ ની હત્યા કરવી તે સમગ્ર માનવજાતની હત્યા કરવા બરાબર છે.

આથી એક મુસ્લિમ તરીકે હું ફરીથી સ્પષ્ટ રીતે જણાવું છું કે ઈસ્લામે અત્યાચાર અને જુલ્મને કોઈ પણ રીતે યોગ્ય ગણાવ્યો નથી. આ એક સ્પષ્ટ આદેશ છે જેમાં કોઈ પણ ભેદભાવ નથી. પવિત્ર કુરઆન તો કહે છે કે જો કોઈ દેશ કે જાતિ તમારી સાથે શત્રુતા પણ દેખાડતી હોય તો પણ તેમની સાથે વ્યવહાર કરતાં સમયે શત્રુતા તમને ન્યાય કરવાથી કદાપિ ન રોકે. એવું ન થવું જોઈએ કે શત્રુતાઓ અને દ્વેષ તમને વેરવાળવા અથવા અનુચિત કાર્યવાહી કરવા તરફ દોરે. એક બીજો મહત્વપૂર્ણ આદેશ જે આપણને પવિત્ર કુરઆને આપ્યો છે કે અન્યોના ધન અને સંસાધનો ને ઈર્ષ્યા તથા દ્વેષ અને લાલચભરી દ્રષ્ટિથી ન જોવું જોઈએ.

મેં માત્ર થોડાક મુદ્દાઓનું વર્ણન કર્યુ છે પરંતુ આ એવી વાતો છે જે ખુબ જ મહત્વની છે કેમકે આ જ વાતો સમાજ અને પછી સમગ્ર વિશ્વમાં શાંતિ અને ન્યાયની સ્થાપના માટે પાયારૂપ છે. હું દુઆ કરૂ છું કે વિશ્વ આ મુદ્દાઓ તરફ ધ્યાન આપે જેથી આપણે વિશ્વ વિનાશથી બચી શકીએ જે તરફ અત્યાચારી અને બેઈમાન લોકો લઈ જાય છે.

હું ક્ષમા ચાહું છું કે મેં તમારો ઘણો સમય લીધો પરંતુ વાસ્તવિકતા એ છે કે વિશ્વમાં શાંતિ સ્થાપનાનો વિષય ખુબ જ મહત્વનો વિષય છે.

સમય હાથથી નિકળતો જઈ રહ્યો છે અને તે પહેલાં કે ઘણું મોડું થાય આપણે બધાએ સમયની જરૂરીયાત તરફ ધ્યાન આપવું જોઈએ.

હું મારૂ ભાષણ પૂર્ણ કરું તે પહેલાં એક મહત્વની વાત કહેવા માંગું છું જેવું કે આપણે બધા જાણીએ છીએ કે આજકાલ આદરણીય મહારાણી એલિઝાબેથ દ્વિતીયની હીરક જયંતિ ઉજવાઈ રહી છે, જો આપણે આ સમયને ૧૧૫ વર્ષ પૂર્વ ઈ.સ. ૧૮૯૭ સુધી પાછું લઈ જઈએ તો તે સમયે પણ મહારાણી વિકટોરીયાની હીરક જયંતિ ઉજવાઈ રહી હતી. તે સમયે જમાઅત અહેમદિયાના પ્રવર્તકે મહારાણી વિકટોરીયાને અભિનંદન સંદેશ પાઠવ્યો હતો.

આપ અ.સ.એ તે સંદેશને ઈસ્લામી શિક્ષણનો પૈગામ પહોંચાડતાં બ્રિટેનની સરકાર માટે દુઆ અને મહારણીની દીર્ઘાયુ માટે કામના કરી હતી. તે સંદેશમાં આપ અ.સ.એ લખ્યું કે મહારાણીની સરકારની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમની સરકારમાં દરેક લોકોને ધાર્મિક સ્વતંત્રતા આપી છે.

આજના જગતમાં બ્રિટેનની સરકાર ભારતીય ઉપખંડ પર શાસન ધરાવતું નથી પરંતુ હજીયે ધાર્મિક સ્વતંત્રતાના સિદ્ધાંત બ્રિટેનના સમાજ તરફ તેમના કાનૂનોમાં ઉંડાણ સાથે સંલગ્ન છે. જેના દ્વારા પ્રત્યેક વ્યકિતને ધાર્મિક સ્વતંત્રતા આપવામાં આવી છે. નિ:સંદેહ આ સ્વતંત્રતાનો સૌથી સુંદર ઉદાહરણ અહીયા આજે

રાત્રે દેખાય જ છે. જ્યાં વિભિન્ન આસ્થાઓ, ધર્મો અને વિચારોના લોકો એક સામૂહિક ઉદ્દશ અર્થાત વૈશ્વિક શાંતિ સ્થાપિત કરવા માટે એક સ્થાને એકત્ર થયા છે. આથી તે જ શબ્દો અને તે જ દુઆઓ જે હઝરત મસીહ મૌઉદ અ.સ.એ કરી હતી તેનો જ પ્રયોગ કરતાં હું આ પ્રસંગે મહારાણી એલિઝાબેથને હાર્દિક અભિનંદન પાઠવું છું જેવું કે આપ અ.સ. એ ફરમાવ્યું કે

અલ્લાહ કરે કે અમારો હાર્દિક અભિનંદન અને આનંદની ભાવનાઓ અમારા હમદર્દ મહારાણીને પહોંચે અને આદરણીય મહારાણી હંમેશા પ્રસન્ન અને સંતુષ્ટ રહે.

હઝરત મસીહ મૌઉદ અ.સ.એ મહારાણી વિકટોરીયા માટે દુઆઓ કરી તે જ શબ્દો હું મહારાણી માટે દુઆ શબ્દોનો પ્રયોગ કરૂ છું.

હે શકિતશાળી અને સામર્થ્યવાન અલ્લાહ ! તારી કૃપા અને આર્શિવાદથી અમારી આદરણીય મહારાણીને હંમેશા તેવી જ રીતે પ્રસન્ન રાખજે જે રીતે અમે તેની સહાનુભૂતિ અને દયાના કારણે પ્રસન્નતાપૂર્વક રહી રહ્યા છીએ તેમનાથી પ્રેમ અને દયાનો વ્યવહાર રાખજે, તેવી જ રીતે જેવા અમે શાંતિ અને સમૃદ્ધિથી સહૃદયતા અને સંયમયુકત આચરણ વાળી સરકારને અધિન રહીએ છીએ.

આ આભારપૂર્ણ ભાવનાઓ જે દરેક અહેમદી મુસલમાનના હૃદયમાં છે જે બ્રિટેનનો નાગરિક છે. અંતમાં હું એક વાર પુનઃ આપ સૌનો હાર્દિક ધન્યવાદ કરવા ચાહું છું, જેમણે અહીયા પધારી પોતાના પ્રેમ, સહાનુભૂતિ તથા ભાઈચારાની ભાવના દર્શાવી.

આપ સૌનો ખુબ ખુબ આભાર.



# શાંતિનો માર્ગ
# રાષ્ટ્રો વચ્ચે ન્યાયપૂર્ણ સંબંધો

---

કેપીટલ હીલ,

વોશિંગટન ડી.સી. ૨૦૧૨





The first Muslim Congressman, Keith Ellison meeting Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba]




Brad Sherman (Democratic member of the United States House of Representatives) presenting American flag to Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba]




Ḥaḍrat Mirza Masroor Ahmad, Khalīfatul-Masīḥ V[aba] delivers his keynote address at U.S. Capitol Hill




Ḥaḍrat Mirza Masroor Ahmad, Khalīfatul-Masīḥ V[aba] leading silent prayer at U.S. Capitol Hill



Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba] during his official tour of U.S. Capitol Hill



Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba] in U.S. Capitol Hill after his historic address to the US Statesmen and Bureaucrats

# પ્રસ્તાવના

તા.૨૭ જૂન ૨૦૧૨ના રોજ કેપીટલ હીલ વોશિંગટનમાં એક ઐતિહાસિક ઘટના બની કે જમાઅત અહેમદિયાના વર્તમાન અને પાંચમાં ખલિફાએ અમેરીકી કોંગ્રેસના સભ્યોમાં સેનેટર્સ, રાજદૂતો, વ્હાઈટ હાઉસ અને સ્ટેટ ડિપાર્ટમેન્ટ સ્ટાફ, એન.જી.ઓ.ના અધિકારીઓ, ધાર્મિક નેતાઓ, પ્રોફેસરો,નીતિ સલાહકારો, સરકારી અધિકારીઓ, ડિપ્લોમેટિક કોરના સભ્યો, વિચારકો, પેન્ટાગનના પ્રતિનિધિઓ તથા મીડિયાના સંપાદકોને સંબોધન કર્યુ. આ કોન્ફ્રેન્સ જે પોતાના પ્રકારની પ્રથમ કોન્ફ્રેન્સ હતી. જેમાં સંયુકત રાજ્ય અમેરીકી (U.S.A) ના કેટલાક ખુબ જ આદરણીય નેતાઓ જેમાં નેન્સી પેલોસી જે હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટિવ્ઝ (House of Representatives) ના ડેમોક્રેટિક પાર્ટીના નેતા છે સામેલ હતા. જેઓને વિશ્વ શાંતિના વિષયમાં ઈસ્લામનો સંદેશ સાંભળવાનો સીધો અવસર ઉપલબ્ધ કરાવ્યો. આ આયોજન પછી હઝરત ઈમામ જમાઅત અહેમદિયા મિરઝા મસરૂર અહેમદ સાહેબને કેપીટલ હીલનું સંપૂર્ણ મકાનનું દર્શન કરાવ્યું. ત્યાર બાદ હાઉસ ઓફ રિપ્રિઝેન્ટેટિવ્ઝ પ્રતિનિધિ ગૃહમાં જ્યાં આપના સંયુકત રાજ્યમાં આગમનની ખુશીમાં સમ્માન સંદર્ભે એક પ્રસ્તાવ પ્રસ્તુત કરવામાં આવ્યું. તે પ્રસ્તાવની ભૂમિકા આ પ્રમાણે હતીઃ

આદરણીય હઝરત મિરઝા મસરૂર અહેમદ વિશ્વવ્યાપી અહેમદિયા મુસ્લિમ જમાઅતના આધ્યાત્મિક અને વહીવટી વડાને વોશિંગટન ડી.સી.માં સુસ્વાગતમ તથા વિશ્વ શાંતિ, ન્યાય, ઉદારતા, માનવ અધિકારો, ધાર્મિક સ્વતંત્રતા તથા પ્રજાતંત્ર માટેના પ્રયાસોનું આદર કરીએ છીએ.

કેપીટલ હીલમાં ઉપસ્થિત રહેલા મહાનુભાવોની સંપૂર્ણ યાદી આ પ્રમાણે છે.

- U.S. Senator Robert Casey, Sr. (Democrat Pennsylvania)
- U.S. Senator John Cornyn (Republican Texas)
- Democratic Leader Nancy Pelosi (Democrat California)
- U.S. Congressman Keith Ellison (Democrat Minnesota)
- U.S. Congressman Bradley Sherman (Democrat California)
- U.S. Congressman Frank Wolf (Republican Virginia)
- U.S. Congressman Michael Honda (Democrat California)
- U.S. Congressman Timothy Murphy (Republican Pennsylvania)
- U.S. Congresswoman Jeannette Schmidt (Republican Ohio)
- U.S. Congresswoman Janice Hahn (Democrat California)
- U.S. Congresswoman Janice Schakowsky (Democrat Illinois)
- U.S. Congresswoman Jackie Speier (Democrat California)

- U.S. Congresswoman Zoe Lofgren (Democrat California)
- U.S. Congresswoman Sheila Jackson Lee (Democrat Texas)
- U.S. Congressman Gary Peters (Democrat Michigan)
- U.S. Congressman Thomas Petri (Republican Wisconsin)
- U.S. Congressman Adam Schiff (Democrat California)
- U.S. Congressman Michael Capuano (Democrat Massachusetts)
- U.S. Congressman Howard Berman (Democrat California)
- U.S. Congresswoman Judy Chu (Democrat California)
- U.S. Congressman Andre Carson (Democrat Indiana)
- U.S. Congresswoman Laura Richardson (Democrat California)
- U.S. Congressman Lloyd Poe (Republican Texas)
- U.S. Congressman Barney Frank (Democrat Massachusetts)
- U.S. Congressman. Bruce Braley (Democrat Iowa)
- U.S. Congressman Dennis Kucinich (Democrat Ohio)
- U.S. Congressman Trent Franks (Republican Arizona)
- U.S. Congressman Chris Murphy (Democrat Connecticut)
- U.S. Congressman Hank Johnson (Democrat Georgia)
- U.S. Congressman James Clyburn (Democrat South Carolina)
- His Excellency Bockari Kortu Stevens, Ambassador of Sierra Leone to the United States
- Dr. Katrina Lantos Swett, Chairwoman, United States Commission on International Religious Freedom
- Hon. Tim Kaine, Former Governor of Virginia

- Amb. Susan Burk, Special Representative of President Barack Obama for Nuclear Nonproliferation
- Amb. Suzan Johnson Cook, U.S. Ambassador at Large for International Religious Freedom
- Hon. Khaled Aljalahma, Deputy Chief of Mission, Embassy of the Kingdom of Bahrain to the United States
- Rev. Monsignor Jean-Francois Lantheaume, First Counsellor (Deputy Chief of Mission), The Apostolic Nunciature of the Holy See to the United States
- Ms. Sara Al-Ojaili, Public Affairs/Liaison Officer, Embassy of the Sultanate of Oman to the United States
- Mr. Salim Al Kindie, First Secretary, Embassy of the Sultanate of Oman to the United States
- Ms. Fozia Fayyaz, Embassy of Pakistan to the United States
- Hon. Saida Zaid, Counselor, Embassy of Morocco to the United States
- Hon. Nabeel Munir, Minister-IV (Security Council), Pakistan Permanent Mission to the United Nations
- Hon. Josef Renggli, Minister-Counselor, Embassy of Switzerland to the United States
- Hon. Alyssa Ayres, Deputy Assistant Secretary for South and Central Asia, U.S. Department of State
- Amb. Karl Inderfurth, Senior Adviser and Wadhwani Chair in U.S.-India Policy Studies, Center for Strategic and International Studies
- Hon. Donald A. Camp, Senior Associate, Center for Strategic and International Studies
- Amb. Jackie Wolcott, Executive Director, U.S. Commission on International Religious Freedom

- Dr. Azizah al-Hibri, Commissioner, U.S. Commission on International Religious Freedom
- Mr. Isaiah Leggett, County Executive, Montgomery County, Maryland
- Ms. Victoria Alvarado, Director, Office of International Religious Freedom, U.S. Department of State
- Dr. Imad Dean Ahmad, Director, Minaret of Freedom Institute
- Dr. Zainab Alwani, Assistant Professor of Islamic Studies, Howard University School of Divinity
- Ms. Deborah L. Benedict, Associate Counsel, U.S. Citizenship and Immigration Services, Department of Homeland Security
- Ms. Lora Berg, Senior Adviser to Special Representative to Muslim Communities, U.S. Department of State
- Dr. Charles Butterworth, Professor (Emeritus) of Government and Politics, University of Maryland, College Park
- Father John Crossin, Executive Director for Secretariat for Ecumenical and Interreligious Affairs, United States Conference of Catholic Bishops
- Major (Ret.) Franz Gayl, Senior Science Adviser, U.S. Marine Corps.
- Dr. Sue Gurawadena-Vaughn, Director of International Religious Freedom and South East Asia Programs, Freedom House
- Mr. Frank Jannuzi, Head of Washington Office, Amnesty International USA
- Mr.T. Kumar, International Advocacy Director, Amnesty International USA

- George Leventhal, Member of the Montgomery County Council
- Mr. Amer Latif, Visiting Fellow, Wadhwani Chair in U.S.-India Policy Studies, Center for Strategic and International Studies
- Mr. Tim Lenderking, Director of Pakistan Desk Office,U.S. State Department
- Mr. Jalal Malik, International Affairs Officer, U.S. Army National Guard
- Mr. Naveed Malik, Foreign Service Officer, U.S. Department of State
- Ms. Dalia Mogahed, Senior Analyst and Executive Director, Gallup Center for Muslim Studies
- Mr. Paul Monteiro, Associate Director, White House Office of Public Engagement
- Major General David Quantock, United States Army Provost General
- Ms. Tina Ramirez, Director of International and Government Relations, The Becket Fund
- Rabbi David Saperstein, Director and Counsel, Religious Action Center for Reform Judaism
- Chaplain, Brigadier General Alphonse Stephenson, Director of the National Guard Bureau Office of the Chaplain
- Mr. Knox Thames, Director of Policy and Research, U.S. Commission on International Religious Freedom
- Mr. Eric Treene, Special Counsel for Religious Discrimination, Civil Rights Division, U.S. Department of Justice
- Dr. Hassan Abbas, Professor, Regional and Analytical Studies Department, National Defense University

- Mr. Malik Siraj Akbar, Reagan-Fascell Fellow, National Endowment for Democracy
- Mr. Matthew K. Asada, Congressional Fellow to Rep. Gary Peters
- Ms. Stacy Burdett, Director of Government and National Affairs, Anti-Defamation League
- Ms. Elizabeth Cassidy, Deputy Director for Policy and Research, U.S. Commission on International Religious Freedom
- Ms. Aimee Chiu, Director of Media, Communication, and Public Relations, American Islamic Congress
- Mr. Cornelius Cremin, Department of State, Bureau of Democracy, Human Rights and Labor, Acting Deputy Director and Foreign Affairs Officer for Pakistan
- Mr. Sadanand Dhume, Resident Fellow, American Enterprise Institute
- Dr. Richard Gathro, Dean of Nyack College, Washington
- Mr. Joe Grieboski, Chairman, The Institute on Religion and Public Policy
- Ms. Sarah Grieboski, The Institute on Religion and Public Policy
- Dr. Max Gross, Adjunct Professor, Prince Alwaleed Bin Talal Center for Muslim-Christian Understanding, Georgetown University
- Dr. Riaz Haider, Clinical Professor of Medicine, George Washington University
- Ms. Huma Haque, Assistant Director, South Asia Center, Atlantic Council
- Mr. Jay Kansara, Associate Director, Hindu American Foundation

- Mr. Hamid Khan, Senior Program Officer, Rule of Law Center, U.S. Institute for Peace
- Ms. Valerie Kirkpatrick, Associate for Refugees and U.S. Advocacy, Human Rights Watch
- Mr. Alex Kronemer, Unity Productions
- Mr. Paul Liben, Executive Writer, U.S. Commission on International Religious Freedom
- Ms. Amy Lillis, Foreign Affairs Officer, U.S. Department of State
- Mr. Graham Mason, Legislative Assistant to Rep. Allyson Schwartz
- Ms. Lauren Markoe, Religion News Service
- Mr. Dan Merica, CNN.com
- Mr. Joseph V. Montville, Senior Associate, Merrimack College Center for the Study of Jewish-Christian-Muslim Relations
- Mr. Aaron Myers, Program Officer, Freedom House
- Ms. Attia Nasar, Regional Coordinating Officer, U.S. Department of State
- Ms. Melanie Nezer, Senior Director, US Policy and Advocacy, HIAS
- Dr. Elliott Parris, Bowie State University
- Mr. John Pinna, Director of Government and International Relations, American Islamic Congress
- Mr. Arif Rafiq, Adjunct Scholar, Middle East Institute
- Ms. Maya Rajaratnam, Amnesty International
- Ms. Rachel Sauer, Foreign Affairs Officer, U.S. Department of State
- Dr. Jerome Schiele, Dean of College of Professional Studies, Bowie State University
- Ms. Samantha Schnitzer, Staff, United States Commission on International Religious Freedom

- Dr. Mary Hope Schwoebel, Senior Program Officer, Academy for International Conflict Management and Peacebuilding, U.S. Institute for Peace
- Ms. Sarah Schlesinger, International and Government Relations Associate, The Becket Fund
- Dr. Frank Sellin, Kyrgystan Desk Officer, U.S. Department of State 65
- Ms. Anna-Lee Stangl, Christian Solidarity Worldwide
- Ms. Kalinda Stephenson, Professional Staff, Tom Lantos Human Rights Commission
- Mr. Jordan Tama, Lead Democratic Staffer, Tom Lantos Human Rights Commission
- Mr. Shaun Tandon, AFP
- Dr. Wilhelmus Valkenberg, Professor of Religion and Culture, The Catholic University of America
- Mr. Anthony Vance, Director of External Affairs, Baha'is of the United States
- Mr. Jihad Saleh Williams, Government Affairs Representative, Islamic Relief USA
- Ms. Amelia Wang, Chief of Staff to Congresswoman Judy Chu
- Ms. Moh Sharma, Legislative Fellow to Congresswoman Judy Chu

# યૂ.એસ. કોંગ્રેસ : પ્રસ્તાવ સંખ્યા ૭૦૯

AUTHENTICATED U.S. GOVERNMENT INFORMATION GPO

IV

112TH CONGRESS
2D SESSION

# H. RES. 709

Welcoming His Holiness, Hadhrat Mirza Masroor Ahmad, the worldwide spiritual and administrative head of the Ahmadiyya Muslim Community, to Washington, DC, and recognizing his commitment to world peace, justice, nonviolence, human rights, religious freedom, and democracy.

IN THE HOUSE OF REPRESENTATIVES

JUNE 27, 2012

Ms. ZOE LOFGREN of California (for herself, Mr. SHERMAN, Mr. CONNOLLY of Virginia, Mr. HINCHEY, Ms. ESHOO, Ms. SPEIER, Ms. RICHARDSON, Mr. SCHIFF, Ms. SCHAKOWSKY, Mr. HONDA, Mr. WOLF, Mr. PETERS, Mr. DENT, Ms. CHU, Mr. BERMAN, Mr. FRANKS of Arizona, Ms. JACKSON LEE of Texas, Ms. SCHWARTZ, Mr. BRALEY of Iowa, and Mr. MCGOVERN) submitted the following resolution; which was referred to the Committee on Foreign Affairs

# RESOLUTION

Welcoming His Holiness, Hadhrat Mirza Masroor Ahmad, the worldwide spiritual and administrative head of the Ahmadiyya Muslim Community, to Washington, DC, and recognizing his commitment to world peace, justice, nonviolence, human rights, religious freedom, and democracy.

Whereas, from June 16, 2012, to July 2, 2012, His Holiness, Hadhrat Mirza Masroor Ahmad, the worldwide spiritual and administrative head of the Ahmadiyya Muslim Community, an international religious organization with mil-

lions of members across the globe, is making a historic visit to the United States;

Whereas His Holiness was elected to become fifth Khalifa to Mirza Ghulam Ahmad, a lifelong position, on April 22, 2003;

Whereas His Holiness is a leading Muslim figure promoting peace, who in his sermons, lectures, books, and personal meetings has continually advocated the Ahmadiyya values of service to humanity, universal human rights, and a peaceful and just society;

Whereas the Ahmadiyya Muslim Community has suffered repeated hardships, including discrimination, persecution, and violence;

Whereas, on May 28, 2010, 86 Ahmadi Muslims were killed in Lahore, Pakistan, when two mosques belonging to the Ahmadiyya Muslim Community were attacked by anti-Ahmadiyya terrorists;

Whereas despite the continued sectarian persecution that Ahmadi Muslims are subjected to, His Holiness continues to forbid violence;

Whereas His Holiness has traveled globally to promote and facilitate service to humanity, meeting with presidents, prime ministers, parliamentarians, and ambassadors of state;

Whereas during his visit to the United States, His Holiness will meet thousands of American Muslims in addition to significant United States Government leaders in order to strengthen relationships and find means of establishing peace and justice for all people; and

Whereas, on the morning of June 27, 2012, His Holiness will deliver the keynote address at a special bipartisan recep-

tion at the Rayburn House Office Building on Capitol Hill, "The Path to Peace: Just Relations Between Nations": Now, therefore, be it

*Resolved,* That the House of Representatives—

(1) welcomes His Holiness, Mirza Masroor Ahmad to Washington, DC;

(2) commends His Holiness for promoting individual and world peace, as well as individual and world justice; and

(3) commends His Holiness for his perseverance in counseling Ahmadi Muslims to eschew any form of violence, even in the face of severe persecution.

○

# ૧૧૨મી કોંગ્રેસ: દ્વિતીય સેશન
# પ્રસ્તાવ સંખ્યા ૭૦૯

અમો આદરણીય હઝરત મિરઝા મસરૂર અહેમદ વિશ્વવ્યાપી અહેમદિયા મુસ્લિમ જમાઅતના આધ્યાત્મિક અને વહીવટી વડાનું વોશિંગટન ડિ.સી.માં સુસ્વાગતમ તથા વિશ્વ શાંતિ, ન્યાય, ઉદારતા, માનવ અધિકારો, ધાર્મિક સ્વતંત્રતા તથા પ્રજાતંત્ર માટે આપના પ્રયાસોનું આદર કરીએ છીએ.

## પ્રતિનિધિ કક્ષ

શ્રીમતી ઝૂ લોફગ્રેન ઓફ કેલીફોર્નિયાએ (પોતાના તરફથી તથા Mr.Sherman, Mr. Connolly of Virginia. Mr. Hinchey, Mr. Eshoo, Ms. Speier, Ms. Richardson, Mr. Schiff, Ms. Schakowsky, Mr Honda, Mr. Wolp, Mr.Peters, Mr. Dent, Ms.chu, Mr.Berman, Mr Franks of Arizona, Ms Jackson Lee of Texas, Ms. Schwartz, Mr. Braley of lowa, And Mr. Mc Govern તરફથી) નિચે દર્શાવેલ પ્રસ્તાવ રજુ કર્યા જે (Foreign Affairs) વિદેશી મામલાઓની સમિતિને મોકલવામાં આવી.

# પ્રસ્તાવ

અમે આદરણીય હઝરત મિરઝા મસરૂર અહેમદ સાહેબ વિશ્વવ્યાપી અહેમદિયા જમાઅતના આધ્યાત્મિક તથા વહીવટી વડાનું વોશિંગટન ડી.સી.માં સ્વાગત કરીએ છીએ અને અમે વિશ્વ શાંતિ, ન્યાય, ઉદારતા, માનવ અધિકારો, ધાર્મિક સ્વતંત્રતા તથા પ્રજાતંત્ર માટે આપના પ્રયાસોનું આદર કરીએ છીએ.

તા.૧૬મી જૂન ૨૦૧૨ થી ૨જી જુલાઈ ૨૦૧૨ સુધી આદરણીય હઝરત મિરઝા મસરૂર અહેમદ અહેમદિયા મુસ્લિમ જમાઅત જે એક આંતરરાષ્ટ્રીય ધાર્મિક સંસ્થા છે. જેના સંપૂર્ણ વિશ્વમાં લાખો સભ્યો છે એવા આ ધાર્મિક વડા સંયુકત રાજ્ય અમેરીકાની ઐતિહાસિક યાત્રા કરી રહ્યા છે.

તેઓ તા.૨૨ એપ્રિલ ૨૦૦૩ના રોજ હઝરત મિરઝા ગુલામ અહેમદ સાહેબના પાંચમાં ઉત્તરાધિકારીના પદ પર જે આજીવન પદ છે નિર્વાચિત થયા. આપ શાંતિ ફેલાવનાર પ્રમુખ મુસ્લિમ વડા છે. જેઓએ તેમના ઉપદેશો, પ્રવચનો, પુસ્તકો અને વ્યકિતગત મુલાકાતો દ્વારા સતત માનવ સેવા, આંતરરાષ્ટ્રીય માનવ અધિકારો, શાંતિ તથા ન્યાય પર આધારિત સમાજ અંગે જમાઅત અહેમદિયાના મૂલ્યોનો હંમેશા પ્રચાર તથા સમર્થન કર્યો છે.

અહેમદિયા સમુદાયએ વારંવાર મુશ્કેલીઓ વેઠી છે આ મુશ્કેલીઓમાં ભેદભાવ, જુલ્મ અને અત્યાર તથા હિંસા પણ સામેલ છે.

તા.૨૮ મે ૨૦૧૦ના રોજ લાહૌર પાકિસ્તાનમાં જમાઅત અહેમદિયાની બે મસ્જિદો પર વિરોધી ઉગ્રવાદીઓએ હુમલો કરી ૮૬ અહેમદી મુસ્લિમોની હત્યા કરી હતી. આ પ્રકારના સાંપ્રદાયિક હિંસાનો અહેમદી લોકો ભોગની રહ્યા હોવા છતાં પણ તેઓ હિંસાનો માર્ગ ન અપનાવવાનો જ ઉપદેશ આપે છે. આપે માનવ સેવાને આગળ વધારવા અને તેને સરળ બનાવવા માટે સમગ્ર વિશ્વની યાત્ર કરી. આ સંદર્ભે આપે પ્રમુખો, વડાપ્રધાનો, સાંસદો અને વિભિન્ન દેશોના રાજદૂતો સાથે પણ મુલાકાતો કરી.

સંયુકત રાજ્ય અમેરીકાની યાત્રા દરમ્યાન આપે અમેરીકાના પ્રમુખ રાજનેતાઓથી મુલાકાત કરવા સિવાય પણ સંબંધોને મજબૂત બનાવવા તથા દરેક લોકોમાં શાંતિ અને ન્યાય સ્થાપવા માટે હઝારો અમેરીકી મુસલમાનોથી પણ મુલાકાત કરશે.

તા.૨૭ જૂન ૨૦૧૨ના રોજ રેબર્ન હાઉસ ઓફિસ બિલ્ડીંગ કેપીટલ હીલના વિશેષ દ્વિપક્ષીય અભિનંદન સમારોહના અવસરે “શાંતિનો માર્ગ : રાષ્ટ્રો વચ્ચે ન્યાયપૂર્ણ સંબંધો” શીર્ષક પર મુખ્ય ભાષણ આપશે.

આ પ્રતિનિધિ સભામાં પસાર કરાયેલા પ્રસ્તાવો

૧. આદરણીય હઝરત મિરઝા મસરૂર અહેમદનો વોશિંગટન ડી.સી.માં અભિનંદન કરે છે.

૨. આપનો પ્રત્યેક વ્યકિતની વ્યકિતગત શાંતિ તથા ન્યાય અને વૈશ્વિક શાંતિ અને ન્યાયને પ્રોત્સાહન આપવા બદલ પ્રશંસા કરીએ છીએ.

૩. તમારા ઉપર સખત જુલ્મો થવા છતાં પણ આપ અહેમદી મુસલમાનોને હિંસાત્મક કાર્યવાહીઓ ન કરવા તરફ ઉપદેશ આપો છો તેની પણ અમો પ્રશંસા કરીએ છીએ.

# શાંતિનો માર્ગ
# રાષ્ટ્રો વચ્ચે ન્યાયપૂર્ણ સંબંધો

بسم اللہ الرحمن الرحیم

તમામ આદરણીય મહેમાનો!

અસ્સલામો અલૈકુમ વ રહેમતુલ્લાહે વ બરકાતોહૂ

આગળ વધુ તે પૂર્વે, હું સૌથી પહેલા તમારો આભાર વ્યકત કરવા માંગું છું કારણ કે તમે સૌ પોતાનો કિંમતી સમય કાઢી મારું ભાષણ સાંભળવા માટે આવ્યા છો. મને એક એવા વિષય પર બોલવાનું કહેવાયું છે જે ખુબ જ વિશાળ અને વ્યાપક વિસ્તારમાં ફેલાયેલો છે. તેના ઘણાં બધા પાસાઓ છે. આ મર્યાદિત સમયમાં તે દરેકનું વર્ણન કરવું મારા માટે સંભવ નથી. જે વિષય પર ભાષણ આપવાનું કહેવાયું છે તે ''વૈશ્વિક શાંતિની સ્થાપના'' છે. ખરેખર આજે વિશ્વ માટે આ અત્યંત મહત્વનો અને આવશ્યક મુદ્દો છે. આમ છતાં આ ટુંક સમયમાં હું સંક્ષિપ્ત રૂપમાં રાષ્ટ્રો વચ્ચે ન્યાયપૂર્ણ તથા સમાન સંબંધો દ્વારા શાંતિ સ્થાપના વિશે ઈસ્લામી દ્રષ્ટિકોણ આપની સામે રજુ કરીશ.

વાસ્તવિકતા તો એ છે કે શાંતિ અને ન્યાય પરસ્પર અનિવાર્ય છે. તમો એક વિના બીજાને મેળવી જ ન શકો. આ સિદ્ધાંત એવો છે કે દરેક બુદ્ધિમાન વ્યકિત સમજે છે. જે લોકો વિશ્વમાં અશાંતિ ફેલાવવા કટિબદ્ધ છે તેઓને એક તરફ રાખી કોઈ પણ આ દાવો નથી કરી શકતો કે કોઈ સમાજ અને દેશ કે સમગ્ર વિશ્વમાં જ્યાં ન્યાય થાય છે ત્યાં પણ અવ્યવસ્થા તથા શાંતિનો અભાવ હોઈ શકે છે આમ છતાં આપણે જોઈએ છીએ કે વિશ્વના અનેક દેશોમાં અશાંતિ ફેલાયેલી છે. આ અશાંતિ બંને પ્રકારથી અર્થાત દેશોના આંતરિક અને બાહ્ય રીતે પણ વિભિન્ન રાષ્ટ્રો વચ્ચે સંબંધોની દ્રષ્ટિથી દેખાય છે. આવી અવ્યવસ્થા અને ટકરાવ તે દેશોની સરકારો પોતાની નીતિઓ ન્યાય આધારિત હોવાનો દાવો કરતી હોવા છતાં જોવા મળે છે. તમામ દેશો દાવો કરે છે કે શાંતિ સ્થાપના જ તેનો મુખ્ય હેતુ છે. તો પણ આ વાતમાં કોઈ સંદેહ નથી કે વિશ્વમાં અશાંતિ અને મુશ્કેલીઓ વધી રહી છે. આ વાત સ્પષ્ટ રીતે સિદ્ધ કરે છે કે કયાંકને કયાંક ન્યાયની જરૂરીયાતો પુરી નથી થઈ રહી. આથી જ્યારે અને જ્યાં અસમાનતા ઉપસ્થિત થાય ત્યારે તેને સમાપ્ત કરવાની તાતી જરૂરીયાત છે. આથી વિશ્વવ્યાપી અહેમદિયા જમાઅતના વડા તરીકે હું ન્યાય પર આધારિત શાંતિ પ્રાપ્તિના માધ્યમો તથા આવશ્યકતાઓ વિશે અમુક વાતો રજુ કરવા માંગું છું.

જમાઅત અહેમદિયા એક શુદ્ધ ધાર્મિક સમુદાય છે અમારો દૃઢ વિશ્વાસ છે કે મસીહ અને સુધારક જેનો આ યુગમાં આગમન નિશ્ચિત હતું અને વિશ્વને ઈસ્લામની વાસ્તવિક તાલીમથી અવગત

કરાવવું હતુ તે નિઃસંદેહ આવી ચુકયા છે. અમારો ઈમાન છે કે અમારા સમુદાયના પ્રવર્તક હઝરત મિરઝા ગુલામ અહેમદ કાદિયાની અલૈહિસ્સલામ તે જ મસીહ મૌઉદ અને સુધારક છે અને આથી અમોએ તેમને સ્વીકાર કર્યા છે. આપે પોતાના અનુયાયીઓને દ્દઢતાપૂર્વક કહ્યું કે તેઓ ઈસ્લામની વાસ્તવિકતા અને સાચા ઉપદેશો જે પવિત્ર કુરઆન પર આધારિત છે સ્વયં પણ પાલન કરો અને તેનો પ્રચાર પણ કરોઆથી શાંતિ સ્થાપના અને ન્યાયપૂર્ણ આંતરરાષ્ટ્રીય સંબંધો સ્થાપવા અંગે હું જે પણ કહીશ તે પવિત્ર કુરઆનના શિક્ષણ પર આધારિત હશે.

વિશ્વ શાંતિ પ્રાપ્તિ હેતુ તમે સૌ સતત પોતાની વિચારધારાઓ દર્શાવો છો અને નિઃસંદેહ પ્રયાસ પણ કરો છો. તમારા રચનાત્મક અને વિવેકશીલ મસ્તિષ્ક તમોને મહાન વિચારો, યોજનાઓ અને શાંતિનો વિવેક પ્રસ્તુત કરવાની પ્રેરણા આપે છે.

આથી આ સમસ્યાઓ પર મારે સાંસારિક અથવા રાજકીય દ્રષ્ટિથી કંઈ કહેવાની જરૂર નથી પરંતુ તેના બદલે મારૂ સંપૂર્ણ ધ્યાન આ વાત પર નિર્ભર હશે કે ધર્મ પર આધારિત શાંતિ સ્થાપના કેવી રીતે થઈ શકે છે. આ હેતુથી જેવું કે પહેલાં પણ મેં વર્ણન કર્યુ છે કે હું પવિત્ર કુરઆનના શિક્ષણ પર આધારિત કેટલાક અત્યંત આવશ્યક નિર્દેશ રજુ કરીશ.

હંમેશા આ યાદ રાખવું જરૂરી છે કે માનવ જ્ઞાન અને બુદ્ધિ પૂર્ણ નથી બલ્કે વાસ્તવમાં મર્યાદિત છે.આથી જ્યારે આપણે નિર્ણયો લઈએ છીએ અથવા વિચાર કરીએ છીએ તે સમયે અમુક વિશેષ વાતો માનવ મસ્તિષ્કમાં પ્રવેશ કરી જાય છે જે નિર્ણયો પર ઘેરી

અસર કરી શકે છે તથા એક વ્યકિતને પોતાના જ અધિકારો પૂર્ણ કરવા તરફ ખેંચી જાય છે અને છેવટે આ જ વાત એક અન્યાયપૂર્ણ પરિણામ તરફ લઈ જઈ શકે છે અને પછી ફૈસલો કરવામાં આવે છે. અલ્લાહનો કાનૂન સંપૂર્ણ છે તથા કોઈ હિત ધરાવતા તત્વો કે અન્યાયી કલમો તેમાં રહેલી નથી કારણ કે અલ્લાહ પોતાની સૃષ્ટિનું ભલું જ ચાહે છે તેથી તેનો કાનૂન ન્યાય આધારિત છે. જે દિવસે વિશ્વના લોકો આ મહત્વની બાબત સમજશે તે દિવસે સાચી અને સ્થાયી શાંતિનો પાયો નાખી દેવામાં આવશે. નહીતર આપણે અનંત કાળ સુધી પ્રયત્નો કરતાં જ રહીશું કે વિશ્વ શાંતિ માટે ખુબ પ્રયત્નો કર્યા પરંતુ તેના કોઈ મહત્વપૂર્ણ પરિણામ ઉપલબ્ધ કરાવવામાં નિષ્ફળ રહ્યા.

પ્રથમ વિશ્વયુદ્ધ પૂર્ણ થયા પછી કેટલાક રાષ્ટ્રોના શાસકોએ ભવિષ્યમાં તમામ દેશો વચ્ચે સારા અને શાંતિપૂર્ણ સંબંધોની ઈચ્છા રાખી અને વિશ્વ શાંતિની પ્રાપ્તિ માટે લીગ ઓફ નેશન્સની સ્થાપના કરી. તેનો મુખ્ય હેતુ વિશ્વમાં શાંતિ કાયમ રાખવાનો હતો તથા ભવિષ્યમાં યુદ્ધોને રોકવાનો હતો. દુર્ભાગ્યવશ આ લીગના સિદ્ધાંત અને જે નિયમો બનાવ્યા હતા તેમા કેટલીક કમીઓ અને નિર્બળતા હતી જેથી તેમણે તમામ લોકો અને તમામ દેશોના અધિકારોની સમાન રીતે રક્ષા ન કરી. પરિણામે અસમાનતા પૈદા થઈ અને સ્થાયી શાંતિ કાયમ ન રહી શકી. લીગના પ્રયાસો નિષ્ફળ થઈ ગયા જેના કારણે સીધુ જ દ્વિતીય વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું.

જે ભયંકર વિનાશ અને બરબાદી થઈ તેનાથી આપણે બધા પરિચિત છીએ. આ યુદ્ધમાં સમગ્ર વિશ્વના લગભગ ૭૫ મિલિયન

લોકોના મૃત્યું થયા જેમાં અધિકતર લોકો નિર્દોષ હતા. આ યુદ્ધ વિશ્વની આંખો ખોલવા માટે પુરતુ હોવું જોઈએ. ખરેખર તો આ બુદ્ધિમત્તાપૂર્ણ નીતિઓને ઉન્નતિ આપવાનું માધ્યમ હોવું જોઈએ જે દરેક દળોને ન્યાય પર આધારિત તેમના અનિવાર્ય અધિકાર આપતો. આ રીતે વિશ્વમાં શાંતિ સ્થાપિત કરવાનું માધ્યમ સિદ્ધ થાત. તે સમયે વિશ્વની સરકારોએ કોઈ સીમા સુધી શાંતિ કાયમ કરવાનો પ્રયત્ન કર્યો અને સંયુકત રાષ્ટ્ર સંધની સ્થાપના કરી પરંતુ આ જલ્દી જ સ્પષ્ટ થઈ ગયું કે સંયુકત રાષ્ટ્ર સંધના મહાન અને મહત્વપૂર્ણ ઉદ્દેશ પુરા ન કરી શકયા અને આજે કેટલીક વિશેષ સરકારો સ્પષ્ટ રીતે એવા બયાનો પણ આપે છે જેનાથી તેની નિષ્ફળતા સિદ્ધ થાય છે.

ન્યાય પર આધારિત આંતરરાષ્ટ્રીય સંબંધો જે શાંતિ સ્થાપના માટે એક માધ્યમ સિદ્ધ થાય તેના વિશે ઈસ્લામ શું કહે છે ? પવિત્ર કુરઆનમાં અલ્લાહ તઆલાએ સ્પષ્ટ કર્યુ છે કે આપણી જાતિઓ અને જાતિય પરિદ્રશ્ય આપણી ઓળખનું એક માધ્યમ છે પરંતુ તે કોઈ પણ પ્રકારની શ્રેષ્ઠતાના ઔચિત્યનું માધ્યમ નથી.

આમ પવિત્ર કુરઆન આ સ્પષ્ટ કરે છે કે દરેક લોકો સમાન જ છે. આ ઉપરાંત તે અંતિમ ખુત્બો જે હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમે આપ્યો, તેમાં આપે તમામ મુસલમાનોને નસીહત કરી કે હંમેશા યાદ રાખો કે કોઈ અરબીને કોઈ બિન અરબી પર અને ન કોઈ બિન અરબીને કોઈ અરબી પર કોઈ શ્રેષ્ઠતા છે. આપ સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમે આ ઉપદેશ આપ્યો કે એક ગોરાને કોઈ કાળા પર અને ન કોઈ કાળાને કોઈ

ગોરા પર કોઈ શ્રેષ્ઠતા છે. આમ ઈસ્લામનો સ્પષ્ટ ઉપદેશ છે કે તમામ જાતિઓ અને નસ્લોના લોકો સમાન જ છે. આ પણ સ્પષ્ટ કરી દીધું કે તમામ લોકોને વિના કોઈ ભેદભાવ અથવા દ્વેષ સમાન અધિકાર આપવા જોઈએ. આ સુવર્ણ સિદ્ધાંતો દરેક વર્ગો, જાતિઓ અને રાષ્ટ્રો વચ્ચે શાંતિ સ્થાપવા માટે ચાવી રૂપ છે.

આમ છતાં આપણને જોવા મળે છે કે બળવાન અને નિર્બળ દેશો વચ્ચે એક ખાડો છે. ઉદાહરણ તરીકે સંયુકત રાષ્ટ્ર સંઘમાં આપણે જોઈએ છીએ કે વિવિધ દેશો વચ્ચે ભેદભાવ કરવામાં આવે છે અને આ રીતે વિશ્વ સુરક્ષા પરિષદમાં કેટલાક કાયમી અને કેટલાક બિન કાયમી સભ્યો છે. આ વિભાજન ફૂટ અને અશાંતિનો એક આંતરિક માધ્યમ સિદ્ધ થયો છે. આથી આપણે કેટલાક દેશોની આ અસમાનતા વિરૂદ્ધ પ્રદર્શનોની રિપોર્ટ સાંભળતા રહીએ છીએ. ઈસ્લામ તમામ બાબતોમાં પૂર્ણ ન્યાય અને સમાનતાનો પાઠ ભણાવે છે અને તેવી જ રીતે આપણે પવિત્ર કુરઆનની સૂરહ અલ માએદાહ આયત ૩ માં એક બીજો નિર્દેશ જોઈએ. આ આયતમાં પવિત્ર કુરઆન વર્ણન કરે છે કે ન્યાયની જરૂરીયાતને સંપૂર્ણતઃ પરિપૂર્ણ કરવા માટે આ જરૂરી છે કે તે લોકો સાથે પણ જેમણે ધૃણા અને શત્રુતાની તમામ મર્યાદાઓ ઓળંગી લીધી હોય ન્યાય અને સમાનતાનો વ્યવહાર કરવામાં આવે. પવિત્ર કુરઆન આ શિક્ષણ આપે છે કે જ્યારે કોઈ તમોને કોઈ ભલાઈ અને સદગુણો તરફ બોલાવે તો તમારે તેને સ્વીકારી લેવું જોઈએ અને જ્યારે કોઈ તમોને કોઈ બૂરાઈ અને અન્યાયપૂર્ણ વર્તણુંક તરફ બોલાવે તો તમારે તેને ફગાવી દેવી જોઈએ.

એક પ્રશ્ન જે સહજ રીતે ઉપસ્થિત થાય છે તે એ છે કે ઈસ્લામ કેવા પ્રકારના ન્યાયની માંગ કરે છે. પવિત્ર કુરઆન પ્રકરણ ૪ આયત ૧૨૬માં વર્ણન થાય છે કે જો તમારે તમારી પોતાની વિરૂદ્ધ સાક્ષી આપવી પડે અથવા પોતાના માતા પિતા અથવા પોતાના પ્રિયજનો વિરૂદ્ધ પણ સાક્ષી આપવી પડે તો ન્યાય અને સચ્ચાઈ કાયમ રાખવા માટે તમારે અવશ્ય એવું કરવું જોઈએ. બળવાન અને સમૃદ્ધ રાષ્ટ્રોએ પોતાના અધિકારોની રક્ષા કરવાના પ્રયાસમાં નિર્ધન અને નિર્બળ દેશોના અધિકારો છીનવી ન લેવા જોઈએ. બીજી તરફ નિર્ધન અને નિર્બળ દેશોને તક મળે ત્યારે બળવાન અને સમૃદ્ધ દેશોને હાનિ પહોંચાડવાનો પ્રયાસ ન કરવો જોઈએ. તેના બદલે બંને પક્ષોએ ન્યાયના સિદ્ધાંતોને સંપૂર્ણતઃ પાલન કરવું જોઈએ. ખરેખર વિભિન્ન દેશો વચ્ચે શાંતિપૂર્ણ સંબંધો કાયમ રાખવા માટે આ બાબત ખુબ મહત્વની છે.

ન્યાય પર આધારિત દેશો વચ્ચે શાંતિની એક અન્ય માંગની ચર્ચા પવિત્ર કુરઆનના પ્રકરણ ૫ આયત ૮૯માં છે જ્યાં પવિત્ર કુરઆન વર્ણન કરે છે કે કોઈ પણ પક્ષે અન્યની સમૃદ્ધિ કે સાધનો તથા ધન સંપત્તિને કદાપી ઈર્ષ્યાપૂર્ણ ભાવનાથી ન જોવું જોઈએ. તેવી જ રીતે કોઈ પણ દેશે કોઈ અન્ય દેશની સંપત્તિઓ પર તેમની સહાયતા અથવા સમર્થનના ખોટા બહાને અધિકાર મેળવવાનો ઔચિત્ય ન શોધવો જોઈએ. તેવી જ રીતે ટેકનિકલ જ્ઞાન આપવાના બહાને સરકારોએ અન્યાયપૂર્ણ વ્યાપાર કરારો અથવા કોન્ટ્રાકટ લેતા સમયે બીજા દેશોથી અનુચિત લાભ ન ઉઠાવવું જોઈએ. તેવી જ રીતે ટેકનિકલ યોગ્યતાઓ ઉપલબ્ધ કરાવવા અથવા મદદ

કરવાને બહાને સરકારોએ વિકાસશીલ દેશોની કુદરતી સંપત્તિઓ ઉપર અધિકાર પ્રાપ્ત કરવાના પ્રયત્નો ન કરવા જોઈએ. જ્યાં અલ્પ શિક્ષિત લોકો હોય અથવા સરકારોને શીખવવાની જરૂર હોય કે તેમને પોતાની પ્રાકૃતિક સંપત્તિઓને કેવી રીતે કામમાં લાવવી જોઈએ તો પછી તેમને જ્ઞાન આપવું જોઈએ.

આમ, રાષ્ટ્રો અને સરકારોએ નિર્બળ દેશોની સેવા અને મદદ કરવા હેતું હંમેશા અવસર શોધવો જોઈએ. પરંતુ કોઈ પણ પરિસ્થિતિમાં એવી સેવાને રાષ્ટ્રીય અથવા રાજકીય લાભ મેળવવા અથવા પોતાના હિતો પૂર્ણ કરવાના હેતુ ન બનાવવા જોઈએ. આપણે જોઈએ છીએ કે સંયુકત રાષ્ટ્ર સંઘે છેલ્લા ૬ કે ૭ દાયકાથી નિર્ધન દેશોની મદદ કરવા અને તેમને પ્રગતિશીલ બનાવવા માટે અનેક કાર્યક્રમો ઘડયા. આ પ્રયાસમાં તેમણે અનેક દેશોની કુદરતી સંપત્તિઓની શોધ કરી છે, પરંતુ આ પ્રયાસો છતાં નિર્ધન દેશોમાંથી કોઈ પણ દેશ વિકાસશીલ દેશોના સ્તર સુધી નથી પહોચી શકયા. તેનો એક મુખ્ય કારણ વિકાસશીલ દેશોમાં ચાલી રહેલો વ્યાપક ભ્રષ્ટાચાર છે. મારે ખેદપૂર્વક જણાવવું પડે છે કે આમ છતાં વિકસિત દેશો પોતાના હિતોને આગળ ધપાવવા માટે નિરંતર એવી સરકારો સાથે વ્યાપાર કરે છે. વ્યાપારી કરારો, આંતરરાષ્ટ્રીય સહાયતા અને વ્યવસાયીક કોન્ટ્રાકટસ સતત જારી છે. પરિણામે નિર્ધન અને નિરાશ જનતાની મુશ્કેલીઓ તથા અશાંતિ સતત વધતી જાય છે. આ વાત અધિકતર દેશોમાં વિદ્રોહ અને આંતરિક અશાંતિનું કારણ બની ગઈ છે. વિકાસશીલ દેશોના ગરીબ લોકો એટલા બેચૈન થઈ ગયા છે કે તેઓ પોતાના જ નેતાઓ સામે થઈ

ગયા છે બલ્કે મોટી સત્તાઓના લોકો પણ. આ પૈકી ઉગ્રવાદી સંગઠનોના ઉદ્દેશ્ય પુરા થયા છે અને તેમણે આ હતાશાનો લાભ ઉઠાવ્યો છે. આમ તેઓ એવા લોકોને પોતાના દળોમાં સામેલ કરવા માટે પ્રોત્સાહન પણ આપે છે અને તેમની ધિકકાર ભરી વિચારધારાઓને સહાય કરવા પ્રેરે છે. તેનું છેલ્લું પરિણામ આ આવે છે કે વૈશ્વિક શાંતિનો વિનાશ થાય છે.

આથી ઈસ્લામે શાંતિ માટે વિવિધ માધ્યમ અપનાવવા તરફ આપણું ધ્યાન દોર્યુ છે. વિશ્વ શાંતિની સૌથી પહેલી જરૂરીયાત ન્યાય છે તે માટે હંમેશા સાચી ગવાહી આપવામાં આવે, ઈર્ષ્યાથી આપણી નજર બીજાની ધન સંપત્તિ તરફ ન પડે, વિકસિત દેશો પોતાના વ્યકિતગત હિતો એક બાજુ મુકે અને વિકાસશીલ અને નિર્ધન દેશોની નિઃસ્વાર્થ ભાવના સાથે સહાયતા અને સેવા કરે. જો આ બધા પરિબળોને અનુસરવામાં આવે તો જ સાચી શાંતિ કાયમ થશે.

જો ઉપર દર્શાવેલ તમામ પગલાઓ લેવા છતાં કોઈ દેશ મર્યાદાઓનું ઉલ્લંઘન કરીને અન્ય દેશ ઉપર આક્રમણ કરે અને તેમના કુદરતી સંસાધનોને અન્યાયપૂર્ણ ઢંગથી કબજો જમાવવા પ્રયત્ન કરે તો એવી સ્થિતિમાં બીજા દેશોએ આ અત્યાચાર રોકવા માટે જરૂરી પગલા લેવા જ જોઈએ, પરંતુ તેઓએ પણ એવું કરતા સમયે ન્યાયથી કામ લેવું જોઈએ.

કાર્યવાહી કરવા માટે પરિસ્થિતિઓ જે પવિત્ર કુરઆનના શિક્ષણ પર આધારિત છે, પવિત્ર કુરઆનની સૂરહ અલ હુજરાત આયત ૧૦માં વિસ્તારપૂર્વક વર્ણન થયું છે. તેના શિક્ષણ અનુસાર જ્યારે બે દેશો વચ્ચે વિવાદ હોય અને આ વિવાદ યુદ્ધનો રૂપ ધારણ

કરી લે તો બીજી સરકારોએ સખ્તાઈ સાથે તેમને વાર્તાલાપની સલાહ આપવી જોઈએ જેથી તે વાર્તાલાપ દ્વારા એક કરાર અને મિત્રતા તરફ આવી શકે અને જો બંને પક્ષોમાંથી કોઈ પણ કરારોની શર્તો નથી માનતો તો બીજા દેશોએ સંયુકત થઈ અત્યાચાર કરનાર સાથે લડવું જોઈએ અને જ્યારે અત્યાચાર કરનાર જાતિ પરાજિત થઈ જાય અને વાર્તાલાપ કરવા પર સહમત થઈ જાય તો તમામ પક્ષોએ એક એવા કરારનો પ્રયાસ કરવો જોઈએ જે કાયમી શાંતિ અને સુલેહનું કારણ બને. એવી કઠોર અને અન્યાય પૂર્ણ શર્તો કોઈ પણ દેશ ઉપર ન થોપવામાં આવે જે કોઈ દેશના હાથોને બાંધી દે, કેમકે ભવિષ્યમાં તે એવી અશાંતિનું કારણ બનશે જે ભડકશે અને ફેલાશે. આ પ્રમાણેની અશાંતિના પરિણામે વધું અશાંતિ ઉત્પન્ન થશે.

એવી પરિસ્થિતિમાં જ્યાં એક મધ્યસ્થ સરકાર બંને પક્ષો વચ્ચે સંધિ કરાવા ચાહે છે તો તેણે શુદ્ધ નીયત અને બિલકુલ નિષ્પક્ષતાથી કામ લેવું જોઈએ અને આ નિષ્પક્ષતા આ સ્થિતિમાં યથાવત રહેવી જોઈએ ચાહે કોઈ પક્ષ તેના વિરૂદ્ધ પણ બોલતો હોય. આથી આવી પરિસ્થિતિઓમાં પણ મધ્યસ્થે ક્રોધ જાહેર ન કરવું જોઈએ. તેણે બદલો લેવાની તક ન શોધવી જોઈએ અને ન તેણે અન્યાયપૂર્ણ ઢંગથી કામ કરવું જોઈએ. તમામ પક્ષોને તેમના ઉચિત અધિકારો આપવા જોઈએ.

આથી ન્યાયની જરૂરીયાત પુરી કરવા માટે જરૂરી છે કે તે દેશ જે સંધિ કરાવી રહ્યા હોય તેઓ પોતાના વ્યકિતગત હિતો પુરા કરવાની શોધમાં ન હોય અને ન બંનેમાંથી કોઈ પણ દેશથી

અનુચિત લાભ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરી રહ્યા હોય. તેમણે અન્યાયપૂર્ણ હસ્તક્ષેપ ન કરવો જોઈએ અથવા બંને પક્ષોમાંથી કોઈ એક પર અનુચિત દબાણ ન કરવું જોઈએ તથા કોઈ દેશના કુદરતી સંસાધનોનો અનુચિત લાભ ન ઉઠાવવું જોઈએ. એવા દેશો પર અનાવશ્યક અને અનુચિત પ્રતિબંધ ન લગાવવા જોઈએ કેમકે ન તો આ ન્યાય છે અને ન તે દેશો વચ્ચે સંબંધો સુધારવાનું સાધન સિદ્ધ થઈ શકે છે.

સમયનો ખ્યાલ રાખતાં મેં આ વાતો ખુબ જ ટુંકમાં વર્ણન કરી છે. સારાંશ એ કે જો આપણે દુનિયામાં શાંતિ સ્થાપનાના ઈચ્છુક છીએ તો આપણે પોતાના વ્યકિતગત હિતો એક બાજુ મુકવા પડશે અને તેના બદલે રાષ્ટ્રીય હિતોની એક મોટી ભલાઈ માટે આપણે એવા પરસ્પર સંબંધો કાયમ કરવા પડશે જે પૂર્ણ ન્યાય પર આધારિત હોય નહીતર તમારામાંથી અમુક લોકો મારાથી સહમત હશો કે રાજકીય ગઠબંધનોના કારણે ભવિષ્યમાં બ્લોક બની શકે છે અને હું તો કહું છું કે તે બનવા શરૂ થઈ ગયા છે અને પછી આ સમય દુર નથી કે વિશ્વમાં અશાંતિ ફેલાય જે અંતે એક મોટી તબાહી અને વિનાશનું કારણ બની જાય. આવા વિનાશ અને યુદ્ધનો પ્રભાવ જરૂર અનેક ભાવિ પેઢીઓ પર પડશે. આથી અમેરીકાએ વિશ્વની સૌથી મોટીસત્તા તરીકે વાસ્તવિક ન્યાયને કામમાં લાવવું જોઈએ અને સદભાવના સાથે જેવું કે મેં વર્ણન કર્યુ છે પોતાની ભૂમિકા નિભાવવી જોઈએ. જો અમેરીકા આવું કરે તો વિશ્વ હંમેશા તેના મહાન પ્રયાસોને ખુબ પ્રશંસા સાથે યાદ રાખશે. મારી આ દુઆ છે કે આ વાત વાસ્તવિકતા બની જાય.

આપ સૌનો ખુબ ખુબ આભાર.

અમારો આ નિયમ છે કે અમે કોઈ આયોજન સમાપ્ત કરીએ ત્યારે ખામોશી સાથે દુઆ કરીએ છીએ. આથી હું દુઆ કરાવીશ અને અહેમદી પણ મારા અનુસરણમાં દુઆ કરશે. તમામ મહેમાનો પણ પોતાની પદ્ધતિ અનુસાર દુઆ કરી શકો છો.



# શાંતિની ચાવી - વૈશ્વિક એકતા

યૂરોપીયન પાર્લામેન્ટ

બ્રસ્સેલ્ઝ, બેલ્જિયમ,૨૦૧૨





Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba] being welcomed by Martin Schulz, President of European Parliament




His Holiness leading silent prayer at conclusion of the European Parliament event.
Seated to his right: Dr. Charles Tannock (MEP-UK), left: Rafiq Hayat (National Amir AMA UK)




Ḥaḍrat Mirza Masroor Ahmad, Khalīfatul-Masīḥ V[aba] delivers the keynote address at the European Parliament event





Press Conference with Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba] at European Parliament. Seated with His Holiness is Dr. Charles Tannock (MEP-UK and Chair of European Parliament Friends of Ahmadiyya Muslims Group)



Tunne Kelam (MEP Estonia & Vice-Chair of European Parliament Friends of Ahmadiyya Muslims Group) meeting with His Holiness



Phil Bennion (MEP West Midlands and member of European Parliament's South Asia Delegation) meeting with His Holiness



# પ્રસ્તાવના

તા. ૩ અને ૪ ડિસેમ્બર ૨૦૧૨ના રોજ હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામના પાંચમાં ઉત્તરાધિકારી તથા વિશ્વવ્યાપી અહેમદિયા મુસ્લિમ જમાઅતના વડા હઝરત મિરઝા મસરૂર અહેમદ સાહેબે બ્રસ્સલ્ઝમાં યૂરોપીયન પાર્લામેન્ટ ખાતે પોતાની પ્રથમ યાત્રા દરમ્યાન ૩૦ દેશોનું પ્રતિનિધિત્વ કરી રહેલ ૩૫૦ થી અધિક ગણમાન્ય અતિથિઓથી ભરેલ સભામાં એક મહત્વપૂર્ણ ઐતિહાસિક ભાષણ આપ્યું. આ સભાનું આયોજન ફ્રૈંડસ ઓફ અહેમદિયા મુસ્લિમ જે યૂરોપીયન પાર્લામેન્ટ ગ્રુપનો એક નવ નિર્માણ સંઘ છે ના અધ્યક્ષ ર્ડા. ચાર્લ્સ ટૈનક (MEP UK) દ્વારા કરવામાં આવ્યું હતું. આ યૂરોપીયન પાર્લામેન્ટના સભ્યોનો એક અખિલ યૂરોપીય તથા અખિલ પાર્ટી સંઘનો જેનું ગઠન યૂરોપીયન પાર્લામેન્ટમાં અહેમદિયા જમાઅતના વિકાસ કરવા અને યૂરોપ તથા વિશ્વના અન્ય ભાગોમાં આ જમાઅતના હિતોના સ્તર ઊંચા કરવાના હેતુથી કરવામાં આવ્યો છે. હઝરત મિરઝા મસરૂર અહેમદ સાહેબે પોતાની યાત્રા દરમ્યાન પાર્લામેન્ટના સભ્યો અને ઉચ્ચ અધિકારીઓ સાથે મુલાકાત લીધી.

આપની મુલાકાતમાં આ પ્રમાણેના લોકો સામેલ હતા.

**Dr. Charles Tannock** (MEP-UK)- Member of the European Parliament Foreign Affairs Committee, Member of the sub-Committee on Human Rights, Vice-Chair of the Parliamentary Delegation for relations with the NATO Parliamentary Assembly and Chair of the European Parliament Friends of Ahmadiyya Muslims Group.

**Tunne Kelam** (MEP- Estonia)- Member of the European Parliament's Foreign Affairs Committee, the Sub-Committee on Security and Defence and Vice-Chair of the European Parliament Friends of Ahmadiyya Muslims Group.

**Claude Moraes** (MEP-UK)- Vice-Chair of the Committee on Civil Liberties, Justice and Home Affairs, Deputy Leader of the European Parliamentary Labour Party and Vice-Chair of the European Parliament Friends of Ahmadiyya Muslims Group.

**Barbara Lochbihler** (MEP-Germany)- Chair of the European Parliament Sub-Committee on Human rights.

**Jean Lamdert** (MEP-UK)- Member of the European Parliament South Asia Delegation.

**Phil Bennion** (MEP-UK)- Member of the European Parliament South Asia Delegation and Chairman of the Lib – Dem European Group.

તા.૪ ડિસેમ્બર ૨૦૧૨ના રોજ મુખ્ય આયોજન તથા હઝરત ખલીફતુલ મસીહ પંજુમના મુખ્ય ભાષણથી પૂર્વ યૂરોપીયન પાર્લામેન્ટના પ્રેસ કક્ષમાં એક આંતરરાષ્ટ્રીય પ્રેસ કોન્ફ્રેન્સ જેમાં બ્રિટેન, સ્પેન, ફ્રાન્સ, બેલ્જિયમ, પાકિસ્તાન તથા અન્ય દેશોના પત્રકારો અને મીડિયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત હતા, જેમાં હુઝુરે

વિભિન્ન પત્રકારોના પ્રશ્નોના જવાબો આપ્યા. બી.બી.સી.ના પ્રતિનિધિનો એક પ્રશ્ન કે વિશ્વમાં ઈસ્લામની ભૂમિકા શું છે તેના જવાબમાં હુઝુરે કહ્યું કે ઈસ્લામનો "શાંતિનો સંદેશ" વિશ્વવ્યાપી છે. જેથી અમારો આદર્શ વાકય આ જ છે કે Love for all Hatred for none છે. સ્પેનના એક પત્રકારના પ્રશ્નના જવાબમાં હુઝુરે કહ્યું કે તમામ ધર્મોએ મૂળભૂત સંદેશ શાંતિનો જ આપ્યો છે આથી સાચા મુસલમાન તમામ અવતારો પર ઈમાન લાવે છે. પ્રત્યેક અવતારે આ જ સંદેશ આપ્યો છે કે અલ્લાહ એક જ છે. માલ્ટાના પત્રકારના એક પ્રશ્નનો જવાબ આપતાં હુઝુરે કહ્યું કે અહેમદી મુસલમાનનું આ કર્તવ્ય છે કે તેઓ માનવજાતને અલ્લાહની નિકટ લાવે અને વિશ્વની જનતાને એક બીજાના અધિકારોનું સમ્માન તથા રક્ષા હેતુ તેમના કર્તવ્ય પ્રત્યે જાગૃત કરે.

મુખ્ય સભાના આયોજન સમયે સભા સ્થળ શ્રોતાઓથી ખચોખચ ભરેલ હતો. યૂરોપીયન પાર્લામેન્ટ ફ્રેડસ ઓફ અહેમદિયા મુસ્લિમ ગ્રુપના અધ્યક્ષ તથા તમામ ઉપ અધ્યક્ષ વિશ્વવ્યાપી અહેમદિયા મુસ્લિમ જમાઅતના વડા હઝરત મિરઝા મસરૂર અહેમદ સાહેબનું સ્વાગત કરવા માટે સ્ટેજ સુધી આવ્યા. માર્ટિન શુલ્ઝ MEP તથા યૂરોપીયન પાર્લામેન્ટના અધ્યક્ષ ખાસ કરીને મુલાકાત માટે આવ્યા. હુઝુરના મુખ્ય ભાષણ પહેલા યૂરોપીયન પાર્લામેન્ટના અનેક સભ્યોએ સભાને સંબોધન કરતાં અહેમદિયા મુસ્લિમ જમાઅત દ્વારા જાહેર શાંતિપૂર્ણ ઈસ્લામ વિશે પ્રશંસા વ્યકત કરી. ડૉ. ચાર્લ્સ ટૈનિક MEP તથા યૂરોપીયન પાર્લામેન્ટ ફ્રેડસ ઓફ

અહેમદિયા મુસ્લિમ ગ્રુપના અધ્યક્ષે કહ્યું કે અહેમદી મુસલમાન વિશ્વમાં સહનશીલતાનો એક અભિનંદનીય ઉદાહરણ છે.

વિશ્વવ્યાપી અહેમદિયા મુસ્લિમ જમાઅતના વડા તથા ખલીફ઼તુલ મસીહ હઝરત મિરઝા મસરૂર અહેમદ સાહેબનું ઐતિહાસિક ભાષણ પાઠકો માટે પ્રસ્તુત કરવામાં આવે છે.

# શાંતિની ચાવી - વૈશ્વિક એકતા

بسم اللہ الرحمن الرحیم

તમામ આદરણીય મહેમાનો !

અસ્સલામો અલૈકુમ વ રહમતુલ્લાહે વ બરકાતોહૂ.

સૌથી પહેલાં હું આ સભાના આયોજકોનું આભાર વ્યકત કરૂ છું જેમણે મને યૂરોપીયન પાર્લામેન્ટમાં આપ લોકોને સંબોધન કરવાનો અવસર આપ્યો. હું વિભિન્ન દેશોના તમામ પ્રતિનિધિ મંડળો તથા અન્ય અતિથિઓનું પણ ધન્યવાદ કરવા માંગું છું જે ખુબ જ પ્રયાસ કરીને આ સભામાં પધાર્યા છે.

જે લોકો અહેમદિયા મુસ્લિમ જમાઅતથી સારી રીતે પરિચિત છે અથવા જે આ જમાઅતથી પૂર્ણતઃ પરિચિત નથી તથા જેમના વ્યકિતગત સ્તર પર અહેમદીઓ સાથે સંબંધ છે, તે તમામ આ વાત સંપૂર્ણ રીતે જાણે જ છે કે અમે એક જમાઅતના રૂપમાં શાંતિ તથા સુરક્ષાની સ્થાપના હેતુથી સતત વિશ્વનું ધ્યાન આકર્ષિત કરીએ છીએ. નિ:સંદેહ અમે આ ઉદ્દેશોની પૂર્તિ માટે પોતાના ઉપલબ્ધ સાધનો દ્વારા ખુબ જ પ્રયત્ન કરીએ છીએ.

અહેમદિયા જમાઅતના વડા તરીકે મને જ્યારે પણ અવસર મળે છે નિયમિત રૂપથી આ સમસ્યાઓ વિશે વાત કરૂ છું. શાંતિ અને પરસ્પર પ્રેમની જરૂરીયાત વિશે વાત કરવાનું કારણ એ નથી કે અહેમદિયા મુસ્લિમ જમાઅત કોઈ નવું શિક્ષણ રજુ કરે છે. નિ:સંદેહ અહેમદિયા જમાઅતના સંસ્થાપકના આગમનનું એક મુખ્ય ઉદ્દેશ શાંતિ અને સૌહાર્દની સ્થાપના છે. સત્ય એ છે કે અમારા બધા જ કર્મ અને કાર્ય તે શિક્ષણ અનુસાર છે જે ઈસ્લામના સંસ્થાપક હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ પર ઉતર્યુ હતું.

હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમના યુગના ૧૪૦૦ વર્ષ ઉપરાંત દુર્ભાગ્યવશ અધિકતર મુસલમાનોએ આપની લાવેલ પવિત્ર તાલીમને ભૂલી ગયા. આથી હઝરત મુહમ્મદ સ.અ.વ.ની ભવિષ્યવાણી અનુસાર અલ્લાહે ઈસ્લામને પુન: જીવિત કરવા માટે હઝરત મિરઝા ગુલામ અહેમદ સાહેબ કાદિયાની સંસ્થાપક અહેમદિયા મુસ્લિમ જમાઅતને મોકલ્યા. મારો તમોને અનુરોધ છે કે જ્યારે હું શાંતિ અને સમન્વય તથા એકતાના પ્રોત્સાહન વિશે ઈસ્લામી શિક્ષણનું વર્ણન કરૂ તો આપ સૌ તેને પોતાની સામે રાખે.

હું આ પણ વર્ણન કરવા માંગુ છું કે શાંતિ અને સુરક્ષાના અનેક રૂપ અને પક્ષો છે. પ્રત્યેક પક્ષ પોતાની પરિધિમાં મહત્વપૂર્ણ છે પરંતુ તેની સાથે એક પક્ષનો બીજા પક્ષ સાથે અંતરાલ તેનાથી પણ અધિક મહત્વ રાખે છે. ઉદાહરણ તરીકે સમાજમાં શાંતિનો મૂળ આધાર એક પરિવારની આંતરિક શાંતિ અને સૌહાર્દ છે. એક

પરિવારની આંતરિક સ્થિતિ માત્ર તે જ પરિવાર સુધી સીમિત નથી રહેતી બલ્કે તેનો પ્રભાવ તે ક્ષેત્રમાં વિશેષ શાંતિ પર પણ પડે છે અને પરિણામે આ સ્થિતિ આખા શહેરની શાંતિને પણ અસર કરે છે. જો પરિવારમાં અવ્યવસ્થા હશે તો સ્થાનિક ક્ષેત્ર પર તેનો ખુબ અસર પડશે અને અંતે તેની ખરાબ અસર સમગ્ર વિસ્તાર અથવા શહેર પર પણ પડશે. આમ, એક વિસ્તાર અથવા શહેરની પરિસ્થિતિ સમગ્ર દેશની શાંતિને પ્રભાવિત કરે છે અને પછી સમગ્ર વિશ્વની શાંતિ અને એકતાને પણ અસર કરે છે. આથી આ સ્પષ્ટ છે કે જો આપ શાંતિના એક પક્ષ પર પણ ચર્ચા કરવા માંગો તો આપને ખબર પડી જશે કે આની પરિધિ મર્યાદિત રાખી શકાય તેમ નથી. બલ્કે તેનો ક્ષેત્ર વિસ્તૃત થતો જાય છે. તેવી જ રીતે આપણે જોઈએ છીએ કે જ્યાં પણ શાંતિનો અભાવ હોય છે ત્યાં તે સમસ્યાનો ઉકેલ લાવવા માટે વર્તમાન પરિસ્થિતિઓ તથા શાંતિ અને સુરક્ષાના તે પક્ષોનું જેનું ઉલ્લંઘન કરવામાં આવ્યો છે તેને સામે રાખતાં વિવિધ પ્રકારના ઉપાયો કરવા પડે છે. જો આપણે આ વાતોને સામે રાખીશું તો સ્પષ્ટ છે કે આના પર પૂર્ણ ચર્ચા કરવા અને આ સમસ્યાઓનું સમાધાન શોધવા માટે જે સમય ઉપલબ્ધ છે તેનાથી પણ અધિક સમયની જરૂરીયાત છે. તો પણ હું ઈસ્લામના વાસ્તવિક ઉપદેશોના અમુક પાસાઓ રજુ કરવાનો પ્રયત્ન કરીશ.

આધુનિક યુગમાં આપણે જોઈએ છીએ કે ઈસ્લામ પર ઘણાં બધા આરોપ લગાવવામાં આવે છે અને દુનિયાની અશાંતિ અને ફસાદનો આરોપ ધર્મના માથે થોપવામાં આવે છે. જ્યારે કે ઈસ્લામ શબ્દનો અર્થ જ શાંતિ અને સલામતી છે અને ઈસ્લામ એક એવો ધર્મ

છે જેણે શાંતિ સ્થાપના માટે વિશેષ માર્ગદર્શન આપ્યું છે અને તે હેતુની પૂર્તિ માટે અમુક નિયમ સ્પષ્ટ કર્યા છે તો પણ ઈસ્લામ પર એવા આરોપ લગાવવામાં આવે છે. ઈસ્લામની વાસ્તવિક અને શાંતિપૂર્ણ તાલીમની એક ઝલક તમારી સામે પ્રસ્તુત કરૂં તે પહેલાં હું વિશ્વની વર્તમાન સ્થિતિ પર એક સંક્ષિપ્ત નજર નાખવા માંગું છું. મને વિશ્વાસ છે કે તમે પહેલાંથી જ આ પરિસ્થિતિઓથી સારી રીતે પરિચિત હશો તો પણ હું તેનું વર્ણન ચાહું છું જેથી જ્યારે હું શાંતિ અને એકતા વિશે ઈસ્લામી તાલીમ રજુ કરું તો તમે તેને સામે રાખી શકો. આપણે સૌ આ વાતને જાણીએ છીએ અને સ્વીકાર પણ કરીએ છીએ કે અત્રે દુનિયા એક વિશ્વ ગ્રામ બની ગયું છે. આપણે સૌ અનેક પ્રકારના સાધનો દ્વારા, ચાહે તે યાતાયાતના આધુનિક સાધનો હોય, ચાહે પ્રચાર પ્રસારના સાધનો તથા ઈન્ટરનેટ હોય અથવા કોઈ અન્ય સાધનો હોય, પરસ્પર જોડાયેલા છીએ. આ બધા સાધનોના કારણે વિશ્વના દેશો પહેલાંથી અધિક નજીક આવી ગયા છે. આપણે એ પણ જોઈએ છીએ કે વિશ્વના પ્રમુખ દેશોમાં પ્રત્યેક જાતિ ધર્મ અને વિભિન્ન નાગરિકતા ધરાવતા લોકો વસવાટ કરે છે અને પરસ્પર મળીને રહે છે. નિ:સંદેહ ઘણાં બધા દેશોમાં વિદેશી પ્રવાસીઓની એક મોટી સંખ્યા છે. આ પ્રવાસીઓ હવે તે દેશોમાં કાયમી ત્યાંના સમાજનો ભાગ બની ગયા છે ત્યાંની સરકાર અથવા સ્થાનિક નિવાસીઓ દ્વારા ખસેડવા ખુબ જ મુશ્કેલ બલ્કે અસંભવ છે. જેથી વિદેશી પ્રવાસીઓના અગમન પર રોક લગાવવા માટે પ્રયાસ કરવામાં આવે છે અને પ્રતિબંધ પણ લગાવ્યો છે. તો પણ હજુ એવા વિભિન્ન માર્ગો છે જેના દ્વારા એક દેશનો નાગરિક કોઈ

અન્ય દેશમાં પ્રવેશ કરી શકે છે. જો અવૈધ પ્રવાસને એક બાજુ મુકી દઈએ તો નિ:સંદેહ કેટલાંક એવા આંતરરાષ્ટ્રીય નિયમ મોજૂદ છે જેના દ્વારા તે લોકોને સહાયતા આપવામાં આવે છે. જે ઉચિત કારણોથી પોતાનો દેશ છોડવા પર મજબૂર થઈ જાય છે.

આપણે એ પણ જોઈએ છીએ કે વિશાળ સ્તર પર લોકોના પ્રવાસના પરિણામે અમુક દેશોમાં ચિંતા અને બેચૈની ફેલાય રહી છે. તેની જવાબદારી બંને પક્ષો, પ્રવાસીઓ અને સ્થાનિક નાગરિકો પર છે. એક તરફ કેટલાક પ્રવાસીઓ સ્થાનિક લોકોને ઉત્તેજિત કરે છે તો બીજી તરફ કેટલાક સ્થાનિક નિવાસીઓ અસહનશીલતા અને અનુદારતાનું પ્રદર્શન કરે છે. ઘણી વાર ધૃણાની આ જ્વાળા ભયંકર રૂપ ધારણ કરી લે છે. ખાસ કરીને અમુક મુસ્લિમ પ્રવાસીઓના પ્રતિકૂળ વ્યવહારની પ્રતિક્રિયામાં પશ્ચિમી દેશોના સ્થાનિક નાગરિકો તરફથી વિશેષ રૂપથી ઈસ્લામ વિરૂદ્ધ ધૃણા અને વૈમનસ્યની ભાવનાનું પ્રદર્શન કરવામાં આવે છે. આ રોષ અને પ્રતિક્રિયા માત્ર મર્યાદિત સ્તર પર જ નથી રહેતી બલ્કે આ તેની ચરમ સીમા સુધી પહોચી શકે છે અને પહોચે પણ છે. આથી પશ્ચિમી દેશોના નેતા નિયમિત રૂપથી આ સમસ્યાઓ વિશે ચર્ચા કરતાં રહે છે.

એટલા માટે જ અમુક વાર આપણે જોઈએ છીએ કે જર્મની ના ચાન્સલર મુસલમાનોને જર્મનીનો અભિન્ન અંગ બનાવે છે. યૂ.કે.ના પ્રધાનમંત્રી આ વાતની જરૂરીયાત પર જોર આપે છે કે મુસલમાનોને સમાજનો અભિન્ન અંગ બનાવવા જોઈએ અને અમુક દેશના નેતાઓએ તો મુસલમાનોને ચેતવણી પણ આપી દીધી છે.

આંતરિક વિવાદની સ્થિતિ જો વધુ નથી બગડી રહી તો પણ નિશ્ચિત રૂપથી આ ચિંતાનો વિષય બની ચુકી છે. આ સમસ્યાઓ બગડીને શાંતિના વિનાશનું કારણ બની શકે છે. આમાં કોઈ સંદેહ નથી કે આ વિવાદોનો અસર માત્ર પશ્ચિમી દેશો સુધી જ મર્યાદિત ન રહેશે બલ્કે તેનાથી સમગ્ર વિશ્વ અને ખાસ કરીને મુસ્લિમ દેશ આનાથી પ્રભાવિત થશે. આથી સ્થિતિમાં સુધાર પૈદા કરવા તથા શાંતિને પ્રોત્સાહન આપવા માટે જરૂરી છે કે તમામ વર્ગ એકત્ર થઈ કાર્ય કરે. સરકારોએ એવી નીતિઓ બનાવવી જોઈએ જેનાથી શાંતિની સ્થાપના થાય અને પ્રત્યેક વ્યકિતની સુરક્ષા થાય અને અન્ય લોકોની ભાવનાને ઠેસ પહોચાડવા અથવા તેમને કોઈ પણ પ્રકારની હાનિ પહોચાડવા જેવી ગતિવિધિઓને ગૈર કાનૂની ઘોષિત કરવી જોઈએ.

પ્રવાસી નાગરિકો વિશે આ કહેવા માંગું છું કે તેઓ સ્થાનિક સમાજ અને લોકોના અભિન્ન અંગ બનવાની ઈચ્છાથી કોઈ દેશમાં પ્રવેશ કરે તો સ્થાનિક લોકોએ ઉદારતા અને સહનશીલતાનું પ્રદર્શન કરવું જોઈએ. તે સિવાય આ વાત પણ છે કે ફકત મુસલમાનો પર અમુક પ્રતિબંધ લગાવવાથી શાંતિ સ્થાપના નથી થઈ શકતી કેમકે માત્ર આ દ્વારા લોકોના વિચારોમાં પરિવર્તન નથી લાવી શકતા. આ માત્ર મુસલમાનો માટે જ વિશેષ નથી બલ્કે કોઈ પણ વ્યકિત પર જો તેમના ધર્મ અને આસ્થા પર પ્રતિબંધ લગાવવામાં આવે તો તેની પ્રતિક્રિયાનું પરિણામ ગંભીર રૂપથી શાંતિ ભંગ થશે. જેવું કે હું પહેલા વર્ણન કરી ચુકયો છું કે અમુક દેશોમાં વિવાદ વધી રહ્યો છે ખાસ કરીને પ્રવાસી અને સ્થાનિક લોકો વચ્ચે. આ સ્પષ્ટ છે કે બંને

પક્ષોમાં સહનશીલતાનો અભાવ પૈદા થઈ રહ્યો છે. યૂરોપીયન નેતૃત્વએ આ વાસ્તવિકતા સ્વીકાર કરવી જોઈએ અને સમજવું જોઈએ કે ધાર્મિક સંમાન અને પરસ્પર સહનશીલતાની સ્થાપના તેમનું કર્તવ્ય છે. પ્રત્યેક યૂરોપીયન દેશમાં આંતરિક રૂપથી અને યૂરોપીયન તથા મુસ્લિમ દેશો વચ્ચે સૌહાર્દના વાતાવરણને પ્રોત્સાહિત કરવા માટે આ ખુબ જરૂરી છે જેથી વિશ્વમાં શાંતિ ભંગ ન થાય.

હું આ સ્વીકાર કરૂ છું કે આ વિવાદો અને મતભેદોનું કારણ કેવળ ધર્મ કે આસ્થા નથી અને ન આ પશ્ચિમી તથા મુસ્લિમ દેશો વચ્ચે મતભેદોનો સવાલ છે. જ્યારે કે અશાંતિનું મુખ્ય કારણ આંતરરાષ્ટ્રીય આર્થિક કટોકટી છે. જ્યારે આર્થિક કટોકટી ન હતી તો કોઈને પણ પ્રવાસીઓના આગમન વિશે ચિંતા ન હતી પરંતુ હવે સ્થિતિ બદલાઈ ગઈ છે જે આ વર્તમાન વિવાદનું કારણ છે. તેનો યૂરોપ દેશોના પરસ્પર સંબંધો પર પણ અસર પડયો છે અને કેટલાક યૂરોપીય દેશોના લોકોમાં પરસ્પર રોષ અને ક્રોધની ભાવના સતત વધી રહી છે. આ જ સ્થિતિ પ્રત્યેક સ્થળે જોઈ શકાય છે.

યૂરોપી સંઘનું ગઠન યૂરોપીય દેશોની મહત્વપૂર્ણ ઉપલબ્ધિ છે. કેમકે તે આ મહાદ્વીપની એકતાનું એક સાધન છે. આથી આપ તમામે પરસ્પર અધિકારોનું સમ્માન કરી આ એકતાની સુરક્ષા માટે ખુબ પ્રયાસ કરવો જોઈએ. સામાન્ય જનતામાં જે ચિંતા અથવા ભય છે તેનું નિવારણ કરવું જોઈએ. એક બીજાના સમાજ માટે આપે પરસ્પર એક બીજાની ઉચિત અને વાસ્તવિક માંગો સ્વીકારવા માટે

તૈયાર રહેવું જોઈએ. નિ:સંદેહ આ પણ જરૂરી છે કે પ્રત્યેક દેશની જનતાની માંગો ઉચિત અને ન્યાય પર આધારિત હોય.

યાદ રહે કે એકતામાં અને એકત્ર રહેવામાં યૂરોપની સત્તા નિહિત છે. આ એકતા ન કેવળ યૂરોપમાં લાભદાયક થશે બલ્કે આંતરરાષ્ટ્રીય સ્તર પર આ મહાદ્વિપને પોતાની શકિત અને પ્રભાવ સ્થાપિત કરવામાં સહાયક થશે. સત્ય તો એ છે કે જો ઈસ્લામી દ્રષ્ટિકોણથી જોઈએ તો આપણને સમગ્ર વિશ્વની એકતા માટે સંઘર્ષ અને પ્રયાસ કરવો જોઈએ. આખા વિશ્વમાં currency એક સમાન હોવી જોઈએ. વ્યાપાર અને વાણિજ્યની દ્રષ્ટિથી વિશ્વે એક થવું જોઈએ અને પ્રવાસ તથા સ્વતંત્ર સ્થાળાંતર વિશે સમાનતા અને એકતા પર આધારિત વ્યવહારિક નીતિઓ બનાવવી જોઈએ જેના દ્વારા સમગ્ર વિશ્વ એક થઈ જાય. સારાંશ એ કે તમામ દેશોએ પરસ્પર એક બીજાની મદદ કરવી જોઈએ. અનેકતાના સ્થાને એકતા હોવી જોઈએ.

જો આ નીતિઓનું અનુસરણ કરવામાં આવે તો જલ્દી જ વર્તમાન વિવાદોનું અંત આવશે. અને શાંતિ તથા પરસ્પર સમ્માનની ભાવના સ્થાપિત થશે પરંતુ શર્ત એ છે કે પ્રત્યેક દેશ વાસ્તવિક ન્યાયના માર્ગ ઉપર ચાલે અને પોતાના કર્તવ્ય સમજે. મારે ખુબ ખેદથી આ કહેવું પડે છે કે આ એક ઈસ્લામી તાલીમ છે તો પણ મુસ્લિમ દેશ પરસ્પર એકત્ર થવામાં નિષ્ફળ છે. જો મુસ્લિમ દેશ એકત્ર થઈ પરસ્પર સહયોગ કરતાં તો તેમણે પોતાની આંતરિક સમસ્યાઓના સમાધાન અને આવશ્યતાઓની પૂર્તિ માટે હંમેશા પશ્ચિમી દેશોથી મદદ ન લેવી પડતી.

હવે હું વિશ્વમાં સ્થાયી શાંતિ સ્થાપના વિશે વાસ્તવિક ઈસ્લામી શિક્ષણનું વર્ણન કરીશ. સૌથી પહેલા એ કે ઈસ્લામનો આ મૂળભૂત સિદ્ધાંત છે કે સાચો મુસલમાન તે છે જેની જુબાન અને હાથથી અન્ય તમામ શાંતિ પ્રિય લોકો સુરક્ષિત રહે. આ છે એક મુસલમાનની પરિભાષા જે હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમએ વર્ણવી છે. આ મૂળ અને સુંદર સિદ્ધાંત સાંભળ્યા પછી શું ઈસ્લામ પર કોઈ આરોપ લગાવી શકાય ખરૂ? કદાપી નહી. ઈસ્લામ આ શિક્ષણ આપે છે કે ફકત તે લોકો સજાને પાત્ર છે જે પોતાની જુબાન અને હાથથી અત્યાચાર અને ધૃણા ફેલાવે છે. આથી સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તર પર જો તમામ વર્ગ આ સ્વર્ણિમ સિદ્ધાંતની સીમાનું ઉલ્લંઘન ન કરતાં તો કયારેય ધાર્મિક અવ્યવસ્થાની સ્થિતિ ઊભી ન થતી, કયારેય રાજકીય વિવાદ ઊભા ન થતા અને ન સત્તા મેળવવાની ઈચ્છા અને લાલચનું કારણ ઉત્પન્ન થાત. જો આ ઈસ્લામી સિદ્ધાંતોનું અનસરણ કરવામાં આવે તો રાષ્ટ્રીય સ્તર પર સામાન્ય જનતા એક બીજાના અધિકારોની રક્ષા અને ભાવનાઓનું સમ્માન કરશે અને સરકારો પોતાના સ્તર પર તમામ નાગરિકોની સુરક્ષા માટે પોતાના કર્તવ્યો પુરા કરશે. તેવી જ રીતે આંતરરાષ્ટ્રીય સ્તર પર પ્રત્યેક દેશ અન્ય દેશ સાથે સાચી સહાનુભૂતિ અને દયાની ભાવનાથી સહયોગ કરશે.

એક અન્ય મુખ્ય સિદ્ધાંત જે ઈસ્લામ આપણને શીખવાડે છે તે એ છે કે તમામ વર્ગો માટે અનિવાર્ય છે કે તેઓ શાંતિ સ્થાપના માટે પોતાના પ્રયાસોથી તેઓ કદાપી કોઈ પ્રકારનું ગૌરવ અથવા અભિમાન ન કરે. હઝરત મુહમ્મદ સ.અ.વ.એ પૂર્ણ રૂપથી આ સ્પષ્ટ

કરી દીધું છે કે ન કોઈ કાળાને કોઈ ગોરા પર અને ન કોઈ ગોરાને કાળા પર કોઈ શ્રેષ્ઠતા પ્રાપ્ત છે. ન કોઈ યૂરોપ વાસીને કોઈ અન્ય દેશના નાગરિક પર અને ન આફ્રિકા,એશિયા અથવા વિશ્વના કોઈ અન્ય ભાગના નાગરિકને કોઈ યૂરોપવાસી પર કોઈ શ્રેષ્ઠતા પ્રાપ્ત છે. રાષ્ટ્રીયતા, રંગ અથવા જાતિનો અંતર ફકત ઓળખ માટે છે.

હકીકત આ છે કે વર્તમાન યુગમાં આપણે બધા એક બીજા પર નિર્ભર છીએ. આજે યૂરોપ અને સંયુકત રાજ્ય અમેરીકા જેવી મોટી સત્તા પણ બીજાથી પૂર્ણતઃ અલગ રહી જીવિત નથી રહી શકતી. આફ્રિકી દેશ અલગ રહી સમૃદ્ધ બનવાની આશા નથી રાખી શકતો અને તેવી જ રીતે એશિયાઈ દેશો અથવા વિશ્વના અન્ય દેશોના નિવાસી શેષ દુનિયાથી અલગ રહી સમૃદ્ધ નથી બની શકતા. ઉદાહરણ તરીકે જો તમે પોતાની આર્થિક સ્થિતિને વિકસિત અને પ્રગતિશીલ બનાવવાના ઈચ્છુંક છો તો આપે આંતરરાષ્ટ્રીય વ્યાપારને સ્વીકાર કરવા માટે તૈયાર રહેવું જોઈએ. વર્તમાન દુનિયા કેવી રીતે આંતરિક રૂપથી પરસ્પર જોડેયેલ છે, આ વાત આ ઉદાહરણથી સારી રીતે સ્પષ્ટ થઈ જાય છે કે પાછલા કેટલાક વર્ષો માં ઉત્પન્ન યૂરોપીય અથવા વૈશ્વિક આર્થિક કટોકટીનો પ્રતિકૂળ પ્રભાવ પ્રત્યેક દેશ પર કોઈને કોઈ રૂપમાં પડયો છે. તેવી જ રીતે વિજ્ઞાન તથા અન્ય ક્ષેત્રોમાં ઉન્નતિ અને કૌશલ પ્રાપ્ત કરવા માટે પ્રત્યેક દેશે એક બીજા સાથે અનિવાર્ય રૂપથી સહયોગ કરવો પડે છે.

આપણે આ યાદ રાખવું જોઈએ કે અલ્લાહ તઆલાએ દુનિયાના તમામ લોકોને ચાહે તે આફ્રિકાના હોય કે યૂરોપ અથવા એશિયા કે કોઈ અન્ય દેશના હોય, મહાન બૌદ્ધિક શકિતઓ તથા

યોગ્યતાઓ આપી છે. જો તમામ વર્ગો અલ્લાહે આપેલ યોગ્યતાઓને માનવજાતિની ભલાઈ માટે યથાસંભવ ઉપયોગ કરે તો આ વૈશ્વિક શાંતિનું કેન્દ્ર બની શકે છે. જો વિકસિત દેશ વિકાસશીલ અથવા અલ્પ વિકસિત દેશોની ઉન્નતિ તથા પ્રગતિને અવરોધિત કરવાનો પ્રયાસ કરશે અને તેમના દેશોના પ્રભાવશાળી અને યોગ્ય લોકોને ઉચિત અવસર ઉપલબ્ધ ન કરાવશે તો નિઃસંદેહ શંકા અને ચિંતા વધશે અને તેના પરિણામે ઉત્પન્ન થનાર અશાંતિ આંતરરાષ્ટ્રીય શાંતિ તથા સલામતીનો વિનાશ કરી નાખશે.

શાંતિના વિકાસ માટે ઈસ્લામે બીજો સિદ્ધાંત આ રજુ કર્યો છે કે આપણે બીજા પ્રત્યે અન્યાય સહન ન કરવો જોઈએ. જે રીતે આપણે પોતાના અધિકારોનું હનન નથી થવા દેતા ઠીક તેવી જ રીતે આપણે બીજાના અધિકારોના હનનને પણ સહન ન કરવું જોઈએ. ઈસ્લામનો આ ઉપદેશ છે કે જો કોઈ પ્રતિશોધ લેવું જરૂરી હોય તો તે કરવામાં આવતા અત્યાચાર પ્રમાણે જ હોવો જોઈએ. પરંતુ જો ક્ષમા કરવાથી સુધાર થતો હોય તો આ વિકલ્પ અપનાવવો જોઈએ. સુધાર, સુલેહ અને કાયમી શાંતિની સ્થાપના જ વાસ્તવિક અને મુખ્ય હેતુ હોવું જોઈએ. પરંતુ વાસ્તવમાં વર્તમાન યુગમાં શું થઈ રહ્યું છે? જો કોઈ અપરાધ કે અન્યાય કરે છે તો પીડિત વ્યકિત આ રૂપમાં પ્રતિશોધ લેવા ઈચ્છે છે કે તેના પર કરવામાં આવેલ મૂળ અન્યાય અથવા અત્યાચારની તુલનામાં ખુબ અધિક હોય.

આ જ સ્થિતિ ઈઝરાયેલ અને ફિલસ્તીનના વિવાદમાં આજે આપણે જોઈએ છીએ. વિશ્વની મોટી સત્તાઓએ પ્રત્યક્ષ રૂપથી સીરિયા, લીબિયા અને મિસ્રની પરિસ્થિતિઓ પર પોતાનો રોષ અને

ચિંતા જાહેર કરી છે જ્યારે કે આ કહી શકાય છે કે મૂળ રૂપમાં આ તેમના દેશના આંતરિક મામલાઓ છે પરંતુ આ મોટી સત્તાઓ, એવું લાગે છે કે ફિલસ્તીનની જનતા પ્રત્યે થોડી પણ ચિંતા નથી અથવા એટલા ચિંતિત નથી કે જેટલું હોવું જોઈએ. આ પ્રકારના માપદંડોના કારણે મુસ્લિમ દેશોની પ્રજામાં વિશ્વની મોટી સત્તાઓ પ્રત્યે દ્વેષ અને રોષની ભાવનામાં વૃદ્ધિ થઈ રહી છે. આ રોષ અને શત્રુતા ખુબ હાનિકારક છે અને કોઈ પણ સમયે આ પોતાની ચરમ સીમા સુધી પહોંચી વિધ્વંસનું કારણ બની શકે છે. તેનું પરિણામ શું થશે? વિકાસશીલ દેશોને તેનાથી કેટલું નુકસાન થશે? શું તેઓ જીવિત રહેવાને યોગ્ય હશે? વિકસિત દેશો પર તેનો કેટલી હદ સુધી પ્રભાવ પડશે? ફકત અલ્લાહ જ આ પ્રશ્નનો ઉત્તર જાણે છે. ન હું આ પ્રશ્નનો ઉત્તર આપી શકું છું અને ન કોઈ અન્ય. એક વાત જે નિશ્ચિત છે તે આ કે વૈશ્વિક શાંતિનો વિનાશ થઈ જશે.

યાદ રહે કે હું કોઈ પણ દેશનો સમર્થન નથી કરી રહ્યો. હું કેવળ આ કહેવા માંગું છું કે અત્યાચારના પ્રત્યેક રૂપનો ચાહે તે ગમે ત્યાં હોય તેનો ઉન્મૂલન કરવું જોઈએ અને તેનો અંત કરવામાં આવે. ચાહે અત્યાચાર ફિલસ્તીનની જનતા કરી રહી હોય કે ઈઝરાયેલના લોકો કરી રહ્યા હોય અથવા કોઈ અન્ય દેશના લોકો કરી રહ્યા હોય અત્યાચારનો અંત થવો જોઈએ કેમકે જો તેમને રોકવામાં ન આવ્યા તો ધૃણાની જ્વાળા સમગ્ર વિશ્વને પોતાની લપેટમાં તે સીમા સુધી લઈ લેશે કે સામાન્ય જનતા જલ્દી જ વર્તમાન આર્થિક કટોકટીને ભૂલી જશે અને તેના સ્થાને તેમણે ખુબ જ અધિક ભયંકર

પરિસ્થિતિઓથી જૂઝવું પડશે. એટલા વિશાળ સ્તર પર જાન હાનિ થવાની આશંકા છે કે જેની આપણે કલ્પના પણ નથી કરી શકતા.

આથી યૂરોપીય દેશો, જેમણે દ્વિતીય વિશ્વ યુદ્ધમાં મોટું નુકસાન ઉઠાવ્યું છે, માટે તેમનું કર્તવ્ય છે કે તેઓ અતીતના વિનાશથી સીખ હાંસેલ કરે અને વિશ્વને વિનાશથી બચાવે. તેના માટે તેમણે ન્યાયની માંગને પૂર્ણ કરવું પડશે અને પોતાના કર્તવ્યો સમજવા માટે તૈયાર રહેવું પડશે.

ઈસ્લામે નિષ્પક્ષ અને ન્યાયપૂર્ણ ઢંગથી વ્યવહારની જરૂરીયાત પર ખુબ ભાર મુકયો છે. ઈસ્લામ આ શિક્ષણ આપે છે કે કોઈ પણ વર્ગને અનુચિત રૂપથી શ્રેષ્ઠતા કે પ્રધાનતા ન આપવામાં આવે અને ન કોઈને અનુચિત સમર્થન આપવામાં આવે. એવું હોવું જોઈએ કે આરોપી ચાહે તે કેટલો પણ વિશાળ અને શકિતશાળી કેમ ન હોય આ યાદ રાખવું જોઈએ કે જો તે કોઈ દેશ વિરૂદ્ધ અન્યાય પૂર્ણ કાર્યવાહી કરવાનો પ્રયાસ કરશે તો આંતરરાષ્ટ્રીય સમુદાય તેમને આ પ્રકારની અનુમતિ ન આપશે. જો સંયુકત રાષ્ટ્રના તમામ દેશ, યૂરોપીય સંઘથી લાભ મેળવનાર તમામ દેશ તથા તે દેશો જે મહાશકિતઓના પ્રભાવાધિન છે અને અવિકસિત દેશ આ સિદ્ધાંતને સ્વીકાર કરવા માટે તૈયાર થશે તો જ શાંતિનો ઉદય થશે.

એક અન્ય વાત એ કે વાસ્તવિક રૂપથી ન્યાય ત્યારે જ સ્થાપિત થશે જો સંયુકત રાષ્ટ્ર સંઘમાં વીટો શકિત અધિકૃત દેશોને આ વાતનો અનુભવ થઈ જાય કે તેઓ પોતાની કાર્યવાહી પ્રત્યે જવાબદાર થશે. હું આમાં પણ સ્પષ્ટ રીતે કહેવા માંગું છું કે વીટો શકિતનો અધિકાર શાંતિ સ્થાપનામાં કદાચ સહાયક સિદ્ધ ન થઈ

શકે કેમકે આ સ્પષ્ટ છે કે તમામ દેશો એક સમાન સ્તર પર નથી. આ વર્ષના પ્રારંભમાં પણ મેં સંયુકત રાજ્ય અમેરીકાના કેપીટલ હીલમાં રાજનેતાઓ તથા નીતિ નિર્માતાઓની એક સભામાં સંબોધન કરતા આ તથ્યનું વર્ણન કર્યુ હતું. જો આપણે સંયુકત રાષ્ટ્ર સંઘમાં મતદાનના ઈતિહાસનું અધ્યયન કરીએ તો જાણવા મળશે કે વીટો શકિતનો ઉપયોગ હંમેશા પીડિત દેશો અથવા ન્યાયસંગત કાર્યવાહી કરનાર દેશોની સહાયતા માટે નથી કરવામાં આવ્યો. વાસ્તમાં આપણને જાણવા મળે છે કે અમુક પ્રસંગે અત્યાચારને રોકવાના સ્થાને તેની સહાયતા કરવા હેતુ વીટો શકિતનો દુરૂપયોગ કરવામાં આવ્યો. આ કોઈ ગુપ્ત કે અજાણ વાસ્તવિકતા નથી. ઘણા બધા નિરીક્ષકો નિર્ભતાપૂર્વક આ વાતને વર્ણન કરે છે અથવા લખે છે.

ઈસ્લામનો એક સુંદર સિદ્ધાંત એ છે કે સમાજમાં શાંતિ સ્થાપના માટે ક્રોધ પર કાબૂ રાખવામાં આવે, ન કે તેને ન્યાય અને ઈમાનદારીના સિદ્ધાંતો ઉપર વિજય થવા દેવામાં આવે. ઈસ્લામનો પ્રારંભિક ઈતિહાસ આ વાતનો સાક્ષી છે કે સાચા મુસલમાનોએ હંમેશા આ સિદ્ધાંતનું પાલન કર્યુ છે અને જેમણે તેનું પાલન નથી કર્યુ હઝરત મુહમ્મદ સ.અ.વ.એ તેમની ઘોર નિંદા કરી પરંતુ દુર્ભાગ્યવશ આજે એવું નથી થતું એવી ઘટનાઓ મૌજૂદ છે કે સૈનિકો અથવા સિપાહીઓએ જેમને શાંતિ સ્થાપના માટે મોકલવામાં આવે છે તેઓ એવા કામ કરે છે જે તેમના નિર્દિષ્ટ ઉદ્દેશ્યથી ઉલટ હોય છે. ઉદાહરણ તરીકે કેટલાક દેશોમાં વિદેશી સૈનિકોએ વિરોધીઓના મૃતદેહ સાથે અત્યંત અપમાન જનક અને

ધૃણાત્મક ઢંગથી દુવ્યવહાર કર્યો તો શું આ પ્રકારના કૃત્યોથી શાંતિ સ્થાપના થઈ શકે છે ? એવી ઘટનાઓની પ્રતિક્રિયા કેવળ પીડિત દેશ સુધી જ સીમિત નથી રહેતી બલ્કે સમગ્ર વિશ્વમાં તેનું પ્રદર્શન થાય છે. નિ:સંદેહ જ્યારે મુસલમાનો સાથે ખરાબ વર્તન કરવામાં આવે છે તો ઉગ્ર સ્વભાવના મુસલમાન, જ્યારે કે આ ઈસ્લામી શિક્ષણ વિરૂદ્ધ છે તેનો અનુચિત લાભ ઉઠાવે છે અને તેના પરિણામે વૈશ્વિક શાંતિ ભંગ થાય છે. ઈસ્લામ આ શિક્ષણ આપે છે કે શાંતિ માત્ર તે જ સમયે સ્થાપિત થઈ શકે છે જ્યારે સંપૂર્ણ નિષ્પક્ષ રૂપથી, નિહિત સ્વાર્થોથી ઉપર ઉઠીને અને પ્રત્યેક પ્રકારની શત્રુતાની ભાવના ત્યાગીને અત્યાચારી અને પીડિત બંનેની સહાયતા કરવામાં આવે. પ્રત્યેક પક્ષને સમાન સ્તર આપવાથી જ શાંતિ સ્થાપના થાય છે.

સીમિત સમયના કારણે હું ફકત એક બીજી વાતનું વર્ણન કરીશ અને તે આ કે ઈસ્લામ આ શિક્ષણ આપે છે કે બીજાના ધન અને સંસાધનોને ઈર્ષ્યાની ભાવનાથી જોવામાં ન આવે. બીજાની સંપત્તિ હડપ કરવાની લાલચ ન રાખવી જોઈએ કેમકે આ પણ શાંતિની તબાહીનું કારણ છે. જો સમૃદ્ધ દેશ અલ્પ વિકસિત દેશોની સંપત્તિ અને સંસાધનોને પોતાની જરૂરીયાતની પૂર્તિ માટે હાંસેલ કરવાની કોશિશ કરશે તો સ્વાભાવિક છે કે અશાંતિ ફેલાશે. જ્યાં ઉચિત હોય વિકસિત દેશો પોતાની સેવાઓના બદલે ઉચિત અને અલ્પ માત્રામાં પોતાનો ભાગ લઈ શકે છે જ્યારે કે સંસાધનોનો અધિકતર ભાગ અવિકસિત દેશોમાં જીવન સ્તરને ઉચો ઉઠાવવા માટે પ્રયોગમાં લાવવો જોઈએ. તેમણે વિકસિત થવાના અવસર

ઉપલબ્ધ કરવા જોઈએ અને વિકસિત દેશોના સ્તર સુધી પહોંચવા માટે તેમના પ્રયાસોમાં તેમની મદદ કરવી જોઈએ. કેમકે ફકત આ જ સ્થિતિમાં શાંતિ સ્થાપિત થઈ શકે છે. જો એવા અવિકસિત દેશોના નેતા ઈમાનદાર નથી તો પશ્ચિમી દેશો અથવા વિકસિત દેશોએ તેમને અનુદાન આપી સ્વયં તેમના દેશોમાં વિકાસ કાર્યોનું સંચાલન તથા નિરીક્ષણ કરે.

હજુ તો ઘણી બધી વાતો છે જે હું આપની સમક્ષ રજુ કરી શકું છું પરંતુ સમયના અભાવને કારણે હું ફકત આ વાતો સુધી જ સીમિત રહીશ જેનું મેં વર્ણન કર્યુ છે. નિ:સંદેહ જે કંઈ મેં વર્ણન કર્યુ છે તે ઈસ્લામના સાચા શિક્ષણને રજુ કરે છે.

એક પ્રશ્ન આપના મનમાં ઉપસ્થિત થઈ શકે છે માટે હું પહેલાં જ તેનો જવાબ આપી દઉ છું આપ કહેશો કે જો આ ઈસ્લામનું વાસ્તવિક શિક્ષણ છે તો પછી મુસ્લિમ દેશોમાં એવી અવ્યવસ્થા અને અશાંતિ કેમ દેખાય છે? તેનો જવાબ હું પહેલાં પણ આપી ચુકયો છું કે વર્તમાન યુગને એક સુધારકની જરૂર છે જે અમારી માન્યતા અનુસાર તે સુધારક અહેમદિયા મુસ્લિમ જમાઅતના સંસ્થાપક છે. અહેમદિયા મુસ્લિમ જમાઅતના સભ્યો હંમેશા તેમની વાસ્તવિક તાલીમને અધિકથી અધિક લોકો સુધી પહોંચાડવાનો ખુબ જ પ્રયત્ન કરે છે. મારો આપ તમામ લોકોને અનુરોધ છે કે પોત પોતાના વિસ્તારમાં આ જાગૃકતા પૈદા કરવાની ભરપુર કોશિશ કરે જેથી સમગ્ર વિશ્વમાં કાયમી શાંતિની સ્થાપના થઈ શકે.

જો આપણે આ કાર્યમાં નિષ્ફળ થઈ ગયા તો વિશ્વનો કોઈ પણ ભાગ યુદ્ધના વિનાશકારી તથા ભયાનક પરિણામોથી સુરક્ષિત ન રહેશે. મારી આ દુઆ છે કે અલ્લાહ તઆલા દુનિયાના તમામ લોકોને પોતાના નિહિત સ્વાર્થોથી ઉપર ઉઠીને વિશ્વને વિનાશથી બચાવવાના પ્રયાસ કરવાનો સામર્થ્ય આપે. દુનિયામાં આજે અધિકતર શકિત પશ્ચિમના વિકસિત દેશો પાસે છે. માટે બીજાની અપેક્ષા આપનો અધિક કર્તવ્ય છે કે આ મહત્વ પૂર્ણ વાતો તરફ ધ્યાન આપે.

અંતમાં આપ સૌનો અહીંયા આવવા માટે સમય કાઢવા બદલ અને મારી વાતો સાંભળવા બદલ ફરીથી આભાર વ્યકત કરવા માંગું છું. અલ્લાહ તઆલા આપ તમામ લોકો પર તેની કૃપા વરસાવે.

આપ સૌનો ખુબ ખુબ આભાર.




# શું મુસ્લિમો
# પશ્ચિમી સમાજનો અંગ બની શકે છે ?

---

મસ્જિદ બૈતુર્રશીદ
હૈમબર્ગ, જર્મની ૨૦૧૨





Ḥaḍrat Mirza Masroor Ahmad, Khalīfatul-Masīḥ V[aba]
delivers the keynote address at Baitur-Rasheed Mosque






FRIEDEN
FREIHEIT
LOYALITÄT
15



# શું મુસ્લિમો
# પશ્ચિમી સમાજનો અંગ બની શકે છે ?

بسم اللہ الرحمن الرحیم

તમામ આદરણીય મહેમાનો !

અસ્સલામો અલૈકુમ વ રહમતુલ્લાહે વ બરકાતોહૂ

સૌથી પહેલાં હું તે તમામ અતિથિઓનું આભાર વ્યકત કરવા માગું છું જેમણે આ સમારોહમાં સામેલ થવા માટે અમારા આમંત્રણને સ્વીકાર કર્યો. તમારામાંથી અનેક મહાનુભાવો અમારી જમાઅતથી સારી રીતે પરિચિત છે અથવા અહેમદી મુસ્લિમોથી તેમનો મિત્રતાનો સંબંધ છે, અને મને પૂર્ણ વિશ્વાસ છે કે જેમને અહેમદિયા જમાઅતથી પરિચય થયે વધું સમય નથી થયો તેમના દિલોમાં પણ જમાઅત વિશે અધિક જાણકારી પ્રાપ્ત કરવાની તીવ્ર ઈચ્છા ઉત્પન્ન થઈ ચુકી હશે. આપ લોકોની અહિંયા ઉપસ્થિતિ આ વાતનું પ્રમાણ છે કે અહેમદી મુસ્લિમોથી સંબંધ રાખવા અને તેમની મસ્જિદોમાં જવાથી કોઈ ખતરો નથી.

વાસ્તવિકતા આ છે કે વર્તમાન પરિસ્થિતિઓમાં જ્યારે કે ઈસ્લામ વિશે અધિકતર સમાચાર અને સૂચનાઓ અત્યંત નકારાત્મક સ્વરૂપ પ્રસ્તુત કરે છે તો આપ લોકોમાંથી જે મુસ્લિમ નથી તેમના મનમાં જરૂર આ ભય ઉત્પન્ન કરવા વાળી સોચ પૈદા થઈ હશે કે અહેમદી મસ્જિદમાં જવું તેમના માટે કોઈ સમસ્યાઓનું કારણ બની શકે છે અથવા તેમને મોટું નુકસાન પણ પહોચી શકે છે પરંતુ જેવું કે મેં કહ્યું કે આપ લોકોની અહિયા ઉપસ્થિતિ આ વાતનું પ્રમાણ છે કે તમોને અહેમદી મુસ્લિમોથી કોઈ ખતરો નથી, આથી સિદ્ધ થાય છે કે તમે અહેમદીઓનું આદર કરો છો અને તેમને પોતાના તથા અધિકતર નિષ્ઠાવાન અને શિષ્ટ લોકોની સમાન સાચા સમજો છો.

પરંતુ તેની સાથે સાથે હું આ સંભાવનાથી પણ ઈન્કાર નથી કરી શકતો કે તમારામાં અમુક લોકો એવા પણ હશે જે આજે અહિંયા આવ્યા છે જો કે તેમના મનમાં સંદેહ અને ચિંતાઓ હશે કે તેઓને અહિંયા આવવાથી અમુક પ્રતિકૂળ પરિણામ પણ નીકળી શકે છે. આ પણ સંભવ છે કે તમોને આ ખ્યાલ આવતો હશે કે તમે એવા લોકો સાથે બેઠા છો જે ઉગ્ર સ્વભાવ અને માનસિકતા રાખનાર છે. જો તમારામાંથી કોઈના મનમાં એવી ચિંતાઓ છે તો તેને તરત જ પોતાના દિલોમાંથી કાઢી નાખો. આ વિશે અમે ખુબ સચેત અને જાગૃત છીએ અને જો કોઈ એવો ઉગ્ર માનસિકતા વાળા વ્યકિત અમારી મસ્જિદ કે ક્ષેત્રમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કરશે તો અમે તેને ખસેડવા માટે સખત પગલાં લઈશું આથી તમે વિશ્વાસ રાખો કે તમે એક સુરક્ષિત સ્થળે છો. અહેમદિયા મુસ્લિમ જમાઅત વાસ્તવમાં એક એવી જમાઅત છે કે જો તેનો કોઈ પણ સભ્ય કોઈ પણ સમયે

અથવા સ્થળે ઉગ્રવાદી માનસિકતા કે પ્રવૃત્તિનું પ્રદર્શન કે પછી કાયદાનું ઉલ્લંઘન કરે છે અથવા શાંતિ ભંગ કરે છે તો તેને જમાઅતમાંથી બહિષ્કાર કરવામાં આવે છે, અમે એવી કાર્યવાહી કરવા માટે પ્રતિબદ્ધ છીએ. કેમકે અમે ઈસ્લામનો પૂર્ણ આદર કરીએ છીએ. જેનો શબ્દાર્થ જ શાંતિ અને સલામતી છે. ઈસ્લામ શબ્દનો વાસ્તવિક રૂપ અમારી જમાઅતે જ જાહેર કર્યો છે. ઈસ્લામના આ વાસ્તવિક રૂપના પ્રદર્શનની પૂર્વસૂચના ઈસ્લામના સંસ્થાપક હઝરત મુહમ્મદ સ.અ.વ.એ આજથી ૧૪૦૦ વર્ષ પહેલાં પોતાની એક મહાન ભવિષ્યવાણીમાં આપી હતી. તે ભવિષ્યવાણીમાં હઝરત મુહમ્મદ સ.અ.વ.એ આ સૂચના આપી હતી કે એક એવો સમય આવશે જ્યારે અધિકતર મુસ્લિમો ઈસ્લામની વાસ્તવિક અને શુદ્ધ તાલીમને ભૂલી જશે. ભવિષ્યવાણી અનુસાર, એવો સમય આવવાથી અલ્લાહ તઆલા વાસ્તવિક ઈસ્લામ પુનઃ સ્થાપિત કરવા માટે એક સુધારક, મસીહ વ મહદીના રૂપમાં મોકલશે.

અહેમદિયા મુસ્લિમ જમાઅતનો આ વિશ્વાસ છે કે અમારી જમાઅતના સંસ્થાપક હઝરત મિરઝા ગુલામ અહમદ સાહેબ કાદિયાની અલૈહિસ્સલામ તે જ વ્યકિત છે જે ઉપરોકત મહાન ભવિષ્યવાણી અનુસાર મોકલવામાં આવ્યા છે. અલ્લાહ તઆલાની કૃપા તથા દયાથી આ જમાઅત આજે વિશ્વના ૨૦૨ દેશોમાં સ્થાપિત થઈ ચુકી છે. તેમાંથી પ્રત્યેક દેશમાં દરેક વર્ગ અને જાતિના સ્થાનિક લોકોએ અહેમદિયત સ્વીકાર કરી છે. અહેમદી મુસ્લિમ હોવાની સાથે સાથે તે પોત પોતાના દેશના વફાદાર નાગરિકના રૂપમાં પોતાની ભૂમિકા પણ નિભાવી રહ્યા છે તેમના ઈસ્લામ પ્રત્યે

શ્રધ્ધા, પ્રેમ અને દેશ પ્રત્યે પ્રેમમાં કોઈ પણ પ્રકારનો વિવાદ કે વિરોધાભાસ જોવા નથી મળતો. ખરેખર આ બંને વફાદારીઓ પરસ્પર જોડાયેલી છે. અહેમદી મુસ્લિમ ગમે ત્યાં નિવાસ કરતા હોય તેઓ પોતાના દેશના તમામ નાગરિકોથી અધિક કાનૂનનું પાલન કરનાર નાગરિક છે. નિ:સંદેહ હું પૂર્ણ વિશ્વાસ સાથે આ કહી શકું છું કે અમારી જમાઅતના અધિકતર સભ્યોમાં આ ગુણ મોજૂદ છે.

આ જ ગુણોના કારણે જ્યારે પણ અહેમદી મુસ્લિમ એક દેશથી બીજા દેશમાં પ્રવાસ કરે છે અથવા જ્યાંના સ્થાનિક લોકો અહેમદિયતને સ્વીકાર કરે છે, તો તેમને નવા સમાજમાં જોડાવવાથી કોઈ પણ પ્રકારનો ભય કે ચિંતા નથી અનુભવતા અને ન તેમને આ ચિંતા થાય છે કે તેમના નવા અંગીકૃત દેશના હિતોનો વિશાળ સ્તર પર વિકાસ કરવામાં તેઓ પોતાની ભૂમિકા કેવી રીતે નિભાવશે. જ્યાં પણ અહેમદી જાય છે તે શેષ તમામ સાચા નાગરિકોની જેમ પોતાના દેશથી પ્રેમ કરે છે અને પોતાના દેશની ભલાઈ અને પ્રગતિ માટે સક્રિય રૂપથી પ્રયાસ કરે છે. ઈસ્લામ જ છે જે આપણને આ પ્રમાણે જીવન ગુજારવાની તાલીમ આપે છે અને સત્ય તો એ છે કે ઈસ્લામ ફકત તેનો ઉપદેશ જ નથી આપતો બલ્કે આદેશ આપે છે કે આપણે પોતાના દેશ પ્રત્યે પૂર્ણ વફાદારી અને ઈમાન રાખીએ. હઝરત મુહમ્મદ સ.અ.વ.એ પણ ખાસ કરીને આ વાત પર જોર આપ્યું છે કે પોતાના દેશથી પ્રેમ કરવું પ્રત્યેક સાચા મુસ્લિમના ઈમાનનો અંગ છે. આમ, જ્યારે પોતાના દેશથી પ્રેમ કરવું ઈસ્લામનો એક આધારભૂત અંગ છે તો એક સાચો મુસ્લિમ કેવી

રીતે પોતાના દેશથી બેવફાઈ અથવા વિદ્રોહ કરી પોતાના ઈમાનને નષ્ટ કરી શકે છે ? જ્યાં સુધી અહેમદી મુસ્લિમોનું સંબંધ છે, અમારી જમાઅતની દરેક સભામાં તમામ સભ્ય ચાહે તે પુરૂષ, સ્ત્રી, બાળક અથવા બુઝુર્ગ હોય, ઊભા થઈ અલ્લાહને સાક્ષી માનીને એક પ્રતિજ્ઞા લે છે. આ પ્રતિજ્ઞામાં તેઓ ન કેવળ પોતાના ધર્મ બલ્કે પોતાની કોંમ અને દેશ માટે પોતાના પ્રાણ, ધન, સમય અને સમ્માન ન્યોછાવર કરવાનો અહેદ કરે છે. આથી તે લોકોથી અધિક દેશ ભકત નાગરિક કોણ હોઈ શકે છે જેમને સતત દેશની સેવાનો પાઠ ભણાવવામાં આવતો હોય અને વારંવાર આ પ્રતિજ્ઞા લેવામાં આવતી હોય કે તેઓ પોતાના ધર્મ, કોંમ અને દેશ માટે તમામ પ્રકારના બલિદાન આપવા માટે હંમેશા તૈયાર રહેશે.

અમુક લોકોના મનમાં આ પ્રશ્ન ઉત્પન્ન થઈ શકે છે કે અહિયા જર્મનીમાં અધિકતર મુસ્લિમોની સંખ્યા તેમની છે જે પાકિસ્તાન, તુર્કી અથવા અન્ય એશિયાઈ દેશોથી આવ્યા છે. તો જ્યારે દેશ માટે બલિદાનનો સમય આવે તો આ લોકો જર્મનીને બદલે પોતાના મૂળ દેશને પ્રાથમિકતા આપશે. જેથી હું સ્પષ્ટ કરવા માંગું છું કે જ્યારે કોઈ જર્મની કે અન્ય દેશની નાગરિકતા સ્વીકાર કરી લે છે તો તે આ દેશના પૂર્ણ નાગરિક બની જાય છે. આ વર્ષના પ્રારંભમાં મેં જર્મની સેના મુખ્યાલય કોબલેંઝમાં મારા ભાષણમાં મેં આ જ વાત કહી હતી. મેં ઈસ્લામી દ્રષ્ટિકોણથી આ સ્પષ્ટ કર્યુ કે જો જર્મનીનો કોઈ એવા દેશ સાથે યુદ્ધ ફાટી નીકળે જેના મૂળ નાગરિકે જર્મનીની નાગરિકતા સ્વીકારી છે તો એવી પરિસ્થિતિમાં તે નાગરિકે કેવો વ્યવહાર કરવો જોઈએ. જો તે પ્રવાસી પોતાના મૂળ દેશ પ્રત્યે

સહાનુભૂતિ રાખે છે અને આ અનુભવ કરે છે કે તે જર્મનીને હાનિ પહોંચાડવાનો વિચાર તેના મનમાં આવી શકે છે અથવા તે હાનિ પહોંચાડશે તો એવા વ્યકિતને તરત જ પોતાની નાગરિકતા અથવા પ્રવાસી નાગરિકતાનો અધિકાર ત્યાગી પોતાના મૂળ દેશમાં પાછા ફરી જવું જોઈએ. પરંતુ જો તે દેશમાં રહેવાનો વિકલ્પ આપનાવા ચાહે છે તો ઈસ્લામ કદાપી કોઈ પણ પ્રકારે દેશદ્રોહની અનુમતિ નથી આપતો. આ અસંદિગ્ધ તથા સ્પષ્ટ શિક્ષણ છે. ઈસ્લામ કોઈ પણ પ્રકારે વિદ્રોહની તાલીમ નથી આપતો અને ન કોઈ નાગરિકને પોતાના દેશ અથવા નાગરિકતા દેશ વિરૂદ્ધ ષડયંત્ર કરવા અથવા તેને કોઈ પણ પ્રકારની હાનિ પહોંચાડવાની અનુમતિ આપે છે. જો કોઈ વ્યકિત પોતાના નાગરિકતા વાળા દેશના હિત વિરૂદ્ધ કાર્ય કરે છે અથવા તેને કોઈ હાનિ પહોચાડે છે તેને તે દેશનો દુશ્મન તથા દેશદ્રોહી સમજવો જોઈએ તથા તેને દેશના કાનૂન અનુસાર સજા આપવી જોઈએ.

તેનાથી એક પ્રવાસી મુસ્લિમની સ્થિતિ સ્પષ્ટ થઈ જાય છે એક સ્થાનિક જર્મન અથવા કોઈ અન્ય દેશના વ્યકિત જેણે પોતાનો ધર્મ પરિવર્તન કરી ઈસ્લામ સ્વીકાર કર્યો હોય તેના વિશે આ વાત પૂર્ણતઃ સ્પષ્ટ છે કે તેની પાસે પોતાના મહાન દેશ પ્રત્યે અસંદિગ્ધ તથા પૂર્ણ વફાદારીનું પ્રદર્શન કરવા સિવાય કોઈ અન્ય વિકલ્પ નથી. એક અન્ય સવાલ જે અમુક વાર પુછવામાં આવે છે કે એવી સ્થિતિમાં પશ્ચિમી દેશોના મુસ્લિમોની પ્રતિક્રિયા કેવી હોવી જોઈએ? તેનો જવાબ આપવા માટે હું સૌથી પહેલા આ કહેવા માંગું છું કે અમારી જમાઅતના સંસ્થાપક હઝરત મસીહ મૌઉદ અ.સ.એ આ સ્પષ્ટ કરી

દીધું છે કે આપણે હવે એક એવા યુગમાં રહીએ છીએ જ્યાં ધાર્મિક યુદ્ધોનો સંપૂર્ણ પણે અંત થઈ ચુકયો છે. ઈતિહાસથી જાણવા મળે છે કે એવો પણ સમય હતો જ્યારે મુસ્લિમો તથા અન્ય ધર્મોના અનુયાયીઓ વચ્ચે યુદ્ધ અને લડાઈઓ થઈ. તે યુદ્ધોમાં બિન મુસ્લિમો નો ઉદ્દેશ્ય મુસ્લિમોને મારવા અને ઈસ્લામનો અંત કરવું હતું.

અધિકતર પ્રારંભિક યુદ્ધોમાં બિન મુસ્લિમોએ જ આક્રમણ કરવામાં પહેલ કરી હતી અને આ પ્રકારે મુસ્લિમો પાસે પોતાનો અને ધર્મની રક્ષા કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ ન હતો પણ હઝરત મસીહ મૌઉદ અ.સ.એ સ્પષ્ટ કરી દીધું છે કે હવે એવી પરિસ્થિતિઓ નથી રહી કેમકે વર્તમાન સમયમાં એવી કોઈ સરકારો નથી જે ઈસ્લામનો અંત કરવાના હેતુથી યુદ્ધની ઘોષણા કરતી હોય અથવા યુદ્ધ કરતી હોય. બલ્કે અધિકતર પશ્ચિમી અને બિન મુસ્લિમ દેશોમાં વિશાળ સ્તર પર ધાર્મિક સ્વતંત્રતા ઉપલબ્ધ છે. અમારી જમાઅત ખુબ આભારી છે કે એવી સ્વતંત્રતા ઉપલબ્ધ છે જે અહેમદી મુસલમાનોને બિન મુસ્લિમ દેશોમાં ઈસ્લામનો પ્રચાર કરવાની અનુમતિ આપે છે. તેના પરિણામે અમોને પશ્ચિમી દેશોને ઈસ્લામની વાસ્તવિક તથા અનુપમ તાલીમો, જે શાંતિ અને એકતા પર આધારિત છે થી પરિચય કરાવવાનો અવસર મળે છે. આથી સ્પષ્ટ છે કે આજે ધાર્મિક મુદ્દાઓનો કોઈ સવાલ નથી. હવે ફકત એક જ સ્થિતિ ઉત્પન્ન થઈ શકે છે કે મુસ્લિમ પ્રધાન દેશ તથા ઈસાઈ પ્રધાન દેશ અથવા અન્ય દેશમાં એવો યુદ્ધ ફાટી નીકળે જેનો ધર્મ સાથે કોઈ સંબંધ ન હોય. એવી સ્થિતિમાં ઈસાઈ અથવા કોઈ

અન્ય ધર્મ પ્રધાન દેશોના મુસ્લિમ નાગરિકોએ કેવી પ્રતિક્રિયા વ્યકત કરવી જોઈએ? તેના જવાબ માટે ઈસ્લામે એક સુર્વણ સિદ્ધાંત પ્રસ્તુત કર્યો છે. જો કોઈ મુસ્લિમ દેશ અન્યાય અથવાા અત્યાચાર કરે છે તો તેને રોકવામાં આવે. જો અન્યાય અથવા અત્યાચાર ઈસાઈ દેશે કર્યો તો તેને પણ રોકવામાં આવે.

એક સાધારણ નાગરિક વ્યકિતગત સ્તર પર પોતાના દેશને અન્યાય અને અત્યાચારથી કેવી રીતે રોકી શકે છે? જવાબ ખુબ જ સરળ છે. વર્તમાન યુગમાં તમામ પશ્ચિમી દેશોમાં લોકતંત્ર છે. જો કોઈ ન્યાયપ્રિય નાગરિક પોતાની સરકારને અન્યાયપૂર્ણ ઢંગથી વ્યવહાર કરતા જુએ તો તેની વિરૂદ્ધ અવાજ ઉઠાવી શકે છે અને પોતાના દેશને સાચા માર્ગ પર લાવવાનો પ્રયાસ કરી શકે છે બલ્કે લોકોનો એક સમૂહ તેની વિરૂદ્ધ અવાજ ઉઠાવી શકે છે. જો કોઈ નાગરિક પોતાના દેશને કોઈ અન્ય દેશના પ્રભુત્વ પર આક્રમણ કરતા જુએ તો તે પોતાની સરકારનો આ તરફ ધ્યાન આકર્ષિત કરાવે અને પોતાની ચિંતા વ્યકત કરે. શાંતિપૂર્ણ ઢંગથી વિરોધ અથવા રોષ પ્રદર્શન કરવું વિદ્રોહની પરિભાષામાં નથી આવતું બલ્કે આ પોતાના દેશ પ્રત્યે સાચો પ્રેમ જાહેર કરે છે. એક ન્યાયપ્રિય નાગરિક કદાપી આ નથી ઈચ્છતો કે આંતરરાષ્ટ્રીય સમુદાયમાં તેના દેશની પ્રતિષ્ઠાનું અપમાન થાય. આથી તે પોતાના દેશને તેની ફરજો તરફ ધ્યાન અપાવી, દેશ પ્રેમ અને દેશ ભકિત જાહેર કરે છે.

જ્યાં સુધી આંતરરાષ્ટ્રીય સમુદાય તથા તેમની સંસ્થાઓનો સંબંધ છે, ઈસ્લામની આ તાલીમ છે કે જો કોઈ દેશ પર અન્યાયપૂર્ણ આક્રમણ થાય છે તો શેષ દેશોએ એકત્ર થઈ આક્રમણ

કર્તાને રોકવો જોઈએ. જો આક્રમણ કર્તા દેશને સદબુદ્ધિ આવી જાય અને તે આક્રમણ કરવાથી રોકાઈ જાય તો તેના પર બદલો લેવા માટે અથવા આ સ્થિતિનો અનુચિત લાભ ઉઠાવવા હેતુ સખ્ત સજા આપવા અથવા અન્યાયપૂર્ણ પ્રતિબંધ લગાવવાનો નિર્ણય ન લેવો જોઈએ. ઈસ્લામી શિક્ષણનો સાર એ છે કે તમે શાંતિનો પ્રચાર કરો. હઝરત મુહમ્મદ સ.અ.વ.એ તો અહી સુધી કહ્યું કે મુસલમાન તે છે જેની ભાષા અને હાથથી અન્ય લોકો સુરક્ષિત રહે. જેવું કે હું પહેલાં વર્ણન કરી ચુકયો છું કે ઈસ્લામે આ શિક્ષણ આપ્યું છે કે આપણે કદાપી અન્યાય અને અત્યાચારમાં કોઈની પણ સહાયતા ન કરવી જોઈએ. આ જ તે સુંદર તથા નીતિપૂર્ણ શિક્ષણ છે જે એક સાચા મુસ્લિમને ચાહે તે કોઈ પણ દેશનો નાગરિક હોય સમ્માન અને આદરનું સ્થાન આપે છે. નિ:સંદેહ તમામ સભ્ય અને સાચા નાગરિક એવા શાંતિપ્રિય તથા દયાશીલ લોકોને પોતાના સમાજનો અંગ બનાવવાની કામના કરશે.

હઝરત મુહમ્મદ સ.અ.વ.એ મુસલમાનોને પોતાનું જીવન વ્યતીત કરવા માટે એક સુંદર શિક્ષણ આ આપ્યું છે કે એક સાચા મોમિને હંમેશા પુણ્યની શોધમાં વ્યસ્ત રહેવું જોઈએ. આપ સ.અ.વ.એ આ શિક્ષણ આપ્યું કે મુસલમાનોને જ્યાંથી પણ જ્ઞાનની વાત અથવા કોઈ ઉત્તમ વિચાર મળે તો તેણે પોતાની અંગત સંપત્તિ જાણી સ્વીકારી લેવી જોઈએ. આથી જે દ્રઢતા અને સંકલ્પથી એક વ્યકિત પોતાની અંગત સંપત્તિ પર અધિકાર પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે છે, ઠીક તેવી જ રીતે મુસલમાનોને આ શિક્ષણ આપવામાં આવ્યું છે કે તેઓ પુણ્ય વાતો અને ઉત્તમ વિચારોને જ્યાં પણ જુએ તેને

હાંસેલ કરવાનો પ્રયત્ન કરે. એવા સમયમાં જ્યારે કે પ્રવાસી નાગરિકોને સ્થાનિક સમાજનો અંગ બનાવવાના સંબંધમાં ઘણી બધી શંકાઓ ઉત્પન્ન થઈ રહી છે, આ એક અત્યંત સુંદર અને સંપૂર્ણ માર્ગદર્શક સિદ્ધાંત છે. મુસ્લિમોને આ શિક્ષણ આપ્યું છે કે પોતાના સ્થાનિક સમાજમાં મેલજુલથી રહેવા તથા પરસ્પર સમ્માનની ભાવના પૈદા કરવા માટે જરૂરી છે કે તે પ્રત્યેક સમાજ, ધર્મ, શહેર અને દેશના નૈતિક મૂલ્યોનું જ્ઞાન પ્રાપ્ત કરે. ફકત જ્ઞાન પ્રાપ્ત કરવું જ પર્યાપ્ત નથી બલ્કે મુસલમાનોએ એવા મૂલ્યોને પોતાના જીવનનો અંગ બનાવવાનો ભરપુર પ્રયાસ કરવો પડશે. આ તે માર્ગદર્શક સિદ્ધાંત છે જે વાસ્તવમાં પરસ્પર એકતા, પ્રેમ તથા વિશ્વાસની ભાવના ઉત્પન્ન કરે છે. નિ:સંદેહ એક સાચા મોમિનથી અધિક શાંતિપ્રિય અન્ય કોણ હોઈ શકે છે જે પોતાની ધાર્મિક જરૂરીયાતની પૂર્તિ કરવાની સાથે સાથે પોતાના અથવા અન્ય સમાજના ઉચ્ચ નૈતિક મૂલ્યોને પણ અપનાવવાનો પ્રયત્ન કરે છે. એક સાચા મોમિનથી અધિક અન્ય કોણ વ્યકિત શાંતિ તથા સલામતીનો પ્રચાર કરી શકે છે ?

વર્તમાન યુગમાં દુનિયા ઉપલબ્ધ સંચાર માધ્યમોના પરિણામે એક વિશ્વ ગ્રામ બની ચુકયો છે, તેના વિશે હઝરત મુહમ્મદ સ.અ.વ.એ આજથી લગભગ ૧૪૦૦ વર્ષ પહેલા ભવિષ્યવાણી કરી હતી કે એવો સમય આવશે જ્યારે આખી દુનિયા એક થઈ જશે અને દૂરીઓ ઓછી થઈ જશે. આપે જણાવ્યું હતું કે તીવ્ર અને આધુનિક સાધનોના પરિણામે લોકો સમગ્ર વિશ્વને જોઈ શકશે. વાસ્તવમાં આ પવિત્ર કુરઆનની ભવિષ્યવાણી જેની આપ

સ.અ.વ.એ વિસ્તારપૂર્વક વ્યાખ્યા કરી છે. આ વિશે હઝરત મુહમ્મદ સ.અ.વ.એ આ શિક્ષણ આપ્યું છે કે જ્યારે એવો યુગ આવશે તો લોકોએ એક બીજાની સારી વાતો શીખવી અને તેને અપનાવવી, ઠીક તેવી જ રીતે જેવું કે પોતાની ખોવાયેલ સંપત્તિની ખોજ કરે છે. સારાંશ એ કે તમામ સદગુણોને ગ્રહણ કરવા જોઈએ અને બૂરી વાતોથી બચવું જોઈએ. પવિત્ર કુરઆને આ આદેશની વ્યાખ્યા કરતાં સ્પષ્ટ કર્યુ કે સાચો મુસલમાન તે છે જે પુણ્યનો ઉપદેશ આપે છે અને પાપને રોકે છે. ઉપરોકત તમામ વાતોને સામે રાખતાં એવો કયો દેશ અથવા સમાજ છે જે એવા શાંતિપ્રિય મુસલમાનો અથવા ઈસ્લામને પોતાની વચ્ચે સહન નથી કરી શકતો અથવા સ્વીકાર નથી કરી શકતો ? ગયા વર્ષ મને બર્લિનના મેયર સાથે મુલાકાત કરવાનો અવસર મળ્યો. મેં તેમને કહ્યું કે ઈસ્લામ આ શિક્ષણ આપે છે કે તમારે કોઈ પણ દેશની અચ્છાઈ એવી રીતે સ્વીકારવી જોઈએ જેવું કે તે તમારી અંગત સંપત્તિ છે. તેના જવાબમાં તેમણે કહ્યું કે જો આપ આ શિક્ષણનું પાલન કરશો તો નિ:સંદેહ સમગ્ર વિશ્વ તમારી સાથે સહયોગ કરતાં તમારૂ સમર્થન કરશે.

મને આ સાંભળી ખુબ આશ્ચર્ય થયું કે જર્મનીના કેટલાક ભાગોમાં એવા લોકો છે જે આ દાવો કરે છે કે ન મુસલમાનોમાં અને ન ઈસ્લામમાં જર્મન સમાજનો અંગ બનાવાનું સામર્થ્ય છે. નિ:સંદેહ આ સત્ય છે કે જે ઈસ્લામ ઉગ્રવાદીઓ અથવા આતંકવાદીઓ દ્વારા રજુ કરવામાં આવે છે તેમાં આ યોગ્યતા નથી કે તે જર્મન તો શું કોઈ પણ દેશના સમાજનો અંગ બની શકે. એવો સમય જરૂર આવશે જ્યારે એવી ઉગ્રવાદી વિચારધારાનો મુસ્લિમ

દેશોમાં પણ ઘોર વિરોધ કરવામાં આવશે. નિ:સંદેહ સાચો ઈસ્લામ જે હઝરત મુહમ્મદ સ.અ.વ.એ રજુ કર્યો છે, સભ્ય અને સાચા લોકોને હંમેશા પોતાના તરફ આકર્ષિત કરતો રહેશે. વર્તમાન યુગમાં ઈસ્લામનો વાસ્તવિક અને મૂળભૂત સિદ્ધાંતને પુન:જીવિત કરવા માટે અલ્લાહ તઆલાએ હઝરત મુહમ્મદ સ.અ.વ.ની ગુલામીમાં હઝરત મસીહ મૌઉદ અ.સ.ને મોકલ્યા છે. આથી આપની જમાઅત ઈસ્લામના વાસ્તવિક શિક્ષણનું પાલન અને પ્રચાર કરે છે.

આ સ્પષ્ટ રહે કે કોઈ પણ ન્યાયપ્રિય વ્યકિત આ દાવો નથી કરી શકતો કે ઈસ્લામ કોઈ અન્ય સમાજનો અંગ નથી બની શકતો. વાસ્તવિક ઈસ્લામ તે છે જે પુણ્ય અને અચ્છાઈનો પ્રયાસ કરે છે અને પ્રત્યેક પ્રકારના પાપ તથા અન્યાયનો નિષેધ કરે છે. આથી આ પ્રશ્ન જ વ્યર્થ છે કે ઈસ્લામ કોઈ અન્ય સમજનો અંગ બનવામાં સક્ષમ નથી, બલ્કે ઈસ્લામ તો સ્વાભાવિક રૂપથી એક ચુંબકની જેમ સમાજને પોતાની તરફ આકર્ષિત કરે છે. ઈસ્લામ આ શિક્ષણ આપે છે કે એક વ્યકિતએ ન કેવળ પોતાના માટે શાંતિની કામના અને પ્રયાસ કરવો જોઈએ બલ્કે બીજા લોકો સુધી તે જ પ્રબળત સાથે શાંતિ અને એકતાનો પ્રસાર કરવાનો ભરપુર પ્રયત્ન કરવો જોઈએ. આ નિ:સ્વાર્થ ભાવના વિશ્વમાં શાંતિ સ્થાપિત કરવાનો માર્ગ છે. શું કોઈ એવો સમાજ છે જે આવા શિક્ષણોની પ્રશંસા નથી કરતો અને એવી વિચારધારાને સ્વીકાર નથી કરતો? નિ:સંદેહ કોઈ પણ સભ્ય કે સમાજ પોતાની અંદર પાપ અને અનૈતિકતાના પ્રસારની કદાપી

અનુમતિ નથી આપી શકતો અને તેવી જ રીતે તે શાંતિ અને અચ્છાઈના પ્રોત્સાહનનો કયારેય વિરોધ કરી શકે.

સદગુણોની પરિભાષા કરતાં સમયે સંભવ છે કે એક ધાર્મિક અને દુન્યવી વ્યકિતની પરિભાષામાં ખુબ અંતર હોઈ શકે છે. ઈસ્લામ સદગુણો અને અચ્છાઈના જે રૂપોની વાત કરે છે તેમાંથી બે ગુણ સૌથી મહત્વ પૂર્ણ છે જે અચ્છાઈના શેષ બધા રૂપોનો ઉદગમ છે. એક અલ્લાહ તઆલા પ્રત્યે કર્તવ્ય અને બીજુ માનવજાતિ પ્રત્યે કર્તવ્ય. પ્રથમ પ્રકારના કર્તવ્યની પરિભાષામાં એક ધાર્મિક અને દુન્યવી વ્યકિતમાં મતભેદ હોઈ શકે છે પરંતુ દ્વિતીય પ્રકાર અર્થાત માનવજાતિ પ્રત્યે કર્તવ્યો વિશે કોઈ મતભેદ નથી. અલ્લાહ પ્રત્યે કર્ત વ્યોનો સંબંધ ઉપાસનાથી છે અને તમામ ધર્મ આ વિષયમાં પોતાના અનુયાયીઓનું માગદર્શન કરે છે. માનવતા પ્રત્યે કર્તવ્યોના સંબંધમાં ધર્મ અને સમાજ બંનેએ મનુષ્યને ઉપદેશ આપ્યો છે. ઈસ્લામ માનવતા પ્રત્યે કર્તવ્યોના સંબંધમાં ખુબ જ વિસ્તાર અને ઉડાણથી શિક્ષણ આપે છે અને અત્રે આ તમામ વાતોનું વર્ણન કરવું સંભવ નથી પરંતુ હું ઈસ્લામ દ્વારા સ્થપાયેલ અમુક મહત્વપૂર્ણ કર્ત વ્યોનું વર્ણન કરીશ જે સમાજમાં શાંતિ સ્થાપના માટે ખુબ જરૂરી છે.

ઈસ્લામ આ શિક્ષણ આપે છે કે આપણે બીજા લોકોની ભાવનાઓનું આદર સમ્માન કરવું જોઈએ. તેમાં બીજાની ધાર્મિક ભાવનાઓ અને અન્ય સામાજિક મુદ્દાઓ પણ સામેલ છે. એક અવસર પર એક યહૂદીએ જ્યારે તેના અને એક મુસ્લિમ વચ્ચે વિવાદનું વર્ણન હઝરત મુહમ્મદ સ.અ.વ.ને કર્યુ તો આપ સ.અ.વ.એ તે યહૂદીની ધાર્મિક ભાવનાનું આદર કરતાં તેનું સમર્થન

કર્યુ અને આપ જાણતા હતાં કે આપ જ અંતિમ ધર્મ વિધાન લવનાર છો તે મુસ્લિમને ફટકાર મારતા કહ્યું કે તમારે આ દાવો ન કરવો જોઈએ કે હઝરત મુહમ્મદ સ.અ.વ. મૂસા અ.સ.થી શ્રેષ્ઠ છે. આ રીતે હઝરત મુહમ્મદ સ.અ.વ.એ બીજાની ભાવનાઓનું સમ્માન કરી સમાજમાં શાંતિ સ્થાપના કરી.

ઈસ્લામનું એક અન્ય મહાન શિક્ષણ નિર્ધન અને વંચિત લોકોના અધિકારોને પૂર્ણ રૂપથી અદા કરવા બાબતે છે. આ વિષયમાં ઈસ્લામ આ શિક્ષણ આપે છે કે એવી યોજનાઓ બનાવવી જોઈએ જેના દ્વારા સમાજના વંચિત લોકોનું જીવન સ્તર ઉચ્ચ થઈ શકે. આપણે નિ:સ્વાર્થ ભાવનાથી વંચિત વર્ગની સહાયતા કરવી જોઈએ અને કોઈ પણ રૂપમાં તેમનું શોષણ ન કરવું જોઈએ.

દુર્ભાગ્યવશ આજના સમાજમાં દેખાવો કરવા માટે તો વંચિત વર્ગની સહાયતાની યોજનાઓ બનાવવામાં આવે છે પરંતુ વાસ્તવમાં આ તમામ ઋણ પ્રણાલી પર આધારિત હોય છે જે વ્યાજ સહિત પાછા આપવા પડે છે. ઉદાહરણ તરીકે વિદ્યાર્થીના શિક્ષણ પૂર્તિ હેતુ ઋણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે અથવા લોકો વ્યાપાર કરવા માટે ઋણ લે છે, પરંતુ આ ઋણ ચુકવવામાં ઘણા વર્ષો બલ્કે કેટલાક દશક નીકળી જાય છે. જો કેટલાંક વર્ષોના સંઘર્ષ પછી કોઈ વિત્તીય સંકટ ઉત્પન્ન થઈ જાય તો તેઓ પહેલાંની હાલતમાં આવી જાય છે બલ્કે તેનાથી પણ ખરાબ હાલત થઈ જાય છે. પાછલાં કેટલાક વર્ષોથી આપણે વિશ્વના અધિકતર ભાગોને આર્થિક કટોકટીની લપેટમાં આવવાની અસંખ્ય ઘટનાઓ જોઈ ચુકયા છીએ.

ઈસ્લામ વિરૂદ્ધ સામાન્ય રીતે આ આરોપ લગાવવામાં આવે છે કે સ્ત્રીઓ સાથે ન્યાય અને સમાનતાનો વ્યવહાર નથી કરતો પરંતુ આ આરોપ નિરાધાર છે. ઈસ્લામે સ્ત્રીઓને સમ્માન અને આદર આપ્યું છે. હું એક કે બે ઉદાહરણ રજુ કરીશ. જયારે સ્ત્રીઓને માત્ર એક સંપત્તિ સમજવામાં આવતી હતી, તે સમયે ઈસ્લામે સ્ત્રીને પતિના દુર્વ્યવહારને કારણે ખુલા અર્થાત આઝાદી લેવાનો અધિકાર આપ્યો જ્યારે કે વિકસિત દેશોમાં હમણા ગત શતાબ્દીમાં જ સ્ત્રીઓને આ અધિકાર વિધિવત રૂપથી આપવામાં આવ્યો છે. આથી પહેલા જ્યારે સ્ત્રીઓનું કોઈ માન સંમાન અથવા અધિકાર ન હતો તે સમયે ઈસ્લામે સ્ત્રીઓને વારસદાર તરીકે અધિકાર આપ્યો. જ્યારે કે યૂરોપ દેશોમાં સ્ત્રીઓને આ અધિકાર હાલમાં જ આપવામાં આવ્યો છે. પાડોશીઓના અધિકારના વિષયમાં પણ ઈસ્લામ આપણને આ શિક્ષણ આપે છે જેનો પવિત્ર કુરઆને વિસ્તાર પૂર્વક માર્ગદર્શન આપ્યું છે કે પાડોશીની પરિભાષામાં કોણ કોણ સામેલ છે અને તેમનો અધિકાર શું છે. પાડોશીઓમાં તે લોકો સામેલ છે જે તમારી સાથે ઉઠતા બેસતા હોય, તમારી નજીક નિવાસ કરનાર, તમોને જાણતા હોય કે ન જાણતા હોય. વાસ્તવમાં પાડોશીની પરિભાષામાં તમારી આજુ બાજુના લગભગ ૪૦ ઘર સામેલ છે. જે તમારી સાથે યાત્રા કરે છે તે પણ તમારા પાડોશી છે. આથી તેમનું ધ્યાન રાખવા અંગે પણ આપણને આદેશ આપવામાં આવ્યો છે. આ અધિકાર પર એટલું જોર આપ્યું કે હઝરત મુહમ્મદ સ.અ.વ.ના મનમાં આ વિચાર આવ્યો કે કદાચ પાડોશીને પણ સંપત્તિમાં અધિકાર આપી દેવામાં

આવે. હઝરત મુહમ્મદ સ.અ.વ.એ તો અહી સુધી કહી દીધું કે એવા વ્યકિતને, જેનો પાડોશી તેનાથી સુરક્ષિત નથી, મોમિન કે મુસલમાન કહેવાનો હકદાર નથી.બીજાની ભાલાઈ માટે ઈસ્લામ એક અન્ય આદેશ પણ આપે છે કે સમાજના કમજોર વર્ગનું જીવન સ્તર ઉચ્ચ કરવાના કર્તવ્યની પૂર્તિ માટે તમામ વર્ગ પરસ્પર એકત્ર થઈ કાર્ય કરે. આથી અહેમદિયા મુસ્લિમ જમાઅત આ કર્તવ્યની પૂર્તિમાં પોતાની ભૂમિકા નિભાવતાં વિશ્વના નિર્ધન અને વંચિત વર્ગ વાળા ક્ષેત્રોમાં પ્રાથમિક તથા ઉચ્ચ શિક્ષણનો પ્રબંધ કરી રહી છે. અમે શાળાઓનું નિર્માણ તથા સંચાલન કરી રહ્યા છીએ અને ઉચ્ચ શિક્ષણ હેતુ શિષ્યવૃતિ અને અન્ય પ્રકારે વિત્તીય સહાય કરીએ છીએ જેથી વંચિત વર્ગના લોકો ઉન્નતિ કરી સ્વયં પોતાના પગે ઊભા થઈ શકે.

ઈસ્લામનો એક અન્ય આદેશ છે કે તમે પોતાની તમામ પ્રતિજ્ઞાઓ અને વાયદાઓ પુરા કરો. તેમાં તે તમામ વચન સામેલ છે જે તમે એક બીજાને આપો છો અને ઈસ્લામનો આ આદેશ છે કે એક નાગરિકના તરીકે પોતાના દેશથી વફાદારીની જે પ્રતિજ્ઞા લઈએ તેને અનિવાર્ય રૂપથી પૂર્ણ કરો. આ વિષય પર હું પહેલાં પણ વર્ણન કરી ચુકયો છું. આ તે વાતો છે જે મેં બયાન કરી કે ઈસ્લામ એક અત્યંત દયા અને પ્રેમનો ધર્મ છે. અત્યંત ખેદનો વિષય છે કે જે પ્રબળતા સાથે ઈસ્લામ વૈશ્વિક શાંતિનું શિક્ષણ આપે છે, ઈસ્લામના વિરોધી અથવા જે ઈસ્લામના વાસ્તવિક શિક્ષણથી પરિચિત નથી તેઓ કટ્ટરતા સાથે ઈસ્લામ વિરૂદ્ધ નિરાધાર આરોપ લગાવે છે. જેવું કે મેં વર્ણન કર્યુ છે. વર્તમાન યુગમાં અહેમદિયા મુસ્લિમ જમાઅત ઈસ્લામના વાસ્તવિક સંદેશનો પ્રચાર પ્રસાર કરે છે. આ

વાસ્તવિકતાને સામે રાખી હું તે લોકોને જે મુસલમાનોની અમુક ગતિવિધિઓના આધારે ઈસ્લામ પર આરોપ લગાવે છે, આ અનુરોધ કરૂં છું કે નિઃસંદેહ તમે એવા વ્યકિતઓને તેના માટે જવાબદાર ઠેરવો પરંતુ ઈસ્લામના વાસ્તવિક શિક્ષણને અપમાનિત અથવા બદનામ કરવા માટે એવા અનુચિત ઉદાહરણોનો પ્રયોગ ન કરો.

તમારે આ ન સમજવું જોઈએ કે ઈસ્લામની તાલીમ જર્મન અથવા કોઈ અન્ય દેશ માટે હાનિકારક સિદ્ધ થઈ શકે છે. તમારે આ વિષય પર ચિંતા ન કરવી જોઈએ કે કોઈ મુસ્લિમ જર્મન સમાજનો અભિન્ન અંગ બની શકે કે નહી. જેવું કે હું પહેલા વર્ણન કરી ચુકયો છું કે ઈસ્લામની આ વિશિષ્ટતા છે કે તેણે મુસલમાનોને આ શિક્ષણ આપ્યું છે કે તમામ સદગુણોને ગ્રહણ કરો. આથી નિઃસંદેહ મુસલમાન કોઈ પણ સમાજનો અંગ બની જીવન વ્યતીત કરી શકે છે. જો કોઈ તેનાથી ઉલટ વ્યવહાર કરે છે તો તે ફકત નામનો જ મુસલમાન છે, ઈસ્લામના સાચા શિક્ષણનો અનુયાયી નથી. જો મુસલમાનોને કોઈ અનુચિત કાર્ય કરવા અથવા મર્યાદા અને ધર્મની પવિત્રતાના સિદ્ધાંતોથી સંબંધિત કુરઆની શિક્ષણની અવહેલના કરવા અથવા સદાચાર વિરૂદ્ધ આચરણ કરવાનો આદેશ આપવામાં આવે તો નિઃસંદેહ તે એવું નથી કરી શકતા. આ વિષય સમાજનો અંગ બની રહેવાથી સંબંધિત નથી બલ્કે વ્યકિતગત ધાર્મિક સ્વતંત્રતાથી સંબંધિત છે.

ધાર્મિક સ્વતંત્રતાનો ઉલ્લઘંન એવો પ્રશ્ન નથી કે કેવળ મુસ્લિમો જ તેનો વિરાધ કરે છે બલ્કે તમામ સભ્ય અને શિક્ષિત

લોકો પણ તેના વિરૂદ્ધ અવાજ ઉઠાવે છે અને ખુલ્લે આમ આ ઘોષણા કરે છે કે કોઈ સરકાર અથવા સમાજને કોઈ વ્યકિતના ધાર્મિક અધિકારોમાં હસ્તક્ષેપ કરવાનો અધિકાર નથી. મારી આ દુઆ છે કે જર્મની અને અન્ય તમામ દેશો જે વાસ્તવમાં વિભિન્ન સંસ્કૃતિઓ અને રાષ્ટ્રીયતાથી સંબંધ રાખનાર લોકોનું નિવાસ સ્થાળ બની ચુકયા છે સહનશીલતા અને પરસ્પર ભાવનાઓનું સમ્માન કરવાના ઉચ્ચ આદર્શોનું પ્રદર્શન કરે. અલ્લાહ કરે આ રીતે તેઓ પરસ્પર પ્રેમ, સહાનુભૂતિ તથા શાંતિનું પ્રદર્શન કરનાર માટે માર્ગ દર્શક બની જાય. આ વિશ્વમાં કાયમી શાંતિ અને સુરક્ષા સ્થાપનાનું માધ્યમ સિદ્ધ થશે જેના પરિણામે વિશ્વને તે વિનાશથી સુરક્ષિત રાખી શકાશે જેના તરફ તેઓ પરસ્પર શાંતિના અભાવના કારણે અગ્રેસર છે.

ભયંકર વિનાશનો ખતરો આપણી ઉપર ભ્રમણ કરી રહ્યો છે. આથી આ વિનાશથી સુરક્ષિત રહેવા માટે પ્રત્યેક દેશ અને પ્રત્યેક વ્યકિત માટે ચાહે તે ધાર્મિક હોય કે ન હોય, ખુબ જ સાવધાનીપૂર્વક આગળ વધવાની જરૂર છે. અલ્લાહ કરે વિશ્વનો પ્રત્યેક વ્યકિત આ વાસ્તવિકતાને સમજે. અંતમાં હું આપ સૌનો ફરીથી ધન્યવાદ કરવા માંગું છું કે આજે તમે સમય કાઢીને અહિયા પધાર્યા અને મારી વાતોને ધ્યાનપૂર્વક સાંભળી. અલ્લાહ તઆલા આપ તમામ લોકો પર પોતાની કૃપા વરસાવે.

આપ સૌનો ખુબ ખુબ આભાર.



# ઈસ્લામ
# શાંતિ અને કરૂણાનો ધર્મ

---

## સંસદગૃહ લંડન, યૂ.કે. ૨૦૧૩








The Deputy Prime Minister, Rt. Hon. Nick Clegg in discussion with Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba], House of Commons, London, 11th June 2013



The Home Secretary, Rt. Hon. Theresa May MP with Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba]



The Shadow Foreign Minister Rt. Hon. Douglas Alexander with Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba]



Rt. Hon. Ed Davey MP with Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba]



Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba] received at the House of Commons by Rt. Hon. Ed Davey MP
London, 11th June 2013



Rt. Hon. Ed Davey MP escorts Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba] through Westminster Hall, House of Commons, London, 11th June 2013



Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba] delivering his historic speech to Parliamentarians, VIPs and diplomats at the House of Commons, London, 11th June 2013

# પ્રસ્તાવના

૧૧મી જૂન ૨૦૧૩ના રોજ હઝરત મિરઝા મસરૂર અહેમદ સાહેબ અહેમદિયા મુસ્લિમ જમાઅતના વડાએ યૂ.કે. લંડન સ્થિત પાર્લામેન્ટ હાઉસિઝમાં અહેમદિયા મુસ્લિમ જમાઅતની સ્થાપનાની શતાબ્દીની ઉજવણી નિમિત્તે પ્રવચન આપ્યું હતું

આ શતાબ્દી ઉજવણી પ્રસંગે ૩૦ સાંસદ સભ્યો તથા ૧૨ હાઉસ ઓફ લોર્ડસના સભ્યો તથા ૬ કેબિનેટ મંત્રીઓ અને અન્ય ૨ મંત્રી સહિત કુલ ૬૮ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત બી.બી.સી, સ્કાય ટી.વી., આઈ.ટી.વી. સહિત અન્ય પ્રસાર માધ્યમોના લોકો પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત લોકોમાં નિચે દર્શાવેલ પદાધિકારીઓ પણ સામેલ થયા હતા.

Secretary of State for Energy and Climate Change The Rt Hon. Ed Davey MP, the Deputy Prime Minister The Rt Hon. Nick Clegg MP, the Home Secretary The Rt Hon, Theresa May MP, the Shadow Foreign Secretary The Rt Hon. Douglas Alexander MO, the Chairman of the Home Affairs Select Committee Rt Hon. Keith Vaz MP and Member of Parliament for Mitcham and Morden Siobhain McDonaugh MP.

# ઈસ્લામ
# શાંતિ અને કરૂણાનો ધર્મ

بسم اللہ الرحمن الرحیم

તમામ આદરણીય મહેમાનો !

અસ્સલામો અલૈકુમ વ રહેમતુલ્લાહે વ બરકાતોહૂ

સૌથી પહેલા તો અહેમદિયા મુસ્લિમ જમાઅતના તે તમામ મિત્રોનું આભાર માનું છું જેઓએ અમારી સાથે પોતાની મિત્રતાનો સંબંધ દર્શાવતા યૂ.કે.માં અમારી જમાઅતના ૧૦૦ વર્ષ પૂર્ણ થવા પર આ શતાબ્દી સમારોહ પાર્લામેન્ટ હાઉસમાં રાખ્યો. આ સાથે હું અહીંયા ઉપસ્થિત સર્વ મહેમાનોનું પણ આભાર વ્યકત કરૂં છું જેઓ આજે અહીંયા ઉપસ્થિત રહી આ સમારોહને નિશ્ચિત રૂપથી મહત્વપૂર્ણ અને સફળ બનાવ્યો. મને આ જાણીને પણ આનંદ થાય છે કે તમારામાંથી ઘણા એવા લોકો છે જે અહિયા ઉપસ્થિત છે જે કોઈ અન્ય સભા કે કાર્યમાં વ્યસ્ત ન હતા.

આપ સૌની આ ચેષ્ટાઓ માટે હું આભાર વ્યકત કરૂં છું અને સાથે સાથે આ પણ કહેવા માંગું છું કે મારી આ આશા અને પ્રાર્થના છે કે આ વિશાળ અને સુંદર ભવનના તમામ વિભાગ તથા તેમાં કામ કરતાં તમામ લોકો પોતાના દેશ અને તેની પ્રજા પ્રત્યે પોતાના કર્તવ્યો પુરા કરનાર થાય. હું આ આશા અને પ્રાર્થના પણ કરૂ છું કે તેઓ અન્ય દેશો સાથે સારા સંબંધો મજબૂત કરવા અને ન્યાયના માર્ગનું પાલન કરતાં એવા નિર્ણય કરનાર થાય જે તમામ વર્ગો અને પક્ષો માટે લાભકર્તા બની રહે. જો આ ભાવનાને અપનાવવામાં આવે તો તેનાથી લાભકારી પરિણામ અર્થાત પ્રેમ,સહાનુભૂતિ તથા ભાઈચારો ઉત્પન્ન થશે જેના દ્વારા વિશ્વ ખરા અર્થમાં શાંતિ તથા સમૃદ્ધિનું કેન્દ્ર બની રહેશે.

મારી આ ઈચ્છા અને પ્રાર્થના તમામ અહેમદી મુસલમાનની ભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે. કેમકે અમો સૌ માનીએ છીએ કે પોતાના દેશ પ્રત્યે  અને સામૂહિક રીતે તમામ માનવજાતિ માટે પ્રેમ કરવું ખુબ જ જરૂરી છે. નિ:સંદેહ અહેમદી મુસલમાન આ વિશ્વાસ રાખે છે કે પોતાના દેશથી પ્રેમ કરવું તેના ઈમાનનો એક જરૂરી અંગ છે. કેમકે ઈસ્લામના પ્રવર્તક હઝરત મુહમ્મદ સ.અ.વ.એ ભારપૂર્વક તેનું શિક્ષણ અને આદેશ આપ્યો છે. આથી હું સ્પષ્ટ કરવા માંગું છું કે પ્રત્યેક અહેમદી મુસલમાન જે યૂ.કે.નો નાગરિક છે, ચાહે તે યૂ.કે.માં જન્મયો હોય કે અન્ય દેશથી આવીને અહીયા વસવાટ કર્યો હોય, તે સંપૂર્ણ રીતે આ દેશ પ્રત્યે વફાદાર છે અને આ દેશથી હાર્દિક પ્રેમ કરે છે. તેઓ આ દેશની પ્રગતિ અને સમૃદ્ધિ ઈચ્છે છે.

બીજા દેશથી આવીને યૂ.કે.માં વસેલાઓની સંખ્યા પણ ઘણી છે અને તેઓ આ દેશની કુલ જનસંખ્યાનો ૧૪ થી ૧૫ ટકા જેટલા છે. આથી બ્રિટેનના લોકોએ બીજા દેશથી આવેલ લોકોને પોતાના દેશના નાગરિક તથા બ્રિટીશ સમાજની રચનાના અંશ તરીકે સ્વીકાર કરવામાં જે ઉદારતા અને સહિષ્ણુતાનું પ્રદર્શન કર્યુ છે તેનું વર્ણન તથા પ્રશંસા કર્યા વગર હું મારા ભાષણને આગળ નથી વધારી શકતો. આથી અહી આવીને વસેલા સર્વની પણ આ ફરજ છે કે તેઓ આ દેશાના વફાદાર નાગરિક બની રહે અને તમામ પ્રકારની વ્યવસ્થાના નિવારણ માટે સરકારના પ્રયાસોનું સમર્થન કરે. જ્યાં સુધી અહેમદિયા મુસ્લિમ જમાઅતનો સંબંધ છે તો તેના સભ્યા ચાહે તેઓ કોઈ પણ દેશમાં રહેતા હોય આ સિદ્ધાંતનું પાલન કરે જ છે.

જેવું કે આપ સૌ જાણો જ છો કે અત્રે અમે યૂ.કે.માં અહેમદિયા મુસ્લિમ જમાઅતની સ્થાપનાની શતાબ્દી ઉજવી રહ્યા છીએ. છેલ્લા ૧૦૦ વર્ષનો ઈતિહાસ આ વાતને સિદ્ધ કરે છે અને આ વાતની સાક્ષી આપે છે કે અહેમદિયા જમાઅતના સભ્યોએ હંમેશા પોતાના દેશ પ્રત્યે વફાદારીની જરૂરીયાત પુરી કરી છે અને પ્રત્યેક ઉગ્રવાદ, વિદ્રોહ અને અવ્યવસ્થાથી તેઓ હંમેશા દુર રહ્યા છે. વાસ્તવમાં વફાદારી અને દેશ પ્રેમની વિચારધારાનું મૂળ કારણ એ છે કે અહેમદિયા મુસ્લિમ જમાઅત એક સાચી ઈસ્લામી જમાઅત છે. અમારી જમાઅત બીજાથી સર્વથા વિશેષ છે. કેમકે અમારો સમાજ હંમેશા ઈસ્લામના વાસ્તવિક તથા શાંતિપૂર્ણ ઉપદેશથી વિશ્વના લોકોને સમજાવવા હંમેશા આતૂર છે અને અમારો હંમેશા

આ પ્રયાસ રહ્યો છે કે આ શિક્ષણને વાસ્તવિક ઈસ્લામના રૂપમાં વિશ્વમાં સ્વીકૃતિ મળે.

આ સંક્ષિપ્ત પરિચય ઉપરાંત હું મારા ભાષણના મુખ્ય વિષય પર આવું છું. અમારી જમાઅત શાંતિ, સુલેહ, સમન્વય તથા એકતાનો ધ્વજ ઊંચો કરનાર છે અને અમારો મુખ્ય હેતુ છે "પ્રેમ સૌના માટે નફરત કોઈનાથી નહીં" કેટલાક અમારા પરિચિત બિન મુસ્લિમ લોકો અથવા જેમની સાથે અમારા ગાઢ સંબંધ છે તેઓને આ વાત પર આશ્ચર્ય થાય છે કે અહેમદિયા મુસ્લિમ જમાઅત ઈસ્લામને શાંતિ પ્રેમ અને ભાઈચારાના સંદેશનો સ્ત્રોત બતાવે છે. તેમના આશ્ચર્યનું કારણ એ છે કે તેઓ અનુભવ કરે છે કે ઈસ્લામના નામ માત્ર વિદ્વાન અને અન્ય ઈસ્લામી સંગઠનો તદ્દન વિરોધાભાસી જ વાતો કરે છે અને એક અલગ જ સંદેશનો પ્રચાર કરે છે.

આ તફાવતને સ્પષ્ટ કરવા માટે હું આ જણાવવા માંગું છું કે અહેમદી મુસલમાન આ વાત પર વિશ્વાસ રાખે છે કે વર્તમાન યુગમાં તલવાર દ્વારા જેહાદની વિચારધારા તદ્દન ખોટી છે અને તેનો તિરસ્કાર કરવો જોઈએ, પરંતુ કેટલાક અન્ય ઈસ્લામી વિદ્વાન આ ખોટી વિચારધારાને પ્રોત્સાહન આપે છે અને તેનું પાલન કરે છે. તેમની આ જ વિચારધારા વિશ્વમાં અનેક ક્ષેત્રોમાં મુસલમાનો વચ્ચે કટ્ટરવાદી તથા ઉગ્રવાદી સંગઠનો રચાય છે.

ફકત એટલું જ નહી કે સંગઠનો ઉભા થયા છે બલ્કે કેટલાક લોકો વ્યકિતગત રૂપથી આ ખોટી વિચારધારાનો અનુચિત લાભ ઉઠાવી તેના અનુરૂપ વ્યવહાર કરી રહ્યા છે. તેનું તાજેતરનું

ઉદાહરણ લંડનની સડકો પર એક બ્રિટીશ સૈનિકની નિર્દોષ હત્યા આ જ વિચારધારાનું પરિણામ છે. આ હુમલાનો ઈસ્લામના સાચા ઉપદેશ સાથે કોઈ સંબંધ નથી બલ્કે ઈસ્લામી તાલીમ આ પ્રકારના કૃત્યોની નિંદા અને સદંતર વિરોધ કરે છે. વાસ્તવમાં આવા ષડયંત્રો ઈસ્લામના ઉપદેશોને ખોટી રીતે પ્રસ્તુત કરીને આચરવામાં આવે છે જેનો પ્રચાર કેટલાંક કહેવાતા મુસ્લિમો પોતાના નિહિત સ્વાર્થોની પૂર્તિ હેતુ કરી રહ્યા છે. આ સાથે હું આ પણ કહેવા માંગુ છું કે અમુક સ્થાનિક સમુદાયોની પ્રતિક્રિયા પણ ઉચિત નથી જેના કારણે સમાજની શાંતિ ભંગ થાય છે.

ઈસ્લામના ઉપદેશોના સંબંધે અમારૂ મંતવ્ય સાચું છે તેનો પ્રમાણ શું ? વિચાર કરવા યોગ્ય વિષય એ છે કે તલવાર અથવા બળ પ્રયોગની અનુમતિ કેવળ એવી સ્થિતિમાં છે જ્યારે ઈસ્લામ વિરૂદ્ધ ધર્મના આધારે હુમલો અથવા યુદ્ધ કરવામાં આવે. વર્તમાન યુગમાં કોઈ પણ,ચાહે તે દેશ હોય કે ધર્મ, ભૌતિક રૂપથી ઈસ્લામ વિરૂદ્ધ ધર્મના આધારે હુમલો કે યુદ્ધ નથી કરતો. આથી મુસલમાનો માટે આ ન્યાયસંગત નથી કે તેઓ કોઈ અન્ય સમુદાય પર ધર્મના નામે હુમલો કરે કેમકે નિ:સંદેહ આ કુરઆનના ઉપદેશનું ઉલ્લંઘન છે.

પવિત્ર કુરઆને ફકત તે લોકો વિરૂદ્ધ બળ પ્રયોગની અનુમતિ આપી છે જેઓએ ઈસ્લામ વિરૂદ્ધ યુદ્ધ કર્યુ અને તલવાર ઉઠાવી હોય. એક બીજુ મહત્વપૂર્ણ બિંદુ છે કે જો કોઈ નાગરિક પોતાના દેશ અથવા દેશ વાસીઓને કોઈ પણ પ્રકારનું નુકસાન કે આઘાત પહોચાડે છે તો તે નિશ્ચિત રૂપથી ઈસ્લામી ઉપદેશનું ઉલ્લંઘન કરે છે.

હઝરત મુહમ્મદ સ.અ.વ.એ કહ્યું કે જે કોઈ નિર્દોષનું લોહી વહેતુ કરે તે મુસલમાન નથી. હઝરત મુહમ્મદ સ.અ.વ.ના વિચારમાં એવા લોકો કમજોર ઈમાન વાળા અને પાપી છે.

હવે હું ઈસ્લામના અમુક પાસા રજુ કરૂ છું જેનાથી આ સાબિત થાય છે કે ઈસ્લામની તાલીમ કેટલી વિશુદ્ધ અને જ્ઞાન પર આધારિત છે. હું આ સ્પષ્ટ કરીશ કે કેટલાંક કહેવાતા મુસ્લિમ જુથો ઈસ્લામનું જે ચિત્ર રજુ કરે છે તે વાસ્તવમાં કોઈ પણ પ્રકારે ધર્મની વાસ્તવિક તાલીમનું પ્રતિનિધિત્વ નથી કરતા. આ સ્પષ્ટ થઈ જશે કે તેઓ ફકત નિહિત સ્વાર્થોની પૂર્તિ હેતુ ધૃણાપૂર્ણ ગતિવિધિઓને ન્યાયસંગત ઠેરવા માટે અનુચિત રૂપથી ઈસ્લામના નામનો પ્રયોગ કરે છે.

ઈસ્લામે સહનશીલતાની મહત્તા પર એટલો ભાર મુકયો છે કે તેના જેવા ઉચ્ચ ધોરણો કોઈ અન્ય ધર્મમાં મળવા અસંભવ છે. અન્ય લોકોનો આ મત છે કે જ્યાં સુધી બીજા ધર્મને ખોટો સાબિત ન કરી દઈએ ત્યાં સુધી પોતાના ધર્મની સચ્ચાઈ સાબિત નથી થતી, પરંતુ ઈસ્લામનો અભિગમ જ જુદો છે કેમકે ઈસ્લામ આ ઉપદેશ આપે છે કે ઈસ્લામ એક સાચો ધર્મ છે જે સમગ્ર માનવજાતિ માટે મોકલવામાં આવ્યો છે. સત્ય તો એ છે કે અલ્લાહ તઆલાના તમામ અવતારો પ્રત્યેક જાતિ અને વિશ્વના દરેક ભાગમાં મોકલ્યા છે. પવિત્ર કુરઆનમાં ખુબ જ સ્પષ્ટ રીતે કહેવાયું છે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે તેણે તમામ અવતારોને પ્રેમ અને સ્નેહના ઉપદેશ આપી મોકલ્યા છે. આથી દરેક મુસ્લિમે આ તમામને સ્વીકારવા જોઈએ.

કોઈ અન્ય ધર્મ એટલી સ્પષ્ટતા તથા ઉદારતાપૂર્ણ ઢંગથી તમામ ધર્મોની પ્રશંસા નથી કરતો જેટલી ઈસ્લામ ધર્મ કરે છે કેમકે મુસલમાન આ વિશ્વાસ રાખે છે કે સમગ્ર જાતિઓ અને કોંમોમાં અવતાર આવ્યા છે, આથી તેઓ તેમને જુઠા હોવાનો વિચાર પણ મનમાં ન લાવી શકે. આથી મુસલમાન અલ્લાહના કોઈ પણ અવતારનું હંસી મજાક તથા અપમાન ન કરી શકે અને ન તેઓ અન્ય ધર્મના અનુયાયીઓની લાગણી દુભાવી શકે.

આમ છતાં ખેદની વાત એ છે કે કેટલાંક બિન મુસ્લિમોનું વલણ આથી તદ્દન વિપરીત છે. તેઓ ઈસ્લામના પ્રવર્તક હઝરત મુહમ્મદ સ.અ.વ.ને કલંક લગાવવાથી અને અપમાનિત કરવાની કોઈ પણ તક ચુકતા નથી અને આ રીતે તેમણે મુસલમાનોની ભાવાનાઓને ગંભીર ઈજા પહોચાડી છે. પરંતુ કમનશીબે જ્યારે પણ અમુક તત્વો મુસ્લિમોની લાગણીઓ અંગે રમે છે ત્યારે કેટલાક મુસ્લિમ કહેવાતા, આ પ્રકારની ઉશ્કેરણી અજ્ઞાનતાપૂર્વક અને અનુચિત ઢંગથી પ્રતિક્રિયા વ્યકત કરે છે જેનું ઈસ્લામના વાસ્તવિક ઉપદેશો સાથે કોઈ લેવા દેવા નથી. તો બીજી તરફ તમે જોઈ શકશો કે કોઈ અહેમદી મુસ્લિમ કોઈ પણ ઉશ્કેરણી સ્થિતિમાં આ રીતે અજ્ઞાનતાપૂર્વક પ્રતિક્રિયા પ્રદર્શિત ન કરશે. ઈસ્લામના સ્થાપક હઝરત મુહમ્મદ સ.અ.વ અને પવિત્ર કુરઆન અંગે એક અન્ય મોટો આરોપ આ લગાવવામાં આવે છે કે તેમણે કટ્ટરવાદની તાલીમ આપી છે અને ઈસ્લામના પ્રચાર માટે બળ પ્રયોગને પ્રોત્સાહન આપ્યું છે. આ આરોપની વાસ્તવિકતા જાણવા માટે આપણે પવિત્ર કુરઆનનું અધ્યયન કરવું પડશે. અલ્લાહ તઆલા ફરમાવે છે કે:

"જો તારા રબની ઈચ્છા હોત તો આ પૃથ્વીમાં રહેનાર સર્વ કોંમો એક સાથે ઈમાન લઈ આવી હોત તો શું તુ લોકોને મજબૂર કરી શકે છે ? જ્યારે કે તેઓ ઈમાન લાવનાર બની જાય."

(સૂરહ યૂનસ આયત ૧૦૦)

આ આયત સ્પષ્ટ રીતે જણાવે છે કે અલ્લાહ તઆલા જે સર્વ શકિતમાન છે, તમામ લોકોને એક જ ધર્મનું અનુસરણ કરવા પર ખુબ આસાનીથી વિવશ કરી શકતો હતો; પરંતુ તેણે દુનિયાના લોકોને આ વિકલ્પની સ્વતંત્રતા આપી કે ચાહે તો ઈમાન લાવે અથવા ન લાવે.

આથી જ્યારે અલ્લાહે માનવજાતિને કોઈ પણ વિકલ્પ અપનાવવાની સ્વતંત્રતા આપી છે તો હઝરત મુહમ્મદ સ.અ.વ. અથવા તેમનો કોઈ અનુયાયી કોઈને મુસલમાન બનવા પર કેવી રીતે વિવશ કરી શકે ?

અલ્લાહ તઆલા પવિત્ર કુરઆનમાં આ પણ ફરમાવે છે કે : સચ્ચાઈ તારા રબ તરફથી જ ઉતરી છે, આથી જે ચાહે ઈમાન લાવે અને જે ચાહે ઈન્કાર કરી દે. (અલ કહફ આયત ૩૦)

આ ઈસ્લામની વાસ્તવિકતા છે અને તેનો સાચો ઉપદેશ છે જો કોઈ વ્યકિત ચાહે તો તેને ઈસ્લામ સ્વીકારવાની સ્વતંત્રતા છે, અને જો તેનું દિલ નથી ચાહતું તો તેને અસ્વીકાર કરવાની પણ સ્વતંત્રતા છે. આથી ઈસ્લામ કટ્ટરવાદ અને બળ પ્રયોગની સંપૂર્ણ રીતે વિરૂદ્ધ છે, વાસ્તવમાં ઈસ્લામ સમાજમાં દરેક સ્તરે શાંતિ અને સમન્વયનું સમર્થન કરે છે.

ઈસ્લામ માટે આ અશકય છે કે તે બળ જબરી તથા હિંસાની તાલીમ આપે કેમકે ઈસ્લામનો અર્થ જ શાંતિથી રહેવું અને બીજાને શાંતિની ગેરંટી આપવાનો છે. જ્યારે અમારી ધાર્મિક ભાવનાઓનું અપમાન કરવામાં આવે છે તો અમોને ખુબ દુઃખ અને પીડાનો અનુભવ થાય છે. હઝરત મુહમ્મદ સ.અ.વ. વિશે જો કોઈ અપમાનજનક શબ્દ કહે તો તે અમારા દિલોને ઈજા પહોંચાડે છે.

ઈસ્લામના પ્રવર્તક હઝરત મુહમ્મદ સ.અ.વ.એ જ અમારા દિલોમાં અલ્લાહ અને તેની મખ્લૂક પ્રત્યે પ્રેમની ભાવના જાગૃત કરી છે. આપે જ અમારા દિલોમાં સમગ્ર માનવજાતિ અને તમામ ધર્મો પ્રત્યે પ્રેમ અને આદરની ભાવના સ્થાપિત કરી. ઈસ્લામના શાંતિપૂર્ણ ઉપદેશો વિશે આ ઉત્તર સિવાય અન્ય મોટું પ્રમાણ શું હોઈ શકે છે જે હઝરત મુહમ્મદ સ.અ.વ.ના વિરોધીઓએ આપ્યો છે જ્યારે આપ સ.અ.વ.એ તેમને ઈસ્લામનો સંદેશ મોકલ્યો હતો. તેમણે આ ન કહ્યું હતું કે હઝરત મુહમ્મદ સ.અ.વ.એ અમોને ઈસ્લામનું નિમંત્રણ આપીને કોઈ પણ પ્રકારનો અત્યાચાર કે અનૈતિક કાર્ય કરવોનો ઉપદેશ આપ્યો બલ્કે તેમનો જવાબ આ હતો કે જો તે ઈસ્લામના ઉપદેશોને સ્વીકાર કરી લે છે તો તેમની ધન સંપત્તિને અત્યાચારી લોકો આંચકી લેશે અને તેમની પ્રતિષ્ઠા પણ જોખમમાં પડી જશે કેમકે હઝરત મુહમ્મદ સ.અ.વ. કેવળ શાંતિ અને સંવાદિતાની તાલીમ પર જ જોર આપતા હતા. તેમણે આ સંદેહને જાહેર કર્યો કે તેઓ ઈસ્લામને સ્વીકાર કરી લે છે અને પરિણામે શાંતિને અપનાવી લે છે, તો આજુ બાજુના લોકો, કબીલાઓ અને અન્ય જાતિઓ તેનો અનુચિત લાભ ઉઠાવી તેને નષ્ટ કરી દેશે. સારાંશ એ કે જો ઈસ્લામ

હિંસોનો પ્રચાર કરતો અને મુસ્લિમોને યુદ્ધ કરવા તથા તલવાર ઉઠાવવાનો ઉપદેશ આપતો, તો સ્પષ્ટ છે કે કાફીર પોતાના પક્ષમાં એવો તર્ક પેશ ન કરતા, તેઓ કદાપી આ ન કહેતા કે તેઓ ઈસ્લામ એટલા માટે સ્વીકાર નથી કરી શકતા કેમકે તેમને ભય છે કે ઈસ્લામની શાંતિપૂર્ણ તાલીમના પરિણામે દુન્યવી લોકો દ્વારા તેમનો સર્વનાશ થઈ જશે.

પવિત્ર કુરઆન જણાવે છે કે અલ્લાહ તઆલાનું એક નામ 'સલામ' છે જેનો અર્થ 'શાંતિનો સ્ત્રોત' આથી આ સમજાય છે કે જો અલ્લાહ વાસ્તવમાં શાંતિનો સ્ત્રોત છે તો તેની શાંતિ કેવળ એક વિશેષ સમુદાય સુધી જ મર્યાદિત ન રહેશે. સમગ્ર સૃષ્ટિ અને તમામ માનવજાતિ પર ઉતરવી જોઈએ. જો અલ્લાહની શાંતિ કેવળ અમુક લોકો સુધીની સુરક્ષા માટે હતી તો આ અવસ્થામાં તેને સમગ્ર સંસારનો અલ્લાહ ન કહી શકાય. અલ્લાહ તઆલાએ તેનો જવાબ પવિત્ર કુરઆનમાં આ શબ્દોમાં આપ્યો છે :

"તેની આ પુકારના અમે સાક્ષી છીએ કે હે મારા પરવરદિગાર આ તે કોંમ છે જે કદીપણ ઈમાન લાવશે નહી માટે તુ તેનાથી વિમુખ થઈ જા અને કહી દે કે તમારા પર અલ્લાહની શાંતિ થાય અને તેઓ વેળાસર સઘળું સમજી જશે."

(અલ ઝુખરૂફ આયત ૮૯,૯૦)

આ શબ્દો જણાવે છે કે હઝરત મુહમ્મદ સ.અ.વ. એવા ઉપદેશ લાવ્યા હતા જે તમામ લોકો માટે શાંતિ અને દયાનો સ્ત્રોત હતા તેનો નિચોડ તમામ માનવજાતિ માટે શાંતિનો માધ્યમ છે.

ઉપરોકત આયતથી આ પણ સમજાય છે કે હઝરત મુહમ્મદ સ.અ.વ.ના શાંતિ સંદેશના જવાબમાં આપના વિરોધીઓએ ન માત્ર આપના ઉપદેશોને ફગાવી દીધો બલ્કે આપનું અપમાન અને ઉપહાસ પણ કર્યુ. વાસ્તવમાં તેઓએ તેનાથી પણ અધિક દુશ્મની કરી આપનો વિરોધ કર્યો, અશાંતિનો માહોલ પણ ફેલાવી દીધો. વિરોધીઓની આ ગતિવિધિઓને જોવા છતાં પણ હઝરત મુહમ્મદ સ.અ.વ.એ અલ્લાહ તઆલાથી આ દુઆ કરી કે હું તેઓને શાંતિ મળે તેમ ઈચ્છુ છું, પરંતુ તેઓ મને શાંતિ નથી આપતા બલ્કે તેનાથી પણ અધિક દુ:ખ અને પીડા આપવાની ચેષ્ટા કરે છે.

તેના જવાબમાં અલ્લાહ તઆલાએ તેમને સાંત્વના આપતાં કહ્યું કે 'જે કંઈ તેઓ કરે છે તેની અવગણના કર અને તેમનાથી દૂર થઈ જા. તારૂ સૌથી મહત્વનું કામ તો દુનિયામાં શાંતિનો પ્રચાર અને તેની સ્થાપના છે. તુ તેમની ધૃણા અને તેમના અત્યાચારોના જવાબમાં ફકત એટલું કહે કે 'તમોને શાંતિ મળે' અને તેઓને કહી દે કે 'હું તમારા માટે શાંતિ લઈને આવ્યો છું'

આ રીતે હઝરત મુહમ્મદ સ.અ.વ. આખું જીવન વિશ્વમાં શાંતિ ફેલાવતા રહ્યા અને આ જ આપનો મહાન ઉદ્દેશ્ય હતો. નિ:સંદેહ એક દિવસ એવો જરૂર આવશે જ્યારે દુનિયાના લોકો આ વાતને સમજી જશે અને સ્વીકાર કરશે કે આપ સ.અ.વ.એ કોઈ આતંકવાદની તાલીમ ન આપી બલ્કે આપ સ.અ.વ. ફકત શાંતિ, પ્રેમ અને સહાનુભૂતિનો સંદેશ લઈને આવ્યા હતા. આ સાથે તેમ પણ સ્પષ્ટતા કરવી જોઈએ કે જો આ મહાન પયગમ્બર સાહેબના

અનુયાયી પણ અત્યાચારો અને અન્યાય પ્રત્યે પ્રેમપૂર્વક પોતાની પ્રતિક્રિયા વ્યકત કરે તો નિ:સંદેહ તે લોકો જે ઈસ્લામના ભવ્ય ઉપદેશો પર આક્ષેપ લગાવે છે, એક દિવસ ઈસ્લામની સચ્ચાઈ અને સુંદરતાને સ્વીકારી લેશે.

અહેમદિયા મુસ્લિમ જમાઅત આ જ ઉપદેશોનું પાલન અને અનુસરણ કરે છે. આ જ સહાનુભૂતિ, સહનશીલતા અને દયા પર આધારિત ઉપદેશ છે જેનો અમે સમગ્ર વિશ્વમાં પ્રચાર પ્રસાર કરીએ છીએ. અમે દયા અને ઉદારતાના તે જ ઐતિહાસિક અને અદ્વિતીય આદર્શનું પાલન કરીએ છીએ જેનું પ્રદર્શન હઝરત મુહમ્મદ સ.અ.વ.એ ઘણાં વર્ષો સુધી અત્યંત પીડાદાયક યાતનાઓ અને અત્યાચારોને સહન કરવા ઉપરાંત પુનઃ મકકાની ગલીઓમાં એક વિજેતાના રૂપમાં પ્રવેશ કરવા પર કર્યો. અનેક વર્ષો સુધી આપને અને આપના અનુયાયીઓને જીવન જરૂરીયાત, ભોજન અને પાણીથી વંચિત રાખવામાં આવ્યા હતા અને ઘણા દિવસો સુધી ભૂખની પીડા સહન કરવી પડી હતી. આપના અનેક અનુયાયીઓ પર હુમલાઓ કરવામાં આવ્યા હતા, અમુકની અત્યંત નિર્દયતાપૂર્વક હત્યા કરવામાં આવી જેની કલ્પના પણ આપણે ન કરી શકીએ. મુસ્લિમ વૃદ્ધો, સ્ત્રીઓ અને બાળકોને પણ બાકી ન રખાયા હતા., બલ્કે તેમની સાથે પણ નિર્દયતાપૂર્વક વલણ અખત્યાર કરવામાં આવ્યું. તો પણ, જ્યારે હઝરત મુહમ્મદ સ.અ.વ. વિજયી થયા અને મકકામાં પાછા ફર્યા ત્યારે આપે કોઈ પણ પ્રકારનું વેર ન વાળ્યું, બલ્કે તેના બદલે તેમણે કહ્યું કે તમારામાંથી કોઈને સજા આપવામાં આવશે નહી કેમકે મેં તમોને માફ કરી દીધા છે. હું પ્રેમ અને

શાંતિનો દૂત છું. મને અલ્લાહના આ ગુણનો સર્વાધિક જ્ઞાન છે કે તે 'શાંતિનો સ્ત્રોત' છે અર્થાત અલ્લાહ જ છે જે શાંતિ આપે છે. હું તમારા પાછલા તમામ અત્યાચારોને માફ કરૂ છું અને તમોને શાંતિ અને સલામતીની ખાતરી આપું છું. તમે સ્વતંત્રપૂર્વક મકકામાં રહી શકો છો તેમજ તમારે જે કોઈ ધર્મ અનુસરવું હોય તે અનુસરી શકો છો. કોઈને પણ કોઈ બાબતની ફરજ પાડવામાં નહી આવે અને કોઈ પણ રીતે બળજબરી કરવામાં નહી આવે.

મકકાના કેટલાક કટ્ટર વિરોધી સજાના ભયથી મકકા છોડીને નાસી ગયા હતા કેમકે તેમને લાગતું હતું કે તેઓએ મુસલમાનો પર અત્યાચારમાં દરેક મર્યાદા તોડી નાખી હતી. પરંતુ જ્યારે તેઓના સગાવહાલાઓએ દયા અને પ્રેમનો એવો અદ્વિતીય નમૂનો અને શાંતિ અને સંવાદિતા ભરેલ અદભૂત પ્રદર્શન જોયું તો તેમણે તેઓને પાછા ફરવાનો સંદેશાઓ મોકલ્યા અને જણાવ્યું કે હઝરત મુહમ્મદ સ.અ.વ. શાંતિ અને સલામતી પ્રદાન કરનાર છે તો તે લોકો મકકા પાછા આવી ગયા. જે લોકો એક સમયે ઈસ્લામના સૌથી વધુ કટ્ટર વિરોધી હતા, તેમણે જ્યારે સ્વયં હઝરત મુહમ્મદ સ.અ.વ.ની દયા અને ઉદારતાનો અનુભવ કર્યો તો પરિણામે તેઓએ સ્વેચ્છાથી ઈસ્લામ સ્વીકારી લીધો.

જે કંઈ મેં વર્ણન કર્યુ તે નોંધાયેલ ઈતિહાસનો ભાગ છે અને મોટા ભાગે બિન મુસ્લિમ ઈતિહાસકારો અને Orientalists દ્વારા આ સત્યતાની પુષ્ટિ થઈ છે. આ ઈસ્લામનો સાચો ઉપદેશ છે અને આ જ હઝરત મુહમ્મદ સ.અ.વ.નો મહાન આદર્શ છે. આથી ઈસ્લામ અને તેના પ્રવર્તકને હિંસક છે તેવો આરોપ લગાવવો તે

ઘોર અન્યાય છે. તેમાં કોઈ સંદેહ નથી કે જ્યારે પણ આવા ખોટા આક્ષેપો થાય છે ત્યારે અમોને ખુબ દુ:ખ અને પીડા થાય છે.

હું ફરીથી આ કહું છું કે વર્તમાન યુગમાં ફકત અમારી જમાઅત, અહેમદિયા મુસ્લિમ જમાઅત જ છે જે વાસ્તવિક ઈસ્લામ અને શાંતિપૂર્ણ શિક્ષણનું અનુસરણ તથા પાલન કરે છે. હું આ પણ ફરીથી કહેવા માંગું છું કે કેટલાક આતંકવાદી સંગઠનો અથવા અમુક વ્યકિતઓ દ્વારા જે ધૃણાપૂર્ણ અને દુષ્કર્મ કરવામાં આવે છે તેઓનું ઈસ્લામના વાસ્તવિક શિક્ષણ સાથે કોઈ લેવા દેવા નથી.

વાસ્તવિક ન્યાયનો મૂળભૂત સિદ્ધાંત એ છે કે કોઈ સમુદાય અથવા વ્યકિત વિશેષના નિહિત સ્વાર્થોને કોઈ ધર્મની તાલીમ સાથે જોડવામાં ન આવે. એવી ગતિવિધિઓનો કોઈ ધર્મ અથવા તેના પ્રવર્તકની અન્યાયપૂર્ણ ઢંગથી નિંદા કરવા માટે એક બહાના રૂપે અનુચિત પ્રયોગ ન કરવો જોઈએ. સમયની આવશ્યકતા છે કે વૈશ્વિક શાંતિ અને એકતાની સ્થાપના હેતુ તમામ લોકોને પરસ્પર સમ્માન અને એક બીજાના ધર્મનો આદર કરવાની ભાવના રાખવી જરૂરી છે. નહીતર તેનો પરિણામ ખુબ ભયાનક થશે.

આજે દુનિયા એક વિશ્વ ગ્રામનું રૂપ ધારણ કરી ચુકયું છે. આથી પરસ્પર આદર તથા સમ્માનના અભાવ અને શાંતિ સ્થાપના હેતુથી એકત્રિત થવામાં નિષ્ફળતાના કારણે ન માત્ર સ્થાનિક ક્ષેત્ર, શહેર અથવા દેશને હાનિ પહોચશે બલ્કે તેના પરિણામે અંતે વિશ્વ એક ભયાનક વિનાશની લપેટમાં આવી જશે. પાછલાં બે વિશ્વ યુદ્ધોના વિનાશક પરિણામોથી આપણે બધા માહિતગાર છીએ. કેટલાક દેશોની ગતિવિધિઓ એવી છે જે ત્રીજા વિશ્વ યુદ્ધની ચેતવણી છે.

જો ત્રીજુ વિશ્વ યુદ્ધ શરૂ થઈ જાય તો પશ્ચિમી દેશ પણ તેના દુરગામી અને વિનાશક પરિણામોનો ભોગ બનશે. આપણે આપણી ભાવિ પેઢીઓને આ યુદ્ધના ભયાનક અને વિનાશકારી પરિણામોથી સરક્ષિત રાખવાના પ્રયાસો કરવા જોઈએ.

સ્પષ્ટ છે કે સૌથી ભયાનક યુદ્ધ પુમાણુ યુદ્ધ હશે અને અત્રે દુનિયા જે તરફ જઈ રહી છે, નિ:સંદેહ તે એક પરમાણુ યુદ્ધ ફાટી નીકળવાનું જોખમ દેખાઈ રહ્યું છે. આ વિનાશકારી પરિણામને રોકવા માટે આપણે ન્યાય, એકતા તથા અખંડતા અને ઈમાનદારીના માર્ગો અપનાવવા પડશે અને સામૂહિક રૂપથી તે જૂથોનું નાશ કરવું પડશે જે ધૃણાનો પ્રચાર કરી વૈશિવક શાંતિનો સર્વનાશ કરવા ચાહે છે.

હું આ આશા અને દુઆ કરૂ છું કે અલ્લાહ તઆલા મોટી સત્તાઓને ન્યાયપૂર્ણ ઢંગથી આ વિશે તેમની જવાબદારીઓ પુરી કરવાની સમજ આપે. આમીન. અંતમાં ભાષણ સમાપ્ત કરતાં પહેલા હું આપ લોકોનું ધન્યવાદ કરવા માંગું છું કે આપ સૌ સમય કાઢીને અને પ્રયાસ કરીને અહિયા ઉપસ્થિત રહ્યા. અલ્લાહ તઆલા આપ તમામ લોકો પર પોતાની કૃપા વરસાવે.

આપ સૌનો ખુબ ખુબ આભાર.



# વિશ્વ શાંતિ
# સમયની જટિલ આવશ્યકતા

---

રાષ્ટ્રીય પાર્લામેન્ટ ન્યુઝીલેન્ડ
વેલિંગટન, ન્યુઝીલેન્ડ ૨૦૧૩







Hon. Kanwaljit Singh Bakshi (MP) receiving the HolyQur'an from Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba]



Iranian ambassador Seyed Majid Tafreshi Khameneh meeting Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba]



Det. Rakesh Naidoo meeting Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba] in representation of the Commissioner of Police New Zealand



Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba] leading silent prayers at the conclusion of the official function in the Grand Hall, New Zealand Parliament



Dr. Cam Calder MP meeting Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba]



Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba] delivering the keynote address at the Grand Hall, in the New Zealand Parliament. 4th Nov 2013



Hon. Kanwaljit Singh Bakshi (MP) with Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba] and his entourage in front of the New Zealand Parliament

# પ્રસ્તાવના

વિશ્વવ્યાપી અહેમદિયા મુસ્લિમ જમાઅતના વડા હઝરત મિરઝા મસરૂર અહેમદ સાહેબ ખલીફતુલ મસીહ પંજુમે તા.૪ નવેમ્બર ૨૦૧૩ના રોજ વેલિંગટન શહેરમાં ન્યુઝીલેન્ડની રાષ્ટ્રીય પાર્લામેન્ટમાં એક ઐતિહાસિક ભાષણ આપ્યું. પાર્લામેન્ટના સાંસદો, રાજદૂતો, શિક્ષાવિદો તથા વિભિન્ન ક્ષેત્રોના શ્રોતાગણ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા.

જેમાં અહેમદિયા મુસ્લિમ જમાઅતના વડાએ આ વાતની મહત્તાને રજુ કરી કે વિશ્વના વિવિધ ભાગોમાં વધી રહેલ વિવાદો અને તનાવનો ઉલ્લેખ કરતાં વિશ્વ શાંતિ સ્થાપના માટે ન્યાયની જરૂરીયાત પર ભાર મુકયો. તેમના આ મુખ્ય પ્રવચન પછી અન્ય ઉચ્ચ અધિકારીઓએ પણ સભાને સંબોધન કર્યુ. શ્રી કંવલજીત બક્ષી સાંસદ સભ્યએ કહ્યું ''અમારૂ આ સૌભાગ્ય છે કે હઝરત મિરઝા મસરૂર અહેમદ અહિયા ન્યુઝીલેન્ડની પાર્લામેન્ટમાં આવ્યા અને અમોને તેમના જ્ઞાન અને વિચારોને સાંભળવાનો અવસર મળ્યો.''

ડૉ. રાજન પ્રસાદ સાંસદે કહ્યું કે "ન્યુઝીલેન્ડની પાર્લામેન્ટમાં હઝરત સાહેબનું સ્વાગત કરતાં અમોને ખુબ આનંદ આવ્યો. અહેમદી લોકો જે રીતે કોઈ પણ દેશના સાચા નાગરિકો તરીકે જીવન ગુજારે છે અને શાંતિના સંદેશનો અમલ પણ કરે છે જેનાથી હું ખુબ જ પ્રભાવિત થયો છું." સભાના અંતમાં હઝરત મિરઝા મસરૂર અહેમદ સાહેબે વિભિન્ન ઉચ્ચ અધિકારીઓ જેમાં ઈરાન અને ઈઝરાયેલના રાજદૂત સહિત અનેક મહાનુભાવો સાથે મુલાકાત કરી. સાંસદ શ્રી કંવલજીત સિંહ બક્ષીએ હુઝુરને સમગ્ર સંસદગૃહના દર્શન કરાવ્યા.

# વિશ્વ શાંતિ
# સમયની જટિલ આવશ્યકતા

بسم الله الرحمن الرحيم

ઉપસ્થિત તમામ મહેમાનો !

અસ્સલામો અલૈકુમ વ રહેમતુલ્લાહે વ બરકાતોહૂ

સૌથી પહેલાં તો હું આપ સૌનો આભાર માનું છું અને ખાસ કરીને આ કર્યક્રમનું આયોજન કરનાર સાંસદ શ્રી કંવલજીત સિંહ બક્ષીનો પણ આભાર માનું છું જેમણે આપ સૌને સંબોધિત કરવાનો મને અવસર આપ્યો અને જે લોકો અહિયા મારા વિચારો સાંભળવા માટે આવ્યા છે તેમનો પણ હું આભાર વ્યકત કરૂ છું.

નિ:સંદેહ આ સંસદ ભાવનમાં દેશની ઉન્નતિ તથા વિકાસ માટે વિવિધ પ્રકારની નીતિઓ અને યોજનાઓ તથા કાયદાઓ ઘડવા હેતુથી વિભિન્ન રાજકારણીઓ તથા સાંસદ સભ્યો નિયમિત રીતે એકત્રિત થાય છે. આ ઉપરાંત મારો વિશ્વાસ છે કે ઘણા ધર્મ નિરપેક્ષ અથવા ભૌતિકવાદી નેતાઓએ પણ અહિયા આવી પોતાના

જ્ઞાન, કૌશલ અને અતીતના અનુભવોના આધારે તમોને સંબોધન કર્યુ હશે. પરંતુ ભાગ્યે જ કોઈ ધાર્મિક સમુદાય ખાસ કરીને મુસ્લિમ સમુદાયના વડાએ તમોને સંબોધન કર્યુ હોય. આથી વિશ્વવ્યાપી અહેમદિયા મુસ્લિમ જમાઅત જે વાસ્તવિક ઈસ્લામી સંસ્થા છે જેનો એકમાત્ર ઉદ્દેશ્ય કે ઈસ્લામની વાસ્તવિક તાલીમનો પ્રચાર પ્રસાર કરવું છે તે સમુદાયના વડાને અહિયા સંબોધન કરવાનો અવસર આપી તમોએ પોતાના ખુલ્લા હૃદયની અને ઉચ્ચ સ્તરીય સહનશીલતાનો સંકેત તથા પ્રમાણ પ્રસ્તુત કર્યો છે. આથી હું આ દયાપૂર્ણ વ્યવહારના કારણે તમારો આભારી છું.

આ આભારી શબ્દો પછી હું મારા પ્રવચનના મુખ્ય વિષય પર આવું છું. હું ઈસ્લામના સુંદર ઉપદેશ અંગે અમુક વાતો કરીશ. હું તે સમસ્યા, જે મારા વિચારમાં વર્તમાન સમયની ખુબ જ આવશ્યતા છે અર્થાત વિશ્વ શાંતિની સ્થાપના વિશે અમુક વાતો કરીશ. તમારામાંથી અધિકતર લોકો, ધર્મ નિરપેક્ષ રાજકારણીઓ પોત પોતાના સ્તર પર અને સરકારો સામૂહિક સ્તર પર ધર્મનિરપેક્ષ દ્રષ્ટિકોણથી શાંતિ સ્થાપના માટે સતત પ્રયત્નો કરે છે. તમારા પ્રયાસો શુભેચ્છાથી પ્રેરિત છે અને તમોને આ પ્રયાસોમાં થોડી સફળતા પણ મળી હશે. તેવી જ રીતે તમારી સરકારે ગત વર્ષોમાં વિશ્વમાં શાંતિ અને એકતા સ્થાપવા માટે સલાહ પણ આપી હશે.

નિ:સંદેહ વિશ્વની વર્તમાન પરિસ્થિતિઓ અત્યંત ભયજનક છે જે સમગ્ર વિશ્વની ચિંતાનું કારણ બની રહી છે. અત્રે જ્યારે કે વિશ્વનો મુખ્ય સંકટ અરબ દેશોમાં ઉત્પન્ન થઈ રહ્યો છે અને પ્રત્યેક બુદ્ધિશાળી વ્યકિત આ વાતથી સારી રીતે પરિચિત હશે કે એવા

વિવાદ અથવા સંકટ ફકત તે જ ક્ષેત્ર સુધી મર્યાદિત નથી રહેતાં. તેમાં કોઈ શંકા નથી કે કોઈ સરકાર અને તેની પ્રજા વચ્ચેનો વિવાદ વધીને આંતરરાષ્ટ્રીય વિવાદનો રૂપ ધારણ કરી લે છે. આપણે જોઈ રહ્યા છીએ કે વિશ્વની મહાસત્તાઓમાં પહેલાંથી જ બે વિભાગ (બ્લોક) બની રહ્યા છે. એક જૂથ સીરિયાની સરકારને ટેકો આપી રહ્યો છે અને બીજો જૂથ બળવાખોરોને સમર્થન આપી રહ્યો છે. આથી જે પરિસ્થિતિ ઉભી થઈ રહી છે તે માત્ર મુસ્લિમ દેશો માટે જ ભયજનક નથી બલ્કે સમગ્ર વિશ્વ માટે ગંભીર ખતરો છે.

ગત શતાબ્દીમાં થયેલા બે વિશ્વ યુદ્ધના હૃદય વલોવતા અનુભવો આપણે ભુલવા ન જોઈએ. ખાસ કરીને દ્વિતીય વિશ્વ યુદ્ધના પરિણામે જે મહાભયંકર વિનાશ સર્જ્યો તે અદ્વિતીય છે. ફકત પરંપરાગત હથિયારોના ઉપયોગથી જ વિશાળ જનસંખ્યા વાળા અનેક શહેરો નાશ પામ્યા અને લાખો લોકો મૃત્યુ પામ્યા, વિશ્વ યુદ્ધના અંતિમ તબક્કામાં વિશ્વે સંપૂર્ણ વિનાશની ઘટના પણ જોઈ  જ્યારે જાપાન વિરૂદ્ધ પરમાણું બોમ્બનો પ્રયોગ કરવામાં આવ્યો જેનાથી એવો સર્વનાશ થયો કે તેના પ્રભાવને સાંભળતા જ મનુષ્ય ધ્રુજી જાય છે. હીરોશીમા અને નાગાસાકીના સંગ્રહાલયને જોતા જ આ સંપૂર્ણ સર્વનાશ અને ભયાવહ સ્થિતિનો ખ્યાલ આવી જાય છે.

દ્વિતીય વિશ્વ યુદ્ધમાં આશરે ૭૦ મિલિયન લોકોએ જીવ ગુમાવ્યો હતો જેમાંથી ૪૦ મિલિયન નિર્દોષ નાગરિક હતા. આ રીતે સૈનિકો કરતા તો નિર્દોષ લોકો વધુ માર્યા ગયા હતા. વળી તે યુદ્ધની અસર તો યુદ્ધ કરતા પણ ભયંકર હતી અર્થાત યુદ્ધને કારણે

મૃત્યુ પામેલાઓની સંખ્યા લાખોમાં હતી. આ પરમાણુ બોમ્બના ઉપયોગ પછી ઘણા વર્ષો સુધી તેના વિકિરણોના ભયાનક દુષ્પ્રભાવો નવજાત શિશુઓ પર અસર થતી રહી. આજે વિશ્વના નાના નાના દેશોએ પણ પરમાણુ બોમ્બ પ્રાપ્ત કરી લીધા છે અને તેમના નેતાઓ ખુબ ઉત્તેજિત સ્વભાવના છે. એવું લાગે છે કે તેઓના કાર્યોના વિનાશકારી પરિણામોની તેમને કશી પડી જ નથી.

જો આપણે આજે પરમાણુ યુદ્ધ ફાટી નીકળવાની કલ્પના કરીએ તો જે ચિત્ર સામે આવશે તેને જોઈ એક મનુષ્ય અત્યંત ભયભીત થઈ ધ્રુજી ઉઠશે. આજે જે અણુશસ્ત્રો વિશ્વના નાના નાના દેશો પાસે છે તે તો દ્વિતીય વિશ્વ યુદ્ધમાં વપરાયેલ શસ્ત્રોથી પણ વધુ શકિતશાળી છે.

આજે વર્તમાન દુનિયાની એવી દયાપાત્ર અવસ્થા છે કે એક તરફ લોકો શાંતિ સ્થાપનાની વાત કરે છે અને બીજી તરફ તેઓ અહંકારી પ્રવૃત્તિઓમાં ગ્રસ્ત છે અને દંભ તથા અભિમાનથી છવાયેલા છે. પ્રત્યેક શકિતશાળી રાજ્ય પોતાની શ્રેષ્ઠતા અને શકિતનું પ્રમાણ આપવા માટે ભરપુર પ્રયાસ કરી રહી છે. દ્વિતીત વિશ્વ યુદ્ધ પછી વિશ્વમાં લાંબા સમય સુધી શાંતિ સ્થાપવા હેતુ તથા ભવિષ્યમાં યુદ્ધની સંભાવના રોકવા માટે વિશ્વે એકઠા થઈ એક સંસ્થાનું નિર્માણ કર્યુ જેને સંયુકત રાષ્ટ્ર કહેવાય છે. પરંતુ એવું લાગે છે કે જે રીતે રાષ્ટ્ર સંઘ દુર્ભાગ્યપૂર્ણ ઢંગથી તેના ઉદ્દેશ્યમાં નિષ્ફળ ગઈ, તેવી જ રીતે સંયુકત રાષ્ટ્ર સંઘનો આદર અને સમ્માનનો પણ દિન પ્રતિદિન પતન થઈ રહ્યું છે. જો ન્યાયની માંગોને પૂર્ણ ન કરી

તો શાંતિ સ્થાપના માટે ભલેને ગમે તેટલી સંસ્થાઓ બનાવી લે, તેમના તમામ પ્રયાસો નિષ્ફળ જશે.

મેં હમણાં લીગ ઓફ નેશન્સની નિષ્ફળનું વર્ણન કર્યુ છે. પ્રથમ વિશ્વ યુદ્ધ પછી વિશ્વ શાંતિની સુરક્ષાના એક માત્ર હેતુથી આ સંસ્થા બનાવી હતી પરંતુ આ દ્વિતીય વિશ્વ યુદ્ધના અશુભ આગમન, જેના વિશે હું પહેલાં પણ જણાવી ચુકયો છું કે તેના કારણે કેટલો વિનાશ થયો, ને રોકવામાં નિષ્ફળ રહ્યા. આ યુદ્ધમાં ન્યુઝીલેન્ડના પણ ઘણા લોકો મૃત્યુ પામ્યા. કહેવાય છે કે લગભગ ૧૧૦૦૦ લોકો જે તમામ સૈનિકો હતા આ યુદ્ધમાં માર્યા ગયા. ન્યુઝીલેન્ડ તે સમયે યુદ્ધના કેન્દ્રથી ઘણું દુર હોવાના કારણે, સાધારણ નાગરિકો તો માર્યા ન ગયા પરંતુ જેવું કે મેં પહેલા વર્ણન કર્યુ કે સામૂહિક રૂપમાં સૈનિકો કરતાં નિર્દોષ નાગરિકો જ વધુ માર્યા ગયા. જરા વિચારો, સાધારાણ નિર્દોષ લોકો જેમાં અસંખ્ય સ્ત્રીઓ અને બાળકોનો પણ સમાવેશ છે, વગર કોઈ અપરાધે જ માર્યા ગયા.

આથી તમે દ્વિતીય વિશ્વ યુદ્ધમાં લપેટાયેલા દેશોના લોકોના હૃદયોમાં યુદ્ધ પ્રત્યે સ્વાભાવિક ધૃણા જોશો. વાસ્તવમાં દેશ પ્રેમ અને દેશ ભકિતની આ માંગ છે કે જો તેમના દેશ પર કોઈ હુમલો થાય તો એક નાગરિકની ફરજ છે કે તે દેશની રક્ષા અને સ્વતંત્રતા માટે દરેક પ્રકારના બલિદાન માટે તૈયાર રહે અને જો વાર્તાલાપના માધ્યમે વિવાદોનું શાંતિપૂર્ણ અને મિત્રતાપૂર્વક તરીકે સમાધાન સંભવ હોય તો અકારણ મૃત્યુ તથા વિનાશને આમંત્રણ ન આપવું જોઈએ. પ્રાચીન કાળના યુદ્ધોમાં તો સૈનિકો જ માર્યા જતા હતા અને નાગરિકોની ન્યૂનતમ હાનિ થતી હતી પરંતુ આજના યુદ્ધના

સાધનોમાં હવાઈ હુમલાઓ, ઝેરી ગેસ અને રાસાયણિક શસ્ત્રો પણ વપરાય છે અને જેવું કે મેં કહ્યું કે સૌથી વિનાશકારી બોમ્બ, પરમાણુ બોમ્બના ઉપયોગની પણ સંભાવના છે. આ દ્રષ્ટિથી વર્તમાન યુદ્ધો પ્રાચીન યુદ્ધોથી તદન જુદા જ છે કેમકે વર્તમાન યુદ્ધોમાં સંપૂર્ણ માનવજાતિને ધરતી ઉપરથી ભૂસી નાખવાની શકિત છે. આથી પવિત્ર કુરઆનમાં શાંતિ સ્થાપના હેતુથી જે ઉપદેશ આપ્યો છે તે જણાવું છું.

"અને નેકી તથા બદી એક સમાન નથી. તુ નેકી વડે બદીને દુર હટાવતો રહે. પછી જોઈલે કે તારા અને જેના વચ્ચે દુશ્મની હતી તે તારો કેવો પાક્કો મિત્ર બની જાય છે."

(સુરહ હા મીન આયત ૩૫)

આ પ્રમાણે પવિત્ર કુરઆન આ શિક્ષણ આપે છે કે પરસ્પર શત્રુતા અને વિવાદોને યથાસંભવ સમાપ્ત કરી દેવા જોઈએ અને વાર્તાલાપ દ્વારા તેનું સમાધાન કરવું જોઈએ. જો તમે દયાભાવ અને સમજદારીથી વાત કરશો તો નિશ્ચિત રૂપથી અન્ય લોકો પર સકારાત્મક પ્રભાવ પડશે અને આ ધૃણા અને દ્વેષ દૂર થવાનું માધ્યમ સાબિત થશે.

નિ:સંદેહ આપણે વર્તમાન યુગમાં સ્વયંને અતિ ઉન્નત અને સુધરેલા માનીએ છીએ. અમોએ વિભિન્ન આંતરરાષ્ટ્રીય સખાવતી સંસ્થાઓનું સંગઠન કર્યુ છે જે બાળકોને સ્વાસ્થ્ય સુવિધાઓ અને શિક્ષણ ઉપલબ્ધ કરાવે છે તેમજ માતાઓના આરોગ્યનું પણ જતન કરે છે. આ રીતે તેવા અનેક મંડળો તથા ધાર્મિક સંસ્થાઓ સ્થપાયા

છે જેની સ્થાપના માનવજાતિ પ્રત્યે સહાનુભૂતિ તથા દયાના આધારે થઈ છે.

આ બધું કર્યા છતાં પણ આપણે વર્તમાન યુગની જરૂરીયાત પર વિચાર કરવો જોઈએ અને ધ્યાન આપવું જોઈએ કે આપણે સ્વયંને અને અન્ય લોકોને વ્યાપક વિનાશ અને તબાહીથી કેવી રીતે બચાવી શકીએ? આપણે તે પણ યાદ રાખવું જોઈએ કે આજથી અથવા સાત દશક પૂર્વની તુલનામાં વર્તમાન સમયનો વિશ્વ કેટલુ નજીક આવી ગયું છે. ૬૦ કે ૭૦ વર્ષ પૂર્વ ન્યુઝીલેન્ડ એક દૂરસ્થ દેશ હતો જે એશિયા અને યુરોપથી ખુબ દૂર હતો. પરંતુ આજે આ દેશ વિશ્વ સમુદાયનો એક અભિન્ન અંગ છે. આથી યુદ્ધની સ્થિતિમાં કોઈ પણ દેશ અથવા ક્ષેત્ર સુરક્ષિત નથી.

તમારા નેતાઓ અને રાજકારણીઓ તમારા દેશના સંરક્ષક છે. દેશની સુરક્ષા અને તેની પ્રગતિ, વિકાસ અને ભલાઈ કરવી તેમની જવાબદારી છે. આથી તેમના માટે જરૂરી છે કે તેઓ આ મહત્વપૂર્ણ વાતને હંમેશા યાદ રાખે કે સ્થાનિક યુદ્ધો દ્વારા વિનાશ અને તબાહી દૂર દૂર સુધી ફેલાય જાય છે. આપણે અલ્લાહ તઆલાનો આભાર માનવો જોઈએ કે તેણે તાજેતરમાં જ અમુક મહાસત્તાઓને સદબુદ્ધિ આપી જેના પરિણામે તેમને આ સમજાઈ ગયું કે વિશ્વને આ સર્વનાશથી બચાવવા માટે યુદ્ધ અટકાવવાની કાર્યવાહી કરવી જોઈએ. ખાસ કરીને રશિયાના રાષ્ટ્રપતિએ કેટલીક મહાસત્તાઓને સિરીયા ઉપર આક્રમણ કરવાથી રોકવા માટે ભરપુર પ્રયત્નો કર્યા. તેઓએ સ્પષ્ટતઃ જણાવી દીધું કે કોઈ પણ દેશ ચાહે નાનો કે મોટો દરેક દેશ સાથે સમાન વ્યવહાર કરવો જોઈએ.

તેઓએ તેમ પણ કહ્યું કે જો ન્યાયની જરૂરીયાત પરિપૂર્ણ નહી થાય અને અન્ય દેશો સ્વતંત્ર રીતે યુદ્ધ કરશે તો સંયુકત રાષ્ટ્રનો પણ દુર્ભાગ્યપૂર્ણ અંત થશે જેવું કે રાષ્ટ્ર સંઘનું થયું હતું. મારો આ વિશ્વાસ છે કે તેમનું આ વિશ્લેષણ સાચું છે.

હું તેમની તમામ નીતિઓનું સમર્થન નથી કરતો બલ્કે સમજદારીની વાતને સ્વીકાર કરવું જોઈએ. તે એક કદમ આગળ વધીને કહે છે કે સંયુકત રાષ્ટ્રસંઘની સુરક્ષા સમિતિના પાંચ સ્થાયી સભ્યોને જે વીટોનો અધિકાર પ્રાપ્ત છે તેને કાયમ માટે સમાપ્ત કરી દેવામાં આવે જેથી વિશ્વના તમામ દેશો વચ્ચે વાસ્તવિક ન્યાય અને સમાનતા સ્થાપિત થઈ જાય.

ગત વર્ષે મને વોશિંગટન ડી.સી.ના કેપીટલ હીલમાં એક સંબોધન આપવાની તક મળી હતી. તે સભામાં અનેક સેનેટર્સ, કોગ્રેસના સભ્યો, વિશેષ સલાહકાર અને વિવિધ વર્ગોના શિક્ષિત લોકો સામેલ હતા. મેં બહું જ સ્પષ્ટ રીતે તેમને કહ્યું હતું કે ન્યાયની જરૂરીયાત ત્યારે જ પરિપૂર્ણ થઈ શકે છે જ્યારે દરેક વર્ગો અને લોકો સાથે સમાન વ્યવહાર કરવામાં આવે. મેં તે પણ સ્પષ્ટ કર્યુ કે જો તમો નાના અને મોટા, ગરીબ અને અમીર દેશો વચ્ચેના તફાવતને જ મહત્વ આપશો અને વીટોની અન્યાયપૂર્ણ શકિતને કાયમ રાખશો તો અશાંતિ અને આશંકાઓ વધતી જશે અને હવે આ અશાંતિ અને ચિંતા વાસ્તવમાં દેખાઈ રહી છે.

આથી વિશ્વવ્યાપી મુસ્લિમ જમાઅતના વડા તરીકે મારી આ ફરજ છે કે હું શાંતિ સ્થાપના પ્રત્યે વિશ્વનું ધ્યાન આકર્ષિત કરાવું. આને હું મારી જવાબદારી પણ સમજુ છું કેમકે ઈસ્લામનો અર્થ જ

શાંતિ તથા સલામતી છે. જો અમુક મુસ્લિમ દેશો ધૃણાપૂર્ણ આતંકવાદી ગતિવિધિઓને પ્રોત્સાહન આપે છે અથવા તેનું પાલન કરે છે તો તેનો આ અર્થ ન કાઢવો જોઈએ કે ઈસ્લામની તાલીમ અશાંતિ અને બખવાખોરીની પુષ્ટિ કરે છે. મેં હમણા પવિત્ર કુરઆનની એક આયત બયાન કરી હતી તેમાં આ ઉપદેશ આપવામાં આવ્યો છે કે શાંતિ કેવી રીતે સ્થાપી શકાય તે સમજાવ્યું છે.

આ ઉપરાંત ઈસ્લામના પ્રવર્તક હઝરત મુહમ્મદ સ.અ.વ.એ પોતાના અનુયાયીઓને સલામ કરવા અર્થાત હંમેશા શાંતિનો સંદેશ ફેલાવવાનો આદેશ આપ્યો છે. આપણે તેઓના પવિત્ર આચરણથી જાણી શકીએ છીએ કે તેઓ તમામ બિન મુસ્લિમો ચાહે તે યહૂદી હોય કે ખ્રિસ્તી હોય અથવા કોઈ અન્ય ધર્મ કે આસ્થાના અનુયાયી હોય, તે સર્વ ઉપર સલામતી મોકલતા હતા. તેઓ એવું એટલા માટે કરતા હતા કેમકે તેઓ સમજતા હતા કે દરેક માનવી અલ્લાહ તઆલાની સૃષ્ટિનો જ ભાગ છે અને અલ્લાહનું એક નામ શાંતિનો સ્ત્રોત પણ છે અને તે સંપૂર્ણ માનવજાતિ માટે શાંતિ તથા સલામતી ઈચ્છે છે.

મેં શાંતિ અંગે ઈસ્લામના અમુક ઉપદેશોનો ઉલ્લેખ કર્યો છે પરંતુ હું આ સ્પષ્ટ કરવા માંગુ છું કે સમયના અભાવના કારણે મેં માત્ર થોડાક જ પાસા દર્શાવ્યા છે. વાસ્તવમાં ઈસ્લામ તમામ લોકો માટે શાંતિ અને સલામતીના આદેશો અને ઉપદેશોથી પરિપૂર્ણ છે.

ન્યાય અંગે ઈસ્લામ શું કહે છે ?

સૂરહ ૫ ની આયત નંબર ૯માં અલ્લાહ તઆલા જણાવે છે :

"હે તે લોકો જે ઈમાન લાવ્યા છો! અલ્લાહની રાહમાં ન્યાયપૂર્વક સાક્ષી આપવા ઉપર મક્કમ રહો અને કોઈની દુશ્મનીને તમને ન્યાય કરવાથી અટકાવવાનું કારણ ન બનવા દો હંમેશા ઈન્સાફથી કામ લો આ વાત પરહેઝગારીની વધું નિકટમાં છે. અલ્લાહનો ડર રાખો બેશક તમે જે કરી રહ્યા છો અલ્લાહ તેનાથી સારી રીતે માહિતગાર છે."

આ રીતે પવિત્ર કુરઆનની આ આયતમાં ન્યાયના સર્વોચ્ચ ધોરણો આપવામાં આવ્યા છે. આ આદેશ તે લોકો માટે શંકાની કોઈ સંભાવના નથી છોડતો જે સ્વયંને મુસલમાન કહેવા છતાં પણ અત્યાચાર કરે છે. આ આદેશ તે લોકો માટે પણ આલોચનાની સંભાવનાને સમાપ્ત કરે છે જે ઈસ્લામને એક ઉગ્રવાદી અને હિંસાવાદી ધર્મના રૂપમાં પ્રસ્તુત કરે છે અને ટીકા પણ કરે છે. પવિત્ર કુરઆને ન્યાયના બીજા પણ ઉત્તમ ધોરણો આપ્યા છે. કુરઆન ન માત્ર આ ઉપદેશ આપે છે કે તમે ન્યાય કરો બલ્કે તે સમાનતાનો આદેશ આપતા જણાવે છે કે :

"હે તે લોકો જે ઈમાન લાવ્યા છો! તમે સંપૂર્ણ રીતે ન્યાય પર કાયમ રહેનારા અને અલ્લાહની ખાતર સાક્ષી આપનારા બનો, પછી ભલે તમારી સાક્ષી તમારા પોતાની વિરૂદ્ધ હોય અથવા તમારા માતા પિતા અથવા નિકટના સગાઓ અથવા એવા પક્ષકારોની વિરૂદ્ધ હોય. કોઈ ધનવાન હોય કે નિર્ધન, બંનેનો નિગેહબાન અલ્લાહ જ છે. માટે તમારી મનોકામનાઓને આધીન ન થાઓ, તો જ તમે ન્યાયપૂર્વક વર્તી શકશો. અને જો તમે સત્યને છુપાવશો અને

ગોળમોળ વાતો કરશો તો જાણી લો કે તમે જે કરી રહ્યા છો તેનાથી અલ્લાહ ખુબ માહિતગાર છે.'' (સૂરહ અલ નિસા આયત ૧૩૬)

આથી આ તે સિદ્ધાંત છે જે ન્યાયના ધોરણો પર આધારિત છે જેના દ્વારા સમાજના સ્તરથી લઈ આંતરરાષ્ટ્રીય સ્તર પર અને સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થાપના થઈ શકે છે. ઈતિહાસ આ વાતનો સાક્ષી છે કે ઈસ્લામના પ્રવર્તક હઝરત મુહમ્મદ સ.અ.વ.એ આ ઉપદેશોનું પાલન કર્યુ અને તેને વિશ્વના ખૂણે ખૂણાં સુધી ફેલાવ્યા. હવે વર્તમાન યુગમાં હઝરત મુહમ્મદ સ.અ.વ.ના સાચા અનુયાયી હઝરત મિરઝા ગુલામ અહેમદ કાદિયાની અલૈહિસ્સલામ જે અહેમદિયા મુસ્લિમ જમાઅતના સંસ્થાપક છે તેમણે આ ઉપદેશના પ્રચાર માટે ભરપુર સંઘર્ષ કર્યો અને પોતાના અનુયાયીઓને શાંતિનો પ્રચાર કરવાનો આદેશ આપ્યો. તેઓએ પોતાના અનુયાયીઓને આ આદેશ પણ આપ્યો કે તેઓ અલ્લાહ અને તેની સૃષ્ટિ પ્રત્યે અધિકારોની પૂર્તિ તરફ માનવજાતિનું ધ્યાન દોરે.

આ જ કારણ છે કે અહેમદિયા મુસ્લિમ જમાઅત અલ્લાહ પ્રત્યે અને તેની સૃષ્ટિ પ્રત્યે અધિકારોની પૂર્તિના મહત્વ પર તથા ન્યાયના ઉચ્ચ ધોરણો સ્થાપિત કરવાની જરૂરીયાત પર તમામ લોકોને પ્રબળ ઉપદેશ આપે છે જેથી આ વિશ્વ શાંતિ અને સંવાદિતાનું કેન્દ્ર બની શકે.

આ શબ્દો સાથે હું મારૂ ભાષણ સમાપ્ત કરૂ છું અને મને આમંત્રિત કરવા અને અહિયા આવી મારૂ ભાષણ સાંભળવા બદલ હું આપ સૌનો આભાર માનું છું.



# વૈશ્વિક શાંતિ અને સુરક્ષા
# વર્તમાન યુગની ભયંકર સમસ્યાઓ

ડચ પાર્લામેન્ટ બેનન હોફ
હેગ, નેધરલેન્ડ, ૨૦૧૫





Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba] at a special session of the Standing Committee for Foreign Affairs at the Netherlands National Parliament.



Members of the Standing Committee for Foreign Affairs at the Netherlands National Parliament with Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba]




Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba] delivering his historic address at a special session of the Standing Committee for Foreign Affairs at the Netherlands National Parliament.



Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba] answering a question about a range of political and religious issues.

# પ્રસ્તાવના

તા. ૬ ઓકટોબર ૨૦૧૫ ના રોજ વિશ્વવ્યાપી અહેમદિયા મુસ્લિમ જમાઅતના વડા હઝરત મિરઝા મસરૂર અહેમદ સાહેબે હોલેન્ડની રાજધાની હેગ ખાતે નેધરલેન્ડની નેશનલ પાર્લામેન્ટની વિદેશી મામલાઓની સ્ટેડિંગ કમેટીની વિશેષ સભામાં લગભગ એક સો થી અધિક મહેમાનો અને સમ્માનનીય લોકો સમક્ષ એક ઐતિહાસિક ભાષણ આપ્યું. આયોજનના પ્રારંભમાં મિસ્ટર વૈન બોમલે પાર્લામેન્ટમાં તેમને અભિનંદન પાઠવ્યું અને કમેટીના સભ્યોથી પરિચય કરાવ્યો. તે સિવાય તેમણે અન્ય બાહ્ય દેશોના સાંસદો, વિવિધ દેશોના રાજદૂતો, અલ્બાનિયા, ક્રોશિયા, આયરલેન્ડ, મોન્ટો નીગ્રો, સ્પેન તથા સ્વીડનના પ્રતિનિધિઓનું પણ અભિનંદન કર્યુ.

# વૈશ્વિક શાંતિ અને સુરક્ષા
# વર્તમાન યુગની ભયંકર સમસ્યાઓ

તા. ૬ ઓકટોબર ૨૦૧૫ ના રોજ હોલેન્ડની પાર્લામેન્ટમાં અપાયેલ ભાષણ.

તશહૂદ અને તઅવ્વુઝ પછી હઝરત મિરઝા મસરૂર અહેમદ ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝે ફરમાવ્યું. તમામ આદરણીય મહેમાનોની સેવામાં અસ્સલામો અલૈકુમ વ રહેમતુલ્લાહે વ બરકાતોહૂ.

અલ્લાહ તઆલાની દયા અને આર્શિવાદ તમારા પર ઉતરે. સૌથી પહેલા હું આજના આ આયોજનની વ્યવસ્થા સમિતિનો આભાર માનું છું જેમણે મને આજે અહિયા ભાષણ આપવા માટે આમંત્રણ આપ્યું.

આજે આપણે જોઈએ છીએ કે કેટલીક સમસ્યાઓને આપણા સમયની સૌથી મહત્વની સમસ્યાઓના રૂપમાં પ્રકાશિત કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે અમુક ગ્લોબલ વાર્મિંગ અને

ઋતુ પરિવર્તન પર જોર આપે છે તથા અમુક વધી રહેલ વિવાદો અને વિશ્વની અસ્ત વ્યસ્ત પરિસ્થિતિઓ પર અત્યંત ચિંતાના શિકાર છે. ધ્યાનપૂર્વક સમીક્ષા કરવામાં આવે તો વિશ્વ શાંતિ અને સુરક્ષા વર્તમાન યુગની સૌથી મોટી સમસ્યા છે. નિઃસંદેહ પ્રતિદિન વિશ્વ અસંતુલિત અને ભયાનક થતો જાય છે. આ વર્તમાન પરિસ્થિતિઓના અમુક કારણ છે, જેમાથી એક આર્થિક કટોકટી છે જેણે વિશ્વના અનેક ક્ષેત્રોમાં અસર નાખ્યો છે.

એક અન્ય કારણ ન્યાયનો અભાવ છે જેનું પ્રદર્શન કરવું કેટલીક સરકારો ન માત્ર પોતાની પ્રજા બલ્કે અન્ય કોંમો માટે પણ ઉચિત રાખેલ છે. એક અન્ય કારણ આ પણ હોઈ શકે છે કે કેટલાક ધાર્મિક લીડરો પોતાની ફરજો ઉચિત રૂપમાં અદા નથી કરતા અને વ્યકિતગત હિતોને પ્રાથમિકતા આપે છે. જ્યાં સુધી આંતરરાષ્ટ્રીય સંબંધોનો પ્રશ્ન છે વિવાદોનું એક મોટું કારણ અમીર અને ગરીબ દેશો વચ્ચે પરસ્પર મતભેદ છે. જોવામાં આવે છે કે શકિતશાળી દેશ નિર્ધન દેશોની કુદરતી સંપત્તિઓથી યોગ્ય અધિકાર આપ્યા વગર લાભ મેળવે છે.

આથી વિશ્વ શાંતિમાં વિઘ્નના કારણોની એક લાંબી યાદી છે જેમાંથી અમુકનું વર્ણન મેં હમણા કર્યુ છે. કારણ જે કંઈ હોય મને વિશ્વાસ છે કે વિશ્વમાં શાંતિનો અભાવ વર્તમાન પેઢીની સૌથી ભયંકર સમસ્યા છે. સંભવ છે કે તમારામાંથી અમુક લોકો કહે કે સર્વાધિક અસ્થિરતાનો શિકાર તો મુસ્લિમ દેશો છે અને એ પણ કે વિશ્વમાં શાંતિનો અભાવનો મૂળ પણ મુસ્લિમ જગતની અશાંતિમાં જ મોજૂદ છે.

કદાચ તમારામાંથી અમુક લોકો વિચારે કે હું પણ એક વિશ્વવ્યાપી મુસ્લિમ જમાઅત અર્થાત અહેમદિયા મુસ્લિમ જમાઅતનો પ્રબંધક છું જેથી હું પણ આ વર્તમાન સ્થિતિનો કોઈ ને કોઈ સીમા સુધી જવાબદાર છું. કદાચ તમે આ પણ વિચારતા હશો કે દેશમાં હિંસા દ્વારા ક્રાંતિ લાવવાનો સિદ્ધાંત માનનાર તત્વોના અસ્તિત્વમાં આવવા અને આતંકવાદમાં વૃદ્ધિનું કારણ વાસ્તવમાં ઈસ્લામી શિક્ષણથી જ લીધો છે તો પણ ઈસ્લામને આ ધૃણા અને અશાંતિ સાથે જોડવું ઘોર અન્યાય છે.

અહિયા ધર્મોના ઈતિહાસ પર વિસ્તૃત વાર્તાલાપ કરવું ઉદ્દેશ નથી પરંતુ એટલું અવશ્ય કરવા માંગુ છું કે જો તમામ ધર્મોના ઈતિહાસ પર સામાન્ય દ્રષ્ટિ નાખીએ તો જાણ થશે કે સમયની સાથે પ્રત્યેક ધર્મના અનુયાયીઓ તેના મૂળભૂત સિદ્ધાંતથી દૂર થતા ગયા, જેના કારણે આંતરિક મતભેદ અને ધાર્મિક આધારે જૂથબંધીએ જન્મ લીધો, ઘણા બધા અત્યાચારો થયા અને ઘણા લોકોના જીવ ગયા. આ વાસ્તવિકતાને સામે રાખતા હું પૂર્ણ હાર્દિક રૂપથી આ સ્વીકાર કરૂ છું કે સમયની સાથે મુસ્લિમો પણ ઈસ્લામના વાસ્તવિક ઉપદેશોથી દૂર થઈ ગયા છે. તેના પરિણામે નિરાશા અને પ્રતિસ્પર્ધા એ જન્મ લીધો, આથી તેના અધિક પરિણામો સાંપ્રદાયિકતા, આતંક અને અન્યાયના રૂપમાં જાહેર થયા. તો પણ એક સાચા મુસ્લિમના દ્રષ્ટિકોણથી ઈસ્લામની દુર્દશા જોઈ મારો ઈમાન નબળુ નથી થતું કેમકે ૧૪૦૦ વર્ષ પહેલા ઈસ્લામના પ્રવર્તક હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમે એક ભવિષ્યવાણી કરી હતી કે ધીમે ધીમે ઈસ્લામના સિદ્ધાંતોમાં બગાડ પૈદા થઈ જશે અને મુસ્લિમો

નૈતિક સંકટના યુગમાં પ્રવેશ કરશે. પછી હઝરત મુહમ્મદ સ.અ.વ.એ આ પણ ભવિષ્યવાણી કરી હતી કે અલ્લાહ એક સુધારકને મસીહ મૌઉદ અને ઈમામ મહદી તરીકે મોકલશે જે માનવજાતિને ઈસ્લામની વાસ્તવિકતા તથા શાંતિપ્રિય ઉપદેશો તરફ પાછા લાવશે. હઝરત મુહમ્મદ સ.અ.વ.ની આ ભવિષ્યવાણી અનુસાર હઝરત મસીહ મૌઉદ અ.સ. એ ઈસ્લામનો વાસ્તવિક અને શાંતિપૂર્ણ શિક્ષણનું દિવ્ય જ્ઞાન આપ્યું. આથી અમે અહેમદી મુસલમાન વર્તમાન યુગમાં અશાંતિ અને બેચૈની ફેલાવનારની સાથે સામેલ નથી બલ્કે અમે તે લોકો છીએ જે વિશ્વમાં શાંતિ સ્થાપનાના ઈચ્છુક છીએ.

અમે તે છીએ જે વિશ્વની સ્થિતિનો ઈલાજ માટે કાર્યરત છીએ, અમે તો તે છીએ જે માનવતાને સંયુકત કરવા માંગીએ છીએ, અમે તો તે છીએ જે પ્રત્યેક પ્રકારની નફરતો અને શતુત્રાઓને પ્રેમ અને સહનશીલતામાં ફેરવવા માંગીએ છીએ અને નિ:સંદેહ અમે તે લોકો છીએ જે વિશ્વ શાંતિ સ્થાપના માટે દરેક સંભવ પ્રયાસ કરવા માંગીએ છીએ. એક ધાર્મિક લીડર તરીકે હું કહેવા માંગુ છું કે પરસ્પર આરોપ તથા એક બીજાને ભડકાવવાને બદલે આપણે વાસ્તવિક અને કાયમી વિશ્વ શાંતિની સ્થાપના માટે તૈયાર રહેવું જોઈએ.

આ સંદર્ભે જમાઅત અહેમદિયાના પ્રર્વતકે આપણને એક સુવર્ણ સિદ્ધાંતથી પરિચય કરાવતાં જણાવ્યું કે માનવજાતિ માટે જરૂરી છે કે તેઓ યથાસંભવ પ્રયાસ દ્વારા અલ્લાહ તઆલાની

વિશેષતાઓ પોતાની અંદર પ્રકાશિત કરે અને તેને અનુસરવાનો ભરપુર પ્રયાસ કરે.

આપ અલૈહિસ્સલામે ફરમાવ્યું કે :

માનવજાતિની કાયમી ભલાઈ અને કલ્યાણ માટે આ એક અનિવાર્ય વાત છે અને નિઃસંદેહ માનવતાનો સાંસારિક અને આધ્યાત્મિક કલ્યાણ તથા ઉન્નતિ અલ્લાહ તઆલાની વિશેષતાઓ પર વિચાર કરવા પર નિર્ભર છે કેમકે તેની ઉત્તમ વિશેષતાઓમાં જ પ્રત્યેક પ્રકારની શાંતિ છુપાયેલ છે. આ વાસ્તવિકતા પવિત્ર કુરઆનની પ્રથમ આયતથી જાહેર થાય છે જ્યાં વર્ણન છે કે અલ્લાહ જ તમામ લોકોનો રબ છે અર્થાત તે પ્રત્યેક મનુષ્ય બલ્કે સંપૂર્ણ સૃષ્ટિનો રબ, અન્નદાતા અને કાયમ રહેનાર છે. તે માત્ર મુસ્લિમોનો જ રબ નથી બલ્કે તે ઈસાઈઓ, યહૂદીઓ તથા હિન્દુઓ અને તમામ કોંમોનો પણ રબ છે ચાહે તે કોઈ પણ ધર્મ કે આસ્થાથી સંબંધ રાખતો હોય.

અલ્લાહ તઆલાનો પોતાની સૃષ્ટિથી પ્રેમ અને સહાનુભૂતિ અદ્વિતીય અને અનુપમ છે, તે કૃપાળુ તથા દયાળુ છે અને શાંતિનું ઝરણું પણ છે. આથી ઈસ્લામ જ્યારે મુસ્લિમોથી માંગ કરે છે કે તે પોતાનામાં અલ્લાહ તઆલાની વિશેષતાઓને પ્રકાશિત કરવાનો પ્રયાસ કરે તો આ કોઈ મુસ્લિમ માટે સંભવ જ નથી રહેતો કે તે કોઈની હાનિનું કારણ બને બલ્કે વાસ્તવિક મુસ્લિમનો ઈમાન તો તેને પાબંદ કરે છે કે તે માનવ જાતિથી પ્રેમ કરે અને પ્રત્યેક મનુષ્ય સાથે સમ્માન, સહાનુભૂતિ અને હમદર્દીનો વ્યવહાર કરે.

એક પ્રશ્ન વારંવાર કરવામાં આવે છે કે જો ઈસ્લામ શાંતિનો ધર્મ છે તો પછી પવિત્ર કરઆનમાં યુદ્ધની પરવાનગી કેમ આપે છે ? તો અનિવાર્ય છે કે આ પરવાનગીને તેની આગળ પાછળની સાચી પંકિતઓને વિષય સંબંધીમાં મુકી આ વાતને સમજવામાં આવે જે હમણા મેં વર્ણન કરી. કાયમી શાંતિની સ્થાપના આધારભૂત તથા મૂળભૂત ઉદ્દેશ્ય છે. તેને પ્રાપ્ત કરવા માટે ઘણી વાર ચેતવણી અને ઠપકો આપવાની પણ જરૂર પડે છે. તેવી જ રીતે જ્યારે અલ્લાહ તઆલાએ યુદ્ધની પરવાનગી આપી તો આ પરવાનગી ફકત શાંતિ કાયમ કરવા તથા પ્રતિરક્ષા માટે હતી. આથી ખુબ જ મોટું અન્યાય છે કે અમુક સમુદાય તથા લોકો પવિત્ર કુરઆન અને ઈસ્લામના પ્રવર્તક સ.અ.વ. સાથે અન્યાય અને અત્યાચારને જોડે છે. પવિત્ર કુરઆન અને હઝરત મુહમ્મદ સ.અ.વ.ના જીવન ચરિત્રનું નિષ્પક્ષ થઈ અધ્યયન કરવામાં આવે તો જાણ થશે કે ઈસ્લામ કોઈ પણ પ્રકારના આતંકવાદ અથવા હત્યાની વિરૂદ્ધ છે.

સમયનો ખ્યાલ રાખતાં તેના વિવરણમાં કદાચ ન જઈ શકું પરંતુ અહિંયા ઈસ્લામના અમુક પ્રાથમિક ઉપદેશોનું વર્ણન કરૂ છું જે નિઃસંદેહ આ સિદ્ધ કરે છે કે ઈસ્લામ એક શાંતિપૂર્ણ ધર્મ છે. જેવું કે મેં હમણા જણાવ્યું કે એક આરોપ આ પણ લગાવવામાં આવે છે કે ઈસ્લામ આતંકવાદ અને લડાઈ ઝઘડાનો સમર્થક છે, પરંતુ આ આરોપ વાસ્તવિકતાથી ખરેખર વિરૂદ્ધ છે. પવિત્ર કુરઆનની સૂરહ અલબકરાની આયત ૧૯૧માં અલ્લાહ તઆલા ફરમાવે છે કે:

કોઈ પણ યુદ્ધ ફકત આ સ્થિતિમાં યોગ્ય હોઈ શકે છે કે તે પ્રતિરક્ષાની દ્રષ્ટિએ લડવામાં આવી હોય. આ વાતની પુનરાવૃત્તિ

સૂરહ અલહજ્જની આયત ૪૦માં પણ સ્પષ્ટ રીતે ફરમાવી કે લડાઈની અનુમતિ ફકત તેમને આપી છે જેમના પર હુમલો થયો છે અને જેમના પર યુદ્ધ થોપી દીધું તથા અલ્લાહ તઆલાએ જ્યાં ઈસ્લામી સરકારોને યુદ્ધની અનુમતિ આપી ત્યાં ફકત આ સ્થિતિમાં આપી કે ધાર્મિક ઉદ્દેશ્ય અને વિચારધારાની સ્થાપના થાય. આથી સૂરહ અલબકરાની આયત ૧૯૪માં અલ્લાહ તઆલાએ મુસ્લિમોને આદેશ આપ્યો કે કોઈ પણ એવા ક્ષેત્રમાં યુદ્ધની અનુમતિ નથી જ્યાં ધાર્મિક સહિષ્ણુતાનું વાતાવરણ મોજૂદ હોય. જેથી કોઈ પણ મુસ્લિમ દેશ, સંગઠન અથવા સભ્યને આ અધિકાર નથી કે તે કોઈ પણ સરકાર કે તેની જનતા વિરૂદ્ધ કોઈ પણ પ્રકારનો અત્યાચાર, લડાઈ અને કાયદાનું ઉલ્લંઘન કરવાનો ભાગ બને. સ્પષ્ટ વાત છે કે યૂરોપ અને પશ્ચિમી દેશોમાં સરકારોનો પાયો ધર્મ પર નથી અને આ કોઈ પણ મુસ્લિમ માટે યોગ્ય નથી કે તે કાયદાનું ઉલ્લંઘન કરે અથવા સરકારનો વિરોધ આતંકવાદ દ્વારા કરે અથવા કોઈ પણ પ્રકારનો વિદ્રોહ કરનાર હોય. ઈસ્લામનો વાસ્તવિક ઉપદેશ તો આ છે કે જો કોઈ બિન મુસ્લિમ દેશમાં રહેનાર કોઈ વ્યકિતને લાગે કે તેને ધાર્મિક સ્વતંત્રતા પ્રાપ્ત નથી તો તેને આ અધિકાર નથી કે તેઓ કાયદાનું ઉલ્લંઘન કરવા લાગે બલ્કે તેણે કોઈ સ્થળે હિજરત કરવી જોઈએ જ્યાં પરિસ્થિતિઓ અનુકૂળ હોય.

પવિત્ર કુરઆનની સૂરહ અલ નહલની આયત ૧૨૭માં ઈસ્લામીક સરકારોને આદેશ આપ્યો છે કે જો તેમના પર કોઈ હુમલો થાય તો તે ફકત પોતાની પ્રતિરક્ષા પ્રમાણે અનુકૂળ જવાબ

આપે. આથી પવિત્ર કુરઆનનું શિક્ષણ ખુબ જ સ્પષ્ટ છે કે સજા મૂળ અપરાધ અનુસાર હોય ન કે તેનાથી અધિક.

સૂરહ અન્ફાલની આયત ૬૨માં અલ્લાહ તઆલા ફરમાવે છે કે જો તમારો દુશ્મન ખોટી નીયતથી તમારા પર હુમલો કરવાનો ઈરાદો રાખે છે પરંતુ પછી ઉપેક્ષા કરતાં સુલેહ માટે હાથ લંબાવે તો તેના પ્રસ્તાવને તરત જ સ્વીકાર કરો અને પરસ્પર શાંતિપૂર્ણ મિત્રતા તરફ આગળ વધો આ વાતને ન જોશો કે તેની નીયત શું છે.

પવિત્ર કુરઆનનો આ ઉપદેશ વૈશ્વિક શાંતિ અને સલામતીની સ્થાપના માટે સુવર્ણ સિદ્ધાંત છે. આજની દુનિયામાં ઘણા બધા ઉદાહરણો મોજૂદ છે જ્યાં કેટલાક દેશોએ ફકત કલ્પના આધારે કોઈ અન્ય દેશના કાલ્પનિક અત્યાચારો વિરૂદ્ધ આતંકવાદી કાર્ય પ્રણાલી ગ્રહણ કરી લીધી છે. એવું લાગે છે કે તેઓ આ સિદ્ધાંતનું પાલન કરે છે કે દુશ્મન પર હુમલો કરી દો એવું ન થાય કે તે પહેલ કરી દે. ઈસ્લામનો ઉપદેશ તો આ છે કે શાંતિ સ્થાપનાનો કોઈ પણ પ્રસંગ જવા ન દેશો, ભલેને તેની આશા કાલ્પનિક હોય. પવિત્ર કુરઆનની સૂરહ અલ માએદાહની આયત ૯માં અલ્લાહ તઆલા ફરમાવે છે કે કોઈ કોંમની શતુત્રા તમોને આ વાત માટે ન ઉશ્કેરે કે તમે તેનાથી ન્યાય ન કરો. ઈસ્લામ શીખવાડે છે કે પરિસ્થિતિઓ ભલે કેવી પણ પ્રતિકૂળ હોય ન્યાય અને ઈન્સાફનો છેડો ન છોડવો જોઈએ. યુદ્ધની સ્થિતિમાં પણ ન્યાય અને ઈન્સાફની સ્થાપના ખુબ જ મહત્વપૂર્ણ છે તથા યુદ્ધ પછી વિજેતા માટે જરૂરી છે કે તે ન્યાયથી કામ લે અને કદાપી અનુચિત અત્યાચારી ન હોય. પરંતુ આજે આપણને વિશ્વમાં સહનશીલતાના એવા ઉચ્ચ નૈતિક

ધોરણો જોવા નથી મળતા, બલ્કે યુદ્ધની સમાપ્તિ પર વિજેતા દેશ એવા પ્રતિબંધો લગાવે છે કે જે હારી ગયેલ દેશની ઉન્નતિની સંભાવનાઓને સીમિત કરી તે કોંમોની સ્વતંત્રતા અને સ્વયં સ્વતંત્રતા અવરૂદ્ધ કરી મુકી દે છે. એવી કાર્ય પદ્ધતિ આંતરરાષ્ટ્રીય સંબંધોમાં બગાડનું કારણ છે અને તેનું પરિણામ અસંતોષ અને નકારાત્મક અસરો સિવાય બીજું કંઈ નથી. વાસ્તવિકતા આ છે કે કાયમી શાંતિ ત્યાં સુધી સ્થાપિત નથી થઈ શકતી જ્યાં સુધી સમાજના પ્રત્યેક સ્તર પર ન્યાયની સ્થાપના ન થઈ જાય. ઈસ્લામનો એક મહત્વપૂર્ણ ઉપદેશ આપણને સૂરહ અલ અન્ફાલની આયત ૬૮માં મળે છે કે મુસ્લિમો માટે ઉચિત નથી કે યુદ્ધના કેદીઓને યુદ્ધ ક્ષેત્રથી બહાર લઈ જાય. આથી હિંસા દ્વારા ક્રાંતિ લાવવાના સિદ્ધાંતને માનનાર તથા આતંકવાદી સંગઠન જે વગર કારણે કેદીઓને લઈ જાય છે તેઓ ઈસ્લામી ઉપદેશની વિરૂદ્ધ આચરણ કરી રહ્યા છે. સૂચના અનુસાર તેઓ ન માત્ર કેદીઓને લઈ જાય છે બલ્કે તે કેદીઓ પર ખુબ અત્યાચાર પણ ગુજારે છે.

આતંકવાદી સંગઠનોની આ કાર્ય પદ્ધતિ અત્યંત નિંદા કરવાને પાત્ર છે. બીજી બાજુ પવિત્ર કુરઆનનો ઉપદેશ છે કે જો યુદ્ધમાં કેદી બનાવવાનો કોઈ ઔચિત્ય હોય તો પણ તેમની સાથે નમ્રતા સાથે વ્યવહાર કરો અને જેટલું જલ્દી થઈ શકે તેમને આઝાદ કરો.

શાંતિ સ્થાપના માટે એક અન્ય સુવર્ણ સિદ્ધાંત સૂરહ અલ હુજુરાતની આયત ૧૦માં આ વર્ણન થયું છે કે જો બે દેશો વચ્ચે કોઈ વિવાદ હોય તો કોઈ ત્રીજા દેશ કે જૂથે મધ્યસ્થની ભૂમિકા

નિભાવતાં વિવાદને પરસ્પર સુલેહ દ્વારા ઉકેલનો પ્રયાસ કરવો જોઈએ. પરસ્પર સુલેહની સ્થિતિમાં બંને પક્ષોમાંથી કોઈ પણ પક્ષ જો અયોગ્ય રીતે સુલેહની શર્તોની અવહેલના કરે તો અન્ય પક્ષોએ સંયુકત થઈ અત્યાચારીનો વાંધો ઉઠાવવો જોઈએ ચાહે તેના માટે બળનો પ્રયોગ કરો પડે. પછી જો અત્યાચારી પક્ષ કે સભ્ય રોકાઈ જાય તો તેની નિંદા કરવા અથવા તેના પર પ્રતિબંધ લાગુ કરવાને બદલે તેને એક સ્વતંત્ર દેશ તથા સ્વતંત્ર સમાજ તરીકે પ્રગતિ કરવાની અનુમતિ આપવી જોઈએ. વર્તમાન યુગમાં આ સિદ્ધાંત ખુબ જ મહત્વપૂર્ણ છે ખાસ કરીને મહાસત્તાઓ અને આંતરરાષ્ટ્રીય સંગઠનો જેવું કે યૂ.એન.ઓ માટે.

વિશ્વ શાંતિની સ્થાપના બાબતે એક અન્ય ખુબ જ મહત્વપૂર્ણ સિદ્ધાંત જે સાંસારિક સ્તર પર ધાર્મિક સ્વતંત્રતાના વાતાવરણને સ્થાપિત કરવાની ગેરંટી આપે છે. પવિત્ર કુરઆનની સૂરહ અલહજ્જની આયત ૪૧માં વર્ણન થયું છે કે જો યુદ્ધની પરવાનગી ન આપી હોત તો મસ્જિદો સિવાય કલીસા, ચર્ચ, મંદિર તથા અન્ય ધર્મોના ઉપસના ગૃહ ભયંકર ખતરાનો શિકાર થઈ જાત. આથી જ્યાં ઈસ્લામે બળ પ્રયોગની અનુમતિ આપી છે તે માત્ર ઈસ્લામને જ નહી બલ્કે ધર્મને સામાન્યતઃ સુરક્ષા ઉપલબ્ધ કરાવાના હેતુથી હતી. વાસ્તવિકતા આ છે કે ઈસ્લામ તમામ ધર્મો માટે સ્વતંત્રતા, સહિષ્ણુતા અને સલામતીની ગેરંટી આપે છે તથા પ્રત્યેક વ્યકિતને પોતાની ઈચ્છા અનુસાર ધર્મ કે આસ્થાનું પાલન કરવાનો અધિકાર આપે છે. મેં તમારી સામે પવિત્ર કુરઆનના ઉપદેશોમાંથી અમુક બિંદુ રજુ કર્યા છે જે સમાજના પ્રત્યેક સ્તર તથા વિશ્વના

પ્રત્યેક ભાગમાં એકતા, ભાઈચારો ઉત્પન્ન કરવાનો માર્ગ દર્શાવે છે. આ તે સુર્વણ સિદ્ધાંત છે જે પવિત્ર કુરઆને શાંતિ સ્થાપના હેતુથી વિશ્વના લોકોને આપ્યા છે. આ તે ઉપદેશો છે જેના પર ઈસ્લામના પયગમ્બર સ.અ.વ. અને તેઓના સહાબાઓએ વ્યવહારિક આદર્શ પ્રસ્તુત કર્યા. આમ હું ફરીથી વર્ણન કરૂ છું કે વિશ્વને શાંતિ અને સુરક્ષાની ખુબ જ જરૂર છે. આ જ આપણા યુગની તાત્કાલીક અને જરૂરી સમસ્યા છે. તમામ દેશો તથા તમામ કોંમોએ ધર્મ અથવા કોઈ પણ અન્ય નામે થતા અત્યાચાર, આતંક અને અન્યાયની રોક થામ માટે સંયુકત થઈ જવું જોઈએ. તેમાં કોઈ ધર્મનો મજાક પણ સામેલ છે જેના પરિણામે બેચીની અને હસ્તક્ષેપ થવાની સંભાવના રહે છે અને ધર્મથી ઔચિત્ય આપે છે.

તે સિવાય આપણે તમામ કોંમો તથા દેશોથી ન્યાયનો વ્યવહાર કરીએ અને તેમનો સહયોગ કરીએ જેથી પ્રત્યેક દેશ પોતાની યોગ્યતાઓને ઓળખે અને પ્રગતિના માર્ગ પર ચાલનાર બને. ઈર્ષ્યા તથા બેચૈનીનું વર્તમાન વાતાવરણ ધન સંપત્તિના લોભનું કારણ છે. આ અંગે પણ પવિત્ર કુરઆને સુવર્ણ સિદ્ધાંત બયાન કર્યો છે કે લાલચના હાથે કોઈ અન્યની ધન સંપત્તિ હડપ ન કરવામાં આવે. આ સિદ્ધાંતોનું પાલન પણ વિશ્વ શાંતિને ઉન્નતિ આપે છે. સમાજના પ્રત્યેક સ્તર પર ન્યાયની જરૂરીયાત પૂર્ણ કરવાની ખુબ જ જરૂર છે જેથી પ્રત્યેક વ્યકિત રંગ વ નસ્લમાં અંતર રાખ્યા વગર પોતાના પગ ઉપર સમ્માન અને મર્યાદા સાથે ઉભો થઈ શકે. આજે આપણને પ્રગતિ મેળવતા દેશોનો પ્રગતિશીલ દેશોમાં મૂડી રોકાણની રૂચિમાં વદ્ધિ જોવા મળે છે. જરૂરી છે કે તેઓ

ન્યાય દર્શાવે અને માત્ર કુદરતી સાધનો તથા ઓછી કિંમત પરિશ્રમિકને પોતાના રાષ્ટ્રીય હિતો તથા લાભો માટે પ્રયોગ ન કરતા રહે. તેમણે તે દેશોથી પ્રાપ્ત થનાર લાભમાંથી લગભગ તે જ દેશોમાં ફરીથી મૂડી રોકાણના રૂપમાં લગાવી દેવા જોઈએ જેથી સ્થાનિક લોકો પણ પ્રગતિ અને સમૃદ્ધિ તરફ ચાલી શકે. જો પ્રગતિ પ્રાપ્ત દેશ આ નિર્ધન દેશોની સહાયતા હેતુથી એવું કરે તો ન માત્ર તે નિર્ધન દેશોને લાભ મળશે બલ્કે તેના લાભો બે પક્ષીય હશે. તેના દ્વારા પરસ્પર વિશ્વાસનું વાતાવરણ સ્થાપિત થશે અને વર્તમાન નિરાશા અને બેચૈનીમાં ઊણપ થશે. આના થી આ પ્રભાવનું નિવારણ પણ થશે કે મહાસત્તાઓ સ્વાર્થી છે અને નિર્ધન તથા કંગાળ કોંમોના સંસાધનોથી અનુચિત લાભ મેળવે છે અને આ કે તેનાથી સ્થાનિક વર્તમાન આર્થિક સ્થિતિમાં સુધાર આવશે.

આથી નિઃસંદેહ વિશ્વ સ્તર પર પ્રેમ, ભાઈચારો અને મિત્રતાનું વાતાવરણ પૈદા થશે, તેનાથી પણ અધિક તો આ કે એવી કાર્ય પદ્ધતિ વિશ્વ શાંતિની સ્થાપનાનો પાયો સિદ્ધ થશે. જો અત્યારે આપણે આ તરફ ધ્યાન ન આપીએ તો વિશ્વની વર્તમાન સ્થિતિનું પરિણામ વિશ્વયુદ્ધ થશે, જેની અસર ભાવિ પેઢીઓ સુધી પહોંચશે અને આપણી પેઢી કદાપી આપણને ક્ષમા ન કરશે.

આ શબ્દો સાથે હું તમારી આજ્ઞા ચાહું છું. અલ્લાહ તઆલા વિશ્વમાં વાસ્તવિક શાંતિ જાહેર કરે. ખુબ ખુબ આભાર.




# વૈશ્વિક અશાંતિમાં શાંતિની ચાવી

## ટોકિયો, જાપાન ૨૦૧૫




Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba] leading silent prayer at a special reception in Tokyo, Japan.




Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba] watering a plant at a special reception in Tokyo, Japan.


Ḥaḍrat Khalīfatul-Masīḥ V[aba] delivering keynote address at a special reception in Tokyo, Japan.

# પ્રસ્તાવના

તા. ૨૩ નવેમ્બર ૨૦૧૫ ના રોજ વિશ્વવ્યાપી અહેમદિયા મુસ્લિમ જમાઅતના વડા હઝરત મિરઝા મસરૂર અહેમદ સાહેબે હિલ્ટન હોટલ ઓડાઈબા, ટોકિયો ખાતે તેઓના સમ્માનમાં આયોજિત એક આયોજનમાં વિશેષ ભાષણ આપ્યું.આ આયોજનમાં ૬૦થી અધિક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે હઝરત મિરઝા મસરૂર અહેમદ સાહેબે ૭૦ વર્ષ પૂર્વ હિરોશિમા અને નાગાસાકી પર થયેલ પરમાણુ હુમલા વિશે પોતાની પ્રતિક્રિયા વ્યકત કરી. તે પહેલા બે વકતાઓ મિસ્ટર માઈક સાટા યાઓશીકો ચેરમેન ટોકીબો ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ અને ઈ.સ. ૨૦૧૧ના ભૂકંપ વખતે સર્વાધિક પ્રભાવિત વિસ્તાર ટોહોકોથી સંબંધ રાખનાર મિસ્ટર એંડોશીની ચી એ પણ ભાષણ આપ્યું.

# વૈશ્વિક અશાંતિમાં શાંતિની ચાવી

## ૨૩ નવેમ્બર ૨૦૧૫
## સ્થળ : હિલ્ટન, ટોકિયો, જાપાન

તશહુદ અને તઅવ્વુઝ પછી હઝરત અમીરુલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલાએ મહેમાનોને સંબોધન કરતા ફરમાવ્યું

અસ્સલામો અલૈકુમ વ રહેમતુલ્લાહે વ બરકાતોહૂ
અલ્લાહ તઆલાની દયા અને આર્શિવાદ તમારા પર ઉતરે.

આ પ્રસંગે સૌથી પહેલા હું તમામ મહેમાનોનું આભાર વ્યકત કરૂ છું જેમણે આજના આ આયોજન માટે અમારૂ આમંત્રણ સ્વીકાર્યુ. આપણે એક ખુબ જ ભયંકર અને ઉપદ્રવોથી ભરેલ યુગમાં રહીએ છીએ જ્યાં વિશ્વની સ્થિતિ બેચૈનીનું મુખ્ય કારણ છે, વિશ્વને પોતાની કેદમાં લીધેલ મતભેદો તથા અશાંતિ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા માટે એક ખતરો બની ગયો છે.

મુસ્લિમ દેશો પર એક નજર નાખીએ તો અનેક દેશોની સરકારો પોતાના જ નાગરિકો સાથે અત્યાચારપૂર્ણ અરાજકતામાં ગ્રસ્ત છે. અંધાધુંધ અત્યાચાર અને હત્યાઓ આ દેશોના તાણો વાણોને બરબાદ કરી રહ્યા છે. પરિણામે આતંકવાદ સંગઠન સત્તામાં પૈદા થનાર જગ્યાએ અનુચિત લાભ ઉઠાવતાં કેટલાક સ્થળો પર કાબુ મેળવી પોતાની નામ માત્ર સરકારો બનાવી બેઠા છે. તેઓ અત્યંત હિંસક પશુઓની જેમ કાર્ય પ્રણાલી દ્વારા ફકત તેમના દેશોમાં જ અમાનવીય અત્યાચાર નથી કરતાં બલ્કે તેમનો પ્રવેશ યૂરોપ સુધી થઈ ગયો છે, જેનો એક ઉદાહરણ તાજેતરમાં પેરિસના હુમલામાં કર્યો છે તે અત્યાચાર અને જુલ્મ છે.

પૂર્વી યૂરોપને જોઈએ તો રશિયા, યૂક્રેન તથા અમુક અન્ય યૂરોપીય દેશો વચ્ચે પરસ્પર અત્યાચાર વધતો જાય છે તે સિવાય એક અમેરીકન યુદ્ધખોર દક્ષિણી ચીન સાગરમાં જઈ નિકળવાથી અમેરીકા અને ચીન વચ્ચે પણ તનાવમાં વૃદ્ધિ થઈ છે. પછી તમે જાણો પણ છો કે ચીન અને જાપાન વચ્ચે વિવાદિત ટાપુઓ પર પ્રાચીન દૂતાવાસ સંબંધી તનાવ મોજૂદ છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે કાશ્મીર સમસ્યા મતભેદનું એક મુખ્ય કારણ છે અને તેની બહેતરીના પણ કોઈ ઉપાય નથી. તેવી જ રીતે ઈઝરાયેલ અને ફિલસ્તીનનો તનાવ પણ પ્રદેશ શાંતિને બરબાદ કરેલ છે.

આફ્રિકામાં કેટલાક આતંકવાદી સંગઠનોએ અમુક વિસ્તારો પર કાબુ અને અધિકાર મેળવી વિશાળ સ્તર પર તબાહી મચાવી રહ્યા છે. આ તો ઘણી બધી સમસ્યાઓમાંથી અમુકનું વર્ણન છે જેનો

અત્યારે વિશ્વને સામનો છે. નહીતર વિશ્વમાં અશાંતિ અને બેચૈની ફેલવાના અનેક ઘણા ઉદાહરણો મોજૂદ છે.

આથી તે એકમાત્ર નિષ્કર્ષ જેના પર આપણે પહોચીએ છીએ તે આ કે વિશ્વ અત્યારે અત્યાચાર અને અશાંતિમાં ગ્રસ્ત છે. આધુનિક યુગમાં લડાઈ ઝઘડાનો સ્તર પૂર્વ યુગની અપેક્ષાએ ખુબ વ્યાપક છે. વિશ્વના કોઈ એક ક્ષેત્રના પરસ્પર ઝઘડા સ્થાનિક સ્તર સુધી જ સીમિત નથી રહેતા બલ્કે તેનો અસર અને પરિણામ ખુબ દૂર સુધી ફેલાય છે.

સામાન્ય મીડિયાના આધુનિક અને શીઘ્રગ્રામી માધ્યમોએ વિશ્વને એક ગ્લોબલ વિલેજ નબાવી દીધો છે. પહેલાં તો યુદ્ધનો સંબંધિત સંગઠનો સુધી જ સીમિત રહેવું સંભવ હતુ. પરંતુ હવે પ્રત્યેક ઝઘડા અને યુદ્ધના પરિણામો વાસ્તવિક રૂપથી વિશ્વ સ્તર પર જાહેર થાય છે. વાસ્તવમાં હું તે ઘણા વર્ષોથી વિશ્વને ચેતવું છું કે આ વાસ્તવિકતાને સમજી લે કે હવે કોઈ એક દેશ થતો યુદ્ધ વિશ્વના બીજા દેશોની શાંતિ પર પણ અસર કરે છે.

૨૦મી સદીમાં થયેલ બંને વિશ્વ યુદ્ધ પર નજર નાખીએ તો જાણ થશે કે તે સમયે ઉપલબ્ધ યુદ્ધના હથિયારો વર્તમાન સમયના હથિયારોની તુલનામાં એટલા આધુનિક તથા ઘાતક ન હતા. તે છતાં કહેવાય છે કે ફકત દ્વિતીય વિશ્વ યુદ્ધમાં જ સાત કરોડ લોકો માર્યા ગયા, જેમાં મોટા ભાગે નિર્દોષ લોકો હતા. આથી પ્રત્યેક યુગમાં વિનાશ અને બરબાદીની સંભાવનાની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. દ્વિતીય વિશ્વ યુદ્ધના સમયે અમેરીકાના પરમાણુ હથિયારોની શકિત આધુનિક સમયના ન્યૂકિલયર હથિયારોની

તુલનામાં કંઈ ન હતા. હવે ન્યૂકિલયર હથિયાર માત્ર મહાસત્તા કહેવાતા દેશો પાસે જ મોજુદ નથી બલ્કે કેટલાક નાના દેશો પણ તેને હાસેલ કરી બેઠા છે. જ્યાં વિશ્વની મોટીસત્તાઓ આ હથિયારોને માત્ર એક પ્રતિરક્ષા માટે રાખે છે ત્યાં આ વાતની કોઈ ગેરંટી નથી કે નાના દેશો પણ એવું જ કરે, અને આપણે આ વિશ્વાસ ન કરી શકીએ તેઓ તેનો ઉપયોગ ન કરશે. આથી અમોને કોઈ સંદેહ નથી કે વિશ્વ વિનાશની કગાર પર ઉભો છે.

દ્વિતીય વિશ્વ યુદ્ધના અંતિમ ચરણમાં તમારી કોંમને પણ એક વિનાશ અને બરબાદીના આઘાતને સહન કરવું પડયું, જ્યારે તમારા લાખો નાગરિકોને નિર્દયતાપૂર્વક મારી નાખવામાં આવ્યા તથા તમારા બે શહેરોને એવા ન્યૂકિલયર હુમલાથી નષ્ટ કરી દીધા જેના પર માનવતા પણ લજ્જિત છે. એવી ભયંકર દુર્ઘટનાના અવલોકન તથા અનુભવથી પસાર થઈ જાપાની કોંમ કદપી ન ઈચ્છશે કે એવો હુમલો જાપન પર બલ્કે વિશ્વના કોઈ પણ દેશમાં થાય. તમે તે લોકો છો જે ન્યૂકિલયર યુદ્ધના વિનાશકારી પ્રભાવોથી સારી રીતે પરિચિત છો, તમે તે લોકો છો જે જાણે છે કે એવા ઘાતક હથિયારોથી ઉત્પન્ન થનાર દુષ્પરિણામ ફકત એક પેઢી સુધી જ સીમિત નથી બલ્કે ભાવિ પેઢીઓ પણ તેમાં ફસાઈ જશે, તમે તે કોંમ છો જે ન્યૂકિલયર હથિયારોના અતુલ્ય દુષ્પરિણામોની સાક્ષી આપી શકો છો. આથી જાપાની લોકોથી અધિક કોઈ કોંમ નથી જે વિશ્વ શાંતિ અને સુરક્ષાના મહત્વને સમજતી હોય.

આ ધન્યવાદનો અવસર છે કે જાપાન તે સ્થિતિથી પસાર થઈ હવે એક અત્યંત પ્રગતિ પ્રાપ્ત કોંમ છે અને તેઓ પોતાના

ભૂતકાળને સામે રાખી જરૂરી છે કે જાપાન વિશ્વ શાંતિ સ્થાપના માટે પોતાની ભૂમિકા નિભાવે. આ ખેદજનક વાત છે કે દ્વિતીય વિશ્વ યુદ્ધની સમાપ્તિ પર જાપાન ઉપર એવા પ્રતિબંધો લગાવી દીધા જેના પરિણામે તેઓની કોંમ આંતરરાષ્ટ્રીય સિફારશોના નિર્ધા રણમાં કોઈ વિશેષ પગલું નથી ઉઠાવી શકતી તો પણ તમારો દેશ હજુ પણ આંતરરાષ્ટ્રીય સમસ્યાઓ અને રાજકીય મામલાઓમાં એક મહત્વની ભૂમિકા નિભાવે છે. આથી તમારે પોતાના પ્રભાવ તથા શકિતને ઉત્તમ રીતે કામમાં લાવતા કોંમો અને દેશો વચ્ચે શાંતિ સ્થાપનાનો પ્રયાસ કરવો જોઈએ.

આ વર્ષે ઈતિહાસના તે જંગલીપણાના દિવસો પર ૭૦ વર્ષ થઈ ગયા જ્યારે હીરોશિમાં અને નાગાસાકી પર પરમાણુ બોમ્બ દ્વારા તમારી કોંમને વિનાશ, કષ્ટ અને અત્યાચારનો લક્ષ્ય બનાવાયો. કેમકે તમોએ તે વિનાશ અને બરબાદીનું સાચી ચિત્રણ હેતુ મ્યૂઝિયમ બનાવી રાખ્યા છે અને કેમકે આ પરમાણુ બોમ્બની અસર આજે પણ જોવા મળે છે. આથી જાપાની કોંમ લડાઈ ઝઘડાના દુષ્પ્રભાવોને સમજી શકે છે જેવું કે મેં સાંકેતિક રીતે વર્ણન કર્યુ છે કે તમારા પર પસાર થયેલ પીડાનો એક ભાગ આ પણ છે કે યુદ્ધ પછી જાપાન પર અયોગ્ય અને અન્યાયપૂર્ણ પ્રતિબંધ પણ લગાવ્યા. અનેક દશક પસાર થવાની સાથે સાથે આ પ્રતિબંધ પણ યુદ્ધના વિનાશકારી પ્રભાવોને સ્થાયી રૂપમાં સ્મરણ કરવવા માટે રહ્યા હશે. જાપાન પર પરમાણુ હુમલા સમયે બીજા ખલીફા, જે તે સમયે અહેમદિયા જમાઅતના ઈમામ હતા, તેમણે આ હુમલાની ઘોર નિંદા કરતાં ફરમાવ્યું :

"અમારી ધાર્મિક અને નૈતિક તાલીમ અમારાથી માંગ કરે છે કે અમે વિશ્વની સમક્ષ ઘોષણા કરીએ કે અમે આ જંગલી કૃત્ય અને હત્યાઓને કોઈ પણ પ્રકારે ઉચિત ન સમજીએ. મને તેની જરાંય ચિંતા નથી કેટલીક સરકારો મારા આ બયાનને અપ્રિય દ્રષ્ટિથી જોશે."

હઝરત ખલીફતુલ મસીહ દ્વિતીય રઝી.એ તે સિવાય ફરમાવ્યું કે તેમને ભવિષ્યમાં લડાઈ ઝઘડામાં કોઈ અછત થતી નથી દેખાતી બલ્કે તેમને અત્યાચાર અને અન્યાયોમાં વૃદ્ધિ થતી દેખાય છે. આજે તેમની ચેતવણી સંપૂર્ણ રીતે ઉચિત સિદ્ધ થઈ ગઈ છે, તૃતીય વિશ્વ યુદ્ધની કોઈ નિયમિત રૂપથી ઘોષણા તો નથી થઈ પરંતુ વાસ્તવમાં એક વિશ્વ યુદ્ધ અત્યારે જારી છે. સંપૂર્ણ વિશ્વમાં પુરૂષ, સ્ત્રી તથા બાળકો સુધી હૃદય ભંજક અત્યાચારોનો નિશાનો બનાવાય છે અને મારવામાં આવે છે.

જ્યાં સુધી અમારો સંબંધ છે તો અહેમદિયા મુસ્લિમ જમાઅતે હંમેશા પ્રત્યેક પ્રકારના અત્યાચાર અને અન્યાયની નિંદા કરી છે, ચાહે તે વિશ્વના કોઈ પણ ભાગમાં હોય, કેમકે ઈસ્લામી ઉપદેશોની માંગ છે કે અમે અન્યાય વિરૂદ્ધ અવાજ ઉઠાવીએ અને અત્યાચાર પીડિત વર્ગની સહાયતા કરીએ. મેં હમણા વર્ણન કર્યુ કે હઝરત ખલીફતુલ મસીહ દ્વિતીય રઝી.એ કેવી રીતે વગર કોઈ રોક ટોક જાપાન પર થયેલ પરમાણુ હુમલાની નિંદા કરી હતી. વધુંમાં એક પ્રસિદ્ધ અહેમદી મુસ્લિમ જે વિશ્વ સ્તર પર ખુબ જ પ્રભાવશાળી છે તેઓએ જાપાન અને તેમની જનતાની મદદ કરવા માટે દૃઢ

સંકલ્પ કર્યો. મારો ઈશારો ચૌધરી ઝફરૂલ્લાહખાન સાહેબ તરફ છે જેઓ ઘણા આંતરરાષ્ટ્રીય મુખ્ય પદો પણ આસીન રહ્યા અને પાકિસ્તાનના પ્રથમ વિદેશ મંત્રી પણ હતા અને પછી સંયુકત રાષ્ટ્રની જનરલ એસમ્બલીના પ્રેસિડેન્ટ પણ રહ્યા. દ્વિતીય વિશ્વ યુદ્ધ પછી તેમણે કેટલીક સરકારો તરફથી જાપાન પર અન્યાયપૂર્ણ પ્રતિબંધ લગાવવાની ઘોર નિંદા કરી. ઈ.સ. ૧૯૫૧માં સાનફ્રાંસિસ્કોમાં થનાર Peace Summit માં પાકિસ્તાની પ્રતિનિધિ મંડળના મુખ્ય પ્રતિનિધિ તરીકે ચોધરી ઝફરૂલ્લાહખાન સાહેબે કહ્યું.

“જાપાન સાથે શાંતિ સ્થાપનાનો પાયો ન્યાય અને સુલેહ પર રાખવામાં આવે, ન કે અત્યાચાર અને અન્યાય પર. ભવિષ્યમાં જાપાન પોતાના રાજકીય તથા સામાજિક ઢાંચાના સુધારો પર અતિ આવશ્યક ભૂમિકા નિભાવશે જે ઉન્નતિની સ્પષ્ટ ગેરંટી છે અને જે જાપાનને શાંતિપ્રિય દેશોની પંકિતમાં સમાનતાનું સ્થાન અપાવી શકે છે.”

તેમનું ભાષણ પવિત્ર કુરઆનના ઉપદેશો અને ઈસ્લામના પયગમ્બર સ.અ.વ.ની સુન્નતના પ્રકાશમાં હતો. ઈસ્લામના વાસ્તવિક ઉપદેશોને આધાર બનાવતાં તેમણે જણાવ્યું કે કોઈ યુદ્ધમાં વિજેતાએ કદાપી હારી ગયેલ પર એવા અનુચિત પ્રતિબંધ ન લગાવવા જોઈએ જે ભવિષ્યમાં તેમની પ્રગતિ અને સમૃદ્ધિમાં અડચણ થાય. ચૌધરી ઝફરૂલ્લાહખાન સાહેબે આ ઐતિહાસિક બયાન જાપાનના હકમાં આપ્યો કેમકે એક અહેમદી મુસ્લિમની

હેસિયતથી તે માત્ર પાકિસ્તાની સરકારના પ્રતિનિધિ જ ન હતા બલ્કે તેનાથી પણ વધુ તેઓ ઈસ્લામની સર્વોચ્ચ ઉપદેશોનું પ્રતિનિધિત્વ કરી રહ્યા હતા.

જેવું કે મેં પહેલા પણ વર્ણન કર્યુ છે કે તમે તે કોંમ છો જે લડાઈ ઝઘડાના દુષ્પરિણામોને કોઈ અન્ય કોંમથી અધિક સમજી શકો છો. આથી જાપાની સરકારે દરેક સંભવ ઉપાય તથા દરેક સ્તર પર પ્રત્યેક પ્રકારના અમાનવીય વ્યવહાર, અત્યાચાર અને અન્યાયનો મુકાબલો કરતાં તેનું નિવારણ કરવું જોઈએ. તેણે આ વાત માટે પ્રયાસ કરવો જોઈએ કે જે પશુઓની જેમ હુમલો તેમના ઉપર થયો તે કદાપી અને કયાય પણ ફરીથી પુનરાવર્તન ન થાય.

જ્યાં પણ યુદ્ધના વાદળ મંડળાઈ રહ્યા હોય, જાપાની નેતાઓ તથા જનતાએ તનાવ ઓછો કરવા માટે અને શાંતિ સ્થાપના માટે પોતાની ભૂમિકા નિભાવવી જોઈએ. જ્યાં સુધી ઈસ્લામનો સંબંધ છે, કેટલાક લોકોની નજરમાં આ એક અત્યાચારી અને આતંકવાદી ધર્મ છે. તેઓ પોતાના વિચારનો પાયો આ વાત પર મુકે છે કે ઈસ્લામી જગતમાં લડાઈ ઝઘડા અને આતંકવાદના યુગનો દૌર છે.

તેમના આ દ્રષ્ટિકોણ સંપૂર્ણ રીતે વાસ્તવિકની વિરૂદ્ધ છે. વાસ્તવમાં ઈસ્લામની શાંતિપૂર્ણ તાલીમની વિશ્વના ઈતિહાસમાં કોઈ તુલના નથી. જેથી હઝરત ખલીફતુલ મસીહ દ્વિતીય અને ચૌધરી ઝફરૂલ્લહખાન સાહેબે તમારી કોંમ પર થઈ રહેલા અત્યાચાર વિરૂદ્ધ જોરદાર અવાજ ઉઠાવ્યો.

હવે હું ઈસ્લામની વાસ્તવિક તાલીમોને ટુંકમાં વર્ણન કરવા માંગુ છું. ઈસ્લામનો એક મૂળભૂત સિદ્ધાંત તો આ છે કે કોઈ પણ એવા યુદ્ધનો કોઈ ઔચિત્ય નથી જે ભૌગોલિક, રાજકીયના આધારે અથવા કુદરતી સંપત્તિઓ પર અધિકાર કરી આર્થિક લાભો પ્રાપ્ત કરવાના હેતુથી કરવામાં આવે. પવિત્ર કુરઆન સૂરહ અન્નહલની આયત ૧૨૭માં અલ્લાહ તઆલા ફરમાવે છે કે યુદ્ધની સ્થિતિમાં કોઈ પણ સજા મૂળ અપરાધ અનુસાર હોય ન કે તેનાથી વધારે. પવિત્ર કુરઆનનો જ ઉપદેશ છે કે યુદ્ધ પછી ક્ષમા કરી દેવું અને ધૈર્ય દર્શાવવું ઉત્તમ છે.

તેવી જ રીતે પવિત્ર કુરઆન સૂરહ અલ અન્ફાલની આયત ૬૨માં વર્ણન છે કે બે વ્યકિત કે પક્ષોના સંબંધમાં દૂરી આવી ગઈ હોય અને યુદ્ધની તૈયારી કરવામાં આવતી હોય જો કોઈ એક વ્યકિત કે પક્ષ સુલેહ કરવા માંગે તો બીજા વ્યકિત કે પક્ષ પર અનિવાર્ય છે કે તે આ પ્રસ્તાવનું સ્વાગત કરે અને અલ્લાહ પર ભરોસો રાખે. પવિત્ર કુરઆન ફરમાવે છે કે કોઈ એક વ્યકિત કે પક્ષે બીજા વ્યકિત કે પક્ષની નીયત પર ખોટી ધારણા ન કરવી જોઈએ બલ્કે હંમેશા સુલેહ અને પરસ્પર ઉકેલ લાવવાનો માર્ગ શોધવો જોઈએ. કુરઆનનો આ ઉપદેશ આંતરાષ્ટ્રીય શાંતિ સ્થાપના માટે એક મૂળભૂત સિદ્ધાંત છે.

સૂરહ અલમાએદાહ આયત ૯માં અલ્લાહ તઆલા ફરમાવે છે કે કોઈ કોંમની શતુત્રા તમને આ વાત પર ન ઉકશ્કેરે કે તમે ન્યાય અને ઈન્સાફની માંગો પર સમજુતી કરી લો બલ્કે ઈસ્લામ આ શીખવાડે છે કે કોઈ પણ પરિસ્થિતિમાં, ચાહે ગમે તેટલી મુશ્કેલીઓ

સામે હોય ન્યાય અને ઈન્સાફનો છેડો દૃઢતાપૂર્વક પકડી રાખો. નિ:સંદેહ ન્યાય જ છે જે સંબંધોમાં અચ્છાઈનું કારણ હોય છે અને નિષ્ફળ થવાના અહેસાસ તથા યુદ્ધના કારણો દૂર કરવાનું કારણ બની શકે છે. સૂરહ અન્નૂર આયત ૩૪માં પવિત્ર કુરઆન ફરમાવે છે કે જો યુદ્ધ પછી કેદીઓને આઝાદ કરવા માટે કોઈ આર્થિક દંડ લગાવો તો શરતો ઉચિત હોવી જોઈએ જેથી તેઓ સુવિધાપૂર્વક અદા કરી શકે અને જો તેનાથી હપ્તાઓમાં વસૂલ કરોતો ઉત્તમ છે.

શાંતિ સ્થાપના માટે એક સુવર્ણ સિદ્ધાંત જે સૂરહ અલ હુજુરાતની આયત ૧૦માં આ પણ વર્ણન થયું છે કે જો બે જૂથો વચ્ચે તનાવ હોય તે કોઈ ત્રીજી કોંમે અથવા જૂથે મધ્યસ્થની ભૂમિકા નિભાવવી જોઈએ અને પરસ્પર શાંતિપૂર્ણ ઉકેલ લાવવાનો પ્રયાસ કરવો જોઈએ. પરસ્પર સુલેહની સ્થિતિમાં બંને પક્ષોમાંથી કોઈ પણ જો અવૈધ રૂપમાં સુલેહની શરતો વિઢદ્ધ કાર્ય કરે તો અન્ય લોકો સંયુકત થઈ અત્યાચારી માટે અડચણ ઉભી કરવી ચાહે તેના માટે બળનો ઉપયોગ કરવો પડે તો પણ કરો. પછી જો અત્યાચારી વ્યકિત કે પક્ષ રોકાઈ જાય તો તેના પર પ્રતિબંધ લગાવવાને બદલે તેને એક આઝાદ કોંમ કે દેશ અને આઝાદ સમાજના રૂપમાં પ્રગતિ કરવાની અનુમતિ આપવી જોઈએ. વર્તમાન સમયમાં આ સિદ્ધાંત ખુબ મહત્વ રાખે છે ખાસ કરીને મહાસત્તાઓ અને આંતરરાષ્ટ્રીય સંગઠનો ઉદાહરણ તરીકે યૂ.એન,ઓ. માટે. જો આ મૂલ્યોનું પાલન શરૂ કરી દઈએ તો વિશ્વમાં વાસ્તવિક શાંતિ અને ન્યાય સ્થાપિત થઈ શકે છે તથા અનાવશ્યક અસંતોષ અને નિષ્ફળતાનો અહેસાસ સ્વયં સમાપ્ત થઈ જશે.

તેવી જ રીતે અન્ય ઘણા બધા કુરઆનના આદેશો છે જે વિશ્વમાં શાંતિ સ્થાપના અને લડાઈ ઝઘડાને નિષેધ તરફ ધ્યાન દોરે છે. અમારા રહેમાન અને રહીમ ખુદાએ શાંતિની ચાવી એટલા માટે આપી કેમકે તે ઈચ્છે છે કે તેની સૃષ્ટિ પરસ્પર એકતાના વાતાવરણમાં રહે અને દરેક પ્રકારની નફરત અને દ્વેષથી મુકત થાય.

આથી આ વાતો સાથે હું આપ સૌને વિનંતી કરૂ છું કે પોતાની પહોંચનો પ્રયોગ કરતા વિશ્વમાં શાંતિ અને પરસ્પર એકતા માટે પ્રયાસ કરો. આપણી સામૂહિક ફરજ છે કે વિશ્વમાં જ્યાં પણ અશાંતિ અને બેચૈની છે આપણ ન્યાય માટે અવાજ ઉઠાવીએ અને શાંતિ સ્થાપના માટે પ્રયાસ કરીએ જેથી આપણે એવા ભયંકર યુદ્ધથી બચી શકીએ જે આજથી ૭૦ વર્ષ પૂર્વ લડવામાં આવ્યો હતો, જેના વિનાશકારી પ્રભાવ કેટલાય દશક સુધી રહ્યા બલ્કે આજ દિન સુધી અનુભવીએ છીએ. આજે સીમિત સ્તર પર તો એક વિશ્વ યુદ્ધ પ્રારંભ થઈ ચુકયો છે પરંતુ આપણે પોતાની ફરજો સમયસર નિભાવીએ એવું ન થાય કે તેની અસર ફેલાઈને સમગ્ર વિશ્વને તેની લપેટમાં લઈ લે અને તે લોહી વહેવા અને ઘાતક હથિયારો ફરીથી પ્રયોગ થાય જે આપણી ભાવિ પેઢીઓને બરબાદ કરી નાખે.

આથી આવો, આપણે સૌ મળીને પોતાની ફરજો નિભાવીએ. વિરોધી સંગઠન બનાવવાને બદલે આપણે સૌ એકમત થઈ પરસ્પર સહયોગ કરવો જોઈએ. આપણી પાસે બીજો કોઈ માર્ગ નથી કેમકે જો ત્રીજુ મહાયુદ્ધ નિયમિત રૂપથી આરંભ થઈ ગયો તો તેના પરિણામે આવનાર વિનાશ અને બરબાદી અંગે કલ્પના પણ

અસંભવ છે. નિ:સંદેહ એવી સ્થિતિમાં અતીતના યુદ્ધ આની તુલનામાં ખુબ જ સાધારણ અનુભવાશે.

મારી દુઆ છે કે વિશ્વ આ પરિસ્થિતિની મુશ્કેલીને સમજે. તે પહેલા કે વિલંબ થઈ જાય, માનવજાતિ અલ્લાહ તઆલા સામે ઝુંકતા તેના અધિકારો તથા આપસી અધિકારોને અદા કરવા લાગે.

અલ્લાહ તઆલા તેમને સમજ અને વિવેક પ્રદાન કરે જે ધર્મ ના નામે અશાંતિનું વાતાવરણ ઉત્પન્ન કરે છે જે પોતાના આર્થિક હિતોના ઉદ્દેશ્યથી ભૌગોલિક તથા રાજકીય યુદ્ધ કરી રહ્યા છે. અલ્લાહ કરે કે તેમને માલૂમ થઈ જાય કે તેમના ઉદ્દેશ્ય કેટલા અનુચિત અને વિનાશ કારી છે. અલ્લાહ કરે કે વિશ્વના પ્રત્યેક ક્ષેત્રમાં કાયમી શાંતિ સ્થપિત થઈ જાય. આમીન

આ વિનંતી સાથે હું આપ સૌનો એક વાર ફરીથી આભાર વ્યકત કરૂ છું કે આપ સૌ આ આયોજનમાં પધાર્યા.

ખુબ ખુબ આભાર.

# વિશ્વના નેતાઓને પત્રો

# આદરણીય પોપ બેનિડિકટ XVI ના નામે પત્ર

بسم الله الرحمن الرحيم
نحمده و نصلي على رسوله الكريم
وعلى عبده المسيح الموعود
خدا کے فضل اور رحم کے ساتھ
هو الناصر

MIRZA MASROOR AHMAD
HEAD OF THE AHMADIYYA COMMUNITY
IN ISLAM

16 Gressenhall Road
Southfields, London
SW18 5QL, UK

૩૧ ઓકટોબર ૨૦૧૧

પ્રતિ શ્રી,

માનનીય પોપ બેનિડિકટ XVI

મારી દુઆ છે કે અલ્લાહ તઆલા તમારા ઉપર પોતાની કૃપા અને બરકતો વરસાવે. વિશ્વવ્યાપી અહેમદિયા મુસ્લિમ જમાઅતના વડા તરીકે હું આદરણીય પોપની સેવામાં પવિત્ર કુરઆનનો આ સંદેશ પાઠવું છું કે “હે અહલે કિતાબ એક એવી વાત પર આવી જાઓ જે અમારી અને તમારી વચ્ચે સમાન છે અને તે આ છે કે આપણે અલ્લાહ સિવાય બીજા કોઈની ઈબાદત ન કરીએ અને કોઈને તેનો ભાગીદાર ન બનાવીએ અને આપણે અલ્લાહને છોડી પરસ્પર એક બીજાને રબ ન બનાવીએ.”

ઈસ્લામ આજકાલ વિશ્વની ક્રોધિત દ્રષ્ટિમાં આવી ગયો છે તથા સતત આક્ષેપોનો નિશાનો બનાવાય છે, જે લોકો આરોપ લગાવે છે તેઓ ઈસ્લામના વાસ્તવિક ઉપદેશોનું અધ્યયન કર્યા વગર જ એવું કરે છે. દુર્ભાગ્યથી કેટલાક મુસ્લિમ સંગઠનો પણ ફકત પોતાના વ્યકિતગત હિતોની પૂર્તિ માટે ઈસ્લામને તદ્દન ખોટી રીતે રજુ કરે છે. પરિણામે પશ્ચિમી તથા બિન મુસ્લિમ દેશોના હૃદયોમાં ઈસ્લામ પ્રત્યે એટલી અવિશ્વાસની ભાવના વધી ગઈ છે કે શિક્ષિત

લોકો પણ ઈસ્લામના પ્રવર્તક હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમની વિરૂદ્ધ નિરાધાર આરોપ લગાવે છે.

પ્રત્યેક ધર્મનો મુખ્ય હેતુ મનુષ્યને અલ્લાહની નિકટ લાવવું અને માનવીય મૂલ્યોની સ્થાપના છે. કોઈ પણ ધર્મના પ્રવર્તકે કદી પણ તેમના અનુયાયીઓને આ ઉપદેશ આપ્યો જ નથી કે તેઓ બીજાના અધિકારો આંચકી લે અને ક્રૂરતાપૂર્વક વર્તન કરે. આથી ગૈર માર્ગે દોરાયેલા મુસ્લિમોના કૃત્યોને ઈસ્લામ અને તેના પવિત્ર પ્રવર્ત ક ઉપર પ્રહાર કરવાના બહાના તરીકે ન વાપરવા જોઈએ. ઈસ્લામ અમોને દરેક ધર્મના પયગમ્બરો (અવતરો)નું આદર કરવાનો ઉપદેશ આપે છે. આથી દરેક મુસ્લિમો માટે તે તમામ પયગમ્બરો જેમાં હઝરત યસૂ મસીહ પણ સામેલ છે જેમનું વર્ણન પવિત્ર બાઈબલ અને પવિત્ર કુરઆનમાં આવેલ છે તેમના પર ઈમાન લાવવું જરૂરી છે. અમે તો હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમના તુચ્છ સેવક છીએ. જેથી હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ પર કરવામાં આવતા પ્રહારોથી અમોને ખુબ જ દુઃખ અને આઘાત લાગે છે, પરંતુ અમો સતત આપ સ.અ.વ.ના ઉચ્ચ સદગુણોને વિશ્વ સમક્ષ રજુ કરીએ છીએ તથા પવિત્ર કુરઆનના સુંદર ઉપદેશોને જાહેર કરી ઉત્તર આપીએ છીએ.

જો કોઈ વ્યકિત કોઈ ચોક્કસ ઉપદેશનું પાલન નથી કરતો જ્યારે કે સ્વયંને તેની તરફ સંબદ્ધ કરવાનો દાવો કરે છે તો આ તેની ભૂલ છે ન કે ઉપદેશની. ઈસ્લામ શબ્દનો અર્થ જ શાંતિ, પ્રેમ અને સલામતી છે. “ધર્મ અંગે કોઈ બળજબરી નથી” આ ઈસ્લામનો

સ્પષ્ટ આદેશ છે. પવિત્ર કુરઆન વારંવાર આગ્રહપૂર્વક પ્રેમ, સહાનુભૂતિ, શાંતિ, ભાઈચારો તેમજ સમાધાનની જ તાલીમ આપે છે તથા વારંવાર આ પણ કહે છે કે જે સંયમ ધારણ નથી કરતો તે અલ્લાહથી દૂર છે અને તે ઈસ્લામી શિક્ષણથી પણ દૂર છે. આથી જો કોઈ વ્યકિત ઈસ્લામને એક અત્યંત ઉગ્ર અને હિંસક અને તેના શિક્ષણને રકતપાત પર આધારિત સમજે છે તો તેનો વાસ્તવિક ઈસ્લામથી કોઈ લેવા દેવા નથી.

અહેમદિયા મુસ્લિમ જમાઅત ફકત વાસ્તવિક ઈસ્લામ પર કાર્યરત છે તથા ફકત અલ્લાહ તઆલાની પ્રસન્નતા માટે જ કાર્ય કરે છે. જો કોઈ ચર્ચ અથવા કોઈ અન્ય ઉપાસના સ્થળની સુરક્ષાની જરૂર પડે તો તેઓ અમોને આ કાર્ય માટે ખભેથી ખભો મિલાવીને ઉભેલા જોશે. અમારી મસ્જિદોમાંથી જો કોઈ સંદેશનો અવાજ ગૂંજે છે તો તે માત્ર એ જ હશે કે અલ્લાહ સૌથી મહાન છે અને અમે આ સાક્ષી આપીએ છીએ કે તેના સિવાય કોઈ ઈબાદતને યોગ્ય નથી અને હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ અલ્લાહના રસૂલ છે.

એક કારણ જે વિશ્વ શાંતિને ભંગ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે તે આ છે કે કેટલાક લોકો આ સમજે છે કે તેઓ બુદ્ધિશાળી, વધુ ભણેલા અને પૂર્ણ સ્વતંત્ર છે તથા તેઓ ધર્મોના પ્રવર્તકો પર ઉપહાસ અને મજાક ઉડાવવા માટે પૂર્ણ આઝાદ છે. સમાજમાં શાંતિ કાયમ રાખવા માટે પ્રત્યેક વ્યકિતની ફરજ છે કે તેઓ પોતાના હૃદયથી તમામ પ્રકારની વિરોધી ભાવનાઓને સમાપ્ત કરે અને સહિષ્ણુતા તથા સહનશીલતાનો સ્તર ઉચ્ચું કરે.

પરસ્પર એક બીજાના ધર્મોના પયગમ્બરોના આદર સમ્માનની પ્રતિરક્ષા કરવાની જરૂર છે. વિશ્વ અશાંતિ અને બેચૈનીના સમયથી પસાર થઈ રહી છે. આ સ્થિતિ આ વાતની માંગ કરે છે કે પ્રેમ અને હમદર્દીનું વાતાવરણ પૈદા કરતાં આપણે તે ભય અને અશાંતિને સમાપ્ત કરીએ. આપણે પ્રેમ અને શાંતિનો સંદેશ ચારે બાજુ ફેલાવીએ અને પહેલાથી વધુ એકતાપૂર્વક તથા સારી રીતે જીવન ગુજારીએ અને માનવીય મૂલ્યોને સમજીએ.

આજે વિશ્વમાં નાના પાયે યુદ્ધો શરૂ થઈ રહ્યા છે, બીજી તરફ મહાસત્તાઓ વિશ્વ શાંતિ સ્થાપિત કરવાનો દાવો કરી રહી છે. હવે આ વાત કોઈનાથી છુપી નથી કે પ્રત્યક્ષતઃ આપણાને એક વાત કહેવામાં આવે છે પરંતુ પડદા પાછળ ગુપ્ત રીતે તેઓના બીજા અજેન્ડા અને નીતિઓ પરિપૂર્ણ કરવામાં આવે છે. પ્રશ્ન આ છે કે શું એવી પરિસ્થિતિઓમાં વિશ્વ શાંતિ સ્થાપના થઈ શકે છે. હું ખેદ સાથે કહું છું કે જો આપણે દુનિયાની વર્તમાન પરિસ્થિતિઓ નજીકથી જોઈએ તો આપણાને જણાશે કે એક અન્ય વિશ્વયુદ્ધનો પાયો નખાઈ ચુકયા છે. જો દ્વિતીય વિશ્વ યુદ્ધ પછી ન્યાય અને સમાનતાના માર્ગો અનુસરવામાં આવ્યા હોત તો આપણે વિશ્વની વર્તમાન સ્થિતિ ન જોતા જે પુનઃ યુદ્ધની જ્વાળામાં લપેટાઈ ગઈ છે. પરણામે વિશ્વના અનેક દેશો પાસે પરમાણુ હથિયાર છે, પરસ્પર દ્વેષ અને શત્રુતા વધી રહી છે અને વિશ્વ વિનાશની કગાર પર આવીને ઉભું છે. જો વિનાશક હથિયારો ફાટશે તો અનેક ભાવિપેઢીઓ સ્થાયી પ્રકારની અપંગતાના શિકાર હોવાના કારણે

આપણને કયારેય માફ ન કરશે. વિશ્વ પાસે પોતાના સર્જનહાર અને તેની સૃષ્ટિના અધિકારોને અદા કરવાનો હજીયે સમય છે.

મારો વિશ્વાસ છે કે હવે વિશ્વની પ્રગતિ પર ધ્યાન કેન્દ્રીત કરવાને બદલે આ ખુબ જરૂરી છે કે વિનાશથી બચવા માટે પોતાના પ્રયાસોને તીવ્ર કરે. આ વાતની તાતી જરૂરીયાત છે કે મનુષ્ય પોતાના સર્જનહારને ઓળખે, કેમકે તે માનવતાને બચાવવા માટેની ગેરન્ટી આપે છે નહીતર વિશ્વ તીવ્રતા સાથે પોતાના વિનાશ તરફ આગળ વધી રહ્યું છે. જો આજે મનુષ્ય શાંતિ સ્થાપનામાં સફળ થવા ઈચ્છતો હોય તો અન્ય લોકોની ભૂલો શોધવાને બદલે તેણે પોતાની અંદર રહેલા શૈતાનને નિયંત્રણમાં રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ, પોતાના ખરાબ તત્વો દૂર કરી એક વ્યકિત ન્યાયનું સુંદર ઉદાહરણ આપી શકે છે. હું વિશ્વને વારંવાર યાદ અપાવું છું કે અન્યો પ્રત્યે ઘોર શત્રુતાઓ માનવીય મૂલ્યોને પૂર્ણ રૂપથી સમાપ્ત કરી રહી છે અને આ રીતે આ વિશ્વને વિનાશ તરફ લઈ જઈ રહ્યા છે.

કેમકે તમારો અવાજ વિશ્વમાં એક પ્રભાવ રાખે છે હું આપને અનુરોધ કરૂ છું કે આ વિશાળ દુનિયાને જણાવી દો કે પ્રાકૃતિક સંતુલન જે અલ્લાહએ સ્થાપિત કર્યુ છે તેમાં હસ્તક્ષેપ કરતાં તેઓ તીવ્રતા સાથે વિનાશ તરફ જઈ રહ્યા છે. આ સંદેશને અધિક વ્યાપક અને વિશેષ રૂપમાં ફેલાવવાની જરૂર છે. વિશ્વના તમામ ધર્મોને ધાર્મિક સંવાદિતાની જરૂર છે અને વિશ્વના તમામ લોકોને પ્રેમ, સહાનુભૂતિ તથા ભાઈચારાની ભાવના પૈદા કરવાની જરૂર છે. મારી આ દુઆ છે કે તમામ લોકો પોતાના દાયિત્વો સમજે અને

શાંતિ સ્થાપના, પ્રેમ અને દુનિયામાં પોતાના સર્જનહારને ઓળખવા માટે પોતાની ભૂમિકા નિભાવે. આપણે સ્વયં દુઆ કરીએ અને અલ્લાહ તઆલાથી નિરંતર યાચના કરીએ કે તે વિશ્વના આ વિનાશને ટાળી દે. હું દુઆ કરૂ છું કે આપણે આ વિનાશથી સુરક્ષિત રહીએ જે આપણી પ્રતિક્ષામાં છે.



મિરઝા મસરૂર અહેમદ
અહેમદિયા મુસ્લિમ જમાઅતના પાંચમાં ખલીફા
વિશ્વવ્યાપી અહેમદિયા જમાઅતના ઈમામ

# ઈઝરાયેલના પ્રધાનમંત્રીના નામે પત્ર

بسم الله الرحمن الرحيم
نحمده ونصلي على رسوله الكريم
وعلى عبده المسيح الموعود
خدا کے فضل اور رحم کے ساتھ
هو الناصر

MIRZA MASROOR AHMAD
HEAD OF THE AHMADIYYA COMMUNITY
IN ISLAM

16 Gressenhall Road
Southfields, London
SW18 5QL, UK

૨૬ ફેબ્રુઆરી ૨૦૧૨

પ્રતિ શ્રી,

માનનીય બૈન્જામિન નેતેન્યાહૂ
પ્રધાનમંત્રી ઈઝરાયેલ
યૂરોશલમ

વહાલા પ્રધાનમંત્રી,

મેં વર્તમાન પરિસ્થિતિ અંગે એક પત્ર આદરણીય ઈઝરાયેલના પ્રમુખ શિમોન પેરેઝને પણ મોકલ્યો છે. અત્યારે ઝડપભેર પરિચર્તિત થઈ રહી પરિસ્થિતિઓના સંદર્ભે મને લાગ્યું કે મારે તમોને પણ મારો સંદેશ મોકલવો જરૂરી છે કારણ કે તમો દેશની સરકારના પ્રમુખ છો.

તમારા દેશનો ઈતિહાસ નબુવ્વત અને અલ્લાહની વાણીથી જાણીતો છે. બની ઈસ્રાઈલના નબીઓએ તમારા દેશના ભવિષ્ય અંગે ખુબ સ્પષ્ટ રીતે ભવિષ્યવાણીઓ કરી છે. વાસ્તવમાં બની ઈસ્રાઈલના નબીઓના ઉપદેશોની અવગણના કરવી તથા તેમની ભવિષ્યવાણીઓની અવહેલના કરવાથી જ બની ઈસ્રાઈલને મુશ્કેલીઓ અને યાતનાઓ વેઠવી પડી હતી. જો તમારા દેશના

નેતાઓ આ નબીઓની આજ્ઞાપાલન કરતાં તો તેઓ અનેક મુશ્કેલીઓથી બચી શકયા હોત. આથી બીજાની અપેક્ષા તમારી વધુ ફરજ છે કે નબીઓની ભવિષ્યવાણીઓ અને આદેશો તરફ ધ્યાન આપે.

હું મસીહ મૌઉદ તથા ઈમામ મહદીના ખલીફા તરીકે તમોને પત્ર લખું છું જેમને હઝરત મુહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમની ગુલામીમાં મોકલ્યા અને હઝરત મુહમ્મદ સ.અ.વ.ને બની ઈસ્ત્રાઈલના ભાઈઓમાંથી હઝરત મૂસાની જેમ સંપૂર્ણ માનવજાતિ માટે સાક્ષાત દયા બનાવી મોકલ્યા હતા. (ડેટ્રોનામી ૧૮:૧૮). આથી અલ્લાહનો સંદેશ યાદ અપાવવું મારી ફરજ છે. મને આશા છે કે તમારી ગણતરી તે લોકોમાં થશે જેઓ અલ્લાહનો અવાજ સાંભળે છે અને જેઓ સફળતા પૂર્વક સાચો માર્ગ શોધી લે છે, જે માર્ગ મહાન અને સર્વશ્રેષ્ઠ, પૃથ્વી અને આકાશના અધિપતિ છે, અલ્લાહ તરફ લઈ જવાનો માર્ગ છે.

અખબારોમાં આપણે આજકાલ એવી રિપોર્ટ સાંભળીએ છીએ કે તમે ઈરાન પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યા છો જ્યારે કે વિશ્વ યુદ્ધના ભયાનક પરિણામો તમારી સામે છે. દ્વિતીય વિશ્વ યુદ્ધમાં જ્યાં અન્ય લાખો લોકો માર્યા ગયા ત્યાં હઝારો યહૂદીઓના પ્રાણ પણ ગયા. પ્રધાનમંત્રી તરીકે પોતાના દેશની જનતાની રક્ષા કરવું તમારી ફરજ છે. વિશ્વની વર્તમાન પરિસ્થિતિઓ આ જાહેર કરે છે કે હવે વિશ્વયુદ્ધ કેવળ બે જ દેશો વચ્ચે ન થશે બલ્કે અનેક બ્લોક બની જશે. વિશ્વ યુદ્ધ ફાટી નીકળવાની નીતિ ઘણી જ ગંભીર છે. મુસ્લિમો, ખ્રિસ્તીઓ અને યહૂદીઓ વગેરેના જીવન ઉપર પણ

ભય છે. જો એવું યુદ્ધ આરંભ થાય તો માનવના શ્રૃંખલાબદ્ધ વિનાશનું કારણ થશે. આ ભયંકર વિનાશનો પ્રભાવ ભાવિ પેઢીઓ સુધી થશે. જે અથવા તો અપંગ જન્મશે અથવા અપંગતા ધરાવતા હશે. તેનું કારણ એ છે કે આવા યુદ્ધમાં નિઃસંદેહ પરમાણુ હથિયારનો ઉપયોગ થશે. આથી મારી તમોને વિનંતી છે કે વિશ્વને એક અન્ય વિશ્વયુદ્ધમાં ધકેલવાના બદલે વિશ્વને યથાસંભવ વિનાશથી બચાવવાનો પ્રયત્ન કરે. વિવાદો બળ પ્રયોગ દ્વારા ઉકેલવાને બદલે વાર્તાલાપ દ્વારા ઉકેલવા પ્રયત્ન કરવા જોઈએ જેથી આપણે આપણી ભાવિ પેઢીઓને અપંગતાની ભેટ આપવાને બદલે ઉજ્જવળ ભવિષ્યની ભેટ આપીએ.

હું મારા વિચારો તમારા ધાર્મિક શિક્ષણ આધારે જ સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરીશ. જીાથમ ફકરો ઝબૂરથી લેવામાં આવેલ છે :

“દુષ્ટોના કારણે હેરાન ન થશો. જેઓ ખોટું કરે છે તેમની ઈર્ષ્યા પણ ન કરશો કેમકે તેઓ બધા ટુંક સમયમાં ઘાસની જેમ કપાઈ જશે, અને જેમ લીલો છોડ સૂકાઈ જાય છે તેમ સૂકાઈ જશે. યહોવા પર ભરોસો રાખ, અને ભલુ કર; અને ભૂમિમાં રહો અને સચ્ચાઈમાં મન લગાવી રાખ. યહોવાને પોતાના સુખનો મૂળ જાણ અને તે તારી મનોકામના પુરી કરશે. પોતાના માર્ગની ચિંતા યહોવા પર છોડી દે; અને તેના પર ભરોસો રાખ, તે જ પુરો કરશે. તે તમારા ધર્મને પ્રભાતની જેમ અને તારા ન્યાયને મધ્યાનના સૂર્યના અજવાળાની જેમ પ્રગટ કરશે. યહોવાની સામે ચુપ ચાપ રહે અને ધીરજથી તેમની પ્રતિક્ષા કર; તે મનુષ્યના કારણે દુઃખી ન થા, જેમના કામ સફળ થાય છે, અને તે ખરાબ યુક્તિઓને કાઢે છે.

ગુસ્સો ન કરો અને અભિષાપથી પણ દૂર રહો. ખોટો માર્ગ ન લેશો તે માત્ર બૂરાઈ તરફ જ લઈ જશે. કેમકે દુષ્કૃત્યો કરનારનો નાશ થશે; અને જે યહોવામાં શ્રદ્ધા રાખે છે તેઓને પૃથ્વી મળશે. દુષ્ટ તત્વો કદાચ થોડા સમય સફળ થાય પરંતુ છેવટે તો તેમનું અસ્તિત્વ જ ભૂંસાઈ જશે; અને જો તમો તેને તેનું સ્થળ શોધવા જશો તો તે ત્યાં દેખાશે નહી પરંતુ જે વિનમ્ર છે તેને જ પૃથ્વી વારસામાં મળશે અને શાંતિના સાગરમાં તેઓ આનંદ મનાવશે.''

(ઝબૂર, ૩૭ઃ ૧,૧૧)

તેવી જ રીતે આપણે તૌરાતમાં આ પણ જોઈએ છીએ

''તારે તારા થેલામાં એક જેવા જ બાટ રાખવા ન જોઈએ કે એક ભારી હોય ને એક હલકો હોય. તારે તારા ઘરમાં એક જેવા જ માપલા ન રાખવા જોઈએ કે એક ઓછા માપનું હોય ને એક વધારે માપનું હોય. તારે સંપૂર્ણ ન્યાયયુકત વજનો અને માપો રાખવા જોઈએ જેથી આ દેશમાં તારો પરમેશ્વર યહોવા તને આપે છે તેમાં તારી આયુ વધે કેમકે એવા કામોમાં જે ખોટી રીતે કામ કરે છે, તે બધું તારા પરમેશ્વર યહોવાની નજરમાં ઠપકા પાત્ર છે.''

(વ્યવસ્થા વિવરણ, ૨૫ઃ ૧૩,૧૬)

આથી વિશ્વના તમામ નેતાઓએ અને ખાસ કરીને તમારે પોતે પણ બળ દ્વારા શાસન કરવાનો વિચાર છોડી દેવો જોઈએ તથા નિર્બળો પર જુલ્મ કરવાથી બચવું જોઈએ. તેના બદલે ન્યાય તથા શાંતિને આગળ ધપાવવા અને પ્રોત્સાહન આપવાના પ્રયાસો કરવા

જોઈએ. આમ કરવાથી તમે સ્વયં પણ શાંતિથી રહેશો, તમોને શકિત પ્રાપ્ત થશે અને વિશ્વમાં શાંતિ સ્થાપના થશે.

મારી આ દુઆ છે કે તમે અને વિશ્વના અન્ય નેતાઓ મારા સંદેશને સમજે, પોતાના પદની ગરિમાને ઓળખે તથા પોતાની જવાબદારીઓ પૂર્ણ કરે.

આપનો શુભ ચિંતક



મિરઝા મસરૂર અહેમદ
અહેમદિયા મુસ્લિમ જમાઅતના પાંચમાં ખલીફા
વિશ્વવ્યાપી અહેમદિયા જમાઅતના ઈમામ

# ઈસ્લામી રિપબ્લીક ઈરાનના રાષ્ટ્રપતિના નામે પત્ર

واجعل لي من لدنك سلطانا نصيرا
إنا فتحنا لك فتحا مبينا

MIRZA MASROOR AHMAD
HEAD OF THE AHMADIYYA COMMUNITY
IN ISLAM

بسم الله الرحمن الرحيم
نحمده و نصلي على رسوله الكريم
وعلى عبده المسيح الموعود
خدا کے فضل اور رحم کے ساتھ
هو الناصر

16 Gressenhall Road
Southfields, London
SW18 5QL, UK

૭ માર્ચ ૨૦૧૨

પ્રતિ શ્રી,
માનનીય રાષ્ટ્રપતિ ઈસ્લામી રિપબ્લીક ઈરાન
મહમૂદ અહમદી નિજાદ,
તેહરાન

વહાલા રાષ્ટ્રપતિ

અસ્સલામો અલૈકુમ વરહેમતુલ્લાહે વ બરકાતોહૂ

વિશ્વમાં જે ઘટનાઓ ઉપસ્થિત થઈ રહી છે તે સંદર્ભે મને લાગે છે કે તમને પત્ર લખવો જરૂરી છે. ઈરાનના રાષ્ટ્રપતિ તરીકે તમોને એવા નિર્ણય કરવાનો અધિકાર છે જેનો પ્રભાવ ફકત તમારા દેશ પર જ નહી બલ્કે સમગ્ર વિશ્વ પર પડશે. આજકાલ વિશ્વમાં ખુબ જ અશાંતિ અને બેચૈની છે. ઘણા દેશોમાં તો નાના સ્તર પર યુદ્ધો આરંભ થઈ ચુકયા છે જ્યારે કે અન્ય સ્થળોએ મહાસત્તાઓ શાંતિ સ્થાપનાને બહાને હસ્તક્ષેપ કરી રહી છે. પ્રત્યેક દેશ કોઈ અન્ય દેશની સહાયતા અથવા વિરોધ કરવાનો પ્રયત્ન કરે છે પરંતુ ન્યાયની જરૂરીયાતો પુરી કરવામાં નથી આવતી. હું ખેદપૂર્વક કહું છું કે જો હવે આપણે વિશ્વની વર્તમાન પરિસ્થિતિઓને ધ્યાનપૂર્વક જોઈએ તો આપણને જાણવા મળશે કે એક ત્રીજા વિશ્વયુદ્ધનો પાયો

કયારનોય નખાઈ ચુકયો છે. નાના કે મોટા એવા અનેક દેશો પાસે પરમાણુ શસ્ત્રો આવી ગયા છે જેથી પરસ્પર દ્વેષ અને શત્રુતામાં વૃદ્ધિ થઈ રહી છે. આવી મુશ્કેલ ભરી પરિસ્થિતિમાં ત્રીજો વિશ્વયુદ્ધ ભયાનક રૂપમાં આપણી નિકટ છે. જેવું કે આપ જાણો છો કે પરમાણુ હથિયાર ઉપલબ્ધ હોવાનો અર્થ એ છે કે ત્રીજુ વિશ્વયુદ્ધ પરમાણુ યુદ્ધ હશે. તેનું અંતિમ પરિણામ ખુબ જ વિનાશકારી હશે તથા એવા યુદ્ધની અસર ભાવિ પેઢીઓ પર પડે છે અને તેઓ અપંગ કે વિકૃત જન્મશે.

આ મારો વિશ્વાસ છે કે અમે હઝરત મુહમ્મદ મુસ્તફા સ.અ.વ. જે વિશ્વમાં શાંતિ સ્થાપના હેતુથી મોકલ્યા હતા અને સંપૂર્ણ માનવજાતિ માટે સાક્ષાત દયા સ્વરૂપ હતા, ના અનુયાયી હોવાથી કદાપી આ ઈચ્છા નથી કરતાં અને ન કરી શકીએ કે વિશ્વને એવી પરિસ્થિતિઓનો સામનો કરવો પડે. આથી મારી તમોને વિનંતી છે કે ઈરાન પણ વિશ્વની એક મહત્વપૂર્ણ સત્તા છે જેથી તેણે તૃતીય વિશ્વયુદ્ધને રોકવા માટે પોતાની ભૂમિકા નિભાવવી જોઈએ. નિ:સંદેહ આ એક વાસ્તવિકતા છે કે મોટી સત્તાઓ બેવડા ધોરણો સાથે પગલા ભરે છે. તેમની અન્યાયપૂર્ણ નીતિઓ વિશ્વભરમાં અવ્યવસ્થા અને અશાંતિ ફેલાવવાનું કારણ બની છે પરંતુ આપણે આ વાસ્તવિકતાથી પણ વિમુખ નથી થઈ શકતા કે કેટલાંક મુસ્લિમ સંગઠનો અનુચિત ઢંગથી તથા ઈસ્લામી ઉપદેશોની વિરૂદ્ધ આચરણ કરે છે. જેને મોટીસત્તાઓ નિર્ધન મુસ્લિમ દેશોને અનુચિત રૂપથી પોતાના નિહિત સ્વાર્થોની પૂર્તિ માટે એક બહાનું બનાવી પ્રયોગ કરે છે. આથી હું પુનઃ નિવેદન કરૂ છું કે વિશ્વને તૃતીય વિશ્વયુદ્ધથી

બચાવવા માટે તમે પોતાની તમામ શકિતનો ઉપયોગ કરતાં પ્રયાસ કરો. પવિત્ર કુરઆન મુસ્લિમોને આ ઉપદેશ આપે છે કે કોઈ જાતિની શત્રુતા પણ તેમને ન્યાયપૂર્વક વ્યવહાર કરવાથી ન રોકે. સૂરહ અલમાએદહ આયત ૩માં અલ્લાહ તઆલા ફરમાવે છે કે:

"અને તમને કોઈ જાતિ શત્રુતા કોઈ કારણથી કે તેઓએ તમને પવિત્ર મસ્જિદ એ હરામમાં આવવાથી અટકાવ્યા હતા તેમના ઉપર અતિરેક કરવા માટે ઉશ્કેરાશો નહી અને ભલાઈ તથા પરહેઝગારીમાં એક બીજાની મદદ કરો, પણ પાપ અને જુલ્મમાં એક બીજાને સાથ ન આપો. અલ્લાહ ખાતર સંયમ રાખો. નિઃસંદેહ અલ્લાહ સજા આપવામાં બહુ જ સખત છે."

તેવી જ રીતે પવિત્ર કુરઆનની આ જ સૂરહમાં મુસ્લિમોને આ નિર્દેશ પણ આપ્યો છે કે:

"હે ઈમાન લાવનારાઓ! અલ્લાહની રાહમાં ન્યાયપૂર્વક સાક્ષી આપવા માટે મક્કમ રહો અને કોઈની દુશ્મનીને તમને ન્યાય કરવાથી અટકાવવાનું કારણ ન બનવા દો હંમેશા ઈન્સાફથી કામ લો. આ વાત પરહેઝગારીની વધુ નિકટમાં છે. અલ્લાહનો ડર રાખો. બેશક તમે જે કરી રહ્યા છો અલ્લાહ તેનાથી સારી રીતે માહિતગાર છે."

(અલ માએદાહ આયત ૯)

આથી તમારે માત્ર શત્રુતા અને ધૃણાના કારણે કોઈ અન્ય દેશનો વિરોધ ન કરવો જોઈએ. હું સ્વીકાર કરૂ છું કે ઈઝરાયેલ તેની મર્યાદા ઓળંગી રહ્યું છે અને તેની નજર ઈરાન પર છે. ખરેખર જો

કોઈ દેશ તમારા દેશ પર અન્યાયપૂર્ણ ઢંગથી હુમલો કરે તો તમારા દેશનો બચાવ કરવો તમારો અધિકાર છે. પરસ્પર વિવાદોનો ઉકેલ યથાસંભવ કૂટનીતિ અને વાર્તાલાપ દ્વારા જ કરવો જોઈએ. મારી તમોને નમ્ર વિનંતી કે બળનો પ્રયોગ કરવાને બદલે વાર્તાલાપ દ્વારા વિવાદોનું સમાધાન કરવાનો પ્રયાસ કરો. હું એટલા માટે વિનંતી કરૂ છું કે હું તે અલ્લાહની તે નિર્વાચિત વિભૂતિનો અનુયાયી છું જે આ યુગમાં હઝરત મુહમ્મદ સ.અ.વ.ના સાચા સેવકના રૂપમાં જાહેર થયા અને તેમણે મસીહ મૌઉદ તથા ઈમામ મહદી હોવાનો દાવો કર્યો. આપનો ઉદ્દેશ્ય આ હતો કે માનવતાને અલ્લાહની નિકટ લાવવામાં આવે અને પ્રજાના અધિકારોની ઠીક તેવી જ રીતે સ્થાપિત કરવામાં આવે જે રીતે હઝરત મુહમ્મદ સ.અ.વ.એ જે સંપૂર્ણ માનવજાતિ માટે સાક્ષાત દયા સ્વરૂપ હતા, આપણને સ્પષ્ટ રીતે સમજાવ્યું છે.

અલ્લાહ તઆલા તમામ મુસ્લિમ ઉમ્મતને આ સુંદર ઉપદેશ સમજવાનું સામર્થ્ય આપે.

વસ્સલામ



મિરઝા મસરૂર અહેમદ
અહેમદિયા મુસ્લિમ જમાઅતના પાંચમાં ખલીફા
વિશ્વવ્યાપી અહેમદિયા જમાઅતના ઈમામ

# સંયુકત રાજ્ય અમેરીકાના રાષ્ટ્રપતિના નામે પત્ર

بسم الله الرحمن الرحيم
نَحْمَدُهٗ وَنُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ
وعلیٰ عبدہِ المسیح الموعود
خدا کے فضل اور رحم کے ساتھ
ھوالنّاصر

MIRZA MASROOR AHMAD
HEAD OF THE AHMADIYYA COMMUNITY
IN ISLAM

16 Gressenhall Road
Southfields, London
SW18 5QL, UK

પ્રતિ શ્રી,
માનનીય બરાક ઓબામા
રાષ્ટ્રપતિ સંયુકત રાજ્ય અમેરીકા,
વ્હાઈટ હાઉસ,
૧૬૦૦ પેન્સલ્વેનિયા
વોશિંગટન (ડી.સી.)

વહાલા રાષ્ટ્રપતિ

વિશ્વમાં જે ચિંતાજનક પરિસ્થિતિઓ ઉત્પન્ન થઈ રહી છે તે દ્રષ્ટિએ મને લાગ્યું કે તમોને પત્ર લખું કારણ કે તમે સંયુકત રાજ્ય અમેરીકાના રાષ્ટ્રપતિ છો જે એક મહાસત્તા છે અને તમોને એવા નિર્ણય લેવાનો અધિકાર છે જેનાથી ન કેવળ તમારા દેશના બલ્કે સામાન્યતઃ સમગ્ર વિશ્વના ભવિષ્ય પર અસર કરી શકે તેમ છે.

અત્રે દુનિયામાં ખુબ જ બેચૈની અને વ્યાકુળતા જોવા મળે છે. કેટલાક ક્ષેત્રોમાં નાના પાયે યુદ્ધો ચાલી રહ્યા છે. દુર્ભાગ્યથી આ વિવાદગ્રસ્ત ક્ષેત્રોમાં શાંતિ સ્થાપના કરવામાં મહાસત્તાઓને પોતાના પ્રયાસોમાં ધાર્યા મુજબ સફળતા નથી મળી. વૈશ્વિક સ્તરે આપણે વર્તમાન પરિસ્થિતિઓ પર નજર નાખીએ તો અત્યંત ખેદ

સાથે કહેવું પડે છે કે એક અન્ય વિશ્વયુદ્ધનો પાયો નખાઈ ચુકયો છે. નાના કે મોટા અનેક દેશો પાસે પરમાણુ શસ્ત્રો આવી ગયા છે અને આ જ કારણે દેશોમાં પરસ્પર દુશ્મની અને આક્રોશ તથા અસંતોષની ભાવનાઓમાં વૃદ્ધિ થતી જઈ રહી છે. એવી વિકટ પરિસ્થિતિમાં તૃતીય વિશ્વયુદ્ધની પ્રબળ સંભાવના જોવા મળે છે. નિઃસંદેહ એવા યુદ્ધમાં પરમાણુ શસ્ત્રોનો પ્રયોગ થશે. આથી અમોને પ્રતીત થાય છે કે વિશ્વ એક ભયંકર વિનાશ તરફ અગ્રેસર છે. જો દ્વિતીય વિશ્વ યુદ્ધ પછી ન્યાય અને સમાનતાનો માર્ગ અપનાવ્યો હોત તો આજે વિશ્વની સ્થિતિ આવી ન હોત જેના કારણે વિશ્વ પુનઃ યુદ્ધની જ્વાળામાં લપેટાઈ ગયું છે.

જેવું કે આપણે સૌ જાણીએ છીએ કે રાષ્ટ્રસંઘની નિષ્ફળતા અને ઈ.સ.૧૯૩૨ની આર્થિક કટોકટી દ્વિતીય વિશ્વયુદ્ધનું મુખ્ય કારણ બન્યું હતુ. આજે અગ્રીમ અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે અત્યારની અને ઈ.સ.૧૯૩૨ની આર્થિક કટોકટીની ઘણી બધી સમાનતાઓ છે. આપણે જોઈએ છીએ કે રાજકીય અને આર્થિક સમસ્યાઓ નાના દેશોમાં યુદ્ધોનું કારણ બન્યું છે અને તે દેશોમાં તેના કારણે આંતરિક અશાંતિ અને અસંતોષનું વાતાવરણ વ્યાપેલ છે. આ સ્થિતિમાં અંતે કેટલીક એવી સત્તાઓ અનુચિત લાભ ઉઠાવી વિશ્વની લગામ સંભાળી લેશે જે વિશ્વ યુદ્ધનું કારણ બની જશે. જો નાના દેશોના પરસ્પર વિવાદોનું રાજકીય અને કૂટનીતિથી ઉકેલ ન શોધ્યું તો તેના કારણે વિશ્વમાં નવા જૂથો અને સંગઠનો જન્મ લેશે અને આ સ્થિતિ તૃતીય વિશ્વયુદ્ધનો પુરાગામી પ્રસ્તુત કરશે. આથી મારો આ વિશ્વાસ છે કે અત્રે વિશ્વના વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત

કરવાને બદલે ખરેખર જરૂરી અને ખુબ જ મહત્વની બાબત તો એ કે આપણે વિશ્વને આ વિનાશથી બચાવવા માટે પોતાના પ્રયાસોમાં તીવ્રતા પૈદા કરીએ. આ વાતની પણ ખુબ જરૂરીયાત છે કે માનવજાતિ અલ્લાહને જે એક છે અને આપણો પાલનહાર છે ને ઓળખે, કેમકે સંકટ અને મુશ્કેલીઓમાં માનવતાના જીવનની રક્ષા કેવળ તે જ ખાતરી આપી શકે છે નહીતર આ વિશ્વ નિરંતર આત્મ વિનાશ તરફ તીવ્રતાથી અગ્રેસર થતો રહેશે.

મારી તમોને તથા વિશ્વના તમામ નેતાઓને આ વિનંતી છે કે અન્ય દેશોને કાબૂમાં કરવા માટે બળ પ્રયોગને બદલે કૂટનીતિ, વાર્તાલાપનો ઉપયોગ કરવામાં આવે. વિશ્વની મહાસત્તાઓ જેવી કે સંયુકત રાજ્ય અમેરીકાની શાંતિ સ્થાપના માટે પોતાની ભૂમિકા નિભાવવી જોઈએ. તેમણે નાના દેશોની ગતિવિધિઓના બહાને વિશ્વ શાંતિ ભંગ કરવાનું કારણ ન બનવું જોઈએ. આજે પરમાણુ હથિયાર ફકત સંયુકત રાજ્ય અમેરીકા અથવા અન્ય મોટીસત્તાઓ પાસે જ નથી બલ્કે નાના દેશો પણ એવા વિનાશકારી શસ્ત્રો ધરાવે છે જેમના નેતા અસંયમી છે અને વગર વિચારે પગલું ભરનાર છે. આથી તમોને મારી નમ્ર વિનંતી છે કે તમે નાની મોટી સત્તાઓને ત્રીજા વિશ્વ યુદ્ધની વિસ્ફોટક સ્થિતિ ઉત્પન્ન કરવાથી રોકવાનો ભરપુર પ્રયાસ કરો. આ વિષયમાં આપણા મનમાં કોઈ શંકા ન હોવી જોઈએ જો આપણે આ પ્રયાસમાં નિષ્ફળ થયા તો આગામી યુદ્ધના દુષ્પ્રભાવ ફકત એશિયા, યૂરોપ અને ઉત્તર દક્ષિણી અમેરીકાના નિર્ધન દેશો સુધી જ મર્યાદિત ન રહેશે બલ્કે તેના ભયંકર પરિણામો આપણી ભાવી પેઢીઓએ પણ ભોગવવા પડશે

અને વિશ્વના પ્રત્યેક ક્ષેત્રમાં અપંગ તથા વિકૃત શરીરવાળા બાળકો જન્મ લેશે. તેઓ પોતાના તે નેતાઓને કદાપી ક્ષમા ન કરશે જેમણે દુનિયાને આ મહાપ્રલયમાં નાખી દીધો. ફકત પોતાના નિહિત સ્વાર્થોની ચિંતાને બદલે આપણે ભાવી પેઢીઓના હિતો માટે કામ કરવું જોઈએ અને તેમના માટે એક ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. અલ્લાહ તઆલા તમોને તથા વિશ્વના અન્ય તમામ નેતાઓને આ સંદેશ સમજવાનું સામર્થ્ય આપે.

આપનો શુભ ચિંતક



મિરઝા મસરૂર અહેમદ
અહેમદિયા મુસ્લિમ જમાઅતના પાંચમાં ખલીફા
વિશ્વવ્યાપી અહેમદિયા જમાઅતના ઈમામ

# કેનેડાના પ્રધાનમંત્રીના નામે પત્ર

MIRZA MASROOR AHMAD
HEAD OF THE AHMADIYYA COMMUNITY
IN ISLAM

بسم الله الرحمن الرحيم
نحمده و نصلي على رسوله الكريم
وعلى عبده المسيح الموعود
خدا کے فضل اور رحم کے ساتھ
هو الناصر

16 Gressenhall Road
Southfields, London
SW18 5QL, UK

પ્રતિ શ્રી,
માનનીય શ્રી સ્ટીફન હાર્પર
પ્રધાનમંત્રી કેનેડા
ઓટાવા, આંટેરીયો

વહાલા પ્રધાનમંત્રી,

વિશ્વમાં જે ચિંતાજનક પરિસ્થિતિઓ ઉત્પન્ન થઈ રહી છે તે દ્રષ્ટિએ મને લાગ્યું કે તમોને પત્ર લખું કારણ કે તમે કેનેડાના પ્રધાનમંત્રી છો અને તમોને એવા નિર્ણય લેવાનો અધિકાર છે જેનાથી ન કેવળ તમારા દેશના બલ્કે સામાન્ય રૂપથી સમગ્ર વિશ્વના ભવિષ્ય પર અસર કરી શકે તેમ છે.

જેવું કે આપણે સૌ જાણીએ છીએ કે રાષ્ટ્રસંઘની નિષ્ફળતા અને ઈ.સ.૧૯૩૨ની આર્થિક કટોકટી દ્વિતીય વિશ્વ યુદ્ધનું મુખ્ય કારણ બન્યું હતું. આજના અગ્રીમ અર્થશાસ્ત્રીનું કહેવું છે કે વર્તમાન અને ઈ.સ.૧૯૩૨ની આર્થિક કટોકટીમાં ઘણી બધી સમાનતાઓ છે. આપણે આ જોઈએ છીએ કે રાજકીય અને આર્થિક સમસ્યાઓ નાના દેશોમાં યુદ્ધોનું કારણ બન્યું છે અને તે દેશોમાં તેના કારણે આંતરિક અશાંતિ અને અસંતોષનું વાતાવરણ વ્યાપેલ છે. આ સ્થિતિમાં અંતે કેટલીક એવી સત્તાઓ અનુચિત લાભ ઉઠાવી વિશ્વની લગામ સંભાળી લેશે જે વિશ્વ યુદ્ધનું કારણ બની જશે. જો નાના

દેશોના પરસ્પર વિવાદોનું રાજકીય અને કૂટનીતિથી ઉકેલ ન શોધ્યું તો તેના કારણે વિશ્વમાં નવા જૂથો અને સંગઠનો જન્મ લેશે અને આ સ્થિતિ તૃતીય વિશ્વયુદ્ધનો પૂર્વાવલોકન પ્રસ્તુત કરશે. આથી મારો આ વિશ્વાસ છે કે અત્રે વિશ્વના વિકાસ તરફ ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે ખરેખર જરૂરી અને ખુબ જ મહત્વની બાબત તો એ કે આપણે વિશ્વને આ વિનાશથી બચાવવા માટે પોતાના પ્રયાસોમાં તીવ્રતા પૈદા કરીએ. આ વાતની પણ ખુબ જરૂરીયાત છે કે માનવજાતિ અલ્લાહને જે એક છે અને આપણો પાલનહાર છે ને ઓળખે, કેમકે સંકટ અને મુશ્કેલીઓમાં માનવતાના જીવનની રક્ષા કેવળ તે જ ખાતરી આપી શકે છે નહીતર આ વિશ્વ નિરંતર આત્મ વિનાશ તરફ તીવ્રતાથી અગ્રેસર થતો રહેશે.

કેનેડાને વિશ્વમાં સૌથી અધિક ન્યાયપ્રિય દેશોમાં એક વિશાળ પ્રસિદ્ધિ પ્રાપ્ત છે. તમારો દેશ સામાન્ય રીતે અન્ય દેશોના આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ નથી કરતો. તેનાથી અધિક તો એ કે અમારા અર્થાત અહેમદિયા મુસ્લિમ જમાઅત કેનેડા વાસીઓ સાથે વિશેષ મિત્રતા પૂર્ણ સંબંધ છે. આથી મારી તમોને નમ્ર વિનંતી છે કે તમે નાની મોટી સત્તાઓને ત્રીજા વિશ્વ યુદ્ધની વિસ્ફોટક સ્થિતિ ઉત્પન્ન કરવાથી રોકવાનો ભરપુર પ્રયાસ કરો.

મારી તમોને તથા વિશ્વના તમામ નેતાઓને આ વિનંતી છે કે અન્ય દેશોને કાબૂમાં કરવા માટે બળ પ્રયોગને બદલે કૂટનીતિ, વાર્તાલાપનો ઉપયોગ કરવામાં આવે. વિશ્વની મહાસત્તાઓ જેવી કે કેનેડાની શાંતિ સ્થાપના માટે પોતાની ભૂમિકા નિભાવવી જોઈએ. તેમણે નાના દેશોની ગતિવિધિઓના બહાને વિશ્વ શાંતિ ભંગ કરવાનું કારણ ન બનવું જોઈએ. આજે પરમાણુ હથિયાર ફકત કેનેડા અથવા અન્ય મોટીસત્તાઓ પાસે જ નથી બલ્કે નાના દેશો પણ એવા વિનાશકારી શસ્ત્રો ધરાવે છે જેમના નેતા અસંયમી છે

અને વગર વિચારે પગલું ભરનાર છે. આથી તમોને મારી નમ્ર વિનંતી છે કે તમે નાની મોટી સત્તાઓને ત્રીજા વિશ્વ યુદ્ધની વિસ્ફોટક સ્થિતિ ઉત્પન્ન કરવાથી રોકવાનો ભરપુર પ્રયાસ કરો. આ વિષયમાં આપણા મનમાં કોઈ શંકા ન હોવી જોઈએ જો આપણે આ પ્રયાસમાં નિષ્ફળ થયા તો આગામી યુદ્ધના દુષ્પ્રભાવ ફકત એશિયા, યૂરોપ અને ઉત્તર દક્ષિણી અમેરીકાના નિર્ધન દેશો સુધી જ મર્યાદિત ન રહેશે બલ્કે તેના ભયંકર પરિણામો આપણી ભાવી પેઢીઓએ પણ ભોગવવા પડશે અને વિશ્વના પ્રત્યેક ક્ષેત્રમાં અપંગ તથા વિકૃત શરીરવાળા બાળકો જન્મ લેશે. તેઓ પોતાના તે નેતાઓને કદાપી ક્ષમા ન કરશે જેમણે દુનિયાને આ મહાપ્રલયમાં નાખી દીધો. ફકત પોતાના નિહિત સ્વાર્થોની ચિંતાને બદલે આપણે ભાવી પેઢીઓના હિતો માટે કામ કરવું જોઈએ અને તેમના માટે એક ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. અલ્લાહ તઆલા તમોને તથા વિશ્વના અન્ય તમામ નેતાઓને આ સંદેશ સમજવાનું સામર્થ્ય આપે.



મિરઝા મસરૂર અહેમદ
અહેમદિયા મુસ્લિમ જમાઅતના પાંચમાં ખલીફા
વિશ્વવ્યાપી અહેમદિયા જમાઅતના ઈમામ

# બે પવિત્ર સ્થળોના સંરક્ષક
# સઉદી અરબ રાજ્યના સમ્રાટના નામે પત્ર

MIRZA MASROOR AHMAD
HEAD OF THE AHMADIYYA COMMUNITY
IN ISLAM

بسم الله الرحمن الرحيم
نحمده و نصلي على رسوله الكريم
وعلى عبده المسيح الموعود
خدا کے فضل اور رحم کے ساتھ
هو الناصر

16 Gressenhall Road
Southfields, London
SW18 5QL, UK

૨૮ માર્ચ ૨૦૧૨

બે પવિત્ર સ્થળોના સંરક્ષક
સઉદી અરબ રાજ્યના સમ્રાટ
અબ્દુલ્લાહ બિન અબ્દુલ અઝીઝ અલ સઉદ
રિયાઝ, સઉદી અરબ

માનનીય સમ્રાટ અબ્દુલ્લાહ

અસ્સલામો અલૈકુમ વ રહેમતુલ્લાહે વ બરકાતોહૂ

આજે હું આપને એક મહત્વની બાબત રજુ કરવાના ઈરાદાથી પત્ર લખી રહ્યો છું કારણ કે બે પવિત્ર સ્થળોના સંરક્ષક અને સઉદી અરબના સમ્રાટ હોવાથી ઉમ્મતે મુસ્લિમા (મુસ્લિમ સમુદાય) માં ખુબ જ ઉચ્ચ સ્થાન ધરાવો છો. તમારા દેશમાં ઈસ્લામના બે પવિત્ર સ્થળો મકકા મુર્કરમા અને મદીના મુનવ્વરા આવેલા છે જેને પ્રેમ કરવું મુસ્લિમોના ઈમાનનો ભાગ છે. આ સ્થળ મુસ્લિમોની આધ્યાત્મિક ઉન્નતિનું કેન્દ્ર પણ છે અને મુસ્લિમો તેનું ખુબ જ સમ્માન તથા આદર કરે છે. આ દ્રષ્ટિએ તમામ મુસ્લિમો અને મુસ્લિમ રાજ્યો તમોને વિશિષ્ટ દરજ્જો આપે છે. આ સમ્માન આ વાતની માંગ કરે છે કે તમે તમામ ઉમ્મતે મુસ્લિમાનું ન માત્ર ઉચિત માર્ગદર્શન કરો બલ્કે મુસ્લિમ દેશો વચ્ચે શાંતિ તથા એકતાનું

વાતાવરણ પણ ઉત્પન્ન કરો. તમારે મુસ્લિમોમાં પરસ્પર પ્રેમ અને સહાનુભૂતિના વિકાસ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ અને

رحماء بينهم

અર્થાત તે પરસ્પર દયા કરે છે ના સિદ્ધાંત પ્રમાણે પણ તેમનું માર્ગદર્શન કરવું જોઈએ.

અંતે તમારે તમામ માનવજાતિના હિતને સામે રાખી સમગ્ર વિશ્વમાં શાંતિ સ્થાપનાનો પ્રયત્ન કરવો જોઈએ. અહેમદિયા મુસ્લિમ જમાઅતના વડા અને હઝરત મસીહ મૌઉદ વ ઈમામ મહદી અલૈહિસ્સલામના ઉત્તરાધિકારી તરીકે મારી તમોને નમ્ર વિનંતી છે કે અહેમદિયા મુસ્લિમ જમાઅત અને ઈસ્લામના અન્ય સમુદાયોમાં પરસ્પર મતભેદો હોવા છતાં પણ આપણે વિશ્વ શાંતિની સ્થાપનાના પ્રયાસ માટે એકત્ર થઈ જવું જોઈએ. આપણે દુનિયાને ઈસ્લામના સાચા શિક્ષણથી જે પ્રેમ અને શાંતિ પર આધારિત છે પરિચિત કરાવવાનો ભરપુર પ્રયાસ કરવો જોઈએ. આ રીતે પશ્ચિમી દેશો તથા વિશ્વના અન્ય ભાગોમાં ઈસ્લામ વિશે જે ખોટી માન્યતા સ્થાપિત થઈ ગઈ છે તેને દૂર કરી શકીએ. અન્ય જાતિઓ અથવા સમુદાયોની શત્રુતા આપણને કદાપી આ વાતથી રોકે નહી કે આપણે ન્યાયપૂર્વક વ્યવહાર ન કરીએ. પવિત્ર કુરઆનની સૂરહ અલ માએદાહની આયત ૩માં અલ્લાહ તઆલા ફરમાવે છે કે :

وَلَا يَجْرِمَنَّكُمْ شَنَاٰنُ قَوْمٍ اَنْ صَدُّوْكُمْ عَنِ الْمَسْجِدِ الْحَرَامِ اَنْ تَعْتَدُوْا ۘ وَتَعَاوَنُوْا عَلَى الْبِرِّ

وَالتَّقْوٰى ۖ وَلَا تَعَاوَنُوْا عَلَى الْاِثْمِ وَالْعُدْوَانِ ۖ وَاتَّقُوا اللّٰهَ ۗ اِنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ

"અને તમને કોઈ જાતિની શત્રુતા આ કારણેથી કે તેમણે તમને પવિત્ર મસ્જિદ એ હરામમાં આવવાથી અટકાવ્યા હતા તેમના ઉપર અતિરેક કરવા માટે ઉશ્કેરાશો નહી અને ભલાઈ તથા પરહેઝગારીમાં એક બીજાને સાથ ન આપો. અલ્લાહ ખાતર સંયમ રાખો નિ:સંદેહ અલ્લાહ સજા આપવામાં બહુ જ સખત છે."

આ માર્ગદર્શક સિદ્ધાંત આપણે સામે રાખવો જોઈએ જેના દ્વારા આપણે વિશ્વની સમક્ષ ઈસ્લામના સુંદર શિક્ષણને પ્રસ્તુત કરવાની ફરજ પુરી કરી શકીએ.

અત્યારના સમયમાં આપણે જોઈએ છીએ કે હઝરત મુહમ્મદ સ.અ.વ.ના પવિત્ર નામને બદનામ કરવાના હેતુથી કેટલાક રાજકારણીઓ અને તથાકથિત વિદ્વાનો ઈસ્લામ વિરૂદ્ધ ધૃણાના બીજ રોપી રહ્યા છે. તેમના ઉદ્દેશ્યોની પૂર્તિ માટે તેઓ કુરઆનના ઉપદેશોનું તદ્દન વિકૃત સ્વરૂપ રજુ કરવાનો પ્રયત્ન કરે છે. તેથી પણ અધિક તો ફિલસ્તીન અને ઈઝરાયેલની વચ્ચે વિવાદ દિન પ્રતિદિન વધતો જાય છે અને તેવી જ રીતે ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે શત્રુતા એટલી વધી ગઈ છે કે બંને વચ્ચે કોઈ સંબંધો જ નથી રહ્યા. આ સંજોગોમાં તમારે મુસ્લિમ ઉમ્મતના ખુબ જ મહત્વના નેતા હોવાથી આ વિવાદોને ન્યાય અને સમાનતાના આધારે ઉકેલવા તમામ પ્રયત્નો કરવા જોઈએ. અહેમદિયા મુસ્લિમ જમાઅત ઈસ્લામ પ્રત્યે ધિકકારની ભાવના દૂર કરવા માટે તમામ પ્રયત્નો કરે છે. આથી જ્યાં સુધી મુસ્લિમ ઉમ્મત એક થઈ આ ઉદ્દેશ્યોની પ્રાપ્તિ માટે પ્રયાસ ન કરશે ત્યાં સુધી શાંતિ સ્થાપી શકાય તેમ નથી.

મારી તમોને નમ્ર વિનંતી છે કે આ વિશે ભરપુર પ્રયત્નો કરો. જો તૃતીય વિશ્વ યુદ્ધ થવું નિશ્ચિત છે તો આપણે ઓછામાં ઓછો આ પ્રયત્ન કરવો જોઈએ કે તેની શરૂઆત કોઈ મુસ્લિમ દેશથી ન થાય. દુનિયામાં કોઈ પણ મુસ્લિમ દેશ અથવા કોઈ મુસલમાન વ્યકિતગત સ્તર પર, વર્તમાન અથવા ભવિષ્યમાં વિશ્વના સર્વનાશનું કારણ બનવાનો આરોપ પોતાના માથે લેવા નહી ઈચ્છે. એવા વિનાશના પરિણામે ભાવિ પેઢીઓ વિકલાંગ અથવા વિકૃત સાથે જન્મશે કેમકે હવે જો તૃતીય વિશ્વ યુદ્ધ ફાટી નીકળે તો તે જરૂર પરમાણુ શસ્ત્રોથી જ લડાશે. આપણે દ્વિતીય વિશ્વ યુદ્ધમાં જાપાનના બે શહેરામાં પરમાણું બોમ્બ ફેંકાયેલાથી બરોબર જાણીએ છીએ કે પરમાણુ શસ્ત્રોની કેવી વિનાશક અસર થાય છે.

આથી હે સઉદી અરબના સમ્રાટ! વિશ્વને સર્વનાશથી સુરક્ષિત રાખવા માટે પોતાની તમામ શકિત અને પ્રતિષ્ઠાનો ઉપયોગ કરો. અલ્લાહ તઆલા તમારી સહાયતા કરે, આમીન.

તમારા અને તમામ ઉમ્મતે મુસ્લિમા માટે આ દુઆ સહિત

اِهۡدِنَا الصِّرَاطَ الۡمُسۡتَقِيۡمَ

વસ્સલામ



મિરઝા મસરૂર અહેમદ
અહેમદિયા મુસ્લિમ જમાઅતના પાંચમાં ખલીફા
વિશ્વવ્યાપી અહેમદિયા જમાઅતના ઈમામ

# ચીનના પ્રધાનમંત્રીના નામે પત્ર

MIRZA MASROOR AHMAD
HEAD OF THE AHMADIYYA COMMUNITY
IN ISLAM

بسم اللہ الرحمن الرحیم
نَحْمَدُهٗ وَنُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ
وعلٰی عبدہِ المسیح الموعود
خدا کے فضل اور رحم کے ساتھ
ھوالناصر

16 Gressenhall Road
Southfields, London
SW18 5QL, UK

૯ એપ્રિલ ૨૦૧૨

પ્રતિ શ્રી,
પ્રધાનમંત્રી સ્ટેટ કાઉંસિલ પીપુલ્સ રિપબ્લીક ઓફ ચાઈના
માનનીય વૈન જિયાબાઓ
જોંગનનહાઈ, ચીન.

વહાલા પ્રધાનમંત્રી

હું તમોને આ પત્ર અહેમદિયા મુસ્લિમ જમાઅતના એક પ્રતિનિધિ દ્વારા મોકલી રહ્યો છું. તેઓ કબાબીર ઈઝરાયેલમાં અમારી જમાઅતના અધ્યક્ષ છે તથા તેમને ચીનના અલ્પસંખ્યક વર્ગ ના મંત્રીએ આમંત્રિત કર્યા હતા. અમારા પ્રતિનિધિને ચીનના અધિકારીઓ સાથે તે સમયે પરિચિત કરાવવામાં આવ્યા હતા જ્યારે ચીનનો પ્રતિનિધિ મંડળ જેમાં અલ્પસંખ્યક વર્ગના ઉપ મંત્રી પણ સામેલ હતા, કબાબીરમાં અમારા મિશન હાઉસમાં આવ્યા હતા.

અહેમદિયા મુસ્લિમ જમાઅત ઈસ્લામનો એક સમુદાય છે જે નિશ્ચિત રીતે માને છે કે આ યુગમાં જે સુધારક (મસીહ અને મહદી) મુસ્લિમોના માર્ગદર્શન માટે મહદી તરીકે અને ઈસાઈઓના માર્ગદર્શન માટે મસીહ તથા માનવતાના સુધાર માટે એક પથપ્રદર્શકના રૂપમાં જાહેર થવું નિશ્ચત હતુ તે મસીહ અને મહદી

હઝરત મુહમ્મદ સ.અ.વ.ની ભવિષ્યવાણી અનુસાર જાહેર થઈ ગયા છે. આથી અમોએ તેમને સ્વીકાર કર્યા છે તેમનું નામ હઝરત મિરઝા ગુલામ અહેમદ અલૈહિસ્સલામ છે જેઓ ભારતની કાદિયાન નામક ગામમાં જન્મયા હતા. અલ્લાહ તઆલાના આદેશથી તેમણે ઈ.સ.૧૮૮૯માં જમાઅત અહેમદિયાની સ્થાપના કરી. ઈ.સ.૧૯૦૮માં જ્યારે તેમનું અવસાર થયું તે સમય સુધી હઝારો લોકો જમાઅત અહેમદિયામાં સામેલ થઈ ચુકયા હતા. તેમના અવસાન પછી ખિલાફતની વ્યવસ્થા સ્થાપિત થઈ. અત્રે અમે પાંચમી ખિલાફતના યુગથી પસાર થઈ રહ્યા છીએ અને હું હઝરત મસીહ મૌઉદ અ.સ.નો પાંચમો ઉત્તરાધિકારી છું.

અમારા ઉપદેશનો મૂળભૂત પક્ષ એ છે કે વર્તમાન યુગમાં ધાર્મિક યુદ્ધોનો અંત થવો જોઈએ. તે ઉપરાંત અમે માનીએ છીએ કે જે વ્યકિત પણ કોઈ ઉપદેશને બીજા સુધી પહોંચાડવા અથવા ફેંલાવવા માંગે છે તો તેણે એવું માત્ર પ્રેમ, સહાનુભૂતિ અને ભાઈચારાની ભાવના સાથે કરવું જોઈએ જેથી તે શાંતિ, એકતા અને મિત્રતાનું માધ્યમ બની શકે. આ મહત્વપૂર્ણ પક્ષનો જે સાચા ઈસ્લામી ઉપદેશો પર આધારિત છે સંપૂર્ણ વિશ્વમાં અહેમદિયા મુસ્લિમ જમાઅત દ્વારા પ્રચાર કરવામાં આવે છે. આ જમાઅત હવે વિશ્વના ૨૦૦થી અધિક દેશોમાં ફેલાય ચુકી છે અને તેના અનુયાયીઓની સંખ્યા કરોડોમાં છે.

હું તમોને આ સંદેશ આપવા માંગુ છું કે વિશ્વ અત્યારે ખુબ જ વિનાશકારી અને ભયાનક પરિસ્થિતિઓથી પસાર થઈ રહ્યું છે. નિશ્ચિત રૂપથી એવું લાગે છે કે આપણે ઝડપથી વિશ્વ યુદ્ધ તરફ જઈ રહ્યા છીએ. તમે એક મહાસત્તા દેશના શાસક છો, વળી વિશ્વની જનસંખ્યાનો એક મોટો ભાગ તમારા માર્ગદર્શન હેઠળ જીવન વિતાવે છે. તમોને સંયુકત રાષ્ટ્ર સંઘમાં યોગ્ય રીતે વીટો

પ્રયોગ કરવાનો અધિકાર પણ પ્રાપ્ત છે. આથી આ સંદર્ભે આપને મારી નમ્ર વિનંતી છે કે વિશ્વને આ વિનાશથી બચાવવા માટે પોતાની ભૂમિકા નિભાવો જે આપણી સમક્ષ મોં ખોલીને ઉભી છે. રાષ્ટ્રવાદ, ધર્મ તથા જાતિવાદથી ઉપર ઉઠીને આપણે માનવજાતિની રક્ષા માટે ભરપુર પ્રયત્નો કરવા જોઈએ.

ચીનમાં આ ક્રાંતિ પછી એક મહાન પરિવર્તન થયું. તમારા દેશના આદરણીય નેતા માઓઝિન્દાંગે ઉચ્ચ નૈતિક ધોરણનો પાયો નાખ્યો હતો જે અન્ય શબ્દોમાં કહીએ તો તે સર્વોત્તમ નૈતિક મૂલ્યોના શ્રેષ્ઠ ધોરણો છે. તમે અલ્લાહના અસ્તિત્વને નથી માનતા તો પણ તમારા સિદ્ધાંતોનો આધાર નૈતિકતા પર છે. હું તે પણ સ્પષ્ટ કરવા માંગું છું કે તે અલ્લાહે જે ઈસ્લામ દ્વારા રજુ કર્યુ છે અને પવિત્ર કુરઆનને તમામ માનવજાતિના પથ પ્રદર્શન માટે ઉતર્યો છે અને પવિત્ર કુરઆન તે તમામ આચરણોનો ઉપદેશ આપે છે જેનું તમે પાલન કરો છો બલ્કે તેમાં તો તેથી પણ વધારે નૈતિક નિર્દેશ મોજૂદ છે. તેમાં તે સુંદર ઉપદેશો મોજૂદ છે જે મનુષ્યની નિર્વાહના સાધનોને પણ સ્પષ્ટતા સાથે વર્ણન કરે છે અને માનવ મૂલ્યોને પણ સ્થાપિત કરે છે. જો વિશ્વ અને ખાસ કરીને મુસ્લિમ જગત આ કુરઆની ઉપદેશોને અપનાવે તો તમામ સમસ્યાઓ અને મતભેદોનો ઉકેલ થઈ જશે તથા શાંતિ અને એકતાના વાતાવરણને પ્રોત્સાહન મળશે.

આજે અહેમદિયા મુસ્લિમ જમાઅત આ ઉદ્દેશ્યને વિશ્વના પ્રત્યેક ભાગમાં આગળ ધપાવવા માટે પ્રયત્નો કરી રહેલ છે. શાંતિ પરિસંવાદ દ્વારા અને તે અસંખ્ય સભાઓના માધ્યમથી જે હું જીવનના પ્રત્યેક વિભાગથી સંબંધ રાખનાર લોકો અને સંગઠનો સાથે કરૂ છું, હું વિશ્વને આ મુખ્ય હેતુ યાદ અપાવું છું. મારી આ દુઆ છે કે વિશ્વના નેતાઓ બદ્ધિમત્તાથી કામ કરતાં નાના સ્તર પર

થનાર, જાતિઓ અને દેશોની પરસ્પર શત્રુતાને વિશ્વ યુદ્ધનું રૂપ ન લેવા દે. મારી તમોને આ પણ વિનંતી છે કે વિશ્વની એક મહાસત્તા હોવાથી વિશ્વ શાંતિની સ્થાપના માટે પોતાની ફરજ પુરી કરો તથા વિશ્વને વિશ્વ યુદ્ધના ભયાનક પરિણામોથી બચાવો કેમકે જો એવો યુદ્ધ થયો તો તે પરમાણું હથિયારોના ઉપયોગથી જ સમાપ્ત થશે. તેથી તે પણ સંભવ છે કે આ યુદ્ધના પરિણામે કેટલાક દેશો અને વિસ્તારો દુનિયામાંથી સંપૂર્ણ રીતે ભૂંસાઈ જશે. અણુયુદ્ધના પરિણામો ફકત તત્કાલિન વિનાશ પૂરતા જ મર્યાદિત ન રહેશે બલ્કે તેની અસર લાંબા સમય સુધી ભાવિ પેઢીઓ ઉપર પણ પડશે અને તેઓ વિકલાંકતાપૂર્ણ જન્મશે. આથી તમારી તમામ શકિત, યોગ્યતા તથા સંસાધનો દ્વારા માનવતાને તે ભયંકર પરિણામોથી બચાવો. આ પ્રકારના પગલાં છેવટે તમારા દેશ માટે પણ લાભકર્તા બની રહેશે. મારી આ દુઆ છે કે દુનિયાના નાના તથા મોટા દેશ આ સંદેશને સમજે. શુભ કામનાઓ અને દુઆઓ સાથે,

આપનો શુભચિંતક



મિરઝા મસરૂર અહેમદ
અહેમદિયા મુસ્લિમ જમાઅતના પાંચમાં ખલીફા
વિશ્વવ્યાપી અહેમદિયા જમાઅતના ઈમામ

# યુ.કે.ના પ્રધાનમંત્રીના નામે પત્ર

بسم الله الرحمن الرحيم
نَحْمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْکَرِیْم
وعلٰی عبدہٖ المسیح الموعود
خدا کے فضل اور رحم کے ساتھ
ھوالنّاصر

MIRZA MASROOR AHMAD
HEAD OF THE AHMADIYYA COMMUNITY
IN ISLAM

16 Gressenhall Road
Southfields, London
SW18 5QL, UK

૧૫ એપ્રિલ ૨૦૧૨

ઈંગ્લેન્ડ અને ઉત્તરી આયરલેન્ડના પ્રધાનમંત્રી
માનનીય ડેવિડ કેમરૂન
૧૦ ડાઉનિંગ સ્ટ્રીટ, લંડન
એસ. ડબલ્યુ વન એ ટુ એએ યૂ.કે.

વહાલા પ્રધાનમંત્રી,

જે વિનાશકારી અને જોખમી પરિસ્થિતિઓથી વિશ્વ અત્યારે પસાર થઈ રહ્યો છે તે જોતા મને ઈચ્છા થઈ કે તમોને પત્ર લખું. બ્રિટેનના પ્રધાનમંત્રી તરીકે તમોને એવા નિર્ણયો લેવાનો અધિકાર છે જે ભવિષ્યમાં તમારા દેશ તથા વિશ્વ પર અસર થાય. આજે વિશ્વને શાંતિની ખુબ જ જરૂર છે કેમકે યુદ્ધની જ્વાળા વિશ્વની ચારે બાજુ જોવા મળે છે. દેશો વચ્ચે નાના પાયે યુદ્ધ, વિશ્વ યુદ્ધમાં ફાટી નીકળવાની પુરી સંભાવના છે. આપણે જોઈએ છીએ કે આજે વિશ્વની આર્થિક અને રાજકીય સ્થિતિ તેવી જ છે જે ઈ.સ.૧૯૩૨માં હતી. આ ઉપરાંત અન્ય સમાનતાઓ પણ છે જેને જો સામૂહિક રૂપમાં જોવામાં આવે તો તે જ ચિત્ર રજુ કરે છે જે દ્વિતીય વિશ્વ યુદ્ધથી ઠીક પૂર્વ જોવામાં આવ્યો હતો. જો આ જ્વાળાઓ ખરા અર્થ

માં સળગશે તો આપણે તૃતીય વિશ્વ યુદ્ધનો ભયાનક દ્રશ્ય જોઈશું. નાના મોટા અસંખ્ય દેશો પાસે પરમાણુ હથિયારો હોવાના કારણે એવો યુદ્ધ નિશ્ચિય જ પરમાણુ યુદ્ધનો રૂપ ધારણ કરી લેશે. આજે જે શસ્ત્ર ઉપલબ્ધ છે તે એટલા વિનાશકારી છે કે તેના પરિણામો ભાવિ પેઢીઓના બાળકો વંશીય અને શારીરિક ક્ષતિ સાથે જન્મ લઈ શકે છે. જાપાન એક એવો દેશ છે જેણે પરમાણુ યુદ્ધના અસહ્ય પરિણામો ભોગવ્યા છે, તેના ઉપર દ્વિતીય વિશ્વ યુદ્ધ દરમ્યાન અણુબોમ્બથી હુમલો થયો હતો જેના પરિણામે તેના બે શહેરો સંપૂર્ણ રીતે નષ્ટ થઈ ગયા હતા. તે સમયે જે પરમાણુ બોમ્બનો ઉપયોગ કરવામાં આવ્યો હતો જેના કારણે ઘણો વિનાશ થયો હતો તે આ પરમાણુ હથિયારોથી ખુબ જ ઓછી શકિતવાળા હતા જે અત્યારે નાના દેશો પાસે પણ છે. આથી મહાસત્તાઓની આ ફરજ છે કે તેઓ સંયુકત રીતે વિનાશની કગાર પર ઉભી માનવજાતને બચાવવાનો કોઈ ઉકેલ શોધે.

વધુ ભયજનક વાત તો તે છે કે નાના દેશોના પરમાણુ હથિયારો તે લોકોના હાથમાં આવી શકે છે જે વગર વિચારે હથિયારનો ઉપયોગ કરવા પર ઉતાવળા થાય છે જેમની પાસે ન તો યોગ્યતા છે અને ન પોતાની ગતિવિધિઓના પરિણામોના સંબંધમાં વિચાર કરવાનો પ્રયાસ કરે છે. જો મોટી સત્તાઓ ન્યાયપૂર્વક નહી વર્તે અને નાના દેશોની નિરાશાઓનો ઉકેલ નહી લાવે તથા મહાન અને ન્યાયસંગત નીતિઓ નહી બનાવે તો પરિસ્થિતિ અંકુશ બહાર જશે અને તેના પરિણામે જે વિનાશ આવશે તે આપણા અનુમાન

અને કલ્પના બહાર હશે, દુનિયાના મોટા ભાગના લોકો જેઓ શાંતિ ઈચ્છે છે તેઓ પણ આ મહાવિનાશનો ભોગ બનશે.

આથી આ મારી હાર્દિક ઈચ્છા અને દુઆ છે કે તમો અને શેષ તમામ મોટી સત્તાઓના નેતા આ ભયંકર વાસ્તવિકતાને સમજે અને પોતાના ઉદ્દેશ્યોની પ્રાપ્તિ માટે આક્રમક નીતિઓ અને શકિતઓનો ઉપયોગ કરવાને બદલે તમારે તે નીતિઓ અપનાવવી જોઈએ જે ન્યાય આગળ ધપાવે અને તેની રક્ષા કરે.

જો આપણે નજીકના ભૂતકાળ તરફ જોઈશું તો આપણને જાણ થશે કે બ્રિટેને અનેક દેશો ઉપર શાસન કર્યુ તથા ન્યાય અને ધાર્મિક સ્વતંત્રતાના ઉચ્ચ સ્તર સ્થાપિત કર્યા ખાસ કરીને ભારત અને પાકિસ્તાન ઉપખંડમાં. જયારે અહેમદિયા મુસ્લિમ જમાઅતના પ્રવર્તકે આદરણીય મહારાણી વિકટોરીયાને તેમની હીરક જયંતિ પર અભિનંદન સંદેશો પાઠવ્યો તથા ઈસ્લામનો સંદેશ મોકલ્યો ત્યારે તેમણે વિશેષ રૂપમાં આ દુઆ કરી કે અલ્લાહ બ્રિટેનની સરકારને તેમની ન્યાય અને સમાનતા પર આધારિત શાસન પદ્ધતિ પર ભરપુર પ્રતિફળ આપે. તેમણે સરકારની ન્યાયપૂર્વક નીતિઓ અને ધાર્મિક સ્વતંત્રતા આપવા બદલ ખુબ પ્રશંસા કરી. અત્યારે બ્રિટેન સરકાર ભારત અને પાકિસ્તાનમાં શાસન નથી કરતી પરંતુ ધાર્મિક સ્વતંત્રતાના સિદ્ધાંત હજુ પણ બ્રિટેન સમાજ અને તેમના કાનૂનમાં દૃઢતાપૂર્વક સ્થાપિત છે, જેના દ્વારા પ્રત્યેક વ્યકિતને ધાર્મિક સ્વતંત્રતા અને સમાનતાનો અધિકાર અપાય છે. આ વર્ષે આદરણીય મહારાણી એલિઝાબેથ દ્વિતીયની હીરક જયંતિ ઉજવાઈ રહી છે જે બર્તાનિયાને આ અવસર આપે છે કે તે વિશ્વની સામે

પોતાના ન્યાય અને ઈમાનદારીના ધોરણ રજુ કરે. અહેમદિયા મુસ્લિમ જમાઅતનો ઈતિહાસ આ જાહેર કરે છે કે બ્રિટેને જ્યારે પણ ન્યાય દર્શાવ્યો છે અમોએ તેમની પ્રશંસા કરી છે અને આશા રાખીએ છીએ કે ભવિષ્યમાં પણ બ્રિટેન સરકારનું આ વિશેષ ગુણ સ્થાપિત રહેશે, ન કેવળ ધાર્મિક બાબતોમાં બલ્કે પ્રત્યેક બાબતોમાં અને આ કે આપ પોતાના દેશની ઉત્તમ વિશેષતાઓ અને પરંપરાઓ કયારેય ન ભુલશે તથા વિશ્વની વર્તમાન પરિસ્થિતિમાં બ્રિટેન આંતરરાષ્ટ્રીય સ્તર પર શાંતિ સ્થાપના માટે પોતાની ભૂમિકા નિભાવશે.

મારી આ વિનંતી છે કે પ્રત્યેક સ્તર પર અને દ્રષ્ટિકોણથી આપણે અનિવાર્ય રૂપથી પ્રયાસ કરવો પડશે જેથી નફરતની જ્વાળા શાંત કરી શકીએ. આ પ્રયાસની સફળતા પછી જ આપણે ભાવિ પેઢીઓને ઉજ્જ્વળ ભવિષ્યનું આશ્વાસન આપી શકીએ છીએ પરંતુ જો આપણે આ કાર્યમાં નિષ્ફળ જઈએ તો આપણા મનમાં આ વિશે કોઈ સંદેહ ન હોવો જોઈએ કે પરમાણુ યુદ્ધની અસર ભાવિ પેઢીઓને દરેક સ્થાને આપણા કર્મોના ભયાનક પરિણામ ભોગવવા પડશે અને તેઓ પોતાના વડીલોને સમગ્ર વિશ્વને વિનાશ તરફ ઢસેડી જવાના કારણે કદાપી ક્ષમા ન કરશે. હું તમોને ફરીથી યાદ કરાવું છું કે બ્રિટેન પણ તે દેશોમાંથી છે જે વિકસિત અને વિકાસશીલ દેશો પર પોતાનો પ્રભાવ નાખી શકે છે અને નાખે છે. જો તમે ઈચ્છો તો ન્યાયની જરૂરીયાતો પરિપૂર્ણ કરી શકો છો વિશ્વને માર્ગદર્શન પણ આપી શકો છો.

આથી બ્રિટેન તથા અન્ય શકિતશાળી દેશોએ વિશ્વ શાંતિની સ્થાપના માટે પોતાની ભૂમિકા નિભાવવી જોઈએ. અલ્લાહ તઆલા તમોને અને વિશ્વના અન્ય નેતાઓને પણ આ સંદેશ સમજવાનું સામર્થ્ય આપે.

શુભ કામનાઓ અને દુઆઓ સાથે
આપનો શુભચિંતક



મિરઝા મસરૂર અહેમદ
અહેમદિયા મુસ્લિમ જમાઅતના પાંચમાં ખલીફા
વિશ્વવ્યાપી અહેમદિયા જમાઅતના ઈમામ

# ચાન્સેલર ઓફ જર્મનીના નામે પત્ર

MIRZA MASROOR AHMAD
HEAD OF THE AHMADIYYA COMMUNITY
IN ISLAM

بسم الله الرحمن الرحيم
نحمده و نصلي على رسوله الكريم
وعلى عبده المسيح الموعود
خدا کے فضل اور رحم کے ساتھ
هو الناصر

16 Gressenhall Road
Southfields, London
SW18 5QL, UK

૧૫ એપ્રિલ ૨૦૧૨

પ્રતિ શ્રી,
માનનીય ચાન્સેલર ઓફ જર્મની
એન્જેલા માર્કલ
BUNDESKANZLER AMT
WILLY – BRANDT – STR – 1
10557 BERLIN

વહાલા ચાન્સેલર!

આજે વિશ્વને ચેતવણી આપનાર અને અત્યંત ચિંતાજનક પરિસ્થિતિઓને અનુલક્ષી આપને પત્ર લખવો મને જરૂરી લાગે છે. વિશ્વમાં જર્મની જેવા મહત્વપૂર્ણ અને શકિતશાળી દેશના ચાન્સેલર તરીકે તમોને એવા નિર્ણય લેવાનો અધિકાર છે જે આપના દેશ અને સમગ્ર વિશ્વમાં અસર પડે. આજે જ્યારે કે વિશ્વ જૂથોમાં વિભાજીત થઈ રહ્યું છે, ઉગ્રવાદ તીવ્રતા ધારણ કરતો જાય છે તથા રાજકીય અને આર્થિક પરિસ્થિતિ ખુબ જ નબળી તથા ખરાબ થતી જાય છે તો આવી પરિસ્થિતિઓમાં આ વાતની તાતી જરૂરીયાત છે કે દરેક પ્રકારની નફરત અને ધૃણા સમાપ્ત કરવામાં આવે અને શાંતિનો પાયો નાખવામાં આવે. આ ઉદ્દેશ્યને કેવળ આ રીતે પ્રાપ્ત કરી શકાય છે કે પ્રત્યેક વ્યકિતની ભાવનાઓનું આદર કરવામાં આવે.

જો આનો અમલ યોગ્ય રીતે કરવામાં ન આવે અને પ્રમાણિક રીતે તથા સમજપૂર્વક આચારવામાં ન આવે તો વિશ્વની પરિસ્થિતિ ઝડપભેર કાબુ બહાર જશે. આપણે જોઈએ છીએ કે ન્યાયની જરૂરીયાત મોટા ભાગના દેશો પુરી કરતાં નથી જેના કારણે એક વિશ્વ યુદ્ધનો પાયો કયારનોય નખાઈ ગયો છે. નાના મોટા દેશો પણ પરમાણુ શસ્ત્રો ધરાવે છે. આથી જો હવે વિશ્વયુદ્ધ થાય તો પુરી સંભાવના છે કે આ યુદ્ધ કોઈ પરંપરાગત શસ્ત્રો દ્વારા લડવામાં નહી આવે બલ્કે અણુશસ્ત્રોથી જ લડવામાં આવશે. આ યુદ્ધના પરિણામો એટલા વિનાશકારી હશે કે તેની અસર ફકત તે સમય સુધી જ સીમિત ન રહેશે બલ્કે ભાવિ પેઢીઓ એક લાંબા સમય સુધી તેની અસરથી પીડાશે તથા તે પેઢી અનેક વિધ આરોગ્ય અને આનુવાશિંક ઉણપોથી પીડાતી હશે.

આથી મારો વિચાર છે કે વિશ્વ શાંતિની સ્થાપના માટે સાચા ન્યાયની તાતી જરૂરીયાત છે અને તમામ લોકોની ભાવનાઓ તથા ધાર્મિક રીતિ રિવાજોનું સમ્માન કરવું જોઈએ. હું અમુક પશ્ચિમી દેશોનું સમ્માન કરૂ છું કે તેમણે ઉદારતાપૂર્વક નિર્ધન અને વિકાસશીલ દેશોના લોકોને પોતાના દેશમાં રહેવાની પરવાનગી આપી છે. જેમાં મુસ્લિમ પણ સામેલ છે. તેમાં કોઈ સંદેહ નથી કે નામના મુસ્લિમોનું એક અલ્પસંખ્યક વર્ગ છે જે સંપૂર્ણ રીતે અનુચિત કાર્યોમાં વ્યસ્ત છે તથા પશ્ચિમી દેશોના લોકોના હૃદયોમાં અવિશ્વાસની ભાવનાને જન્મ આપે છે, પરંતુ તેમની એવી તમામ ગતિવિધિઓનો ઈસ્લામ સાથે કોઈ લેવા દેવા નથી. આવા ત્રાસવાદીઓ હઝરત રસૂલે કરીમ સ.અ.વ. જેમણે વિશ્વને શાંતિ,

પ્રેમ અને એકતાનો સંદેશ આપ્યો છે થી સાચો પ્રેમ નથી કરતાં. આવા ગેરમાર્ગે દોરાયેલા મુઠ્ઠીભર લોકોના કૃત્યોને અમારા ધર્મ વિરૂદ્ધ આરોપ લગાવવા અને મોટી સંખ્યામાં મોજૂદ નિષ્કપટ અને નિર્દોષ મુસ્લિમોની ભાવનાઓને ઠેસ પહોચાડવા માટે આધાર ન બનવું જોઈએ. સમાજમાં શાંતિ સ્થાપના કરવી દ્વિપક્ષીય પ્રક્રિયા છે અને આ ત્યારે જ સ્થાપિત કરી શકાય જ્યારે તમામ પક્ષો એક સાથે મળીને પરસ્પર સુલેહ માટે કાર્ય કરે. વિકાસશીલ દેશો અને લોકો સાથે સંબંધ સ્થાપિત કરવાને બદલે પશ્ચિમી વિશ્વના લોકોના હૃદયોમાં અવિશ્વાસના કારણે કેટલાક બિન મુસ્લિમ લોકોની પ્રતિક્રિયા આજે ખુબ ખરાબ થતી જઈ રહી છે તથા મુસ્લિમ અને બિન મુસ્લિમ જગત વચ્ચે એક તિરાડ પૈદા કરી રહી છે.

આપણે જોઈએ છીએ કે કેટલાક ગેરમાર્ગે દોરાયેલા મુસ્લિમો અને દેશોના કૃત્યોને લીધે કેટલીક મોટીસત્તાઓના વિશેષ હિતોને ઈમાનદારી અને ન્યાય પર પ્રમુખતા આપે છે. વિશ્વની કેટલીક મોટીસત્તાઓ ઈચ્છે છે કે કેટલાક દેશોના ભંડાર તથા સંસાધનો સરળતાથી મળે તેવી પેરવી કરી રહ્યા છે તથા પ્રતિસ્પર્ધા કરનાર દેશોને તે સંસાધનો સુધી પહોચવું બિલ્કુલ અસંભવ બનાવી દે. માટે અધિકતર નિર્ણય લોકોની સહાયતા કરવા અથવા વિશ્વ શાંતિની સ્થાપનાના નામે કરવામાં આવે છે તથા વિશ્વની વર્તમાન આર્થિક પરિસ્થિતિઓની પાછળ એક મોટુ કારણ આર્થિક કટોકટી છે જે આપણને એક અન્ય વિશ્વયુદ્ધ તરફ લઈ જાય છે. જો સચ્ચાઈને સાચી રીતે દર્શાવવામાં આવે તો તેમાંથી અમુક દેશ, પરસ્પર ન્યાય પર આધારિત ઔદ્યોગિક તથા આર્થિક સંબંધો

સ્થાપિત કરી એક બીજાથી ન્યાય સાથે લાભ પ્રાપ્ત કરી શકતા હતા. આ પ્રમાણે તેઓ એક બીજાના સંસાધનોથી અનુચિત લાભ પ્રાપ્ત ન કરતાં બલ્કે તેના બદલે તેઓ એક બીજાની નજીક આવી પરસ્પર એક બીજાની સહાયતા કરતાં. આજે વિશ્વની વર્તમાન અવ્યવસ્થાનું કારણ એક પ્રમુખ તત્વ ન્યાયનો પૂર્ણ રૂપથી અભાવ છે જેના કારણે ચારે બાજુ અશાંતિ અને બેચૈની ફેલાઈ રહી છે.

આથી મારી તમોને નમ્ર વિનંતી છે કે આ વિશ્વ યુદ્ધથી લોકોને બચાવવા માટે પહેલાથી અધિક પ્રયત્નો કરો. પોતાની શકિત, સંસાધનો અને પ્રભાવનો ઉપયોગ કરતાં વિશ્વને આ ભયંકર વિનાશથી બચાવો જે જાહેર થવાની કગાર પર છે. સૂચનાઓ અનુસાર જર્મની પરમાણુ શસ્ત્રોથી સજ્જ ત્રણ અતિ આધુનિક સબમરીન ઈઝરાયેલને આપવાનું છે. જર્મનીના એક પ્રોફેસરના વિચારમાં એવો નિર્ણય ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે પહેલાથી ચાલી રહેલ તંગદિલીને અધિક ભડકાવવામાં સહાયક સિદ્ધ થશે. આપણે હંમેશા આ યાદ રાખવું જોઈએ કે વર્તમાન સમયમાં પરમાણુ શસ્ત્ર ફકત વિશ્વની મહાસત્તાઓ પાસે જ નથી બલ્કે તુલનાત્મક દ્રષ્ટિથી નાના દેશોએ પણ તેને પ્રાપ્ત કર્યા છે. ચિંતાનો વિષય આ છે કે આ નાના દેશોના અમુક નેતા શસ્ત્રોને અસાવધાની પૂર્ણ પ્રયોગ પર આતુર છે અને તેઓને આ શસ્ત્રોના ઉપયોગના વિનાશકારી પરિણામો પ્રત્યે જરાય પણ ચિંતા નથી. આથી ફરી એક વાર તમોને મારી નમ્ર વિનંતી છે કે વિશ્વ શાંતિ સ્થાપના માટે ભરપુર પ્રયાસ કરો. જો આપણે આ કાર્યમાં નિષ્ફળ જઈએ તો આપણા મનમાં આ વિશે કોઈ સંદેહ ન હોવો જોઈએ કે

પરમાણુ યુદ્ધની અસર ભાવિ પેઢીઓને દરેક સ્થાને અપણા કર્મોના ભયાનક પરિણામો ભોગવવા પડશે અને તેઓ પોતાના વડીલોને સમગ્ર વિશ્વને વિનાશ તરફ ઢસેડી જવાના કારણે કદાપી ક્ષમા ન કરશે. અલ્લાહ તઆલા તમોને અને વિશ્વના અન્ય નેતાઓને પણ આ સંદેશ સમજવાનું સામર્થ્ય આપે.

શુભ કામનાઓ અને દુઆઓ સાથે
આપનો શુભચિંતક



મિરઝા મસરૂર અહેમદ
અહેમદિયા મુસ્લિમ જમાઅતના પાંચમાં ખલીફા
વિશ્વવ્યાપી અહેમદિયા જમાઅતના ઈમામ

# રાષ્ટ્રપતિ ફ્રાન્સ ગણરાજ્યના નામે પત્ર

بسم اللہ الرحمٰن الرحیم
نَحْمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ
وعلٰی عبدہِ المسیح الموعود
خدا کے فضل اور رحم کے ساتھ
ھوالنّاصر

MIRZA MASROOR AHMAD
HEAD OF THE AHMADIYYA COMMUNITY
IN ISLAM

16 Gressenhall Road
Southfields, London
SW18 5QL, UK

૧૬ મે ૨૦૧૨

પ્રતિ શ્રી,

રાષ્ટ્રપતિ ફ્રાન્સ ગણરાજ્ય

માનનીય Francois Hollande

Palais de 1' Elysee

55, Rue du Faubourg Saint – Honore

75008 Paris, France

વહાલા રાષ્ટ્રપતિ

સૌથી પહેલા હું આ અવસરનો લાભ મેળવતા તમોને ફ્રાન્સના નવા રાષ્ટ્રપતિના તરીકે નિર્વાચિત થવા પર અભિનંદન પાઠવું છું. વાસ્તવમાં આ એક મહાન ઉત્તરદાયિત્વ છે જે તમોને સોંપવામાં આવ્યું છે અને હું આશા રાખું છું કે ફ્રાન્સની જનતા જ નહી બલ્કે સમગ્ર વિશ્વ તમારા નેતૃત્વથી લાભ મેળવશે. વિશ્વની વર્તમાન પરિસ્થિતિઓને જોતા મેં તમારા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ નિકોલસ સરકોઝીને એક પત્ર લોકલ્યો હતો. તે પત્રમાં મેં સરકોઝીને વિશ્વ સ્તરના નેતા તરીકે તેમની ફરજો તરફ ધ્યાન દોર્યુ હતું અને સાથે આ અનુરોધ કર્યો હતો કે તેઓ તેમની સંપૂર્ણ શકિત અને પ્રતિષ્ઠાનો ઉપયોગ કરતાં વિશ્વ યુદ્ધની સંભાવના રોકવાનો પ્રયાસ કરે. ફ્રાન્સના નવ નિર્વાચિત રાષ્ટ્રપતિ તરીકે તમોને પણ આ

જ સંદેશના આધારે પત્ર લખવું જરૂરી સમજુ છું કેમકે હવે તમારી પાસે એવા નિર્ણયો લેવાનો અધિકાર છે જેનાથી તમારા દેશ અને સામાન્ય રીતે સમગ્ર વિશ્વનો ભવિષ્ય પ્રભાવિત થઈ શકે છે. મારો મત છે કે વિશ્વની વર્તમાન પરિસ્થિતિઓ પ્રત્યે તમામ દેશોની સરકારોએ અત્યંત ચિંતા હોવી જોઈએ. વિભિન્ન દેશો વચ્ચે અન્યાય અને શત્રુતાની ભાવનાઓના કારણે એક વિશ્વ યુદ્ધનો રૂપ ધારણ કરવાની પ્રબળ આશંકા છે. ગત શતાબ્દીમાં બે વિશ્વ યુદ્ધ થયા. પ્રથમ વિશ્વ યુદ્ધ પછી રાષ્ટ્રસંઘની સ્થાપના થઈ પરંતુ ન્યાયની જરૂરીયાત પૂર્ણ ન થવાના કારણે તેણે દ્વિતીય વિશ્વ યુદ્ધને જન્મ આપ્યો જે પરમાણુ બોમ્બના પ્રયોગ સાથે સમાપ્ત થયું ત્યાર પછી માનવ અધિકારોની જાળવણી અને વિશ્વ શાંતિ જાળવવા હેતુ સંયુકત રાષ્ટ્રની સ્થાપના થઈ. આ રીતે યુદ્ધોને ટાળવા માટે માર્ગો વિચારાયા પરંતુ આજે આપણે જોઈએ છીએ કે તૃતીય વિશ્વ યુદ્ધનો પાયો કયારનોય નખાઈ ચુકયો છે. અનેક નાના મોટા દેશો પાસે પરમાણુ શસ્ત્રો મોજૂદ છે. ચિંતાનો વિષય તો આ છે કે પરમાણુ શસ્ત્રો વાળા અમુક નાના દેશો એવા શસ્ત્રોના વિનાશકારી પરિણામોથી અજ્ઞાન છે. ખરેખર જો પરમાણુ શસ્ત્રોનો પ્રયોગ કરવામાં આવ્યો તો તેના ભયંકર પરિણામો તરત જ જાહેર થશે અને તે દિવસ એક પ્રલયની સમાન હશે. આજે જે શસ્ત્રો ઉપલબ્ધ છે તે એટલા વિનાશકારી છે કે તેના કારણે ભવિષ્યમાં અનેક પેઢીઓ સુધી ગંભીર આનુવંશિક તથા શારીરિક ક્ષતિઓ ધરાવતા બાળકો જન્મશે. કહેવાય છે કે એક માત્ર દેશ જાપાન જેણે પરમાણુ યુદ્ધના ભીષણ પરિણામો ભોગવ્યા છે, સાત દશક વિતી ગયા પરંતુ

આજે પણ ત્યાં નવજાત શિશુઓમાં પરમાણુ બોમ્બની અસર જોવા મળે છે.

આથી તમોને મારી નમ્ર વિનંતી છે કે મુસ્લિમ તથા બિન મુસ્લિમ દેશો વચ્ચે શત્રુતા તથા અવિશ્વાસની ભાવનાને શાંત કરવાનો ભરપુર પ્રયાસ કરો. કેટલાક યૂરોપીય દેશો ઈસ્લામના ઉપદેશો અને પરંપરાઓ અંગે ઘણી જ ગેર સમજ રાખે છે અને તેમણે તેના ઉપર અમુક પ્રતિબંધો લગાવ્યા છે જ્યારે કે કેટલાક અન્ય દેશો એવી કાર્યવાહીઓ કરવા પર વિચાર કરી રહી છે. કેટલાક તથાકથિત ઉગ્ર સ્વભાવના લોકો જે પોતાને મુસ્લિમ ગણાવે છે તેમની પશ્ચિમી દેશો પ્રત્યે ધૃણા, તેમના તરફથી અનુચિત પ્રતિક્રિયાનું કારણ બની શકે છે જેના પરિણામે ધાર્મિક અસહિષ્ણુતા અને મતભેદોમાં અધિક વૃદ્ધિ થશે. વાસ્તવમાં ઈસ્લામ એક શાંતિ પ્રિય ધર્મ છે જે આપણને કોઈ અનુચિત કાર્યને અનુચિત ઢંગથી રોકવાનો ઉપદેશ નથી આપતો. અમે અર્થાત અહેમદિયા મુસ્લિમ જમાઅતના લોકો આ સિદ્ધાંતનું પાલન કરીએ છીએ અને પ્રત્યેક સમસ્યાનું શાંતિપૂર્ણ ઉકેલ શોધવામાં વિશ્વાસ રાખીએ છીએ.

આ જોઈ દુ:ખ થાય છે કે મુસ્લિમોનો એક અલ્પ વર્ગ ઈસ્લામનું વિકૃત ચિત્ર રજુ કરે છે અને તેના ભ્રમિત વિચારોનું પાલન કરે છે. હઝરત મુહમ્મદ સ.અ.વ. જે સંપૂર્ણ માનવ જાતિમાટે દયાનું સ્વરૂપ છે, ના પ્રત્યે પ્રેમના કારણે હું આ કહું છું કે તમે એવા લોકોની વાતોને વાસ્તવિક ઈસ્લામ ન સમજો અને શાંતિ ઈચ્છતા બહુમતિ મુસ્લિમોની લાગણીઓને ઠેસ ન પહોંચાડશો. તાજેતરમાં જ એક નિર્દયી અને હૃદયવિહોણાએ દક્ષિણ ફ્રાન્સના ક્ષેત્રમાં કેટલાક

ફ્રાન્સીસ સૈનિકોની વગર કારણે ગોળી મારી હત્યા કરી નાખી અને થોડા દિવસો પછી તે વ્યકિતએ એક શાળામાં દાખલ થઈ ૩ નિર્દોષ બાળકો અને એક શિક્ષકની હત્યા કરી દીધી. આવી ક્રૂરતા અન્ય મુસ્લિમ દેશોમાં પણ આચરવામાં આવતી આપણે જોઈએ છીએ અને આ સમગ્ર ઘટનાઓ ઈસ્લામના વિરોધીઓને તેમની ઈસ્લામ પ્રત્યેની ધૃણા ખુલ્લેઆમ કહેવાની તક આપે છે અને તેમની ધૃણાની આગ વધુ ભડકાવે છે. જેના આધારે તેઓ પોતાના ઉદ્દેશ્યોની પૂર્તિ માટે વ્યાપક સ્તર પર કાર્યવાહી કરે છે. એક મુસ્લિમ તરીકે હું સ્પષ્ટ કરવા માંગુ છું કે ઈસ્લામ કોઈ પણ પ્રકારના અત્યાચાર કે અન્યાયની અનુમતિ નથી આપતો. પવિત્ર કુરઆને એક નિર્દોષ વ્યકિતની વગર કારણે હત્યા કરવી તે સમગ્ર માનવજાતિની હત્યા સમાન જણાવેલ છે. આ અપવાદ સિવાયનો સ્પષ્ટ નિર્દેશ છે. પવિત્ર કુરઆન આ પણ દર્શાવે છે કે જો કોઈ દેશ કે લોકો તમારા પ્રત્યે વૈરભાવ રાખતા હોય તો પણ તે વાત તમોને તેમની સાથે નિષ્પક્ષ અને ન્યાયપૂર્ણ વ્યવહાર કરવાથી ન રોકે.

શત્રુતા કે સ્પર્ધા તમને બદલો લેવા કે અત્યાચાર પૂર્ણ વ્યવહાર કરવા માટે પ્રેરિત ન કરે. જો તમે વિવાદોનો ઉત્તમ ઉકેલ શોધવા માંગો છો તો શાંતિપૂર્ણ ઉકેલ શોધવાનો પ્રયાસ કરો.

હું આ વાતની પ્રશંસા કરૂ છું કે ઘણા બધા પશ્ચિમી દેશોએ નિર્ધન તથા અવિકસિત દેશોની જનતાને જેમાં મુસ્લિમો પણ સામેલ છે અત્યંત ઉદારતાપૂર્વક તેમના દેશમાં વસવાટ કરવાની અનુમતિ આપી છે. નિ:સંદેહ ઘણા મુસ્લિમો તમારા દેશમાં રહે છે અને તેઓ તમારા નાગરિક પણ છે. તેમાંથી અધિકતર તો કાનૂનનું પાલન

કરનાર અને નિષ્કપટ લોકો છે. ઈસ્લામનો સ્પષ્ટ ઉપદેશ છે કે પોતાના દેશ પ્રત્યે પ્રેમ ઈમાનનો ભાગ છે. તમારા માટે પણ મારો આ સંદેશ છે કે જો ઈસ્લામના સાચા ઉપદેશોનું વિશ્વમાં પ્રસાર કરવામાં આવે તો તેના પરિણામે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર દેશ પ્રેમની ભાવનાઓ અને શાંતિની સ્થાપના સંભવ છે.

તમોને અને વાસ્તવમાં વિશ્વના તમામ મહાન નેતાઓને મારી આ નમ્ર વિનંતી છે કે અન્ય દેશોને કાબુ કરવા માટે બળનો પ્રયોગ કરવાને બદલે કૂટનીતિ, વાર્તાલાપ તથા સદબુદ્ધિથી કામ લેવું જોઈએ. વિશ્વની મોટીસત્તાઓ જેવી કે ફ્રાન્સે શાંતિ સ્થાપના માટે પોતાની ભૂમિકા નિભાવવી જોઈએ. તેમણે નાના દેશોની ગતિવિધિઓને વિશ્વ શાંતિ ભંગ કરવાનો આધાર ન બનાવવો જોઈએ. આથી હું ફરીથી યાદ અપાવું છું કે વિશ્વની નાની મોટી સત્તાઓને તૃતીય વિશ્વ યુદ્ધની વિસ્ફોટક સ્થિતિ ઉત્પન્ન કરવાથી રોકવાનો ભરપુર પ્રયાસ કરો. આ અંગે આપણા મનમાં કોઈ શંકા ન રહેવી જોઈએ કે જો આપણે આ કાર્યમાં નિષ્ફળ રહ્યા તો એવા યુદ્ધનો પ્રભાવ અને પરિણામ ફકત એશિયા, યૂરોપ તથા ઉત્તરી અને દક્ષિણી અમેરીકાના નિર્ધન દેશો સુધી જ મર્યાદિત ન રહેશે બલ્કે આપણી ભાવિ પેઢીઓ પણ આપણા કાર્યોના ભયંકર પરિણામો ભોગવશે અને આખા વિશ્વમાં અપંગતા અને શારીરિક ક્ષતિ વાળા બાળકો જન્મશે. હું દુઆ કરૂ છું કે વિશ્વના નેતાઓ સદબુદ્ધિથી કામ લે અને વિભિન્ન દેશો તથા લોકો વચ્ચે નાના સ્તર પર ચાલી રહેલ શત્રુતાને વિશ્વ યુદ્ધનું રૂપ ધારણ કરવાથી રોકે.

અલ્લાહ તઆલા તમોને અને વિશ્વના અન્ય તમામ મહાન નેતાઓને આ સંદેશ સમજવાનું સામર્થ્ય આપે.

શુભ કામનાઓ અને દુઆઓ સાથે
આપનો શુભચિંતક



મિરઝા મસરૂર અહેમદ
અહેમદિયા મુસ્લિમ જમાઅતના પાંચમાં ખલીફા
વિશ્વવ્યાપી અહેમદિયા જમાઅતના ઈમામ

# યુ.કે. અને રાષ્ટ્ર મંડળ દેશોની મહારાણીના નામે પત્ર

MIRZA MASROOR AHMAD
HEAD OF THE AHMADIYYA COMMUNITY
IN ISLAM

بسم الله الرحمن الرحيم
نحمده و نصلی علی رسوله الکریم
وعلی عبده المسیح الموعود
خدا کے فضل اور رحم کے ساتھ
ھو الناصــــر

16 Gressenhall Road
Southfields, London
SW18 5QL, UK

૧૯ એપ્રિલ ૨૦૧૨

પ્રતિ શ્રી,

Queen of the United Kingdom and Commonwealth Realms
Buckingham palace
London SW1A 1AA
United Kongdom

આદરણીય મહારાણી

અહેમદિયા મુસ્લિમ જમાઅતના વડા તરીકે અને સમગ્ર વિશ્વના અહેમદિયા મુસ્લિમ જમાઅતના લાખ્ખો અનુયાયીઓ તરફથી હું હીરક જયંતિના આ આનંદપૂર્ણ પ્રસંગે તમોને હાર્દિક અભિનંદન પાઠવું છું. અમો અલ્લાહ તઆલાના ખુબ જ આભારી છીએ કે તેણે અમોને આ ભવ્ય સમારોહમાં ભાગ લેવાનો અવસર આપ્યો. વિશેષત: તમામ અહેમદી મુસ્લિમ જે યૂ.કે.ના નાગરિક છે, હીરક જયંતિ મહોત્સવ પ્રસંગે ઘણો જ આનંદ અને ગૌરવ અનુભવે છે. આથી હું તે તમામ લોકો તરફથી મહારાણીને હાર્દિક અભિનંદન પાઠવું છું.

હું અલ્લાહ તઆલાને જે સર્વશ્રેષ્ઠ છે અને જેણે પૃથ્વી તથા આકાશની રચના કરી અને તેને આપણ જીવન માટે અસંખ્ય નેઅમતો અર્થાત આર્શિવાદથી પરિપૂર્ણ કર્યુ છે આ દુઆ કરૂ છું કે તે અમારી મહારાણીને જેનો દયાપૂર્ણ રાજ્ય અનેક સ્વતંત્ર રાષ્ટ્ર અને રાષ્ટ્ર મંડળના સભ્ય દેશો પર વ્યાપેલ છે, હંમેશા શાંતિ અને

સલામતી આપે. જે રીતે મહારાણીથી વૃદ્ધ તથા યુવક અર્થાત તમામ પ્રજા પ્રેમ કરે છે અને તેમનું આદર કરે છે અમારી દુઆ છે કે અલ્લાહના ફરિશ્તાઓ પણ તે જ રીતે મહારાણીને પ્રેમ કરે. જે રીતે અલ્લાહ તઆલાએ મહારાણીને અનેક સાંસારિક નેઅમતો આપી છે, અમારી કામના છે કે અલ્લાહ તઆલા તેવી જ રીતે અસંખ્ય આધ્યાત્મિક આર્શિવાદોથી પરિપૂર્ણ કરી દે. અલ્લાહ કરે કે આ નેઅમતના કારણે આ મહાન રાષ્ટ્રના તમામ નગરિકો પોતાના અલ્લાહને ઓળખવામાં સક્ષમ થઈ જાય અને પરસ્પર પ્રેમ તથા સહાનુભૂતિની ભાવનાથી જીવન ગુજારે. અલ્લાહ કરે યૂ.કે.ના તમામ નાગરિક, ધર્મ, રંગ, નસલ, રાષ્ટ્રીયતા અથવા ધર્મના ભેદભાવથી દૂર થઈ એક બીજા પ્રત્યે તે સીમા સુધી આદર તથા સમ્માનની ભાવના દર્શાવવા લાગે કે આ વ્યવહારનો સકારાત્મક પ્રભાવ આ દેશની સીમાથી આગળ વિશ્વના અન્ય દેશોના લોકોમાં ફેલાઈ જાય. અલ્લાહ કરે કે દુનિયા જેનો અધિકતર ભાગ આજે યુદ્ધો, વિવાદો તથા શત્રુતાઓમાં પડેલ છે શાંતિ, પ્રેમ, ભાઈચારો અને મિત્રતાનું કેન્દ્ર બની જાય. આ મહત્વપૂર્ણ તથા સર્વોત્તમ ઉદ્દેશ્યની પ્રાપ્તિ માટે મહારાણીના દ્રષ્ટિકોણ અને પ્રયાસો એક મુખ્ય ભૂમિકા નિભાવી શકે છે તેવી મારી માન્યતા છે.

ગત શતાબ્દીમાં બે વિશ્વ યુદ્ધ થયા જેમાં લાખ્ખો લોકોના જીવ ગયા. જો આજે એક બીજા દેશો વચ્ચે વિવાદોમાં વૃદ્ધિ થતી રહેશે તો પરિણામે તૃતીય વિશ્વ યુદ્ધ ફાટી નીકળશે. વિશ્વ યુદ્ધમાં પરમાણુ શસ્ત્રોના પ્રયોગની પ્રબળ સંભાવનાનો અર્થ છે વિશ્વ એક ભયંકર વિનાશના દર્શન કરશે. અમારી દુઆ છે કે અલ્લાહ આવો સર્વનાશ થતો અટકાવે અને દુનિયાના તમામ લોકોને સદબુદ્ધિ આપે. મહારાણીને મારી નમ્ર વિનંતી છે કે આપની આ હીરક મહોત્સવને માનવજાતિની ભલાઈ માટે ઉપયોગ કરતાં નાના મોટા

દરેક દેશોની જનતાને આ યાદ અપાવો કે તેઓ પરસ્પર પ્રેમ, શાંતિ તથા એકતાની ભાવના સાથે જીવન વ્યતીત કરે.

આ સંદર્ભે હીરક મહોત્સવના શુભ પ્રસંગે મારી તમોને એક નમ્ર વિનંતી છે કે તમે વિશ્વને આ સંદેશ આપો કે પ્રત્યેક ધર્મના અનુયાયીઓ તથા જેઓ અલ્લાહને નથી માનતા તેવા સર્વ લોકોએ હંમેશા અન્ય ધર્મના લોકોની ભાવનાઓનું સમ્માન કરવું જોઈએ. ઈસ્લામ વિશે આજે વિશ્વમાં ખોટી માન્યતાઓ ઉત્પન્ન થઈ રહી છે. જેના પરિણામે એક તરફ શાંતિપ્રિય મુસ્લિમોની ભાવનાઓને ઠેસ પહોંચે છે તો બીજી તરફ બિન મુસ્લિમના હૃદયમાં ઈસ્લામ પ્રત્યે અવિશ્વાસ અને ધૃણાની ભાવના ઉત્પન્ન થાય છે. આથી જો તમે તમામ લોકોને આ ઉપદેશ આપો કે પ્રત્યેક વ્યકિત તમામ ધર્મો અને તેમના અનુયાયીઓનું આદર તથા સમ્માન કરે તો તમામ ધર્મોના અનુયાયીઓ બલ્કે સમગ્ર વિશ્વ પર આ તમારી દયા અને મહાન ઉપકાર ગણાશે. અલ્લાહ તઆલા આ ઉદ્દેશ્યની પૂર્તિમાં અમારી મહારાણીની સહાયતા તથા કરૂણાસભર આર્શિવાદ આપે.

જેવું કે આ પત્રની શરૂઆતમાં મે લખ્યું કે હું વિશ્વવ્યાપી અહેમદિયા મુસ્લિમ જમાઅતનો પ્રમુખ છું. આ સંદર્ભે મારી જમાઅતનો એક સંક્ષિપ્ત પરિચય આપની સમક્ષ રજુ કરૂ છું. અહેમદિયા મુસ્લિમ જમાઅતની આ માન્યતા છે કે તે મસીહ મૌઉદ અને સુધારક જેને હઝરત મુહમ્મદ સ.અ.વ. તથા તેમના પહેલા અવતારોની ભવિષ્યવાણી પ્રમાણે આ યુગમાં આવવાના હતા, તે હઝરત મિરઝા ગુલામ અહેમદ કાદિયાની અલૈહિસ્સલામ સિવાય બીજા કોઈ નથી. ઈ.સ.૧૮૮૯માં તેઓએ એક પવિત્ર અને સદાચારી સમુદાયની સ્થાપના કરી જેનું નામ અહેમદિયા મુસ્લિમ જમાઅત છે. આ જમાઅતની સ્થાપના પાછળ આપનો મુખ્ય હેતુ અલ્લાહ અને મનુષ્ય વચ્ચે સંબંધ સ્થાપવાનો અને લોકોનું ધ્યાન પરસ્પર એક

બીજાના અધિકારો પૂર્ણ કરવા તરફ આકર્ષિત કરવાનો હતો જેથી તે તમામ લોકો પરસ્પર સમ્માન અને શુભેચ્છાની ભાવના સાથે જીવન ગુજારી શકે. જ્યારે ઈ.સ. ૧૯૦૮માં હઝરત મિરઝા ગુલામ અહેમદ સાહેબ અલૈહિસ્સલામનું અવસાન થયું તો તે સમયે આપના લગભગ ચાર લાખ અનુયાયીઓ હતા. તેઓના સ્વર્ગવાસ પછી અલ્લાહ તઆલાની ઈચ્છા અનુસાર ખિલાફતની વ્યવસ્થાની સ્થાપના થઈ અને અત્યારે અલ્લાહનો આ નમ્ર સેવક હઝરત મસીહ મૌઉદ અ.સ.નો પાંચમો ખલીફા તરીકે છે. આથી અહેમદિયા મુસ્લિમ જમાઅત આખા વિશ્વમાં પોતાના સંસ્થાપકના ઉદ્દેશ્યને આગળ ધપાવવામાં પ્રયત્નશીલ છે. અમારો સંદેશ પ્રેમ, સુલેહ અને ભાઈચારા પર આધારિત છે અને આમારું આદર્શ વાકય છે " પ્રેમ સૌના માટે, નફરત કોઈનાથી નહી" જે વાસ્તવમાં ઈસ્લામનો સુંદર ઉપદેશોનો સાર છે.

અહિંયા આ જણાવવું પણ યોગ્ય લાગે છે કે આ શુભ સંયોગ છે કે અહેમદિયા મુસ્લિમ જમાઅતના સંસ્થાપકના જીવનકાળમાં મહારાણી વિકટોરીયાની હીરક જયંતિ ઉજવાઈ હતી. તે સમયે અહેમદિયા મુસ્લિમ જમાઅતના સંસ્થાપકે તોહફા કૈસરિયા નામનું એક પુસ્તક લખ્યું જેમાં તેઓએ મહારાણી વિકટોરીયાને અભિનંદન સંદેશ લખ્યો હતો. આ સંદેશમાં હઝરત મિરઝા ગુલામ અહેમદ સાહેબ અ.સ.એ મહારાણીને હીરક મહોત્સવ પ્રસંગે હાર્દિક અભિનંદન પાઠવ્યું અને સાથે જ આ વાત પણ સ્પષ્ટ કરી કે મહારાણીના શાસનમાં તમામ લોકો, જેમાં ભારતીય ઉપખંડના લોકો પણ સામેલ છે, ને ન્યાય અને ધાર્મિક સ્વતંત્રતા આપે છે અને તે તમામ લોકો શાંતિપૂર્ણ જીવન પસાર કરી રહ્યા છે. તેઓએ ઈસ્લામના સુંદર ઉપદેશો રજુ કરતાં પોતાના આગમન અને દાવા અંગે વ્યાખ્યાત્મક સ્પષ્ટતા કરી.

ભારતીય ઉપખંડના લોકોને બ્રિટીશ સરકારે સ્વતંત્રતા આપી હોવા છતાં સાથે તે પણ સ્વીકારવું પડે કે બ્રિટીશ સરકારે વિવિધ જાતિ તથા ધર્મોના લોકોને પોતાના દેશમાં વસવાટ કરવાની અનુમતી આપવી અને તેમને સમાન અધિકાર, ધાર્મિક સ્વતંત્રતા, અભિવ્યકિતની સ્વતંત્રતા આપવી બ્રિટેનની ઉચ્ચ ધોરણની સહનશીલતાનું વિશાળ પ્રમાણ છે. આજે હજારો અહેમદી મુસ્લિમ બ્રિટેનમાં રહે છે તેમાંથી અધિકતર તો એવા છે જેઓએ અત્યાચારના કારણે પોતાનો દેશથી હિજરત કરીને અહિયા શરણ લીધી છે. મહારાણીના દયાપૂર્ણ શાસનમાં તેઓ શાંતિપૂર્ણ જીવન ગુજારી રહ્યા છે જેમાં તેમને ન્યાય અને ધાર્મિક સ્વતંત્રતા પ્રાપ્ત છે. આ ઉદારતા માટે હું ફરીથી આદરણીય મહારાણી પ્રત્યે મારી હાર્દિક કૃતજ્ઞતા વ્યકત કરૂ છું.

હું આ પત્ર મહારાણી માટે એક દુઆ સાથે સમાપ્ત કરૂ છું. વાસ્તવમાં આ તે જ દુઆ છે જે અહેમદિયા મુસ્લિમ જમાઅતના સંસ્થાપકે આદરણીય મહારાણી વિકટોરીયા માટે કરી હતી.

“હે સર્વશકિતમાન તથા સર્વશ્રેષ્ઠ અલ્લાહ! પોતાની કૃપા તથા દયાથી અમારી આદરણીય મહારાણીને હંમેશા પ્રસન્ન રાખજે ઠીક તેવી જ રીતે જેવું કે અમે તેમના દયાપૂર્ણ શાસનમાં પ્રસન્નતાપૂર્વક જીવન ગુજારીએ છીએ. હે સર્વશકિતમાન અલ્લાહ! તેમનાથી દયા તથા સ્નેહપૂર્વક વ્યવહાર કરજે જેવું કે અમે તેમના દયાપૂર્ણ શાસનમાં શાંતિ તથા સમૃદ્ધિપૂર્વક જીવન ગુજારીએ છીએ.”

મારી આ પણ દુઆ છે કે અલ્લાહ તઆલા અમારી આદરણીય મહારાણીનું માર્ગદર્શન કરે. સવેશકિતમાન અલ્લાહ આદરણીય મહારાણીની સંતાનનું પણ એવું માર્ગદર્શન કરે કે તેઓ સત્ય માર્ગ પર ચાલે અને અન્ય લોકોને પણ આ માર્ગ તરફ

ચાલવાનો ઉપદેશ આપે. અલ્લાહ કરે કે ન્યાય અને સ્વતંત્રતાના ગુણ બ્રિટીશ સમ્રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતો બની રહે. હું ફરીથી આદરણીય મહારાણીની સેવામાં આ આનંદપૂર્ણ અવસરે હાર્દિક અભિનંદન પાઠવું છું. અમારી આદરણીય મહારાણીની સેવામાં મારા તરફથી હાર્દિક અભિનંદન.

શુભ કામનાઓ અને દુઆઓ સાથે

આપનો શુભચિંતક



મિરઝા મસરૂર અહેમદ

અહેમદિયા મુસ્લિમ જમાઅતના પાંચમાં ખલીફા

વિશ્વવ્યાપી અહેમદિયા જમાઅતના ઈમામ

# ઈસ્લામીક ગણરાજ્ય ઈરાનના સર્વપ્રમુખ નેતાના નામે પત્ર

MIRZA MASROOR AHMAD
HEAD OF THE AHMADIYYA COMMUNITY
IN ISLAM

بسم اللہ الرحمٰن الرحیم
نَحْمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ
وعلیٰ عبدہِ المسیح الموعود
خدا کے فضل اور رحم کے ساتھ
ھوالنّاصر

16 Gressenhall Road
Southfields, London
SW18 5QL, UK

૧૪ મે ૨૦૧૨

પ્રતિ શ્રી,
ઈસ્લામીક ગણરાજ્યના સર્વપ્રમુખ નેતા
આયતુલ્લાહ સૈયદ અલી હુસૈની ખમૈની
તેહરાન, ઈરાન

માનનીય આયતુલ્લાહ,

અસ્સલામો અલૈકુમ વ રહેમતુલ્લાહે વ બરકાતોહૂ

અલ્લાહ તઆલાએ તમોને ઈરાનમાં ઈસ્લામની સેવાનો અવસર આપ્યો છે તથા અત્યારે ઈરાનની સરકાર તમારા સંરક્ષણમાં કાર્યરત છે. આથી જરૂરી છે કે આપણે દુનિયામાં ઈસ્લામના સાચા ઉપદેશો પહોંચાડવાનો ભરપુર પ્રયાસ કરીએ. મુસ્લિમ તરીકે આપણે દુનિયાને શાંતિ, પ્રેમ અને એકતાથી રહેવાની તાલીમ આપવી જોઈએ. ખાસ કરીને મુસ્લિમ નેતાઓએ આ તરફ તરત જ ધ્યાન આપવાની જરૂર છે. આ હેતુથી મારી તમોને મન્ર વિનંતી છે કે તમે તમારી સરકારને વિશ્વ શાંતિ સ્થાપના કરવા માટે તેમની ફરજો અંગે ધ્યાન અપાવો. જો ઈરાન પર હુમલો થાય તો તેને પોતાના દેશની રક્ષા કરવાનો પૂર્ણ અધિકાર છે પરંતુ તેને હુમલો કરવા અથવા કોઈ વિવાદમાં પડવામાં પહેલ ન કરવી જોઈએ, ધાર્મિક

મતભેદોને એક બાજુ મુકીને નૈતિક મૂલ્યોના આધારે એકતા બનાવવાનો પ્રયાસ કરવો જોઈએ. ઈસ્લામના ઈતિહાસથી આપણેને જાણવા મળે છે કે આ જ માર્ગ અપનાવ્યો હતો.

હું હઝરત મસીહ મૌઉદ અલૈહિસ્સલામ જેમના વિશે આ યુગમાં આગમનની ભવિષ્યવાણી હઝરત મુહમ્મદ સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમએ કરી હતી, પર ઈમાન લાવનાર, તેમના ઉત્તરાધિકારી અને ખલીફા તરીકે તમોને પત્ર લખી રહ્યો છું. અલ્લાહની કૃપાથી આ જમાઅત હવે વિશ્વના ૨૦૦ દેશોમાં સ્થાપિત થઈ ચુકી છે અને તેના લાખો શ્રદ્ધાવાન અનુયાયીઓ છે.

અમારી આ ઈચ્છા છે કે આપણે પરસ્પર પ્રેમ, અને શાંતિથી રહેવા માટે વિશ્વનું માર્ગદર્શન કરીએ. આ હેતુની પૂર્તિ માટે હું જીવનના વિવિધ વર્ગના લોકોનું સતત ધ્યાન દોરું છું. આથી મેં તાજેતરમાં જ ઈઝરાયેલના પ્રધાનમંત્રી, સંયુકત રાજ્ય અમેરીકા અને કેટલાક અન્ય વિશ્વ સ્તરના નેતાઓને પણ પત્રો લખ્યા છે. મેં પોપ બેનિડીકટ XVI ને પણ આ અંગે પત્ર લખ્યો છે.

એક વિશાળ ઈસ્લામીક દેશના આધ્યાત્મિક નેતાના રૂપમાં મને આશા છે કે તમે આ વાતથી સહમત હશો કે જો તમામ મુસ્લિમ સમુદાય એકત્ર થઈ કાર્ય કરે તો વિશ્વ શાંતિ સ્થાપના થઈ શકે છે. આપણે શતુત્રા અને વેરભાવને વગર કારણે પ્રોત્સાહન ન આપવું જોઈએ. બલ્કે આપણે શાંતિ સ્થાપનાનો અવસર શોધવો જોઈએ. તેથી વધું આ કે બીજા સાથે શતુત્રા કે વિરોધની ભાવના પણ અન્યાયપૂર્ણ ન હોવી જોઈએ. પવિત્ર કુરઆને આપણને આ ઉપદેશ આપ્યો છે કે :

"હે ઈમાન લાવનારાઓ! અલ્લાહની રાહમાં ન્યાયપૂર્વક સાક્ષી આપવા ઉપર મકકમ રહો અને કોઈની દુશ્મનીને તમને ન્યાય કરવાથી અટકાવવાનું કારણ ન બનવા દો. હંમેશા ઈન્સાફથી કામ લો, આ વાત પરહેઝગારીની વધુ નિકટમાં છે. અલ્લાહથી ડરો રાખો બેશક તમે જે કરી રહ્યા છો અલ્લાહ તેનાથી સારી રીતે માહિતગાર છે."

(અલ માએદાહ આયત ૯)

અલ્લાહ તઆલા તમામ મુસ્લિમ સમુદાય અને દરેક મુસ્લિમ રાજ્યોને મારો સંદેશ સમજવાનું સામર્થ્ય આપે અને તે વિશ્વમાં શાંતિ સ્થાપના હેતુથી પોત પોતાની ભૂનિકા નિભાવવા માટે તૈયાર થઈ જાય.

તમામ મુસ્લિમ સમુદાય પ્રત્યે પ્રેમના પરિણામે ઉત્પન્ન માનવજાતિથી પ્રેમની ભાવનાએ અને આ વાતે કે હું તેમની ઉમ્મતનો સભ્ય છું જે તમામ માનવજાતિ માટે સાક્ષાત દયા છે, મને તમોને પત્ર લખવા માટે પ્રેરિત કર્યો. અલ્લાહ તઆલા વિશ્વના તમામ નેતાઓને મારા સંદેશને સમજવાનું સામર્થ્ય આપે અને તેઓ વિશ્વ શાંતિની સ્થાપનામાં સક્રિય ભૂમિકા નિભાવનાર બને. નહીતર જો કોઈ દેશનું અસાવધાનીપૂર્ણ કાર્ય બે દેશો વચ્ચે યુદ્ધનું કારણ બને તો તે વિવાદ ફકત તે બે દેશો સુધી જ સીમિત ન રહેશે બલ્કે યુદ્ધની જ્વાળા સમગ્ર વિશ્વને પોતાની લપેટમાં લઈ લેશે. આથી તેના પરિણામે વિશ્વ યુદ્ધ ફાટી નિકળવાની પુરી સંભાવના છે જે પરંપરાગત શસ્ત્રોથી નહી બલ્કે પરમાણુ શસ્ત્રોથી લડવામાં આવશે.

પરમાણુ યુદ્ધના એવા ભયંકર પરિણામ નિકળશે કે જેનાથી ન માત્ર સમકાલીન જનતા બલ્કે તેની અસર ભાવિ પેઢીઓ પર પણ પડશે અને આ યુદ્ધ તે ભાવિ પેઢીઓ માટે જે અપંગતા અને શારીરિક ક્ષતિ સાથે જન્મશે જે ભયંકર ભેટ હશે. આથી કોઈ પણ દેશે આ કલ્પના ન કરવી જોઈએ કે તે તીવ્ર ગતિથી આવનાર આ વિનાશથી સુરક્ષિત છે.

આથી હું ફરીથી અલ્લાહ અને તેના રસૂલ અને માનવતા પ્રત્યે પ્રેમ તથા દયાના નામે તમોને નમ્ર વિનંતી છે કે વિશ્વમાં શાંતિ સ્થાપવા માટે પોતાની ભૂમિકા નિભાવો.

શુભ કામનાઓ અને દુઆઓ સાથે
વસ્સલામ
આપનો શુભચિંતક



મિરઝા મસરૂર અહેમદ
અહેમદિયા મુસ્લિમ જમાઅતના પાંચમાં ખલીફા
વિશ્વવ્યાપી અહેમદિયા જમાઅતના ઈમામ

# રૂસના રાષ્ટ્રપતિના નામે પત્ર

بسم اللہ الرحمٰن الرحیم
نَحْمَدُہٗ وَنُصَلِّی عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ
وعلیٰ عبدہِ المسیح الموعود
خدا کے فضل اور رحم کے ساتھ
ھوالنّاصر

MIRZA MASROOR AHMAD
HEAD OF THE AHMADIYYA COMMUNITY
IN ISLAM

16 Gressenhall Road
Southfields, London
SW18 5QL, UK

૧૮ સપ્ટેમ્બર ૨૦૧૩

પ્રતિ શ્રી,
માનનીય વ્લાદિમીર પુતિન
રાષ્ટ્રપતિ રશિયા
ક્રેમલિન, ૨૩ ઈલિયંકા સ્ટ્રીટ
માસ્કો ૧૦૩૧૩૨ રૂસ

વહાલા રાષ્ટ્રપતિ

હું તમોને આ પત્ર અહેમદિયા મુસ્લિમ જમાઅતના પ્રમુખ તરીકે લખું છું. આ જમાઅત જે શાંતિપ્રિય અને શાંતિને પ્રોત્સાહન આપનાર જમાઅત છે, વિશ્વના ૨૦૪ દેશોમાં સ્થાપિત થઈ ચુકી છે.

વિશ્વની વર્તમાન પરિસ્થિતિને જોતા હું મારા વિવિધ ભાષણો દ્વારા વિશ્વના લોકોને અલ્લાહ પ્રત્યે તેમના અધિકારો અને માનવતા પ્રત્યે તેની ફરજો તરફ ધ્યાન દોરું છું. મને આ વાતનો ખેદ છે કે મને તમારી સાથે વાત કરવાનો અવસર નથી મળ્યો, પરંતુ સીરિયાની વર્તમાન ચિંતાજનક પરિસ્થિતિએ મને આ વાત માટે પ્રેરિત કર્યો કે હું તમોને પત્ર લખું અને તમોએ જે યુદ્ધ ક્ષેત્રને બદલે

વાર્તાલાપ દ્વારા સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે વિશ્વના વિભિન્ન દેશોમાં સહમતિ બનાવવાનો જે પ્રયાસ કર્યો છે તેના માટે તમોને ધન્યવાદ અને પ્રશંસા કરૂ. કોઈ પણ પ્રકારના હુમલાઓથી ન કેવળ ક્ષેત્રમાં યુદ્ધ ફાટશે બલ્કે તેને વિશ્વ યુદ્ધમાં પરિવર્તન થવાની ખુબ સંભાવના છે. એક પશ્ચિમી સમાચાર પત્રમાં તમારો એક લેખ વાંચી મને અત્યંત પ્રસન્નતા થઈ જેમાં આપે આ વાતને સ્પષ્ટ રીતે રજુ કરી કે આક્રમણ કરવું ખુબ જ વિનાશકારી થશે અને તેના પરિણામે વિશ્વ યુદ્ધની સંભાવના થઈ શકે છે. તમારા આ સંકલ્પના કારણે મહાસત્તાઓએ આક્રમણનો માર્ગ ત્યાગી સહમતિ તથા સંધિનો માર્ગ અપનાવ્યો અને આ સમસ્યાનું રાજકીય ઉકેલ શોધવા માટે સહમતિ વ્યકત કરી. મને વિશ્વાસ છે કે આ સહમતિએ વિશ્વને એક મહાવિનાશકારી તથા વિધ્વંસક સ્થિતિથી બચાવી લીધો છે. હું ખાસ કરીને તમારા આ વિચારથી સહમત છું કે જો વિશ્વના દેશો પોત પોતાના સ્તર પર અને એક પક્ષીય નિર્ણય લેશે તો સંયુકત રાષ્ટ્રનો પણ તેવો જ અંત થશે જે લીગ ઓફ નેશન્સનો થયો હતો અર્થાત તે નિષ્ફળ થઈ જશે. નિ:સંદેહ હમણા યુદ્ધની ચિંગારી ભડકાવવામાં આવી હતી પરંતુ પ્રસન્નતા આ વાતની છે કે આ જ્વાળા હવે થોડી સીમા સુધી શાંત થઈ ગઈ છે. જે સકારાત્મક પ્રયાસ અત્યાર સુધી કરવામાં આવ્યો છે અલ્લાહ કરે કે તેના પરિણામે યુદ્ધનો ખતરો સંપૂર્ણ રીતે સમાપ્ત થઈ જાય. અલ્લાહ કરે કે વિશ્વની મહાસત્તાઓ નાના દેશોની રક્ષા કરે, તેમનું સમ્માન કરે અને તેમના ઉચિત અધિકારો તેમને આપે, આ ન થાય કે ફકત પોતાની વીટો શકિતના પ્રયોગની ચિંતામાં વ્યસ્ત રહે.

શાંતિ સ્થાપના હેતુ તમારા પ્રયાસોએ મને આ આભાર પત્ર લખવા પર મજબૂર કરી દીધો. મારી દુઆ છે કે આ પ્રયાસ અસ્થાયી ન થાય બલ્કે મારો વિશ્વા છે અને હું દુઆ કરૂ છું કે આપ હંમેશા શાંતિ સ્થાપના હેતુ પ્રયાસરત રહે. અલ્લાહ તઆલા તમોને આ ઉદ્દેશ્ય પૂર્તિનું સામર્થ્ય આપે.

વિશ્વ શાંતિ માટે જ્યારે પણ મને અવસર મળે છે હું લોકોનું ધ્યાન આ તરફ ખેંચું છું કે ન્યાયના આધારે વિશ્વ શાંતિ સ્થાપવામાં આવે. મારા કેટલાક ભાષણો પુસ્તક World Crisis and the Pathway to Peace માં પ્રકાશિત થઈ ગયા છે જેની એક ભેટ તમોને મોકલું છું

શુભ કામનાઓ અને દુઆઓ સાથે



મિરઝા મસરૂર અહેમદ
અહેમદિયા મુસ્લિમ જમાઅતના પાંચમાં ખલીફા
વિશ્વવ્યાપી અહેમદિયા જમાઅતના ઈમામ